सुमरन सुरति लगाय दे, मुखसे कछु ना बोल;
बाहेरके पट देय के, अंतरके पट खोल. ४

नेह लगी तब जानीये, कबहू छूट न जाय;
जीवत हि लागी रहे, मुवा मांही समाय. ५

बुंद समाना समूद्रमें, जानत है सब कोय;
समूद्र समाना बुंदमें, जाने विरला कोय ! ६

---

(४) भक्ति केम करवी ते बतावे छे. प्रभु साथे एवी सुरति लगाव के म्होडेथी कांइ न बोलवुं पडे. बहारनी सर्व क्रियाओ मोकुफ राखी अंदरना पडदा खोल. देहना बाह्य धर्मोने विसारी आत्माना आंतरीक धर्ममां लीन था. जेम कोइ माणस जगतथी कंटालीने पोताना घरमां पेशी, बारणां बंध करी, पोतानी पतिपरायण स्त्री के हसमुखां बाळकोमां सुख शोध, तेमज हे भक्त ! तुं बाह्य प्रवृत्ति छोडी, इंद्रीयोनां द्वार बंध करी, अंदर प्रवेश कर; त्यहां सुमति रुपी स्त्री के सार्वत्रीक प्रेमना विचारो रुपी बाळको साथे कल्लोल कर.

(५) परमात्मानो खरो प्रेम लाग्यो छे एम बोलनारा तो घणाए होय छे; पण त्हेनी कसोटी शी ? जे माणस जीवतां सुधी तो परमात्माना प्रेममां मस्त रहे एटलुं ज नहि पण मृत्युबाद पण ए प्रेमनां राज्योमां ज जाय ए ज माणस खरो प्रेमी समजवो. मतलब के खरो प्रेम समय, जगा के संजोगोथी मर्यादित नथी होतो.

(६) पाणीनुं एक बिंदु समुद्रमां समाय ए तो समजाय एवी वात छे; पण समुद्र आखो एक बिंदुमां समाइ जाय ए समजावुं मुश्केल छे. छतां ध्यानमां मस्त रहेनार पुरुष अने परमात्मा ते बेनी बाबतमां उपर मुजब न बने छे. ध्यान धरनार मनुष्यनुं हृदयाकाश के जे एक बिंदु अथवा बुंद समान छे त्हेमां परमात्माने के आखा विश्वने भाळी शके छे. पवित्र थयेला--[illegible]मीत हृदयमां

भक्ति द्वार है सांकरा, राइ दसमा भाय;
मनहि मद मावत हो रहा, क्यूं कर सके समाय ? ७

राइ बांटा बिसवा, फिर बिसनका बिस,
ऐसा मनका जो करे, ताहि मिले जगदीश. ८

माला जपुं न कर जपुं, मुखसे कहुं न राम;
राम हमारा हमको जपे, मै बेठा करुं विश्राम ! ९

आखा विश्वनुं भनिबिंब भळाय छे. आ 'योग' नो विषय अति गहन छे, तेथी वीरला--योगी जनो ज ते समजी शके छे.

(७) 'भक्ति द्वार' एटले जे दरवाजे थइने भक्तो परमात्मा पासे जइ शके छे ते दरवाजो एटलो तो सांकडो छे के जाणे राइना दाणानो दसमो भाग जोइ ल्यो ! एवा सांकडा दरवाजामां थइने जवानुं छे छतां मन तो कहे छे के हुं हाथी उपर मावत बेसे छे ते जगाए बेसीने दरवाजामां पेसुं ! आ वात केम बने ? माटे मन जो अभिमान रुपी हाथीथी नीचे उतरीने न्हानुं थइ जाय--नम्रता शीखे तोज ते सांकडा दरवाजाथी प्रवेश करी परमात्मानी हजुरमां आवी शके. ' नमे ते हरिने गमे ' अर्थात् नम्रता राखे--अहंपदथी दूर रहे ते माणस परमतत्वनी प्राप्तिनो अधिकारी थाय.

(८) वळी आगळ वधीने कबीरजी कहे छे के, राइना दाणाना दशमा भाग जेटलो दरवाजो छे माटे ते दरवाजे थइने जवानी इच्छा राखनार मन तो राइना वीसमा भागना पण वीसमा भाग जेवडुं बनाववुं जोइए.

(९) म्हारे लोकोनी माफक हाथथी माळा जपवानी जरुर नथी अने मुखथी पण जपवानी जरुर नथी. हुं तो शान्त बेठो रहुंछुं अने म्हारो राम उलटो म्हने जपे छे. ध्यानारुढ थइ परमात्मस्वरुपमां लीन थवाथी आत्मस्वरुप जोवाय छे.

साधु कोने कहेवा ?

(१)

केशो कहां बिगाडयो, जो मुंडे सो वार ?
मनको काहे न मुंडियो, जामें विषय विकार ? १

मन मेवासी मुंडिये, केश हि मुडे काहे ?
जो किया सो मनहि किया, केश किया कछु नाहे. २

स्वांग पेहरे शुरा भया, दुनिया खाइ खुंद;
जो सेरी सत् निकसे, सो तो राखे मुंढ. ३

---

(१) हे द्रव्यसाधुओ ! हे साधुवेषधारीओ ! त्हमारा माथाना केश एटले वाळनो शो वांक छे--तेणे त्हमारुं शुं वीगाडयुं छे, के जेथी त्हमे सो वार--वारंवार एना उपर वैर लेवानी माफक मुंडवामां ज 'धर्म' ने समाप्त थतो मानो छो ? मुंडवुं होय तो 'मन'ने मुंडो, के जेमां विषय विकार भरेला छे. व्हारथी साधुनो वेष राखनारा घणाए ढोंगीओ मनथी तो विषयविकारथी भरपुर छे--ए केश कढाडवानी एमनी इच्छा नथी !

(२) खरो मेवासी—खरो लुटारो तो 'मन' छे; एने मुडे तो खरो साधु कहेवाय. केश मुंडेथी शुं थवानुं हतुं ? बीचारा केशे तो कांइ कर्यु नथी, जे कांइ करेछे ते तो पेलुं मन करेछे.

(३) साधुनो स्वांग पहेरवामां तो शुरातन घणुंए छे; पण साधु थया पछी खाइ-पीने दुनीआंने मुंडवानुं-पजववानुं ज आवडयुं ! जे सेरी ([illegible]) मां 'सत' याने 'परमतत्व' प्रगट थइ शके छे ते सेरीने तो अर्थात् मार्मिक शरीरने तो मूढ दशामां-मुनमुन दशामां [illegible] [illegible] शरीरद्वारा 'सत'नो प्रकाश थइ शके छे ते छतां [illegible] [illegible] [illegible] माटे कांइ प्रयत्न करतो नथी.

हाथ मनी माला फिरे. हिरदा डामाडूल:
पग तो पालामें गला. भान न लागे सूल. ४

माला पहेरे मन सुखी. तासे कछु न होय:
मन मालाको फेरते, जग उज्याला होय. ५

माला पहेरे कौन गुन. मनकी दुबधा न जाय:
मनमाला कर राखीये, हरि चरन चित लाय. ६

---

(४) हाथमां माळा रही गइ छे पण हृदय तो डामाडोळ दशामां छे, एमां तो कांइ वांट जानना संकल्प विकल्पनां मोजां उठे छे. अने साधुमहाराजना पग वळी मायामां खुची गया छे, ह्हेने बहार कहाडवानु भान पण त्हेने नथी.

(५) माळा पहेरवाथी मन सुख मानी ले तो भले; बाकी तेथी कांइ दहाडो वळे नहि. पण जो मन रूपी माळाना मणका एक पछी एक फेरवे तो आखा विश्वमां प्रकाश–प्रकाश ज नजरे पडे. मनना खराब भावने एक पछी एक तपासी जइ त्हेने मणकानी पेठे आंगळा-मांथी छटकी जवा दइ बीजा मणकाने पकडवो, त्हेने पण तपासी-ने पछी सरी जवा देवो; छेवटे म्होटो मणको के जे एक ज होय छे–जे सर्वोपरी ‘ सत् ’ छे त्यहां जइ स्थीर थवुं. त्यहांथी आगळ जवानुं ज नथी. आ स्थितिमां आवनारने विश्व मात्रमां ‘जीवता प्रेम’-नो प्रकाश साक्षात् जोवामां आवे.

(६) माळा पहेरवाथी जो मननी दुवधा दूर न थइ शके तो ते क्रिया शा कामनी ? ते करतां तो मनने ज माळा बनावीए अने परमात्मानी भक्तिमां तल्लीन थइए ए केवुं ?

मनका मस्तक मुंड ले, काम क्रोधका केश;
जो पांचोको वश करे, तो चेला सबहि देश. ७

माला तिलक बनायके, धरम विचारा नाहिं;
माला विचारी क्या करे ? मेल रहा मन मांहि ! ८

मुंड मुंडावत जुग गये, अजहु न मिलिया राम;
राम विचारा क्या करे ? मनके और हि काम ! ९

काष्ट काट माला किनी, मांहे पिरोया सूत;
माला विचारी क्या करे, जो फेरनहार कपूत ? १०

(७) वीचारा वेशधारीओने चेला मेळववानो शोख बहु होय छे तेथी अनेक अनर्थ सेवीने पण चेला मेळववा दोडे छे; परन्तु कबीरजी कहेछे के, एम तो मात्र बे चार चेला मळशे पण जो त्हारे आखी दुनीआने चेला बनाववानी इच्छा होय तो हुं कहुं तेवो साधु बनः प्रथम मन रुपी मस्तक परथी काम--क्रोध रुपी केशने मुंडीने दूर कर. जो तुं मन अने पांच इद्रियोने वश करशे तो आखी दुनीआना जीवो त्हारा चेला बनशे.

(८) माळा--तीलकनो देखाव तो सारो कर्यो अथवा मुहपति--रजोहरणनो देखाव पण सारो कर्यो, पण धर्मनुं रहस्य तो विचार्युं नहि. मनमां तो मेल रही गयो त्यहारे पछी माळा वगेरे बाह्य उपकरण वीचारां त्हने शुं करी शकवानां हतां ?

(९) आम माथुं मुंडावतां--मुंडावतां अनेक जुग वही गया पण हजीए 'राम'--परमतत्वनी प्राप्ति थइ नहि. (ओघा--मुहपति तो मेरु पर्वत जेटला कर्या पण हजीए आत्माने चीन्यो नहि.) मन जहेंज रहने भटके त्यहां वीचारो राम शुं करे ?

(१०) मालामां कांइ जीव नथीः ए तो लाकडाने कापीने अंदर

माला तिलक तो भेख है, रामभक्ति कछु और:
कहे कबीर जीने पहन लिया, पांचो राखो ठोर. ११

माला तो मनकी भली, और संसारी भेख:
माला पेहेरे मन खुशी, तो बोहोराके घर देख ! १२

माला मुजसे लड पडी, काहे फिरावे मोहे ?
जो दिल फेरे आपना, तो राम मिलावुं तोहे ! १३

भरम न भागा जीवका, अनत धरावे भेख:
सत् गुरु समजा बाहेरा, अंतर रहा अलेख. १४

दोरो परोवीने बनावेली छे; माटे जो माळा फेरवनारो ज कपूत होय तो माळा शुं करी शकवानी हती ?

(११) माळा–तीलक–मुहपति–रजोहरण ए सर्वने धीक्कारवानी जरुर नथी, पण ए सर्व ' भेख ' छे: अने रामभक्ति–आत्मैकता ए कंइ ओर ज चीज छे. जे लोको भेख पहेरे छे न्हेमने कबीरजी कहे छे के, भला थइने पांचे इन्द्रिओने ठेकाणे राखजो, रखेने कोइनां घर मारता !

(१२) माळा तो मननी ज सारी; बाकी तो संसारीनी पाघडी–कोट वगेरे जेम वेष छे तेमज आ पण वेष छे. छतां पण कोइने माळा पहेरवाथी ज सुख लागतुं होय तो कहुंछुं के, पेला बोराजीनी दुकाने जा, त्यहां घणीए माळाओ टांगी राखी छे !

(१३) कबीरजी कहे छे के, एक दिवस माळा म्हाराथी छेडाइ पडी अने म्हने टपको आपवा लागी के, हे मूर्ख ! तुं म्हने शा माटे फेरव फेरव करे छे ? म्हे त्हारुं शुं बगाडयुं छे ? फेरव त्हारा दीलने, अने पछी जो के हुं त्हने 'राम' मेळवी आपुंछुं के नहि !

(१४) पार सगरना भेख पहेर्या–घडीमां धोळा–घडीमां

तनको जोगी सब करे, मनको करे न कोय;
मनको जोगी जो करे, सो गुरु बालक होय. १५

मन मेला तन उजळा, बगला कपटी अंग;
ताते तो कउवा भला, तन मन एक हि रंग! १६

पीळा--घडीमां दीशारुपी वस्त्र एम अनेक भेख धर्या पण हजीए जीवनो भ्रम तो भाग्यो नहि ज! कारण के र्हें मूरखाए 'सतगुरु' अथवा परमात्माने बहार ज ढूंढया, पण ते तो म्हने खबर न पडे एवी रीते 'अंदर' ज हता !

(१५) ल्यो सांभळो, कबीरजीए कथेलुं मार्मिक रहस्य. तेओश्री फरमावे छे के, जेनुं 'मन' ज योगी होय ते तो 'बाळक' जेवा याने राग--द्वेष रहीत--'हुं' पणा रहीत होय; एवाने म्हारा 'गुरु' मानुं. बाकी शरीरने 'जोगी' बनावनारा पाखंडी तो बार लाखने बाणु हशे ह्हेने म्हारी बलारात नमे छे ! रळवुं कठण लागे के संसारमां आवी पडेलुं कोइ दुःख वसमुं लागे एटले तुरत माथुं मुंडीने वेप पहेरी लीधो अने बन्या 'तरणतारण' ! पण पोते तर्या सिवाय 'बीजाने तारनारा' एवो खीताब शरुआतमां ज आ लोको शी रीते लइ शकता हशे ते कांइ समजातुं नथी.

(१६) तन एटले शरीरने उजळुं अथवा टापटीपवाळुं अथवा साधुतानो देखाव करनारुं राखे अने मन तो मलीन राखे, आवा साधुडाओ खरेखर 'बगला' जेवा छे. एमना करतां तो पेला कागडा सारा के जेओ मनना मेला छे तो बहारथी शरीर पण काळुं ज राखे छे. के जेथी एमनाथी कोइ दगादा पामे नहि. अने आ धूतारा साधुओ तो बहारथी साधुतानो स्वांग पहेरी अंदरनी मलीनता राखी जगतने भरमाना खाडामां होमवानो धंधो आदर्यो छे !

कविता कोटी कोट है, सिरके मुंडे कोट·
मनके मुंडे देख कर. ता संग लिजे ओट. १७

मस्तक मुंड मुंडायके. काया बादल चोट:
मनको काहे न मुंडिये. जामें सबहि खोट ' १८

(२)

गुरु लोभी शिष्य लालची. दोनो खेले दाव:
दोनो डूबे बापडे. बेठ पथ्थरकी नाव. १

(१७) ज्ञाननी कविता बनावनारा पंडीतो कोटानकोटी छे, शिर मुंडावनारा पण क्रोडो छे. पण जे मनने मुंडे-तावे करे ल्हेनी ज तुं सोबत करजे.

(१८) माथुं-मुंछ वगेरे मुंडावीने कायानु रुप बदली नाखनारा त्यागीओ मनने केम मुंडता नहि होय? खरी खोट तो मन मुंडनारनी छे: ए खोट-ए तंगी कोइ पुरी पाडतुं नथी.

(१) गुरु अने शिष्यनी जोडी घणेभागे एक सरखी ज मळे छे. गुरु 'लोभी' होय अने शिष्य 'लालचु' होय. आ सिद्धांत बराबर समजवा जेवो छे. जे माणस जे चीजने लायक होय ते ज त्हेने मळेछे. आकर्षण (Attraction) ना नियम प्रमाणे समान प्रकृतिओ एकबीजाने पोता तरफ खेंचे छे. गुरु पैसानो लोभी होय के पछी (ज्यहां अन्न--वस्त्र मागवा पहेलां बमणां मळतां होय तेथी लक्ष्मीनी जरुर न रहेती होय त्यहां) मानना लोभी होय; अने शिष्य 'लालचु' होय एटले के थोडे खर्चे के थोडी महेनते (मात्र आ गुरुराजनी पगचंपी करवाथी के एना चेलाने दिक्षा आपवामां बे चार हजार रुपीआनुं खर्च करवाथी के एनो गमे तेवी बाबतमां पक्ष करवाथी) स्वर्ग मळी जशे एवी लालचवाळो ते शिष्य थाय छे.

जाका गुरु है लालची, दया नहिं शिष्य मांहि;
ओ दोनोको भेजिये, उज्जड कुवा मांहि ! २

गुरु गुरु सब कहा करो, गुरुहि ' घर 'में भाव,
सो गुरु काहे किजीये, जो नहि बतावे दाव ? ३

बंध से बंधा मिला, छुटे कौन उपाय ?
संगत कीजे निर्बंधकी, पलमें दिये छुटाय. ४

दुनीआना साधुओ अने भक्तोनो म्होटो भाग आवो ज होय छे. पथ्थरनी होडीमां बेठेला शिष्यो डुबे एमां शुं आश्चर्य ?

(२) वाहरे कबीरजी वाह ! त्हमारा जेवा सत्यकथन निडर-पणे करनारा पुरुषो थोडा ज थया हशे. जेना गुरु पैसा के मानना लालची होय त्हेना शिष्यने दया तो होइ शके ज नहि; कारण के पैसा के मान रळवा माटे अनेक दगाफटका अने काट--कूट करवी पडे; एमां शिष्यो गुरुनी भक्ति खातर--थोडी महेनते मोक्ष सुंदरीने वरी बेसवा खातर--हथीआर तुल्य बने ज. माटे एवा गुरु अने एवा चेलाने तो उज्जड कुवामां पधरावी दो, के जेथी कोइ कहाडनार पण न मळे !

(३) हे लोको ! त्हमे बधा भल्रा माणस छो, त्हमे ' गुरु-गुरु ' एवा पोकार कर्या करोछो; पण त्हमारा गुरुना भाव एटले लक्ष तो ' घर ' एटले संसारमां-संसारी जेवा काममां छे. जे गुरु संसार भावने अळगो करी परमतत्त्वनी प्राप्तिनो ' दाव ' बतावे नहि त्हेने 'गुरु' कयो मूर्ख कहेशे ?

(४) बांधेला बांधेलाने केम छोडवी शके ? कर्मोथी खरडा-येलो बीजाने कर्मरहीत केम करी शके ? लोहीथी कपडां धोवाय ज नहि. माटे निर्बंध-मुक्त पुरुषोनी संगत करो के जेथी पळमां त्हमने पण 'मुक्त' करशे.

पूरा सद्गुरु ना मिला, रहा अधुरा शिश्य.
स्वांग जतिका पहेरके, घर घर मागे भिक्ष. ५

सद्गुरु ऐसा किजीये. तर्त दिखावे सार:
पार उतारे पलकमे. दर्पन दे दातार. ६

(३)

दया गरीबी बंदगी, समता शील स्वभाव.
एते लक्षन साधके. कहे कबीर सद्भाव. १

---

(५) हे साधुनामधारी ! त्हने कोइ 'पुरो' सद्गुरु मळ्यो नथी जणातो: तेथी तुं पण 'अधुरो शिश्व' एटले ' अपूर्ण शिष्य ' बन्यो अने जतिनो—साधुनो स्वांग पहेरीने घेर घेर टुकडा मागी खावा मांडया !

(६) सद्गुरु एवा मेळववा जोइए के जे जल्दी जल्दी 'सार पदार्थ'—आत्मपीछान मेळवी आपे अने भवजळ पार उतारी दे. कारणके सद्गुरु तो बीजुं कांइ देता नथी, मात्र दर्पण देछे. एटले के हृदयनी निर्मळता करी आपे छे. जेम कोइ बाळकना हाथमां दर्पण आपवा छतां एमां पोतानुं म्होां जोवानो परिश्रम तो बाळके पोते ज लेवो पडशे; तेम सद्गुरु कांइ आत्मानुं दर्शन करावता नथी, पण हृदयने अरीसा जेवुं बनावी आपे छे, के जेथी करीने शिष्य ते अरीसामां पोतानुं स्वरुप जोइ शके.

(१) अत्यार सुधी साधुनामधारीनां लक्षण बतावी भोळा लोकोने चेतव्या; हवे साचा साधुनां लक्षण बतावी एमना शरणे जवानी सलाह आपेछे. कबीरजी 'सद्भाव' कहेछे अर्थात् जेवुं छे तेवुं--यथारुप सत्य जणावे छे के, दया, नम्रता, भक्ति, सम--ता!

मान नहि अपमान नहि, ऐसे शितल संत;
भवसागर उतर पडे, तोडे जमके दंत. २

आशा तजे माया तजे, मोह तजे, अरु मान;
हर्ष शोक निंदा तजे, कहे कबीर संत जान. ३

संत खरे सोही कहो, जीने कनक कामीनी त्याग;
और कछु इच्छा नहिं, निशदिन रहे विराग. ४

अथवा सुख--दुःखमां मननी अडोलवृत्ति अने शीलः आ पांच, 'साधु'नां लक्षण समजजो. (कबीरजीए आपेला आ 'कसोटीना पथ्थर' उपर पोतपोताना गुरुने घसी जोवाथी दरेक माणसने खात्री थशे के ए ते साचुं सोनुं छे के कथीर छे !)

(२) जे पुरुषने मान--अपमाननी लेश मात्र असर थती नथी एवी शीतलता प्राप्त थइ छे, ते ज पुरुष भवसागर तरी शके अने जमना दांतने तोडी शके; अर्थात् फरी मरवानी जरुर त्हेने रहे नहि.

(३) कबीरजी कहे छे के, जे पुरुष आशा (इच्छा) ने तजे, मायाने पण तजे, मानने पण तजे अने हर्ष--शोक नामनी लागणीओ साथे निंदाने पण तीलांजली आपे एने ज तुं 'संत' जाणजे.

(४) जेणे कंचन अने कामीनी त्यजी छे, त्यजी छे एटलुं ज नहि पण ते ते चीजोनी इच्छाने पण त्यजी छे अर्थात् बाह्य तेमज अभ्यंतर त्याग कर्यो छे अने परमात्मा साथे ज जेनो तार लागेलो छे त्हेने 'संत' कहेवो.

हरिजन हारा ही भला, जीतन दे संसार,
हारा हरिपै जायगा, जीता जमकी लार ! ५

सुखके माथे सिल पडो ! हरि हिरदेसे जाय.
बलिहारी आ दुःखकी, पल पल राम संभराय ! ६

आपा त्यां अवगुन अनत, कहे संत सब कोय,
आपा तज हरिको भजे, संत कहावे सोय. ७

(५) 'हरिजन' एटले हरिनो दास अथवा विश्वव्यापक तत्त्व ए रूपी जे हरि त्हेनो दास एटले जगतमात्रनी सेवा एज जेनो जीवन-मंत्र छे एवो पुरुष. एवो हरिजन तो ' संसार ' थी एटले के स्थूल संसारमां मग्न रहेला मनुष्यथी हारे ज. एवानी साथे चर्चा करवा हरिजन के जेने दुनीआनां अनेक परोपकारी कामो करवानां होय छे ते मुद्दल फुरसद मेळवी शके नहि. माटे एवा पुरुषोथी तो हरि-जन हारे एज ठीक छे. अने ' हारेलो ' हशे ते हरि तरफ चित्त दोरवशेः जीतेलो तो जमनी तरफ जवानो. जेने संसारी जनो ' जीत ' कहे छे ते तो नरकनो रस्तो छे. संसारीओ जेने निंदे छे एनामां ज प्रायः कांइ माल होय छे.

(६) सुखना उपर म्होटा पथ्थर पडजो ! कारण के सुखनी मीठी केफने लीधे हृदयमांथी हरि जता रहे छे. वलीहारी तो दुःखने छे, के जे क्षणे क्षणे रामनामने याद करावे छे.

(७) सघळा संतजनो पोकारी गया छे के, ज्यहां 'आपा' अथवा 'हुं' पणुं छे त्यहां अनेक अवगुण भर्या छे. जे 'आप'ने भज-वानुं छोडी दइ 'हरि'ने भजे ते खरो संत कहेवाय. अही शब्दार्थ विचारवा जेवा छे. 'हुं' पणानी सांकडी जेलमांथी मनने मुक्त करी परमात्मतत्व के जे विश्वव्यापक छे त्हेने 'भजवुं' एटले ते भावमां जवुं (भजवुं = जवुं,)

हरिजन ऐसा चाहिये, जैसा फोफल भंग;
आप करावे टुकरा, और पर मुख राखे रंग. ८

तन ताप जीनको नहि, न माया मोह संताप;
हरख शोक आशा नहि, सो हरिजन हर आप. ९

चंदन जैसा संत है, सर्प जैसा संसार;
अंग ही से लपटा रहे, छांडे नही विकार. १०

एक घडी आधी घडी, आधी उनमें आध;
संगत करिये 'संत'की, तो कटे कोट अपराध. ११

---

(८) हरिजन तो एवो होय के जाणे फोफल अथवा भागेली सोपारी जोइ ल्यो! पोताना टुकडा थशे ते सहन करीने पण बीजाने फायदो करशे. 'जग--सेवा' एज एनो 'धर्म' होय छे.

(९) हरिजन अने हरि बे एक ज छे, बेमां भिन्नभाव नथी; पण व्यवहारे के रहेने शरीरनो ताप एटले पीडा लागी शके ज नहि एवो तल्लीन भाव पेदा थयो होय अने माया--मोहनो पण संताप दूर थयो होय, अने हर्ष--शोक--आशा रही न होय.

(१०) 'संत' अने 'संसारी' ए बे वच्चे तफावत बतावे छे के, संत तो चंदन समान छे अने संसारी जन सर्प जेवा छे. चंदन पोते घसाईने पण परने शान्ति आपे छे. सर्प पोताने दूध पानारने पण करडे छे. बस एटलो ज तफावत. बाकी कांई मेलां लुगडांनो के सरळतारहीत रहेणानो के एवो कोई बाह्य तफावत नथी.

(११) अने एवा साचा 'संत'नी सोबत एक घडीने माटे ज मळे--अरे अडधी के पा घडी ज मळे तो पण एनी संगतथी करोडो पाप नाश पामे.

साधु थवुं कांइ रस्तामां पडयुं नथी.

जब लग नाता जातका, तब लग भगत न होय,
नाता तोडे हरि भजे, 'भक्त' कहावे सोय. १

हाट हाट हिरा नहि, कंचनका नहि पहार;
सिंहनका टोळा नहि, संत विरला संसार. २

संत संत सब को कहे, संत समुद्र पार;
अनल पंखका को एक है, पखका कोट हजार. ३

(१) 'हरिभक्त' अथवा साधु बनवुं कांइ रस्तामां पडयुं नथी. ज्यहां सुधी 'जात' साथे 'नातो' रहे छे एटले के संबंध रहे छे त्यहां सुधी 'भक्त' थइ शकाय ज नहि. 'नात' ए एक संसारी जनोए उत्पन्न करेलो भेदभाव छे, ए 'भेदभाव' भक्त पुरुषने होय ज नहि. एने मन तो 'वसुधा एज कुटुंब' एम होय. आवा क्षुद्र बंधारणोनो नातो एटले संबंध न राखतां जे हरिथी ज नातो राखे ते 'साधु' पुरुष अथवा 'हरिभक्त' कहेवाय.

(२) दुकाने-दुकाने कांइ हीरा वेचाता नथी; हीरा वेचनार झवेरीनी दुकानो तो थोडी ज होय छे. कंचन एटले सुवर्णना कांइ पहाड होता नथी. सिंहनां टोळां फरतां नथी; सिंह तो रडयाखडयाज जोवाय छे. तेम हीरा-सुवर्ण अने सिंहनी सरखामणीमां मुकाय एवा संतो पण रडयाखडया ज जोवामां आवे छे. एनां कांइ टोळे-टोळां भटकतां जोवामां आवशे नहि.

(३) 'सब को' एटले सर्व कोइ एम ज कहे छे के 'अमे संत छीए-अमे संत छीए' अथवा 'अमारा गुरु संत छे.' परन्तु

सुराका तो दल नहिं, चंदनका वन नाहि;
सब समुद्र मोति नहिं, युं हरिजन जग मांहि. ४

चार चिन्ह हरिभक्तके, प्रगट दिखाइ देत;
दया धर्म आधिनता, पर दुःखको हर लेत. ५

संत कांइ रस्तामां आथडता नथी, ए तो समुद्रनी पार छे. एटले के जेम विलायत के एवो कोइ देश जोवो होय तो समुद्र ओळंगवानी तकलीफ सहवी पडे छे, त्यहारे जोवाय छे. तेम घणी तकलीफ कोइ रडयोखडयो संत मळी आवे छे. जेम के, गुप्त पांखोवाळा गरुडपक्षी तो कोइक ज होय छे, पण देखाती पांखवाळा पक्षीओ हजारो-क्रोडो होय छे. पण ते पक्षीओ कांइ आखो समुद्र तरी शके नहि.

(४) शूरवीर पुरुषनां कांइ टोळेटोळां होतां नथी. लश्करमां पण थोडा ज पुरुषो खरेखरा शूरा होय छे, जेमनी हाजरीथी बीजा सैनीकोने शूरातन न्हडी आववाथी लडे छे. वळी चंदन एटले सुखडनां झाडनां कांइ वन होतां नथी; अने मोती कांइ बधा समुद्रमां पाकतां नथी; तेमज हरिजन अथवा साचा संत तो जगमां ठेरठेर नथी मळता.

(५) हरिभक्तने ओळखवा माटे सामान्य रीते चार चिन्हो याद राखवां. (१) दया (२) धर्म अथवा कर्त्तव्यपरायणता (३) नम्रता (४) पारायां दुःखो दूर करवानी तत्परता. आ गुणो वडे 'संत' ओळखी शकाय. हवे वांचनारओए पोतपोताना गुरुओमां आ चार गुणो शोधी कहाडवा माटे खुणा-खांचरा जेटला ढुंढाय तेटला ढुंढी जोवा अने पछी गुरु खरे ज 'संत' छे एम खात्री थाय तो तेहेने पोतानो मालीक मानी सर्वस्व अर्पण करवुं; अने जो दया खरेखरी न होय, पोतानी फरज बजाववामां अमदम दशा न होय. नम्रतानी

एक घडी आधी घडी, भाव भजनमें जाय:
सत संगत पलहि भली, जमका धक्का न खाय. ६

कबीर सेवा दो भली, एक संत एक राम:
राम है दाता मुक्तिका, संत जपावे नाम. ७

जगाए अहंपद होय, पारकां दुःखोनो ख्याल पण हृदयमां न होय; आवुं जणाय तो एवा गुरुने, कबीरजीए बीजी जगाए कहुं छे तेम, जंगल वच्चे आवेला कोइ ऊंडा कूवामां नाखी देवा, के जेथी ते गुरु बीजाओने पण डुबावता बंध थाय !

(६) भजनना बे प्रकार: (१) द्रव्य भजन (२) भाव भजन. 'द्रव्य भजन' तो बहारथी भगवाननी स्तुति करवी ते, स्तवन गावां ते. अने ' भाव भजन ' एटले मनथी भगवानमां लीनता करवी ते. एवी लीनता जो एक घडी के मात्र अडधी घडी ज थाय तो ते माणसने जमना धक्का बहु न खावा पडे. 'भाव भजन' करतां पण जो सत्संगतनो जोग मळी जाय तो जोइ ल्यो मजाह ! अडधी घडी नहि पण एक पल मात्र जो सत्संगत मळे तो एथीए वधारे लाभ थाय; कारणके आपणी मेळे जे 'भाव भजन' करीए ते करतां संते बतावेली कुंचीवडे भजन करीए ए हजारगणुं वधारे असरकारक नीवडे, ए देखीतुं ज छे.

(७) कबीरजी कहे छे के 'सेवा' करवी तो बेनी ज करवी: कां तो 'संत' नी अने कां तो रामनी. वच्चे अधकचरीआ पुरुषोनी के पत्थरनी सेवा करवाथी कांइ दहाडो वळे नहि. राम मुक्तिना दाता छे, अने संत छे ते राम नाम बराबर जपवानी रीत बतावे छे, रामनी ' पीछान ' (introduction) करावे छे.

निराकार हरि रुप है, प्रेम प्रीत सें सेव;
जो मागे आकारको, तो संतो प्रत्यक्ष देव. ८

संत वृक्ष हरि नाम फल, सतगुरु शब्द विचारः
एसे हरिजन ना हते, तो जल मरते संसार. ९

प्रिय वाचक ! वेठ कहाडवा बेठा हो एवी रीते वांचशो नहि; कबीरजीनां क्रोड क्रोड रुपीआनी किमतनां कथन कान दइने सृणजो.

(८) हरि एटले परमात्मा तो निराकार छे; एने कांइ पुष्पादिथी पूजी शकाय नहि. एनी सेवा तो प्रेमरुपी प्रीतिथी ज थाय. एटले के अंतःकरणमां एना उपर प्रेम आववाथी ज एनी सेवा थइ गइ. परन्तु जो कोइ माणसथी 'निराकार'नी सेवा न बनी शके तेम होय अने 'साकार'नी सेवानी जरुर होय तो निराकार एवा जे परमात्मा तेनुं आकारवाळु स्वरुप एज 'साधु पुरुष' छे एम मानी साधुनी सेवा करवा दो. कारणके 'साधु'मां 'परमात्मा'ना गुणोनी वानगी छे.

(९) अहीं कबीरजी स्पष्ट खुलासो करे छे के, संत रुपी वृक्ष छे, तेनुं 'हरिनाम' ए फळ छे. सतगुरुनो शब्द एज परमात्मानो शब्द छे. आवुं वृक्ष जो आ दुनियामां न होत तो संसार तापथी बळी जात. वृक्ष एने शीतळता आपे छे.

'कहेणी' साथे 'करणी'

अथवा

'ज्ञान' साथे 'क्रिया'.

'ज्ञान अने क्रियाथी मोक्ष छे' एम जे कहेवाय छे तेनो अर्थ केटलाक एम करे छे के प्रथम ज्ञान थाय अने पछी क्रिया थाय. परन्तु खरो अर्थ ए छे के ज्ञानपूर्वक- समजपूर्वक क्रिया करवी, तो ज मोक्ष मळे. मतलब के मोक्ष तो क्रियाथी ज छे, मात्र समजवाथी नहि; पण ते क्रिया देखादेखीथी के स्वार्थथी थती न होवी जोइए, संपूर्ण विवेक साथे—ज्ञानपूर्वक होवी जोइए. वळी ध्यानमां रहेवुं जोइए के 'क्रिया' एटले ' Ceremonials '--'विधि'ओ एवो अहीं अर्थ नथीः पण Action एटले 'कार्य' एवा रूपमां छे.

माणस एक वात खरी माने पण वर्त्तनमां ते खरी वातनो अमल न करे तो तेथी कांइ मोक्ष न मळे. अलबत आटलुं तो खरुंज छे के 'जाणपणुं' ए पण म्होटी वात छे. जाणपणुं हशे तो कोइक दिवस तदनुसार क्रिया--वर्त्तन पण थशे. तेटली अपेक्षाए मात्र जाणपणुं धरावता पुरुषो पण अपमानने लायक तो नथी ज. परन्तु जेओ म्होटी म्होटी वातो मात्र पोताना ज्ञाननुं प्रदर्शन करवाने माटे करे अने वर्त्तनमां छेक ज नीची पंक्तिए जइ बेसे, मतलब के एक सामान्य माणस पण न करे एवां दुष्ट कामो करे एवा माणसो तो खरेखर धर्मने लजवनारा ज गणाय. एवाना संबंधमां कबीरजीना चाबखा बहु विचारवा जेवा छे. आपणे ते तपासी जोइशुं.

कहता पर करता नही, मुंहका वडा लवार;
काला मुंह ले जायगा, साहबके दरवार ! १

कहना मीठी खांड है, करना विखकी लोय;
कहेनी ज्युं रहेनी रहे, विखका अमृत होय. २.

जैसी वानी मुख कहे, तैसी चाले नाहीं;
मनुष्य नही वो स्वान है, वांधे जमपुर यांही. ३

---

(१) जे माणस कहे छे तेवुं करतो नथी ते मुखनो लवाड छे. परमात्माना दरवारमां ते पोतानुं काळुं मुख लइने जशे. (जैनोना 'किल्वीपी देव'नी मान्यता साथे आ विचार सरखाववा जेवो छे.)

(२) कहेवुं ए तो खांड खावा जेवुं काम छे, पण करवुं ए तो विपनी लुगदी खावा जेवुं कठीन काम छे. जे माणस कहेणी--रहेणी एकसरखी राखे छे ते तो विपने पण अमृत करी शके छे. आ वाक्यना वे अर्थ थइ शके. रहेणी--कहेणी वन्ने जेनामां होय तेवा पुरुपो, एटले के 'ज्ञानपूर्वक क्रिया' करनारा पुरुपो, एटले के ज्ञान, दर्शन अने चारित्र त्रणे जेनामां छे एवा पुरुपोने अमुक लब्धिओ, वगर इच्छाए ज, स्वाभाविक रीते उत्पन्न थाय छे, जेने प्रतापे विपनुं अमृत पण थइ जाय ए कांइ ताजुव थवा जेवुं नथी. वीजो अर्थ एवो थाय के, एवा पुरुपो आगळ झेर जेवा शब्दो के वनावो आवे त्हेने पण तेओ अमृत जेवा मानी छे, पण क्रोध के आत्मक्लेष न ज करे.

(३) जे माणस वोले कांइ, ने चाले कांइ, त्हेने 'माणस' नहि पण 'कुतरो' समजो. तेवो माणस अहीं--आ दुनीआमां ज जमपुरी वनावे छे. आ वहु समजवा जेवी वावत छे. सामान्य 'इच्छाओ' अथवा वासनाओ तो थोडा ज्ञानथी पण दूर थइ जाय

कथनी बकनी छोड दे रहेनीसे चित्त लाय;
निरखी नीर पीये बिना, कबहु प्यास न जाय. ४

कथते–बकते मर गये, मूरख कोट हजार;
कथनी काची पर गइ, रहेनी रही सो सार. ५

छे; पण जे तीव्र वासनाओ घणुं जाणपणुं थवा छतां पण छूटे नहि ते वासनाओ तो खरेखर तेजस् शरीरने घणुं ज कदरूपुं बनावी देछे अने ते सूक्ष्म सृष्टिमां यम जेवी आकृतिओ धारण करी पेला 'कहेणी पर करणी नहि' वाळा पंडीतने अनेक रीते पजवे छे.

(४) हे भाइ! तु बहु बोलवुं जवा दे: करणी तरफ चित्त लगाड. मतलब के दंभ जवा दे अने त्हने जे खरुं जणाय ते करी बताव. त्हारुं वर्त्तन निर्मळ बनाव. उच्च चारित्र (Character) खीलव. पाणी निर्मळ छे के नहि ते तपासवुं जरुरनुं छे ए वात हुं कबुल राखुंछुं; पण पाणी निर्मळ होवानी खात्री थया पछी त्हेने गळे उतार्या वगर कांइ तरस मटवानी नथी. जाणवुं तेमज करवुं ए बन्ने क्रिया वगर कांइ दारिद्र दूर थवानुं नथी. पाणीने बदले उताबळथी झेर पीधुं होत तो पण जीव जात; माटे जाणपणुं शुद्ध जोइए. तेमज पाणीनी खात्री थया पछी त्हेने जोयां ज करे–पीए नहि तो पण तरसथी जीव जाय.

(५) कथता--बकतां तो क्रोड हजार उपदेशको मरी गया; त्हेमांना कोइनुं नामनीशान पण आजे रह्युं नथी. कारणके 'कथनी' थोडा वखतमां 'काची पडे छे'--देवाळुं फूंके छे. पारका रुपीआ लावीने सराफुं करे ते केटलो वखत चाले? घरमां मुडी होय तो ज सराफुं लांबो वखत चाली शके. रहेणी तो घरनी लक्ष्मी छे–अंतरनी मीलकत छे. अंतरमां संपूर्ण पवित्रता सिवाय शुद्ध रहेणी होय ज

कहता पर करता नही, मुंहका बडा लवार;
काला मुंह ले जायगा, साहबके दरबार ! १

कहना मीठी खांड है, करना विखकी लोय;
कहेनी त्युं रहेनी रहे, विखका अमृत होय. २

जैसी वानी मुख कहे, तैसी चाले नाहीं;
मनुष्य नही वो स्वान है, बांधे जमपुर यांही. ३

---

(१) जे माणस कहे छे तेवुं करतो नथी ते मुखनो लबाड छे. परमात्माना दरबारमां ते पोतानुं काळुं मुख लइने जशे. (जैनोना 'किल्वीषी देव'नी मान्यता साथे आ विचार सरखाववा जेवो छे.)

(२) कहेवुं ए तो खांड खावा जेवुं काम छे, पण करवुं ए तो विषनी लुगदी खावा जेवुं कठीन काम छे. जे माणस कहेणी--रहेणी एकसरखी राखे छे ते तो विषने पण अमृत करी शके छे. आ वाक्यना बे अर्थ थइ शके. रहेणी--कहेणी बन्ने जेनामां होय तेवा पुरुषो, एटले के 'ज्ञानपूर्वक क्रिया' करनारा पुरुषो, एटले के ज्ञान, दर्शन अने चारित्र त्रणे जेनामां छे एवा पुरुषोने अमुक लब्धिओ, वगर इच्छाए ज, स्वाभाविक रीते उत्पन्न थाय छे, जेने प्रतापे विषनुं अमृत पण थइ जाय ए कांइ ताजुब थवा जेवुं नथी. बीजो अर्थ एवो थाय के, एवा पुरुषो आगळ झेर जेवा शब्दो के बनावो आवे त्हेने पण तेओ अमृत जेवा मानी ले, पण क्रोध के आत्मक्लेष न ज करे.

(३) जे माणस बोले कांइ, ने चाले कांइ, त्हेने 'माणस' नहि पण 'कुतरो' समजो. तेवो माणस अहीं--आ दुनीआमां ज जमपुरी बनावे छे. आ बहु समजवा जेवी बाबत छे. सामान्य 'इच्छाओ' अथवा वासनाओ तो थोडा ज्ञानथी पण दूर थइ जाय

कथनी वकनी छोड दे, रहेनीसे चित्त लाय;
निरखी निर पीये विना, कबहु प्यास न जाय. ४

कथते-वकते मर गये, मूरख कोट हजार;
कथनी काची पर गइ, रहेनी रही सो सार. ५

छेः पग जे तीव्र वासनाओ घणुं जाणपणुं थवा छतां पण छूटे नहि ते वासनाओ तो खरेखर तेजस् शरीरने घणुं ज कदरुपुं वनावी देछे अने ते सूक्ष्म सृष्टिमां यम जेवी आकृतिओ धारण करी पेला 'कहेणी पर करणी नहि' वाळा पंडीतने अनेक रीते पजवे छे.

(४) हे भाइ ! तुं वहु वोलवुं जवा दे; करणी तरफ चित्त लगाड. मतलव के दंभ जवा दे अने त्हने जे खरुं जणाय ते करी वताव. त्हारुं वर्त्तन निर्मळ वनाव. उच्च चारित्र (Character) खीलव. पाणी निर्मळ छे के नहि तें तपासवुं जरुरनुं छे ए वात हुं कवुल राखुंछुं; पण पाणी निर्मळ होवानी खात्री थया पछी त्हेने गळे उतार्या वगर कांइ तरस मटवानी नथी. जाणवुं तेमज करवुं ए वन्ने क्रिया वगर कांइ दारिद्र दूर थवानुं नथी. पाणीने वदले उतावळथी झेर पीधुं होत तो पण जीव जात; माटे जाणपणुं शुद्ध जोइए. तेमज पाणीनी खात्री थया पछी त्हेने जोयां ज करे-पीए नहि तो पण तरसथी जीव जाय.

(५) कथता--वकतां तो क्रोड हजार उपदेशको मरी गया; त्हेमांना कोइनुं नामनीशान पण आजे रह्युं नथी. कारणके 'कथनी' थोडा वखतमां 'काची पडे छे'--देवाळुं फूंके छे. पारका रुपीआ लावीने सराफुं करे ते केटलो वखत चाले? घरमां मुडी होय तो ज सराफुं लांवो वखत चाली शके. रहेणी तो घरनी लक्ष्मी छे-अंतरनी मील्कत छे. अंतरमां संपूर्ण पवित्रता सिवाय शुद्ध रहेणी होय ज

जैसी बानी मुख कहे, तैसी चाले चाल:
साहेब संग लगा रहे, तब ही होय नीहाल. ६

नहि. माटे रहेणी तो हजारो वरस सुधी जगतना जीवोने उपदेश करनारी थइ पडे छे. लॉन्गफेलो नामनो कवि बराबर कहे छे केः—

Lives of great men all remind us,
We can make our *lives* sublime,
And, departing, *leave* behind us
Footprints on the sands of time,
Footprints, that perhaps another
Sailing o'er life's solemn main
A forlorn and shipwrecked brother
Seeing shall take heart again

आ लीटीओनुं भाषान्तर हिंदीमां म्हारा मित्र श्रीयुत गिरिधर शर्माओ नीचे मुजब कर्युं छेः—

जीवनचरित्र महापुरुषोंके हम नसीहत करते हैं:
"हम भी अपना अपना जीवन स्वच्छ रम्य कर सकते हैं."
हमें चाहिये हम भी अपने--बना जांय पद--चिन्ह ललाम--
इस जगतकी रेतीपर, जो वक्त पडे आवे कुछ काम.
देखदेख जिनको उत्साहीत हों पुनि वे मानव मति धर
जिनकी नष्ट हुइ हो नौका चट्टानोंसे टकरा कर.
लाख लाख संकट सह कर भी फिर भी हिम्मत बांधे वे,
जाकर मार्ग मार्ग पर अपना 'गिरिधर' कारज सांधे वे.

महात्माओना शब्दो जेटली असर नथी करता तेटली असर त्हेमनां मुंगां आत्मभोगनां कृत्यो--जगसेवानां कार्यो करे छे.

(६) जेवुं बोले तेवुं ज करे अने परमात्मानी साथे ज पो छे एवुं भान (Self-consciousness) क्षण मात्र न भूलतां दरेक का ते भान साथे ज करे ते माणस नीहाल थाय, त्हेनो बेडो पार उत सौन्दर्यनो समागम ज कहे छे केः—

कथनी कथे सो पुत हमारा, वेद पढे सो नाती;
रहनी रहे सो गुरु हमारा, हम है ताके साथी. ७

Work, work in the living present,
Heart within, and God overhead

वातो करवानुं काम नथी, काळजुं ठेकाणे राखीने अने परमात्माने शिर पर राखीने आजे–आजे ज काम करो. 'कर्मयोग'नी आ हीमायत बहुज उत्तम छे. ईश्वर आवो छे ने तेवो नथी, ईश्वर छे के नथी, ईश्वर कर्त्ता छे के नथी, एवी बूमो पाडनाराओ पोताने जे कांइ खरुं लागतुं होय तेटलुं पण जो करवा मांडता होय–अने लॉन्गफेलोनी सलाह प्रमाणे काळजुं ठेकाणे राखीने करवा मांडता होय, तो करतां करतां वधुं ज्ञान मळी रहेशे. जे जेने लायक छे त्हेने ते मळ्या वगर नथी ज रहेतुं.

(७) पोतानी बुद्धि मुजब कथनी कथे ते माणस कबीरने मन 'छोकरा' जेवो छे; एथी आगळ वधीने जे माणस 'वेद' भणे ते कबीरनो 'नातीलो' छे; अने एथीए आगळ वधीने जे माणस आचारशुद्धि अथवा उच्च चारित्र पाळे छे ते तो कबीरने मन 'गुरु' छे. आ बहु समजवा जेवुं छे. कथनी कथनार कबीरना पुत्र समान छे एटले के ते माणस कमअक्कलनो—छोकरमत छे अने त्हेनी तो कबीरजी पोताना पुत्र जेटली दया खाय छे. जे माणस वेद भणे छे एटले (विद् = जाणवुं; 'वेद' एटले ज्ञाननो संग्रह) जे माणस ज्ञाननां पुस्तको भणे छे ते कबीरजीनो 'नातीलो' एटले एक ज वर्गनो होय एम कबीरजी (विवेकने लीधे) कहे छे. जो के पोते ते स्थितिथी आगळ वधी गया छे तो पण पोतानी बडाइ करवी पसंद न होवाथी कहे छे के हुं पण हजी

दुष्ट करनी छूटे नहीं, ज्ञान ही कथे अगाध;
कहे कबीर वे दासको, मुख देखे अपराध. ८

रहेनीके मेदानमें, कथनी आवे जाय;
कथनी पिसे पिसनां, रहेनी अमल कमाय. ९

'अभ्यासी' छुं. अने निरभिमानपणे महात्मा कबीरजी उमेरे छे के, जे माणस उच्च वर्त्तनवाळो छे ते तो म्हारो 'गुरु' थवा लायक छे. आनुं नाम निरभिमान वृत्तिनो उपदेश ! जेवो उपदेश तेवुं वर्त्तन !

(८) जे माणस 'अगाध' ज्ञाननी वातो करे अने ते छतां एनां (सामान्य खराब कृत्यो न सुधरे ते तो जाणे ठीक पण) दुष्ट कृत्यो पण छूटे नहि एवा 'दास' अथवा 'गुलाम' ने माटे कबीरजी कहे छे के, एनुं तो म्हों जोवाथी पण पाप लागे ! आखा प्रकरणमां 'करणी' एटले वर्त्तन (Behaviour) अथवा कर्त्तव्य कार्य (Duty) ए ज अर्थ छे, ए वात भूलवी नहि. कोइ अमुक धर्मनी क्रियाओ (तीलक, पूजन, खमासणां वगेरे) आ शब्दथी समजवानां नथी.

(९) 'रहेणी' नामे एक मेदान छे, ज्यां 'कथनी' नामनी एक वाइ कोइ कोइ वखत हवा खावा आवे छे. मतलब के मेदान तो एक जगाए कायम रहेवानुं छे, ते कांइ बदलावानुं नथी; पण हवा खानारी जेवी कथनी तो आवे ने जाय. बीजी रीते कहे छे के, कथनी तो 'दासी' छे, ने दळणां दळ्यां ज करे; अने रहेणी छे ते 'राणी' छे, जे हुकम कर्या करे छे. राणी एक अक्षर बोले नहि अने आंखना इशाराथी कांइ फरमास करे ने साथे ज सेंकडो दास-दासीओ हुकमनो अमल करे छे. एक पवित्र वर्तन कोटनामां जोवामां आवे छे के तुरत तेनी सुंदी छाप आसपासना हजारो माणसना मन पर पडी

एरणकी चोरी करे, करे सूइको दान;
ऊंचा चढ कर देखता, कैतिक दूर विमान ! १०

मनमांही फूला फिरे, करता हूं मैं धर्म;
क्रोड कर्म शिरपे धरे, एक न चिन्हे ब्रह्म. ११

स्नान करन तीरथ चले, मन मेला चित्त चोर;
एकही पाप नही टर्यो, लाय्या मन दश और. १२

न्हावो धोवो क्या करे ? मनका मैल न जाय;
मीन सदा जलमें रहे, धोवे कलंक न जाय. १३

जाय छे; अने ते असर पण कायमनी रहे छे. पण उपदेशनी असर एटली स्थीर भाग्ये ज रहे छे; ए तो दळणां दळवा जेटली ज आवकनुं काम छे.

(१०) आजकाल लोको केवी जातनो धर्म करे छे ते तो जुओ ! एरणनी चोरी करीने एक सोइनुं दान करेछे; पछी छापरे च्हडीने जुए छे के हवे म्हाराथी स्वर्गनुं विमान केटलुंक दूर रह्युं छे ? ! घणाए शेठीआओ अनेक अनीतिने रस्ते लाखो रुपीआनी मुडी एकठी करीने पछी थोडाक सो के थोडाक हजारनुं दान करेछे; पण तेथी कांइ स्वर्ग मळे नहि.

(११) मनमां फूलाय छे के हुं तो वहु वहु धर्म करुंछुं ! एवो फुलणसी माथा पर कुकर्मोनो पोटलो तो वधारतो ज जाय छे अने ब्रह्मने ओळखवा प्रयत्न करतो नथी.

(१२) मूर्ख माणस तीर्थस्नान करवा चाल्यो, पण मन तो मलीन छे अने चित्तडं चोर छे तेथी पाप एक पण टळवाने वदले उलटां दश पाप लइने घेर आव्यो ! वाहरे तीर्थस्थान !

(१३) न्हाये–धोयेथी शुं थयुं ? एथी कांइ मननो मेल

जैसी करणी आपकी, वैसा ही फल ले;
कूडे कर्म कमाय के, सांइयां दोष न दे. १४

(२)

राम झरूखे बैठ कर, सबका मुजरा लेत;
जिनकी जैसी चाकरी, उनको वैसा देत. १

दूर थवानो नथी. एम तो मांछलां आखी जींदगी सुधी जळमां ज रहे छे. माटे स्थूल देह धोयेथी कांइ आत्मानुं कलंक जाय नहि. आ वात तदन साची छे. पण ते उपरथी कोइए एवुं नथी समजवानुं के कबीरजी माणस मात्रे स्नान ज न करवुं एम उपदेश करेछे. ना; माणसे पोताना शरीरनी साचवणी माटे आहार, स्नान, निद्रा, उद्यम वगेरे जे कांइ करवुं पडे ते विवेकपूर्वक करवुं ज जोइए. परन्तु कबीरजी तो मात्र एम कहेछे के स्नान करवाथी धर्म थाय छे एवी गेरसमज न धराववी.

(१४) हे भाइ ! जेवी त्हारी करणी (वर्त्तन) तेवुं ज फळ भोगववा तैयार था. कूडां कर्म करीने पछी नाहक परमात्माने शिर दोष न दइश. सुख--दुःख ए मात्र सारां खोटां कर्मनां 'विपाक' छे. अहीं स्पष्ट कहे छे के, बाह्य क्रिया उपर सुख--दुःखनो आधार नथी पण करणी एटले वर्त्तन पर छे.

(१) राम (रम--रमवुं)--सघळी जगाए रमी रहेलो एवो 'कर्मनो कायदो' (Law of Cause & Effect) बधानो हीसाब पूरे छे अने जेवी जेनी 'चाकरी' (पब्लीक सर्वीस--परोपकारनां कामो) तेवुं तेनुं फळ तेने आपे छे. 'कर्मना कायदानी चुंगालमांथी कोइ छटी शकतुं नथी, के तेने कोइ ठगी शकतुं नथी.

साहबके दरबारमें, साचेको शिरपाव;
झूठ तमाचा खायगा, क्या रंक क्या राव ! २

साइयांके दरबारमें, कमी कछु है नाहि;
बंदा मोझ न पावहि, तो चूक चाकरी मांही. ३

साहबके दरबारमें, क्युं कर पावे दाद ?
पहले कृत्य बुरा करे, फिर करे फर्याद ! ४

---

(२) परमात्मानो न्याय एवो छे के, साचाने (दुनीआ जेनी किमत न समजी शके एवुं विचित्र प्रकारनुं) इनाम मळे छे; अने जूठाने तमाचा मळे छे, पछी भलेने ते सखस राजा होय के रंक होय ! कर्मनो अचळ कानुन गुप्त रीते काम कर्याज करेछे; ज्यारे माणसने दुःख पडेछे त्यारेज ते कानुननी हयातीनुं स्मरण थाय छे.

(३) परमात्माने त्यां कोइ जातनी कमीना नथी; मतलब के विश्वमां कोइ जातनां सुखोनो टोटो नथी, के जेथी त्हने ते आपतां आंचको खाय. सवाल मात्र एटलो ज छे के, त्हारी 'चाकरी' मां 'चूक' अथवा कचास छे तेथी 'मोझ' मळती नथी,--सुख अने तुं ए वे वच्चे 'अंतराय'--पडदो आवी रहे छे. छती शक्तिए जेओ दान नथी करता तेओने सुखनी अंतराय पडे छे, एम जैन शास्त्र पण पोकारी पोकारीने कहे छे. छतां चाकरी--जगसेवा सूझती नथी अने 'मोझ' एटले सुखनां साधन इच्छे छे एवो मूर्ख आ जीव छे ! पण जाणतो नथी के आ विश्व ए हरिनुं अंग छे; विश्वनी सेवा करवी ते हरिनी ज सेवा छे (कांइ बाह्य क्रिया--पूजा ए सेवा नथी) माटे हरि पासेथी सुख लेवुं होय तो हरिना अंगरूप विश्वना जीवोने शाता पमाडना बनतुं कर.

(४) हे मूर्ख ! त्हने सुख नथी मळ्युं [illegible] परमात्माने

नदी कुदरत दो एक सम, हरकिसीको देत;
जिसका जैसा पात्र हो, उतना वो भर लेत. ५

फर्याद करे छे के ? शुं तुं नथी जाणतो के त्हें प्रथम ज बुरां काम कर्यां छे, तो हवे शुं म्हों लइने फर्याद करवी ? एने त्यहां तो इनसाफ ज छे; मात्र त्हारी यादशक्ति त्हारां कुकर्मोने लीधे मारी गइ छे तेथी पाछलां कामो अने आजना बनावो वच्चे जे झीणो पण सळग तार छे ते तुं जोइ शकतो नथी.

(५) नदी अने कुदरत बन्ने एक सरखां छे; आने आपुं अने आने न आपुं एवो एक्केनो विचार छे ज नहि. खुल्ला मेदान वच्चे नदी धीमो मीठो अवाज करती वहां करे छे, के जे अवाज एम बोले छे के "आवो अने आ जळ पी शान्त थाओ !" जे 'अहंपद' वाळो माणस नमीने पाणी भरवानुं पसंद न करतो होय ते तरस्यो ज मरे तो न्हेमां नदीनो शो दोष ? अने जे माणस एटली नमनताइ बनावी शकतो होय ते माणस पोताना खोबाना प्रमाणमां के पोतानी पासे प्यालो--लोटो के घडो जे कांइ पात्र होय त्हेना प्रमाणमां पाणी लइ शकशे; कोइ ओछुं अने कोइ वधारे. नदीए कोइने ओछुं आप्युं नथी अने कोइने वधुए आप्युं नथी; कोइए वधु लीधुं अने कोइए ओछुं लीधुं. आपनारनो दोष नथी, लेनारनो दोष भले कहो. त्यहां पण लेनारनो 'दोष' न कहो, लेनारनी 'शक्ति' कहो. (लेवानुं सूझ्युं ए पोते ज सदभाग्यनी नीशानी छे.) तेवीज रीते विश्वमां सुख ज भरेलुं छे. पण ते लेवानी जेटली त्हमारी शक्ति तेटलुं त्हमारुं ! त्हमारा घडाने--हृदयने जेम विशाळ बनावशो तेम वधारे सुख एमां झीली शकशो

जो तोको कांटा बुवे, ताको वो तू फूल;
ताको फूलका फल है, वांको कांटा सूल ! ६

कहता हूं, कह जात हूं, देता हूं हेला:
" गुरुकी करनी गुरु तिरे, और चेलाकी चेला. " ७

(६) जे त्हने कांटो मारे त्हेने पण तुं तो फूल ज मारजे; अर्थात् फूल जेवी सुगंधी याने प्रेमभावना त्हेना तरफ मोकलजे. एम करवाथी त्हने तो फूलनु फूल ज मळशे अने पेलाने कांटा अने शूळ ज वागशे. कांटो मारनार जे खराब भावनाथी कांटो फेंके छे ते खराब भावना त्हेना सूक्ष्म देहमांथी छूटीने त्हारा तरफ दोडशे पण त्हारा सूक्ष्म शरीरमां ेवी गदी चीजने रहेवाने जगा न होवाथी (त्हेनुं आकर्षण न थवाथी) ते खराब भावना पाछी जइ ज्यहांथी नीकळी हती त्यहांज पेसे छे. आ रीते ते कांटो त्हेने ज वागे छे. हवे तुं के जेणे त्हेनुं भलुं ज इच्छयुं हतु एवा त्हारा सूक्ष्म शरीरमांथी छूटेली ते सुगंधमय प्रेम भावना त्हेना शरीरने स्पर्शवा जशे, त्यहां जो ते पोताने लायक खुणो खचको पण जोशे तो तो त्यहां रहीने त्हेने फायदो करशे; अने जो तीलमात्र जगा पोताने लायकनी नहि जुए तो पाछी फरीने पोताना जन्म स्थळनी आबादीमां वृद्धि करशे. आ हिसाबे त्हने तो फूलनुं फूल ज मळशे.

(७) कबीरजी कहे छे के, हे मनुष्यो ! हुं कहुंछुं अने फरीथी छेवटने माटे कही जाउंछुं—अरे 'हेला' एटला टकोर मारीने कहुंछुं के " गुरुनी करणीथी गुरु तरशे अने चेलानी करणीथी चेलो तरशे. " जे करशे ते पामशे. गुरुनी करणी चेलाने के चेलानी करणी गुरुने कांइ काम लागशे नहि. आपबळ सिवाय सर्व नकामुं छे. गुरु कांइ विमान आपी शकता नथी: ते तो पोतानुं विमान पोते

नदी कुदरत दो एक सम, हरकिसीको देत;
जिसका जैसा पात्र हो, उतना वो भर लेत. ५

फर्याद करे छे के ? शुं तुं नथी जाणतो के त्हें प्रथम ज बुरां काम कर्यां छे, तो हवे शुं रहीं लइने फर्याद करवी ? एने त्हां तो इनसाफ ज छे; मात्र त्हारी यादशक्ति त्हारां कुकर्मोने लीधे मारी गइ छे तेथी पाछलां कामो अने आजना बनावो वच्चे जे झीणो पण सळग तार छे ते तुं जोइ शकतो नथी.

(५) नदी अने कुदरत बन्ने एक सरखां छे; आने आपुं अने आने न आपुं एवो एक्केनो विचार छे ज नहि. खुल्ला मेदान वच्चे नदी धीमो मीठो अवाज करती वह्यां करे छे, के जे अवाज एम बोले छे के "आवो अने आ जळ पी शान्त थाओ !" जे 'अहंपद' वाळो माणस नमीने पाणी भरवानुं पसंद न करतो होय ते तरस्यो ज मरे तो त्हेमां नदीनो शो दोष ? अने जे माणस एटली नमनताइ बतावी शकतो होय ते माणस पोताना खोबाना प्रमाणमां के पोतानी पासे प्यालो--लोटो के घडो जे कांइ पात्र होय त्हेना प्रमाणमां पाणी लइ शकशे; कोइ ओछुं अने कोइ वधारे. नदीए कोइने ओछुं आप्युं नथी अने कोइने वधुए आप्यु नथी; कोइए वधु लीधुं अने कोइए ओछुं लीधुं. आपनारनो दोष नथी, लेनारनो दोष भले कहो. त्हां पण लेनारनो 'दोष' न कहो, लेनारनी 'शक्ति' कहो. (लेवानुं सूझ्युं ए पोते ज सद्भाग्यनी नीसानी छे.) तेवीज रीते विश्वमां सुख ज भरेलुं छे, पण ते लेवानी जेटली त्हमारी शक्ति तेटलुं त्हमारुं ! त्हमारा घडाने--हृदयने जेम विशाळ बनावशो तेम वधारे सुख एमां झीली शकशो.

जो तोको कांटा बुवे, ताको बो तू फूल;
ताको फूलका फल है, वांको कांटा सूल ! ६

कहता हूं, कह जात हूं, देता हूं हेला:
" गुरुकी करनी गुरु तिरे, और चेलाकी चेला. " ७

---

(६) जे ह्हने कांटो मारे ह्हेने पण तुं तो फूल ज मारजे; अर्थात् फूल जेवी सुगंधी याने प्रेमभावना ह्हेना तरफ मोकलजे. एम करवाथी ह्हने तो फूलनुं फूल ज मळशे अने पेलाने कांटा अने शूळ ज वागशे. कांटो मारनार जे खराब भावनाथी कांटो फेंके छे ते खराब भावना ह्हेना सूक्ष्म देहमांथी छूटीने ह्हारा तरफ दोडशे पण ह्हारा सूक्ष्म शरीरमां ेवी गंदी चीजने रहेवाने जगा न होवाथी (ह्हेनुं आकर्षण न थवाथी) ते खराब भावना पाछी जइ ज्यहांथी नीकळी हती त्यहांज पेसे छे. आ रीते ते कांटो ह्हेने ज वागे छे. हवे तुं के जेणे ह्हेलुं भलुं ज इच्छयुं हतु एवा ह्हारा सूक्ष्म शरीरमांथी छूटेली ते सुगंधमय प्रेम भावना ह्हेना शरीरने स्पर्शवा जशे, त्यहां जो ते पोताने लायक खुणो खचको पण जोशे तो तो त्यहां रहीने ह्हेने फायदो करशे; अने जो तीलमात्र जगा पोताने लायकनी नहि जुए तो पाछी फरीने पोताना जन्म स्थळनी आबादी-मां वृद्धि करशे. आ हिसाबे ह्हने तो फूलनुं फूल ज मळशे.

(७) कबीरजी कहे छे के, हे मनुष्यो ! हुं कहुंछुं अने फरीथी छेवटने माटे कही जाउंछुं—अरे 'हेला' एटला टकोर मारीने कहुंछुं के " गुरुनी करणीथी गुरु तरशे अने चेलानी करणीथी चेलो तरशे. " जे करशे ते पामशे. गुरुनी करणी चेलाने के चेलानी करणी गुरुने कांइ काम लागशे नहि. आपबळ सिवाय सर्व नकामुं छे. गुरु कांइ विमान आपी शकता नथी: ते तो पोतानुं विमान पोते

कवीरने नीज घर किया, गलकट्टाके पासः
करेगा सो पावेगा, तुं क्युं भया उदास? ८
एक हमारी शिख सुन, जो तुं हुवा है 'शेख':
करुं करुं तुं क्या कहे? क्या क्या किया है देख. ९

बनावी गया अने शिष्यने कहेता गया के आम विमान बनावाय; तुं पण गरज होय तो आवी रीते हाथ-पगने श्रम [illegible]ीने विमान बनावजे, एटले मोक्षधाम पहोंची शकीश.

(८) कवीरजीए पोतानो रहेवास गलकट्टा[illegible]नी पासे राख्यो हशे ते उपरथी कोइए पूछयुं हशे के, त्हमे [illegible]वा पवित्र पुरुष थइने आवी अधम जगामां केम रहोछो? त्हेने कवीरजी कहे-छे केः "करशे ते पामशे; एमां हे भाइ! नाहक तुं केम उदास थाय छे?" मतलव के गलकट्टा लोको जे पाप करशे ते त्हेमने नडशे, एमां म्हने शुं? वीजो अर्थ ए छे के, हुं आमनुं जोइने कुकर्म शीखीश तो त्हेनां फळ हुं भोगवीश, परन्तु तुं लक्षामो आवी हांशी करीने पापमां शुं काम पडे छे? खराव [illegible]लतामां न रहेवुं ए नियम सामान्य माणसे हशी कहाडवा जेवो नथी, मा महान गुणोने खीलवी महात्मा वनेलाने माटे एवा नियमनी कशी जरुर नथी. कारण के एमनी आसपास शुभ विचाररूपी हीरा-माणेकनो मज-वुत कोट वंधायलो होय छे, जेने लीधे खराव वातावरण असर करी शकतुं नथी. वाकी सामान्य माणसने तो निर्दय के व्यसनी मनुष्योनी सोवतनुं वातावरण जरुर थोडुंघणुं नडे ज. माटे म्होटा पुरुषो करे ते ज करवुं एम न समजतां, म्होटा पुरुषो पात्रता जोइने कहे ते ज करवुं जोइए.

(९) ओ शेख साहेव! ओ गुरु महाराज! आ गरीवडा कवीर एकजनी शिखामण सांभळवानी महेरवानी करशो? गुरु-

जब तूं आयो जग्तमें, लोक हस्या तूं रोय;
ऐसी करनी मती करो, के पीछे हसे कोय. १०

महाराज, त्हमे कहोछो के हुं आ करुं ने हुं ते करुं ने हुं फलाणुं करुं; पण भला माणस! आज सुधीमां शुं शुं कर्युं ते जरा हैयुं उघाडीने जुओने! वायदानो व्यापार(सट्टो) छोडी रोकडीओ ज करोने! त्हमे जो आज सुधीमां कांइ सारुं काम न करी शक्या हो तो हवे पछी पण शुं उकाळवाना हता? (कबीरजी तो गुरुना गुरु बनीने चाबखा लगाव्या ज जाय छे, रखेने कोइ नबळो आ चाबखाना मारथी चीतामां जाय!)

(१०) हे भोळा! ज्य्हारे तुं आ जगतमां आव्यो अर्थात् जनम्यो त्य्हारे तुं तो रोतो हतो अने लोको हसता हता! त्हने एवा विचारथी रडवुं आवतुं हतुं के आ उत्तमोत्तम ओजार रुप मनुष्य खोळीउं पाम्यो तो छुं, पण एनो सारो उपयोग करीने शाबाशी नहीं मेळवाय तो बहु दुःखी थवुं पडशे. ए विचारथी तुं रोतो हतो. अने लोको एम धारीने हसता हता के, आपणे तो आ दुनीआनी हवा लागवाथी स्वार्थी बनी बेठा पण आ नवो--ताजो जीव आवे छे ते निर्मळ रहीने जगसेवा बजावशे, तेथी आपणुं पण काम थशे! माटे हवे हे भाइ! एवी करणी कदी न करीश के जेथी त्हारा मृत्युने लीधे लोको एम बोलवा प्रेराय के "सारुं थयुं के आ मुओ!" त्हारा मरणथी खोट पडी एम लोकोने जणाय तो ज त्हारुं जीवयुं सफळ छे. (अहीं पण शुद्ध 'कर्मयोग'नो उपदेश झळकी रह्यो छे. प्यारे कर्मयोगी कबीरजी!)

ना कछु किया, ना कर सका, ना करने जोग शरीर;
जो कुछ किया हरिने किया, ताते भये कबीर.   ११

(११) कबीरजी कहे छे के, हुं आजे जे छुं ते सर्व हरिनो प्रताप छे; म्हें कांइ कर्युं नथी, हुं करी शक्यो नथी अने करवा जेवुं म्हारुं शरीर पण नथी. पण हरिए आ शरीरद्वारा जे कांइ कर्युं होय त्हेमां आ शरीर शानो गर्व करे? म्हें कोइनुं कांइ काम कर्युं होय तो ते हरिनी प्रेरणाथी आ हाथ-पग चाल्या अने काम थयुं, त्हेमां हाथ-पगने शानो यश? कोइने उपदेश दीधो ते हरिए प्रेरणा करी ते मुजब जीभ बोली गइ; एमां जीभडी नकामी शाने फुलाय? कबीर महात्मा कहेवायो पण ते तो एक खोखुं छे, महात्मा तो प्रभु छे, के जे कबीरना शरीरद्वारा महात्मापणानो खेल भजवीने जगतने शीखामण आपे छे. (वाहरे 'त्याग' वृत्ति वाह! दोलत वगेरे तो त्यज्युं ते त्यज्युं पण कामनो यश पण त्यज्यो,-अरे 'हूं' ने ज समूळगुं त्यज्युं! म्हारो कबीर गुरु तो भगवानथी एकरुप थइने कहे छे के "ते तो भगवाने कर्युं!" पण भला कबीर! आवो महंत थइने जुटुं कां बोले छे? तुं अने त्हारो प्रभु बे एकरुप हो, तो त्हारा प्रभुए करेलुं ते त्हारुं करेलुं केम न कहेवाय?)

आनुं ज नाम 'कर्म योग' छे; कर्म एटले कर्त्तव्य कर्म-जे कांइ दुनीआमां पोताने करवा जेवुं जणाय ते विश्वहितार्थे करीने दूर थइ जवुं, फळ इच्छवुं नहि अने फळ पोतानी पेदाश छे एम पण न मानवुं, ए कर्मना वळगाडथी दूर रहेवानो एकनो एक ज रस्तो छे. **एने कर्म केम करी वळगे?**

सवी रसायन देखीया, हरिसा एक न होय;
रति एक घटमें संचरे, सव तन कंचन होय. १२

(१२) कवीरजी कहे छे के, म्हें वधां रसायण जोयां–तपास्यां–अजमाव्यां; पण हरि नामना रसायण जेवुं तो एक पण रसायण म्हारा जोवामां आव्युं नहि. वैद्यो गमे तेटलुं रसायण खवरावे तेथी कांइ शरीरनो एक वाळ पण सोनानो वनी जतो नथी; पण परमेश्वर रूपी रसायणनी एक रति मात्र जो 'घट'मां (स्थूल शरीरमां नहि पण सूक्ष्म शरीरमां) संचरवा पामे तो ते आखुं शरीर कंचनमय वनी जाय छे. (सरखावो तीर्थंकरना त्रीगडा गढनी कल्पना.) जेनुं मन हरि साथे ज लागेलुं छे, जे आखा विश्वने हरिनुं अंग समजे छे अने जे पोते हरिनी भक्ति अथवा विश्वसेवा माटे ज जन्म मळ्यो माने छे तेवी मान्यतावाळा माणसनुं कार्मण शरीर घणुं ज प्रकाशीत थाय छे.

जैनधर्ममां कहेली 'लोक भावना' जे वरावर समज्यो छे (भूगोळ–खगोळ तरीके नहि पण अध्यात्म तरीके) ते माणसनुं कार्मण शरीर अति प्रकाशीत थाय एमां पूछवुं ज शुं होय ?

मगजनी पंडीताइ विरुद्ध हृदयनी पवित्रता.

ब्राह्मन गुरु जगतके, संतनके गुरु नाहिं;
उलट पलट कर बुडया, चार वेदके मांहि. १

वेद सभी पढ पढ मरे, हरिसे नाहि हेत;
माल कबीरा ले गया, पंडित ढूंढे खेत ! २

पढी गुनी 'पाठक' भयें, समझाया सब संसार;

---

(१) ब्राह्मण एटले जेने लोकोए 'धर्मगुरु' तरीके मानी लीधेला छे तेवा लोको तो जगतना एटले साधारण लोकोना गुरु छे; अथवा जडमां सर्वस्व मानी बेठेला दुनीआदारीना लोकोने माटे ए गुरु छे. कांइ 'संत' ना ते गुरु नथी. कारण के जगतना गुरुओ तो वेदने एटले धर्म शास्त्रोने उलटपालट चुथीने पोतानी पंडीताइ बतावी जाणे एटलुं ज; एमनामां कांइ 'पवित्रता' ओछी ज छे ! मगजना गुण छे, पण हृदयना गुण नथी; माटे एवाने 'पंडीत' भले कहो, पण 'संत' के 'गुरु' न कहेशो.

(२) एवा 'पोथीमांनां रींगणां' जेवा धर्मगुरुओ सघळां धर्म-शास्त्रो भणीभणीने म्होटा पंडीत बन्या पण हजी एमना हृदयमां हरि तरफ हेतनी लागणी थवा पामी नहि; अर्थात् खरो माल जे 'भक्ति' ते तो त्हेमने जडयो पण नहि; ए खरो माल तो कबीरो लई गयो, अने पंडीतजी तो खेतरमां ढुंढता ज रह्या ! बीजा शब्दमां कहीए तो, आ भाषाज्ञानना पोपटीआ पंडीतो मात्र बहारने बहार ज परमात्माने शोधता फरे छे तेथी जींदगी नकामी जाय छे अने कबीराए तो परमात्माने प्रथम पोताना जीगरमां शोधी कहाडया अने त्म्हांथी पछी आखा विश्व उपर फेलायला जोया.

आपन तो समजे नहि, वृथा गया अवतार. ३

पढी गुनी ब्राह्मन भये, कीर्त्ति भई संसार;
वस्तुकी समजन नहि, ज्युं खर चंदन भार. ४

पढत गुनत रोगी भये, वढ्या बहुत अभिमान;
भीतर भडका जगतका, घडी न पडती शान. ५

(३) भणीगणीने 'पाठक'--उपदेशक बन्या अने आखा जगतने उपदेश करवा लाग्या पण पोते तो हजी कांइ पण समज्या नहि; तो एवा उपदेशकनो अवतार नकामो ज गयो समजवो.

(४) भणीगणीने 'ब्राह्मण'--'ब्रह्मज्ञ'--पंडीतजी बन्या, अने संसारमां कीर्ति मेळवी के फलाणा भाइ तो म्होटा काशीना पंडीत थया अगर फलाणा तो म्होटा 'आचार्य' थया के फलाणा तो 'महापुरुष पंडीतराज' थया; पण 'वस्तु' नी समजण हजी पडी नथी अर्थात् 'सत्' नुं पीछान हजी एने थयुं नथी- शास्त्रोना अक्षर गोखी मारवा छतां अने लांबा लांबा टीका—टब्बा वांचवा छतां हजी ए शब्दोमां छुपायलुं गुप्त रहस्य ते शोधी शक्यो नथी—माटे ज कबीरजी कहे छे के ! हे खर, हे गद्धा ! आ विद्या रूपी चंदननो भार ह्हारा मातेला शरीर उपर तुं भरे छे तेथी ह्हने शो लाभ थवानो छे ? तुं ह्हेनी सुगंध तो लइ शकतो नथी; तो पण कदाच बीजानुं वैतरुं करवा माटे—बीजाना माटे आ भार उपाडतो होइश !

(५) बहु बहु भण्या तो शुं मळ्युं ? मात्र अभिमान रूपी दरद ! एनुं सूक्ष्म शरीर तपासो तो जणाशे के त्यहां तो जगतना पदार्थोनी इच्छा रूपी अग्नि प्रज्वलीत होय छे. स्त्री नामथी ओळखातो स्थूळ पदार्थ त्यजयो हशे पण न्हेना सूक्ष्म शरीरमां स्त्रीनी लालसा तो

पढें गुनें सब वेदको, समझे नहि गमार;
आशा लागी भरमकी, (ज्युं) करोलियाकी जाळ. ६

पंडित पढते वेदको, पुस्तक हसती लाड;
भक्ति न जानी रामकी, सभी परीक्षा वाद. ७

भडके भडकारुपी बळती होय छे; त्रांबा-रूपा नाणुं त्यज्युं हशे पण नाणाथी मळती चीजो तो अनेक प्रकारनी भोगवे छे अने त्हेनो लोभ पण असाधारण राखे छे--एटले सुधी के पोतानुं मानेलुं एक बे बदाम किमतनुं पात्र पण कोइ बंधुने लेवा नहि दे; अभिमान न उत्पन्न थाय एटला माटे घर-बार अने स्त्री वगेरे छोडयुं पण अभिमान तो पहेला करतां बमणो वध्यो: आम तेजस् शरीरमां अनेक इच्छाओनी आग बळती ज होय छे. अने एथी बचवानुं भान घडी पण आवतुं नथी.

(६) सघळांए धर्मशास्त्रो भण्यो, पण गमारने हजी कांइ समज पडी नहि. शास्त्रोमां मनुष्यना विविध शरीरो शुं छे अने आत्माने ते केवी रीते ढांकी रह्या छे अने त्हेमनी खीलवट केम थाय-आत्मानुं प्रकटीकरण केम थाय ए सर्व वांची गयो, छतां हजीए दुनीआना पदार्थो अने दुनीआना भावोनो जे भ्रम त्हेनी आशा तो लागी ज रही ! जाणे के करोळीआनी जाळमां कोइ जीव फसाइ गयो होय तेम आ पंडीतजी उपर पण मायाना तार आडा अने अवळा फरी वळ्या छे, वींटाइ गया छे, त्हेने ते आटआटलुं ज्ञान थवा छतां भेदी शकतो नथी.

(७) पंडीतजी-धर्मगुरु महापुरुष पंडीतराज एक वखत शास्त्र-मूत्र वांचवा बेठा. ते वखते पोथीबाइ (चोपडी) लाड करीने हसवा लाग्यां अने बोल्यां के " अहो पंडीतजी ! हवे त्हमे परीक्षा आप-

संस्कृतमें पंडित वदे, वहुत करे अभिमान;
भापा ही के जोरसे, तर्क करे नादान. ८

वानी तकलीफ फरीथी लेशो ज नहि; कारण के रामनी भक्ति त्हमने आवडी नहि तेथी त्हमे एकवार तो वधा विपयनी परीक्षामां नापास थइ चूक्या छो. अने नापास थयेलो विद्यार्थी जो थोडुं जाणनारो होय तो वीजी वार तैयार थइने पण परीक्षामां वेसी पास थइ शके. पण त्हमे तो हजी विद्यार्थी अवस्थामां ज--अरे एकडीआं शीखोछो एटलामां ज 'महापुरुष पंडीतराज' बनी वेठाछो माटे त्हमारे हवे कांइ शीखवानुं रहेतुं ज नथी !" वाहरे पोथीवाइ ! त्हमेए खूव करी ! अने हरिना भक्त कवीरजी ! पींगल तथा अलंकार शास्त्र भणवाने पंडीतो पासे गया सिवाय पण तें खुब कल्पनाने दोडावी !

(८) जेनी पासे थोडुं नाणुं होय छे ते शरीर अने घरनो ठाठ माठ कांइ ओर ज राखे छे अने तीजोरीनी अंदरनो ठाठ तो ज्ञानी जाणे एवो होय छे ! श्रीमंतो सफाइ राखशे पण डोळ--दंभ नहिज ज करे, तेम जेओ मात्र 'भापाज्ञान' पामीने पंडीत थइ वेठा छे तेओ वेचार माणसने एकठा थयेला भाळ्या के संस्कृत भापामां के संस्कृतमय मातृभापामां लवारो करवा मंडी पडशे, जाणे के एना जेवा पंडीत दुनीआ भरमां छे ज नहि. आवा नादान माणसो--अक्कल वगरना वाळको मात्र भापाज्ञानना जोरथी तर्क--न्याय शास्त्रमां माथुं मारे ए केवी हसवा जेवी वात छे ! भापा ज्ञान ए मात्र एक हथीआर छे, नहि के लक्ष्यविंदु. भापाज्ञानमां घणा आगळ वधेला पाश्चिमात्य विद्वानो जैन अने व्राह्मण ग्रंथोना सुंदर भापांतर करवा छतां कदी जैन के व्राह्मण वन्या नहि अने उलटा 'धर्म' चीजने हांसीरुप गणे छे. हवे भापाज्ञान एकलानी किंमत शुं आंकवी ए विचारवंत पुरुपो पोते ज विचारी लेशे.

आत्मदृष्टि जाने नहि, नाहवे प्रातःकाळ;
लोक लाज 'विध' सहु करे. लगा भरम कपाळ. ९

तीरथ और सब व्रत करे, उंडे पानी न्हाय;
राम नाम नहिं जपे, काळ ग्रसी ले जाय. १०

काशी कांठे घर करे, न्हावे निर्मळ नीर;
मुक्त नहि हरिनाम विन, युं कहे दास कबीर. ११

(९) केटलाक पंडीतो प्रातःकाळमां उठीने स्नान करेछे अने लोक लाज खातर तीलक तथा पूजा वगेरे विधिओ के जे 'भ्रम'रुप छे ते स करे छे; पण वीचाराने 'आत्मदृष्टि' छे नहि तेथी नकामो भटके छे

(१०) केटलाक पंडीतो तीर्थ अने व्रत वगेरे करेछे अने उंडा पाणीमां पेसीने स्नान करेछे, पण राम नामनुं तीर्थ कर्युं नहि, रामनुं फरमान (अगीआरमी ' लोकस्वरुप भावना ') ए रुपी व्रत पळायुं नहि, अने रामना प्रेमरुपी उंडा पाणीमां न्हवायुं नहि तेथी ते पंडीतजी काळदेवना कोळीआ थइ जवाना ज ! मतलब के जन्म-मरणना फेरा फर्या करवाना ज.

(११) केटलाक लोको काशी कांठे जइने रहे छे अने गंगाना रसायणीक गुणवाळा स्वच्छ जळमां हमेश स्नान करेछे, पण हरि-नाममां रह्या सिवाय अने हरिनाममां स्नान कर्या सिवाय मुक्ति कोइ काळे मळवानी नथी, एम 'दास कबीर' कहे छे. जे साधुओ पोताना नामनी आगळ पाछळ म्होटां पूंछडां पोतानी जाते लटकावता होय त्हेमणे कबीरजीने पूछी जोवुं के ते पोताने 'दास कबीर' केम कहे छे ? तेमज जे संसारीओ कोइ युनीव्हर्सीटी के सभा के संघ तरफथी पंडीताइना खीताब अपाया सिवाय पोतानी मेळे 'पंडीत'ना खीताब लइ बेठा होय त्हेमणे पण कबीरजी पासे आ वातनो भेद पूछवा पधारवुं ! रस्तो खुल्लो छे !

जप तप तीरथ सब करे, घडी न छांडे ध्यान;
कहे कबीर भक्ति विना, कबू न होय कल्याण. १२

(१२) केटलाक पंडीतो शास्त्रनु रहस्य न समजवाथी जप-तप-तीर्थ अने ध्यान एटलां वानां करवामां आखी जींदगी गुजारे छे; पण कबीरजी कहे छे के 'भक्ति' विना एमनुं कल्याण-मोक्ष थाय ज नहि. जप-तप ए 'हठयोग' छे; एथी भले अमुक सिद्धिओ प्राप्त थाय, तेथी कांइ भवभ्रमण अटके नहि. तीर्थपूजन कराय छे ते पण बाह्यभाव छे, अने बाह्यभाव बंध थइने आंतरदृष्टि न थाय त्हां सुधी पण भवभ्रमण अटके नहि. 'ध्यान' उत्तम चीज छे पण जेने बाह्यभाव भरपुर छे तेवा माणसनुं 'ध्यान' पण बाह्य प्राप्तिने अर्थे ज होय छे, तेथी त्हेनुं फळ पुद्गलसमुहनी प्राप्ति एज मळे, भवभ्रमण टळे नहि. कल्याण तो त्यहारे थाय के ज्यहारे भक्ति अथवा Devotion थाय; भक्तिवाळो मनुष्य पोताना तन-मन अने धन सर्व ईश्वरने अर्पीत करे छे; पोतानुं कशुं नथी, मात्र विश्वसेवा माटे सोंपायलां हथीआरो छे अने ते हथीआरो विश्वसेवामांज वपरावानां छे एवो ख्याल भक्तने रगे रगे होय छे. एवा माणसो माटे ज मुक्ति छे, बीजाने माटे नहि. (भक्ति ए शब्दथी कबीरजी कोइ जातनी क्रिया मचववा इच्छता नथी, तेमज एक खुणे बेसी रही मात्र काला वालाना शब्दोच्चार करवा एने पण 'भक्ति' नाम आपता नथी. वर्त्तनमां भक्ति अथवा भक्तिमय जीवन ए ज एमनो कहेवानो आशय छे. एमने 'साकर' नामथी संबंध नथी, साकर जेवो ज देखातो पथ्थरनो टुकडो के जेने 'सद्भाव' के 'असद्भाव' स्थापनानो सिद्धांत लगाडीने मूर्त्तिपूजको साकर मानी ले ए पण एने पसंद नथी, एने तो म्हों गळ्युं करे एवी अमुक चीजनुं-खुद चीजनुं काम छे. कबीरजी 'कर्मयोगी' छे; अने एमनां 'कर्त्तव्य कर्म'नी इंटो वच्चे गारो 'भक्तिरस'नो छे.

को एक ब्राह्मण मशकरा, वाको न दिजे दान;
कुटुंब सहित नरके चला, साथ लिये जजमान ! १३
कबीर ! पंडित की कथा, जैसी चोरकी नाव;

(१३) कबीरजी एक दातारने चेतवणी आपे छे के, हे भाइ ! तुं दातार थयो ए तो ठीक छे; दानतो गुण उत्तम छे; पण ह्हारुं दान अयोग्य पात्रमां न जाय ते संभाळजे ! पेल्लो मश्करो-उखडेल धर्मगुरु छे, ह्हेने दान रखे देतो ! कारण के एवा एक धर्म-गुरुने कोइए दान कर्यु हतुं ह्हेनुं फळ ए मळयुं के, ते साधु पोताना सोबतीओने लइने नरके गयो अने साथे दातार-दान आपनारने पण लेतो गयो ! गुरु कांइ एकलपेटो न होय, पोताना दातारने नरक जेवी स्हेलघामां साथे लीधा वगर रहेज नहि एवो ते परोपकारी होय. माटे हे भाइ ! तुं दान करे तो 'गुण' जोइने करजे, 'वेप' जोइने न करतो.

(१४) कबीरजी कहे छे के, आजकालना 'पोथां पडीत' ना मुखथी धर्मकथा सांभळवी अने आंधळाए चोरनी बोटमां बेसवुं ए बन्ने एकसरखां जोखमभर्यां काम छे. बन्ने लोको मरजीमां आवे ते जगाए पोताना आश्रीतोने भरमावीने लइ जाय अने मरजीमां आवे तेवी व्यवस्था करे ! आ गाथा बहु समजवा जेवी छे. कोइ आंधळाने नदीपार जवुं हतुं तेथी होडीवाळानी मदद मागतो हतो. एवामां अमुक चोर लोको कहेवा लाग्या: " अमारी होडीमां बेसो; अमे त्हमने थोडे खर्चे अने थोडा वखतमां पार उतारीशुं. " विश्वासे सुरदासजी होडीमां बेठा अने पछी पेला लूटारा होडीवाळाए मांहो-मांहे विचार करवा मांडयो. एक कहे: आने लूटीने नदीमां फेंकी दइशुं ? बीजो कहे: छेकज एवुं उघाडुं कुकर्म तो न थाय; जरा दया खाइशुं, दया. आपणे एने आडोअवळो खेंची जइशुं अने एक बज्जर जगामां जइ लूटीने त्हां छोडी दइशुं. त्रीजो कहे: एम पण

नहि; जे माणस गोळथी मरतो होय एने विषथी शा माटे मारवो ? माटे आपणे एने अडधेक सुधी होडी हंकार्या बाद कहेवुं के नदीमां आ स्थळे चमत्कार थयेला छे. ए पवित्र भूमि छे. अहीं कोइ माणस डूबी मरे--आपघात करे तो मोक्षे जाय अने एटली हिंमत न चाले अने फक्त पोतानी मील्कत अहीं स्नान करीने खेरीआतमां आपी दे तो देवलोकमां जाय. ते बीचारा आंधळाने पोताना आ भवना दुःखथी कंटाळो आवेलो होवाथी गमे ते शीखामण मानवा तत्पर ज थशे अने आपणो बेडो पार थशे. लूंटाराओए अने आंधळाए पछी शुं कर्युं ते आपणे जाणवानुं रहेतुं ज नथी, कारणके एवा संख्याबंध लूंटारा आपण अंध पुरुषोने (हृदयनी आंख वगरनाओने) हमेश आवी रीते लूंटता आव्या छे तेथी कांइ अनुभव नवो मळवानो नथी. पछी आपणने ज्यहारे परमाधामीना भाला खमवा पडशे त्यहारे कहीशुं के " अरे ओ परमाधामी ! म्हने तुं अहीं केम लाव्यो ? हुं के जेणे गुरुदेवना कहेवाथी पेली विधवाना दिक्षा ओत्सवमां पांचसो रुपीआ खर्च कर्या हता अने पेला उधइओनी दया माटे पुस्तकोना पटारा भरनारा महात्माना हुकमथी पांच रुपीआनां पानां वहोराव्यां हतां अने गुरुना संसार पक्षना बेटाने गुरुदेवनी आज्ञाथी वसो रुपी-आनी कंठी पहेरावी दीधी हती तथा गुरुदेवना दर्शन करवाने चोमासा वच्चे हुं लावलश्कर लइने बीजे गाम जइ चारसो रुपीआ खर्ची आव्यो हतो छतां तुं म्हने अहीं--नरकावासमां केम लावे छे ? म्हारे ते अहीं आववानुं होय ? म्हने तो म्हारा गुरु साथे देवलोक-मां लइ जवामां आवशे एवी आशाए म्हें जीगरथी पण व्हाल्हा एवा रुपीआ खर्ची नाख्या हता ! छतां शुं म्हारां नरकमां लइ जाय एवां पूर्वनां कर्मो धोवायां नहि होय के ? " आनो खुलासो परमाधामी करशे के ?--हा, जे परमाधामी हशे ते अवश्य खुल्लासो करशे, बीजा नहि ज.

(२)

काम क्रोध मद लोभकी, जब लग मनमें खान:
तब लग पंडित मूर्ख हि, कबीर एक समान. १
चतुराइ पोपट पढा ! पढा जो पिंजर मांहि:
फिर परमोधे औरकों, आपन समजे नाहि. २

---

(१) कबीरजी कहे छे के, ज्यां सुधी मनमां काम-क्रोध-मद-लोभ ए चारनी 'खाण' छे त्यां सुधी मूर्ख अने पंडीतमां काइ तफावत समजता ना. एवो माणस भणेलो होय तो पण मूर्ख ज छे; बुद्धिशाळी मनुष्य कदी पोताना स्थूल शरीर के जे वधु किमती छे अने जे बीजा अवतारमां पण साथे रहेनार छे तेना सूक्ष्म शरीरना भोगे स्थूल शरीरनुं मायावी सुख इच्छे ज नहि.

(२) चतुराइ तो एक पोपटना भणतरमां आवी छे ! बाकी कोइ चतुर छे ज नहि ! जुओ तो खरा के अभण पोपट आकाशमां उडता फरे छे अने कल्लोल करे छे, त्यहारे भणेला पोपटजी पांजरामां केद थया छे ! आ एमनुं भणतर ! अरे B A. अने M. A नी डीग्रीना अभिमानी भणेलाओ ! अरे सूत्रो अने संस्कृत अने ग्रंथो अने थोकडाना अभ्यासना अभिमानी पोपटजीओ ! त्हमे भणीभणीने शुं भण्या ? मात्र मगजने भारे मार्युं ! कारण के हृदय तो भण्युं नहि. मनना प्रणाम कोमळ थया नहि. विश्व मात्र उपर समान दृष्टि, प्रेम भावना तो शीख्या नहि. भणतरथी त्हमारुं हृदय 'तर' थवाने बदले—विकाश पामवाने बदले उलटुं सांकडुं थयुं अने त्हमारां पोतीकां स्वार्थ सुख मेळववानी वधु शक्ति त्हमे पाम्या, के जे शक्ति बीजा ओछा भणतरवाळाना सुखना भोगे त्हमने वधारे (मायावी) सगवडो लावी आपशे. आ भणतर त्हमने पांजरामां--संसारभावमां जकडी राखशे. त्हमे बीजाने शुं उपदेश करोछो, अरे विचारा पोपटीआ पंडीतो ! त्हमे त्हमने तो पींजरामांथी छोडवो ?

हरिगुन गावे हरखके, हिरदे कपट न जाय;
आपन तो समजे नहि, और हि ज्ञान सुनाय. ३
चतुराइ चुल्हे पडो, ज्ञानको जमडा खाओ !
'भाव भक्ति' समजे नहि, जानपनो जल जाओ ! ४
लीखना पढनां चातुरी, ये सब बातां सहेल;
काम दहन, मन वश करन, गगन चढन मुशकेल. ५
ज्ञानी गाथा बहु मिले, कवी पंडित अनेक;
राम रता और इंद्रि जीता, कोटी मध्ये एक. ६

---

(३) हरिना गुण म्होटेथी गाया एटले कांइ भक्त थइ गया एम समजवुं नहि. हृदयमांथी कपट जाय त्यहारे ज्ञानी कहेवाय. माटे बगभक्तोनो उपदेश सुणवो नहि.

(४) हे 'चतुर' पुरुषो ! त्हमारी चतुराइ चूलामां पडो ! त्हमारुं ज्ञान जहानममां जाओ ! जो त्हमारामां 'द्रव्यभक्ति' नहि पण 'भाव-भक्ति' आवी होय तो ज त्हमारी पंडीताइ सफल छे, नहि तो देखता मूक्यो ए जाणपणामां !

(५) लखवुं-वांचवुं-चतुराइ करवी ए बधुं सहेलुं छे-- देखा-देखीथी शीखाय तेवुं छे. पण कामदेवने बाळी नाखवो अने मनने वश करवुं तथा 'आकाशमां चडवुं' एटलां काम खरेखर मुश्केल छे. ए कांइ देखादेखीथी शीखातां नथी, ए तो जाते ज समजवानां अने जाते ज करवानां काम छे. 'आकाशमां उडवुं' एनो अर्थ भूलोकमां छतां देवलोक तरफ प्रयाण करवुं ते. कल्पना शक्तिने पवित्र बनावीने त्हेनी पांखे वेरी देवलोकमां विचरवुं अने प्रेमना सार्वत्रीक राज्यनी मीठी हवा खावी ते. बीजो अर्थ एवो पण थाय के गुण 'स्थानके' चडवुं ते: गुणस्थानक कांइ देखाय एवी चीज नथी: आकाशमां चडवानुं ज ते काम छे.

(६) ...

तारा मंडल बैठके, चंद्र बडाइ लाय:
उदय भया जब सूर्यका, सब तारा छुप जाय. ७

कू मारग छोडा नहिं, रहा मायामें मोह:
पारस तो परसा नहि, रहा लोहका लोह ! ८

पोथी पढपढ जग मुवा, पंडित भया न कोय:
अढाइ अक्षर प्रेमका, पढे सो पडित होय. ९

पण राममां 'रत' थयेला--राममय बनेला पुरुषो के जेओ इंद्रिओने पोताना वश राखी शके छे तेवा तो करोडोमां एकाद ज मळशे.

(७) ताराओनां टोळां वच्चे बेसीने चंद्र (के जे सूर्यनुं तेज उछीनुं लइने प्रकाशे छे, जेनामां पोतानुं तेज नथी ते) आप बडाइ गणीए करे तेथी शुं वळ्युं ? पण ज्यहारे प्रभाते सूर्यनो उदय थाय छे के तुरत ज ताराओ छुपाइ जाय छे. तेओ पोतानी भूलने माटे पस्ताइने म्होंा छुपावे छे !

'पोथां–पंडीत' नी पंडीताइ मात्र मूर्ख लोको आगळ ज चाली शके, संत अगर भक्त अगर परमात्मापरायण लोको आगळ ते झांखाझंख पडी जाय छे.

(८) जेणे खराब रस्ता छोडया नथी अने जे मायामां मोही रह्यो छे त्हेने पारसमणीनो स्पर्श हजी सुधी थयो ज नथी एम मानजो; तेथी ज ते लोढा जेवो छे. जो सद्गुरु के सद्ज्ञान के सत्देव (त्रणे एक ज छे) नो स्पर्श थयो होय तो आ दशा होय नहि.

(९) पोथां--थोथां भणीभणीने आ जगत पंडीत थवा इच्छे छे पण ज्यहां सुधी 'प्रेम' एवो अढी अक्षरनो शब्द भणायो नथी त्यहां सुधी खरी पडीनाइ कदी आवनार नथी. प्रेम एटले सार्वत्रीक प्रेम, ईश्वरी प्रेम.

आत्म तत्व जाने नहिं, कोटी कथन है ज्ञान;
तारे तिमिर भागे नहि, जब लग उगे न भान. १०
मै जानुं पढवो भलो, पढनेसे भलो योग;
राम नामसे दिल मिला, भले हि निंदे लोग. ११
समजनका घर और है, औरोंका घर और;
समज्या पिछे जानिये, "राम बसे सब ठौर." १२

---

(१०) आत्म तत्वने समजे नहि त्र्हां सुधी करोडो प्रकारनुं ज्ञान (सायन्स, इतिहास, खगोळ, भूगोळ, भुस्तर, भाषाज्ञान, तर्कशास्त्र, वैदकविद्या वगेरे तमाम) त्हेनुं अंधकार मटाडवाने पुरतुं थतुं नथी. सूर्य—आत्मसूर्यनो उदय हृदयमां थया सिवाय अजवाळुं थतां आखी दुनीआना पदार्थो अने बनावो जुदीज दृष्टिए देखाय. दृष्टि (Point—of--view) ज बदलाइ जाय.

(११) कबीरजीने पहेलां तो एम लाग्युं के शास्त्रनो अभ्यास करवो एज ठीक छे; पछी जणायुं के अभ्यासथी तो 'योग' मार्ग सारो छे; पण छेवटे जणायुं के ते बन्ने करतां रामनामना स्मरणमां ज दील मळी गयुं ते ठीक थयुं. भक्ति योगनी सुगमता अहीं वर्णवी छे. भक्तिनी खुबी न समजनारा लोको निंदा करेछे माटे कबीरजी कहे छे के, भले तेम थाओ, पण म्हने तो 'राम' साथे ज एक तार जोडायो छे ए ठीक लागे छे.

(१२) समजणवाळा माणसनी दृष्टि जूदी होय छे अने वगर समजणवाळानी जूदी होय छे. समज्यो नहोतो त्ह्यारे हुं रामने अमुक जगाए ढुंढतो हतो. हवे समज्यो तो जणायुं के राम तो सर्व जगाए वसे छे. माटे रामनी भक्ति करवा माटे अमुक जगा 'रीझर्व्ड' राखी शकाय ज नहि. सर्व प्राणीनी सेवा ए ज रामसेवा छे. सर्वमां हुं अने हुंमां सर्व एवो 'एक भाव' थयो ए ज 'सेवा' छे.

कबीर ! यह संसारको, समजावुं कइ वार ?
पूंछ ज पकडे भेसको, उतरा चाहे पार ! १३

मन मथुरा, दिल द्वारका, काया काशी जान;
दसमें द्वारे है देहरा, तामें जोत पिछान. १४

---

(१३) कबीरजी कहेछे के आ मूर्ख संसारने शी रीते समजावुं? एने भवरुपी समुद्रना पार जवुं छे, अने ते काम माटे होडी के गायने बदले कुगुरुरुपी भेंसनुं पुंछडुं पकडवा इच्छेछे ! ए भेंस जो एने डुबाडया वगर रहे तो पोपटीआ अने स्वार्थी गुरुओ नरकमां नाख्या सिवाय रहे !

(१४) हे भाइ ! तुं मथुरा अने द्वारका अने काशी अने गीरनारजी अने तारंगाजी भटकवा जाय छे, पण हुं त्हने त्हारी पासेज ए वधां तीर्थस्थळो लावीने खडां करुं छुं छतां तुं शा माटे भटकवानी अने दाम खर्चवानी मूर्खाइ करेछे ? जो, देख ! त्हारुं मन एज मथुरा छे, दील एज द्वारका छे, काया एज काशी छे, तन एज तारंगाजी छे, गो अथवा इंद्रियो एज गीरनारजी छे; माटे तुं ए सर्व मन–वचन अने कायाने शुद्ध कर एटले तीर्थ ज छे. त्हारा हैयाना दसमा द्वारमां जे देहेरुं छे त्यहांज परमात्मा बीराजे छे. एने शोध, शोध. आटला प्रयासे ध्यान धरीश तो परमात्मानी साथे एक तार जरुर जोडाशे. दसमा द्वार संबंधे विशेष हकीकत 'योग' ना जाणकार पुरुष पासेथी ज मळी शकशे.)

મહાત્મા કબીરનાં આધ્યાત્મિક પદો.

(१) परमेश्वरनी वातो.

૧

ધરતીકા કાગજ કરૂં, કલમ કરૂં બનરાય;
સાત સમુદર સ્યાહી કરૂં, હરિગુન લિખા ન જાય. ૧

ભારી કહૂં તો મૈ ડરૂં, હલકા કહૂં તો જીઠ;
મૈ કયા જાનૂં રામકો? નૈના કબહૂ ન દીઠ. ૨

ઐસા કોઈ ના મિલા, ઘટમેં અલખ લખાય;
બિન બાતી બિન તેલ બિન જલતી જોત દિખાય. ૩

---

(૧) એકંદર ધરતીને કાગળ રૂપે વાપરૂં અને એકંદર 'વનરાય' અથવા અઢાર ભાર વનસ્પતિની કલમ બનાવુ તથા સાત સમુદ્રના પાણીને શાહી તરીકે વાપરૂં—એટલો બધો પ્રયાસ કરૂં તો પણ (ઇન્દ્રિયોની શક્તિથી પર એવા) હરિ—પરમાત્માનો ખ્યાલ આપી શકાય નહિ.

(૨) પરમાત્મા 'ભારે' છે એમ કહું તો હું જ ડરી જાઉ, 'હલકા' છે એમ કહું તો ત્હેમનું ઉપહાસ્ય કરાવવા બરાબર થાય. (આખ વગેરે ઇન્દ્રિઓની શક્તિથી પર એવા) આત્મારામને (સ્થૂલ આંખોથી) મ્હેં કદી દીઠા જ નથી તો પછી હુ રામની વાત શું જાણું ?

(૩) આત્મરામને 'અલખ' કહેવાયછે—તે લખી શકાય તેમ નથી; પણ ઘટમા—હ્રદયમા તો તે લખી શકાય. અને ઘટમાં લખાયલા તે 'અલખ'ને વાંચવા માટે (ભોયરા જેવા ઘટમા અધારૂં હોય એટલા માટે) દીવાની જરૂર છે, કે જે દીવામાં બત્તી (દીવેટ), તેલ કે જ્યોત કાઇ હોય નહિ આવા દીવા વડે ઘટના ભોયરામાં અલખને વાંચી શકે એવા કોઇ મ્હને મળ્યા નહિ !

દેખા હૈ વો કિસે કહૂં, કહે કૌન પતિયાય?
જૈસે કે તૈસે હરિ, હરખ હરખ ગુન ગાય ૪

સાહબ! તેરી સાહેબી, સબ ઘટ રહી સમાય;
જયું મેદીકે પાતમેં, લાલી લિખી ન જાય. ૫

૨

માલક બીન ખાલી નહી, સુઇ ધરનકો ઠોર;
આગે પીછે રામ હૈ, રામ બીના નહીં ઓર. ૧

જયૂં નેનનમેં પૂતલી, યૂં માલક ઘટ માંહ્ય,
ભોલે લોક ન જાનતે, બાહીર ઢૂઢન જાય. ૨

કસ્તુરી નાભી વિષે. મૃગ ઢૂંઢે બન માહ્ય;
એસે ઘટ ઘટ રામ હૈ, દુનિયાં દેખે નાહી! ૩

ઘટ બિન કહું ન દેખીયે! રામ રહા ભરપૂર,
જિન જાના તિન પાસ હૈ, દૂર કહા ઉન દૂર ૪

---

(૪) મ્હે આત્મારામને જોયા છે એમ ત્હમને કહું તો ત્હમે પૂછશો કે ટ્હારે તે કેવા છે? હું કહેવાની કોશીશ પણ કદાચ કરૂં, પરન્તુ મ્હારી વાત માનશે કોણ? (એ અદ્દભૂત વાતોને લોકો વ્હેમ—ગાડછા કે ચક્રમપણામાં ખપાવેછે) માટે ટુકમાં જ જવાબ આપુછુ કે, "હરિ જેવા છે તેવા છે." એટલુજ મ્હોઢેથી બોલીને હુ મનમાજ રાજી થઇને ગુણ ગાયાં કરૂં છું.

(૫) મ્હારા આત્મારામ સાહેબની સાહબી કેટલી છે એમ ત્હમે પૂછતા જ ના: એ તો ઘટઘટ (સર્વત્ર) વ્યાપી રહીછે. શું મેદીના પાંદડામાં લાલી કોઇ અમુક જગાએ જ રહેલી છે કે?

(૨) ભોળા એટલે અક્કલ વગરના લોકો રામને બહાર ઢૂઢવા દોડે છે—પણ તે તો જેમ આખોમા પૂતળી છે તેવી રીતે ભીતરમા જ છે.

(૪) હે ભાઇ! તું ઘટ સિવાય બીજી જગાએ રામને શોધતો જ નહિ; કારણકે ત્યહાં એટલે ઘટમા રામ ભરપૂર છે જે રામને જાણે ત્હેની પાસે જ તે વસે છે; અને જે રામને સ્વર્ગમાં કે બીજી કોઈ દૂરની જગાએ માને છે—અતરથી વેગળો વસનાર માને છે ત્હેનાથી તે ખરેખર દૂર જ છે એમ સમજજે, અર્થાત્ એવાને આત્મારામનું ભાન જ ન થઇ શકે.

બાહેર ભીતર રામ હૈ. નૈનનકા અભિરામ;
જિત દેખૂં તિત રામ હૈ, રામ બિના નહીં ઠામ. ૫

જ્યૂં પથ્થરમેં આગ હૈ, યૂં ઘટમેં કિરતાર;
જો ચાહો દીદારકો, તો ચકમક હોકે જાર. ૬

પાવક રૂપી રામ હૈ, સબ ઘટ રહા સમાય;
ચિત્ત ચકમક લાગે નહીં, ધૂંવા બહી બહી જાય. ૭

સાંઈ તેરા તુજમેં રહે, જ્યૂં પત્થરમેં આગ;
જોત સરૂપી રામ હૈ, ચિત્ત ચકમક હો લાગ. ૮

---

(૫) હું પ્રથમ કહી ગયો કે રામ તો ભીતરમાં જ છે, તેથી એમ નથી સમજવાનુ કે બહાર તો રામ છે જ નહિ. ભીતરમા રામ ‘ ભરપૂર ’ છે—ત્હા ત્હેનાં દર્શન થઇ શકે છે. બાકી, જ્હાં જ્હાં ત્હારી દૃષ્ટિ પડે ત્હા ત્હાં રામ જ છે એમ સમજજે. સર્વત્ર રામ જોવાથી—સઘળામાં પરમેશ્વર દૃષ્ટિ રાખવાથી જ વિશ્વદર્શન થાયછે.

(૬) પત્થરમાં અગ્નિ ગુપ્તપણે રહેલો છે, તેમ ઘટમાં ઇશ્વર રહેલા છે. ત્હેના દર્શન કરવા ઇચ્છા હોય તો ચકમકની માફક બહારના (ખાખી —સ્થૂલ— ઉદારીક) શરીરને ઠોકરો ખાવા દે; ઠોકરો અને મુસ્કેલીઓ રૂપા ઘર્પણથી અંદર રહેલા આત્મારામના દર્શન થશે. (કેવી સુંદર કલ્પના !)

(૭) રામ પાવક એટલે આગ રૂપે છે (સઘળા પદાર્થોમાં આગ ગુપ્તપણે રહેલી છે (અગ્નિ અને રામ બન્નેને ‘પાવક’ એટલે ‘ પવિત્ર કરનાર ’ ગણાય છે.) જો ચિત્તમા બરાબર રીતે રામના નામની આગ ન સળગે અને ‘ ધૂંધવાતુ ’ રાખવામા આવે અર્થાત્ ઘડીભર રામનું નામ સ્મરી પછી વિષયવિકારમા રમ્યા કરે તો એવા માણસના ચિત્તમા ‘ભડકો’ ન થાય એટલે કે રામ પ્રગટ થાય નહિ, પણ ‘ ધુણી—ધુમાડો ’ થાય એટલે કે સંકલ્પવિકલ્પ અને ઉદ્વેગ એજ પરિણામ આવે અર્ધદગ્ધની દશા દયાજનક છે એમ બતાવે છે. મતલબ કે આત્મારામની પવિત્રતાનો ખ્યાલ અહોનિશ નજર સામે રાખીને જ આહાર—વિહાર આદિ ક્રિયા કરવી, રામાંમા લુબ્ધ થવું નહિ. ‘ આ કોન રામ પોતે કરે બરા કે ?’ એવો વિચાર કરીને વર્તવાથી રામમાંજ રમ્યા ગણાશો.

૩

પરદેશે ખોજન ગયા, ઘર હિરાકી ખાંન,
કાચ-મનિ ના પારખે, કયૂં હરિકો પહચાન ? ૧

મૈ જાનૂં હરિ દૂર હે, હરિ હરદાકે માંહ્ય,
આડી-ટેડી કપટકી, તાસે દીસત નાંહી. ૨

જાકો આડા અંતરા. તાકો દીસે ન કોય,
જાન બૂઝ જડ હો રહે, બલ તજ નિર્બલ હોય. ૩

ભટક મુઆ ભેદુ બિના, કૌન બતાવે ધામ ?
ચલતે ચલતે જુગ ગયો, **પાવ કોસ પર ગામ !** ૪

---

(૧) સાચા હીરાની ખાણ તો પોતાનાજ ઘરમાં છે, છતા જે અમુક પરદેશમાં હીરા શોધવા જાયછે, જેને કાચ અને મણીનુ પારખું નથી તેવા માણુસ હરિને શું પીછાનવાના હતા ?

(૨) પ્રથમ હું અજ્ઞાન હતો તેથી જાણતો હતો કે હરિ કોઇ દૂરની જગાએ બેસી રહ્યા હશે; પણ હવે મ્હને પ્રત્યક્ષ ભાન થયુ કે હરિ તો હૃદયની અંદર જ છે, આડીઅવળી (ભૂલભૂલામણી વાળી) કપટમયી વર્તણુકથી (તેજસ્ શરીરના—સ્વાર્થમયી ઇચ્છાઓના પડદાથી) હરિ દેખી શકાતા નથી, બાકી છે તો અહીં જ.

(૩) આંખ આડા પડદા રાખીને જ ફરવાનુ જેને મન થતું હોય ત્હેને શું દેખાય ? જાણી જોઇને-પોતાની રાજીખુશીથી જ જે ‘ જડ ’ રહેવા ઇચ્છે અર્થાત્ જડભાવમાં જ મચ્યો રહે તે માણસને આત્માનું અગાધ બલ (છતું પાસે છતા) છે નહિ એવું ભાસે એમાં કોનો દોષ ? આત્મભાવ ભૂલી જડભાવમા જ રહેનાર માણસ આત્મબલના વારમાનો હક જાણીજોઇને જ ગુમાવે છે.

(૪) અરેરે ! આજ સુધી માત્ર એક ભેદુ જાણકાર પુરૂષ અથવા ‘ ભોમીઆ ’ અથવા ‘ગુરૂ ’ વગર હુ નકામો જ ભટકી મુઓ ! મ્હને કોણ ‘ ધામ ’ (goal) બતાવે ? ચાલતાં ચાલતાં અનેક યુગ વીતી ગયા છતાં ‘ ધામ ’—લક્ષ્ય સ્થળ—રામધામ-મોક્ષપુરી એવી (સ્થૂલ જગાને નામે

બસત કહાં ઢૂંઢે કહાં? કિસ બિધ આવે હાથ?
કબીર! તબ હી પાઇયે, જબ ભેદુ લિજે સાથ. ૫

જા કારન હમ ઢૂંઢતે, (ઔર) કરતે આસ-ઉમેદ;
સો તો અંતરગત મિલા, ગુરૂમુખ પાયા ભેદ. ૬

હિરા હરિકા નામ હૈ, હિરદા અંદર દેખ;
બાહેર ભીતર ભરી રહા, ઐસા અગમ અલેખ. ૭

ઓળખાતી) દશાને પ્રાપ્ત કરી શક્યો નહિ પણ **હવે** માલૂમ પડે છે કે હું જ્યહાંથી નીકળ્યો ત્યહાંથી તે 'ધામ' તો ૦ કોશ જ દૂર હતું! અને હું નકામો જ ભટક્યો! (અરે પા કોશ જેટલું પણ દૂર એ સ્થળ નથી, અનંતા યુગ સુધી ચાલવાથી જેટલો રસ્તો કપાય તે બધા કોશના પ્રમાણમાં ૦ કોશ એક તદ્દન નિર્માલ્ય ચીજ છે, માટે ૦ કોશ તો સંજ્ઞાસૂચક શબ્દ છે; બાકી એ ધામ તો એટલું નજીક છે કે સંકલ્પ કરો કે ત્યહાં પહોંચ્યા જ છો!)

(૬) જેને કારણે એટલે જેને માટે હું ઘરોઘર ભટકતો હતો અને અનેક તરેહની આશા અને ઉમેદો કરતો હતો તે તો છેવટે મ્હારા અંતર રૂપી પટારામાં જ પ્રગટ થયા! પણ જ્યહારે ગુરૂ મળ્યા ત્યહારે જ મ્હેં એમને પીછાન્યા—ત્યહારે જ હું ભેદ પામ્યો.

(૭) ત્હારા હૃદયની અંદર જ જોવાની દરકાર કર; તેથી તને હરિ રૂપી સાચો હીરો જડી આવશે. અને એક વાર હૃદયમાં તે પ્રકાશ પ્રકટ થયો એટલે પછી જાણજે કે અંદર તેમજ બહાર હરિને જ જોવાશે. બાકી તો હરિ અગમ્ય (અક્કલમાં ન આવે એવું) અને અલેખ (લખ્યું લખાય નહિ—વર્ણવી શકાય નહિ એવું) તત્વ છે તે માત્ર નિર્મળ વર્તન અને નિસ્વાર્થી પ્રેમ દ્વારાજ **પ્રગટ કરી શકાય**; અને એનું **ભાન** (realization) જ થઈ શકે, **બયાન** ન થઈ શકે; કારણકે ઇન્દ્રિયોથી પર છે

૪

કબીર ! હદકે જીવકો, હિત કર મુખ ના બોલ,
જો હૃદ લાગા બેહદસે, તાસે અંતર ખોલ. ૧

હદમેં રહે સો 'માનવી', બેહદ રહે સો 'સાધ';
હદ-બેહદ દોનો તજે, તાકા મતા અગાધ ! ૨

હદ છાંડી બેહદ ગયા, અવર કિયા વિશ્રામ;
કબીરા જાસું મિલ રહા, સો કહીયે નિજ કામ. ૩

---

(૧) જેઓ 'હદના જીવ' છે અર્થાત્ હદવાળી—મર્યાદાવાળી એટલે કે પુદ્ગલીક ચીજો પર જ જેનો જીવ લાગી રહ્યો છે તેવા મનુષ્ય આગળ, હે કબીર ! હિતબુદ્ધિએ પણ મ્હોઢેથી તત્વની વાત તું કહેતો ના ત્હારૂં અંતર માત્ર તેવા પુરૂષ પાસે જ ખોલજે કે જેમનું હૃદ એટલે અંતઃકરણ 'બે—હદ' એટલે હદવગરના—સીમા વગરના—આત્મીક તત્વ પર લાગેલું હોય (આત્મજ્ઞાનની પુરી ગરજ હોય એવા પાસેજ આવી વાતો કરજે; બીજા પાસે બોલીશ તો નાહક મશ્કરી થશે.)

(૨) સામાન્ય માનવી, સાધુ અને અવધુતની વ્યાખ્યા આપતાં કહે છે કે, હદવાળી—આકારવાળી ચીજોમાં જ જેનું મન લાગેલું છે, જેની બુદ્ધિ હદ વગરની ચીજોમાં જઇ શકતી જ નથી ત્હેને 'માનવી' કહેવો. અને હદ વગરના તત્વ—અમર્યાદ ચેતનમય પોલાણ—પરબ્રહ્મમાં જેનું 'ભાન' (consciousness) જઇ શકેછે (સમાધિદ્વારા) તે 'સાધુ' સમજવો; અને અને હદ—બેહદ સર્વના ભેદ વગરનો જે બની જાય એને 'અવધૂ' કહેવો

(૩) જે જિવાત્મા હદવાળા 'ભુવન' (plane) ને છોડી હદ વગરના ભુવનમાં જાય છે અને ત્હાંજ 'અવર' એટલે બીજું ઘર કરેછે તથા ત્હાં પરબ્રહ્મ સાથે મ્હારી પેઠે ભળી જાય છે તેણે પોતાનું કામ કર્યું સમજવું. એ કામ પોતા માટે પોતે જ કરી શકે, બીજો આપણે માટે તે કામ કરી ન શકે.

હદમેં બેઠે કથત હે, બેહદકી ગમ નાહીં;
બેહદકી ગમ હોયગી, તબ કથનેકો કછુ નાહીં. ૪

૫

દેખન સરીખી બાત હે, કહન સરીખી નાહીં;
એસા અદ્‌ભૂત સમઝકે, સમઝ રહે મન માંહી ! ૧

બિન ધરતીકા ગામ હે, બિન પંથકા દેશ;
બિન પિંડકા પુરૂષ હે, કહે કબીર ઉપદેશ. ૨

કબીર ચલકર જાય વહાં, પૂછ લિયા એક નામ;
ચલતા ચલતા તહા ગયા, ગામ નામ નહીં ઠામ ! ૩

---

(૪) સ્થૂલ સૃષ્ટિમાં જીવનારો માણનાર હદ વગરના તત્વની–પરબ્રહ્મની–પરમેશ્વરની ગમ ન હોવા છતાં એકાએક ટાઢા પહોરના તડાકા મારેછે કે ઈશ્વર આવા હોય, તેવા હોય, વગેરે જ્યારે તેજ માણસને 'બેહદ' ની ગમ પડશે ત્યારે તે કાંઇ બોલશેજ નહિ, તે તો મનમાં જ સમાઇ જશે. એ દશાવાળો બોલે શું અને જતું કરે શું ?

(૧) ચેતનના—પરમાત્માના **દર્શન** કરવા એ તો '**દેખવા**'ની વાત છે—'**કહેવાની**' વાત નથી **અનુભવ** (Realization) ની વાત છે, **અનુમાન** (conjecture)ની નહિ.

(૨) કોઈ સાધુના દર્શન કરવાને કોઇ ગામ આપણે જઇએ તો તે ગામ, ત્યાં જવાનો રસ્તો અને તે સાધુના શરીરની એંધાણી વગેરે પૂછીને ગમે તેટલે દૂર પણ જઈ શકીએ પરન્તુ પરમેશ્વરના દર્શન માટે નીકળી પડેલા કબીરજી કહે છે કે હું યાત્રાએ તો જાઉં છું પણ એ પરમેશ્વરને કાંઇ શરીર નથી તો પત્તો શી રીતે લાગશે ? વળી જ્યાં તે છે ત્યાં કોઇ જમીન નથી તો પછી રસ્તો કે સડક તો ક્યાંથી જ હોય !?

(૩) તેમ છતાં યાત્રાએ નીકળતી વખતે મ્હેં માત્ર ત્હેમનું નામ પૂછી લીધું અને આગળ ને આગળને આગળ ને આગળ ચાલવા જ માંડ્યું, અર્થાત્ ધ્યાન ધર્યા કર્યું—નામ જપ્યા કર્યું તેમ કરતા કરતાં હું તો એક દિવસ ત્યાં જઇ પહોંચ્યો ! પરન્તુ આશ્ચર્ય—આશ્ચર્ય કે ત્હાં ન મળે કોઇ ગામ, ન મળે કોઇ જમીન, કે ન મળે ઠામ નામ પણ !

કૌતુક દેખા દેહ બિન, રવિ શશી બીન ઉજાસ;
સાહેબ સેવામેં રહે, બેપરવાહી દાસ ૪

ધરતી ગગન પવન નહીં, નહીં તુંબા નહીં તાર,
તબ હરિકે હરિજન હુતે, કહે કબીર વિચાર. ૫

દેખા એક અગમ ધની,* મહિમા કહી ન જાય,
તેજ-પૂંજ પ્રકટ ધની, મનમે રહા સમાય. ૬

દિપક દેખા જ્ઞાનકા, પેખા અપરમ દેવ,
ચાર વેદકો ગમ નહી, તહા કબીરા સેવ. ૭

બૈકુંઠસે પર બસત હે, મેરા સાહેબ સોહે,
જાકે રૂપ ન રેખ હે, સો અંતર મિલ્યા મોહે. ૮

'મૈં' થા વહાં તક 'હરિ' નહીં, અબ 'હરિ' હે 'મે' નાહીં,
સકલ અંધેરા મિટ ગયા, દિપક દેખા માહી ૯

---

(૪) હું પરમાત્માની યાત્રાએ નીકળ્યો તે સ્થુલ શરીરથી નહિ, પણ સૂક્ષ્મ શરીરથીજ. (સ્થૂલ) આંખો વગર જ મ્હેં ત્હાં કૌતક જોયું, તે એ કે ત્હાં જો કે સૂર્ય કે ચંદ્ર તો હતા જ નહિ તો પણ ઉજાસ પુષ્કળ હતો. પછી હું તે પરમેશ્વરની સેવામા રહ્યો—'સેવા' Service—પરમાર્થ એજ મ્હારો 'ધર્મ' એમ મ્હેં નિશ્ચય કર્યો, તથા આ દાસ 'બેપરવાહી બન્યો, સુખ—દુખની પરવાહ વગરનો થયો

(૫) જે વખતે પરબ્રહ્મમાથી સૃષ્ટિનો પરપોટો નીકળ્યો નહતો અર્થાત્ ધરતી-ગગન-પવન-તુંબા-તાર વગેરે કંઇ ઉદ્ભવ્યું નહતું તે વખતે પણ હરિજન-પરમેશ્વરનો ભક્ત તો હતો જ અહીં (આત્માના અનાદિ ગુણનું તત્વ સૂચવ્યું છે પણ ત્હેનો ખુલાસો કરવાને એક આખા પુસ્તકની જરૂર પડે)

* ધણી એટલે માલીક, પરમેશ્વર, સાહેબ, Lord

(૯) 'મૈ' અથવા 'હુ' એવો ભાસ જ્યાહા સુધી મ્હારામા હતો ત્હાં સુધી હરિ મ્હારાથી દૂર હતા, પણ હવે જ્યારે 'હરિ' મ્હારામા પ્રકટ થયા ત્હારે 'હુ' પણું ઉભુ રહ્યુ નથી 'હુ' પણુ અને 'હરિ' બે એક જગાએ રહી શકે જ નહિ.

ગુન ઇદ્રિ સેહેજે ગઇ, સદ્દગુરૂ ભયે સહાય;
ઘટ્મેં બ્રહ્મ બિરાજીયા, બક બક મરે બલાય ! ૧૦

૬

વિષયરસે લગી પ્રીતડી, તબ હરિ અંતર નાહીં;
જબ હરિ અંતરમેં બસે, વિષયરસ પ્રીત નાહીં; ૧

ભક્તિ બિગાડી કામીયા, ઇદ્રિ કેરે સ્વાદ;
જન્મ ગમાયા બાધમેં, હિરા ખોયા હાથ. ૨

રામ હે વહાં કામ નહીં, કામ નહીં વહાં રામ;
દોનો ઇકઠે ક્યું રહે, કામ રામ એક ઠામ? ૩

---

(૧૦) તમોગુણ, રજોગુણ અને સતગુણ એ ત્રણે ગુણ અને ઇદ્રીઓ પણ સ્વાભાવિક રીતે ચાલી ગઇ, માત્ર સદ્ગુરૂ (પરમાત્મ તત્વનો સાક્ષાત્કાર કરાવી શકે એવા અનુભવી ગુરૂ)ની કૃપા થઇ તેથી આ પરિણામ આપોઆપ-વગર પ્રયત્ને આવ્યું. ઘટમા બ્રહ્મ પ્રગટ થતા હવે મ્હારી બલારાત બકબકાટ કરે છે !

(૧) જ્હાં સુધી ઇન્દ્રિઓના વિષય પર પ્રીત લાગેલી રહે ત્હાં સુધી અતરમા હરિ આવી શકે જ નહિ અર્થાત્ પ્રકટ થઇ શકે જ નહિ (તેથી ઉલટું) જ્હારે હરિ કોઇના અંતરમાં પ્રકટ થાય છે ત્હારે એનુ ચિત્ત ઇન્દ્રિયજન્ય સુખો તરફ ખેંચાવા પામતું નથી.

(૨) કામી એટલે ઇચ્છામાં રચ્યાપચ્યા રહેલ મનુષ્યોએ ઇદ્રીયજન્ય સુખોના સ્વાદમા પડીને ભક્તિને ભ્રષ્ટ કરી દીધી છે. (જ્ઞાનયોગમાં અભિમાનનો ડર છે તેમ ભક્તિયોગમાં વિષયની ધાસ્તી રાખવી પડે છે, એ આ વાક્ય ઉપરથી સૂચિત થાય છે.) હિરાને બદલે જેમ કોઇ કાચ લોની આવે તેમ મૂર્ખ માણસો ભક્તિને બરાબર નહિ ઓળખવાથી ભક્તિને બદલે ભળતાજ કોઇ વિષયવિકાર નામના ગુણમાં ફસાઇ પડે છે તેટલે બોલે હીનો—ખરી ભક્તિ જ શોધી કહાડે તો જન્મ સફળ થઇ જાય

(૩) એક મ્યાનમા બે તરવાર રહી શકે નહિ તે પોળીઆમાં 'રામ' હોય ત્હા 'કામ' અથવા ઇન્દ્રિયજન્ય સુખની ઇચ્છા સમાઇ શકે નહિ; અને જ્હાં 'કામ' છે ત્હા 'રામ' આવવા નવરો નથી !

૭

ચેતન ! ચોકી બેઠ કર, મનમેં રાખો ધીર,
નિર્ભય હોકે નિઃશંક ભજ, કેવલ કહે કબીર. ૧

એક પગ ભક્તિમાં અને એક ભાર્યામા રાખવો પાલવે નહિ બે સ્ટૂલ વચ્ચે માણસ જમીન પર પડે છે ! તથાપિ જેમ થોડી વારને માટે એક બકરી અને એક વાઘ બન્નેને એક વાસણમાંથી દૂધ પીતાં આપણે ('સરકસ'-ના ખેલમા) જોઇએ છીએ; તેમ જો માણસ સંસારમા રહી સંસારના કામકાજ મર્યાદામા રહીને—હેમા રચ્યાપચ્યા રહ્યા વગર—કરે તો ભક્તિને હરકત આવે નહિ એક પાંજરામાં બકરી અને વાઘ થોડી વાર રહી શકે એ વાત ખરીછે તો પણ આ શરત યાદ રાખવાની છે કે, તેઓ એવી રીતે રહી શકે તે માટે હેમને અગાઉ લાંબા વખત સુધી તાલીમ આપવી પડી હોય છે. બકરીનું સ્વાભાવિક બ્હીકણપણું અને વાઘનું સ્વાભાવિક ક્રૂરપણું બન્ને ગુણોને અમુક વખતને માટે અંકુશમા રાખવાની તાલીમ આપી હોય છે તેમજ જો કોઇ મનુષ્યને જેટલો વખત તે ઘરસંસાર ચલાવે તેટલો વખત, લુબ્ધતાનો સ્વાભાવિક જેવા થઇ ગયેલો ગુણ અંકુશમાં રાખવાની તાલીમ અપાય અને તેવી તાલીમ મળ્યા બાદ જો તે સંસારના કામકાજમા પડે તો તે ભક્તિને કશી હરકત ન આવે એવી રીતે વર્તન કરી શકે ખરો. આવાને માટે પણ એટલુ ધ્યાનમા રાખવાનુ છે કે, બકરી અને વાઘને લાંબા વખત સુધી ભેગા રાખી શકાય નહિ, માત્ર ટુંક વખતના નાટ્યપ્રયોગ માટે જ તેમ (સહીસલામતીથી) કરી શકાય. અને વળી એ ટૂંક પ્રયોગ દરમ્યાન પણ બન્ને વચ્ચે ચકમક ન ઝરે એ બાબત કાળજી રાખવા માટે ખાસ ચોકીદારો હથીઆર સાથે ઉભા રાખવા પડે છે વિવેક અને જ્ઞાનના ચોકીદારોને પોતાના તીવ્ર હથીઆરો સાથે ઉભા રાખીને જ રામ—કામને એક પીંજરામાં રાખવાનો ટુંક મુદતનો પ્રયોગ ભજવવો જોઇએ, તે સિવાય નહિજ.

(૧) હે ચેતન ! આત્મા નામે રાજા વારંવાર મન રૂપી દરવાજેથી બહાર ભટકી જાયછે માટે ત્હા તું ચોકીદાર તરીકે બેસ (વિવેકને બેસાડ) અને પછી મનમા ધીરજ રાખજે કે નિર્ભય અને નિઃશંકપણે રાજાની મુલાકાત તને થશે.

લેહ લાગી નિર્ભય ભયા, ભરમ ગયા સબ દૂર,
બનમેં બનમેં કહાં ઢૂંઢે, રામ યહાં ભરપૂર. ૨

સબ હી ભૂમિ બનારસી, સબ નિર ગંગા તોય;
જ્ઞાની આતમ રામ હૈ, જો નિર્મળ ઘટ હોય. ૩

'આપા' ખોયે 'હરિ' મિલે, હરિ મિલત સબ જાય;
અકથ કહાની રામકી, કહે સો કૌન પતિયાય ? ૪

---

(૨) જેને પરમ તત્ત્વમાં લ્હે (એકતાન) લાગે છે તે **નિર્ભય** બને છે, એના મનમા (સમર્થના શરણાનો ઉત્સાહક ખ્યાલ અહોનિશ હોવાને લીધે) ભય—ધાસ્તી—દરદ—ગભરાટ—ચિંતા કશાનો પ્રવેશ જ થઇ શકતો નથી 'પરમતત્વના પરિપૂર્ણ શ્રદ્ધા' એ positive ગુણ છે અને દરદ—ચિંતા—ગભરાટ વગેર negative સ્થિતિઓ છે; એ કારણથી સાયન્સની દૃષ્ટિએ પણ ઉપર કહેલી શ્રદ્ધા માણસને ઘણી ઉપકારી થઇ પડે છે. એવા માણસને મુક્તિ માટે, કે દવા તરીકે વાપરવાની જડીબુટ્ટી માટે—કશા માટે વનમા ભટકવાનુ રહેતુ નથી. 'રામ' એટલે આરામ—તનદુરસ્તી—વિજય—નિડર સ્થિતિ—આબાદી તે તો એના ભીતરમાં ભરપૂર હોય છે.

(૩) આ સઘળી ભૂમિ કાશી જેવી પવિત્ર જ છે; સઘળા પાણી ગંગાજળ બરાબર જ છે. અને જ્ઞાન પામેલો આત્મા એજ પોતે રામ છે, —જો માત્ર 'ઘટ' નિર્મળ હોય તો એટલેકે નિર્મળ 'ઘડામાં ગળેલું' પાણી સાબરમતીનુ હોય કે ગંગાનુ હોય એક સરખુંજ નિર્મળ—પવિત્ર ગણાય, જે ગામમા અધ્યાત્મનો પ્રચાર હોય તે ગામ કાશી જ છે, જો માણસનુ મન નિષ્કામ હોય અને જેનામાં જ્ઞાન હોય તે પોતે ઈશ્વર જ છે.

(૪) 'હું પણુ' એવો જે ખ્યાલ આજે આપણામાં છે તેહેને જો વિશ્વ દૃષ્ટિમાં ડુબાવી દઈએ અર્થાત્ હુંપણુ ભૂલી જઈએ તો હરિ તરતજ મળી જાય અને હરિ મળતા સર્વ ભ્રમણા—ભગંજાળ અદૃશ્ય થઈ જાય (એક દીવાથી જેમ સઘળુ અંધારૂ અદૃશ્ય થાય છે તેમ) આવી અકથ્ય ગમની છે ! કોઈને કહીએ તો માને પણ નહિ એવી આ વાત.

કબીર જબ એ જગ નહીં, તબ રહા એક ભગવાન;
જીનને દેખા નજરસે, સો રહા કૌન મકાન? ૫

હરિજન હરિ તો એક હે, જો 'આપા' મિટ જાય;
જા ઘરમેં 'આપા' બસે, સાહેબ કહા સમાય? ૬

તું તું કરતા તું ભયા, તું માહે મન સમાય;
તું માહી મન મિલ રહા, અબ મન ફિર ન જાય. ૭

તું તું કરતા તું ભયા, મુજમેં રહી ન 'હૂં';
વારી જાઉં નામ પર, જીત દેખું તિત 'તૂ'. ૮

---

(૫) કબીર કહેછે કે, જ્હારે જગત નથી હોતું એટલે કે જ્હારે આપણા મન રૂપી દુનીઆમાંથી જગત અદ્રશ્ય થાયછે ત્હારે ત્હા માત્ર ભગવાન બીરાજી રહેછે. મનમાં આખું વિશ્વ સમાતું ત્હેની જગાએ હવે એક પરમેશ્વર જ સમાયો એટલે પરમેશ્વર આખા વિશ્વ જેવડો થયો આવડા મોટા પરમેશ્વરને લઇને કોઇ એક મકાનમાં રહેવાનું કેમ પાલવે? એક મકાનમાં આવડો મ્હોટો પરમેશ્વર કેમ સમાય ? આ એક સુંદર કાવ્ય તરંગ છે—કલ્પના છે. મતલબ એ છે કે જેના મનમાં પરમતત્વનો પ્રકાશ થયો છે ત્હેને ઘરબારમાં મજાહ પડતી જ નથી, એને મન આખું વિશ્વ એ ઘર છે.

(૬) હરિ અને હરિજન, ગુરૂ અને શિષ્ય, આત્મા અને પરમાત્મા એકજ છે, એવો એકતાર થાય તો આનંદ આવે બાકી જે ઘરમા હરિજન એકલો વસે (જેના મનમા 'હુ' ના વિચારોજ—પછી તે ગમે તેવા સારા હોય તો પણ શું) આવે તે ઘરમાં સાહેબ—હરિ સમાય જ કેમ કરી?

(૭) 'તુહી તુહી' જપતા—પરમતત્વનું જ સ્મરણ અને ચિન્તવન કરતા કરતા એજ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, ત્હેમા જ મન સમાઇ જાય છે (નદી સમુદ્રમા જઇ ભળી જાય છે)

(૮) પરમતત્વનું સ્મરણ કરતાં હવે કબીરમાં 'હુ' પણું રહ્યુ નથી. જ્યહા નજર પડે છે ત્હાં ત્હાં કબીરજી પરમેશ્વરને જ ભાળે છે, તેથી પરમેશ્વરના નામ પર ઓવારણા લઇને કહે છે કે આ તે ત્હારો કેવો ચમત્કાર !

રામ કબીરા એક હૈ, કહન–સુનનકે દોય;
દો કર જો કોઇ જાનસી, ગુરૂ મિલા નહીં હોય ! ૯

નામ કબીરા હો રહા, કલજુગમેં પરકાશ;
સબ સંતનકે કારને, નામ ધરાયા દાસ. ૧૦

કબીર કુત્તા રામકા, મોતી નામ ધરાય,
ગલે બિચ દોરી પ્રેમકી, જીત ખેંચે તિત જાય. ૧૧

દાસ કહાવન કઠીન હૈ, મૈ દાસનકો દાસ,
અબ તો ઐસા હો રહૂં, કે પાઉં તલેકી ઘાસ! ૧૨

---

(૯) પોતાનો દાખલો માત્ર આપીને કહે છે કે, રામ અને કબીર એક જ છે, માત્ર કહેવા–સાભળવામા બે છે. જે કોઈ હુ—તું જૂદા સમજશે ત્હેને જ્ઞાની ગુરૂ મળ્યા જ નથી એમ સમજવું.

(૧૦) આ કલિયુગમા કબીરનું નામ ગવાઈ રહ્યુ છે (અથવા કબીર એવુ નામ ધારણ કરીને મ્હેં આ કલિયુગમાં જન્મ લીધો છે) તે માત્ર સંત જનોની ખાતર જ, બાકી હુ તો હરિનો દાસ છુ. જે કાઇ કીર્તિ મળી છે તે મ્હારી નથી, હુ તે હરિના ચરણમાં અર્પણ કરૂંછુ. હરિનું 'મિશન' બજાવવામા હરિના જે અનેક હાથો કામ કરી રહ્યા છે ત્હેમાંનો એક હાથ હુ છુ, હરિના જ્ઞાનતંતુ હુકમ કરે છે અને એમના હાથો તે મુજબ કામ કરે છે, એ પ્રમાણે કામ થતા જે નફો મળે તે ઉપર હાથનો શો હક્ક છે ભલા ?

(૧૧) આ કબીર તો રામનો કૂતરો છે—ગુલામ છે. કૂતરાના ગળામા જેમ શેઠ પટ્ટો—દોરી નાખે છે તેમ મ્હારા ગળામાં હરિપ્રેમ રૂપી પટ્ટો બાધ્યો છે, તેથી મ્હને તે મ્હારો માલીક જ્યહા ખેંચે ત્યહાં હુ જાઉં છુ. મ્હારે કરવાનુ કશુ નથી, મ્હારે માત્ર હરિની આજ્ઞાને અનુસરવાનુ છે.

(૧૨) દાસપણુ દોહ્યલુ છે, ત્હેમા પણ સઘળા જગતના 'દાસ' બનવુ એટલે જગતની સેવામા ગરકાવુ એ તો સૌથી કઠીન છે; અને ત્હેમા પણ (કબીર કહે છે કે) હુ તો દાસનો પણ દાસ છુ; છતા એટલી નમ્રતાથી સંતોષ નથી મળતો માટે એમ ઇચ્છા થાય છે કે, હવે તો જાણે હરિજનોના ચરણ તળેનુ ઘાસ જ બની જાઉ ! (Service—જનસેવાના ખ્યાલની હદ વાળી દીધી છે. 'હુ' ને ભૂલી જઇ જગહિતમાં જાતવાની એટલી તીવ્ર ઉત્કટતા બતાવી છે કે કોઇ પગતળે કચરે તો પણ ત્હેમા આનંદ માનવો અને પરમાર્થ કર્યા કરવો)

૮

જો દેખા સો તીનમેં, ચોથા મિલે ન કોય;
ચૌથેકો પરગટ કરે, 'હરિજન' કહિએ સોય. ૧

જહાં તક એક ન જાનીયા, બહુ જાને કયા હોય ?
એકે સબ કુછ હોત હે, સબસે એક ન હોય. ૨

એક સધે સબ કુછ સધા, સબ સાધે એક જાય;
જો તૂં સિંચે મૂલકો, ફૂલે ફલે અઘાય. ૩

સબ આયે ઇસ એકમેં, ડાર, પાત, ફલ, ફૂલ,
કબીર! પીછે કયા રહા, ગ્રહી પકરા નિજ મૂલ ? ૪

મેરા મુજમેં કછુ નહીં, જો કછુ હે સો તેરા;
તેરા તુજકો સોંપતે, કયા લગેગા મેરા ? ૫

---

(૧) જે કાંઇ મનુષ્યો મ્હેં આજ સુધીમા જોયા છે તે બધા 'ત્રણ'-માંના છે, ચોથા વર્ગનો કોઇ મળ્યોજ નહિ. કોઇ તમસમા, કોઇ રજસમા અને કોઇ વારલા સત્વ ગુણમા છે; પણ એ ત્રણેથી જૂદી એવી તુરિયા અવસ્થાવાળા તો મ્હારી નજરે પડયા જ નહિ. કાળો, લાલ કે ગુલાબી સર્વ કોઇ રગ જ છે; રંગ વગરની દશામા કોઇ જોયા નહિ ચોથી દશા પ્રકટ કરી શકે તે માણમને હરિજન અથવા અધ્યાત્મી—જ્ઞાની કહીએ હરિજન એટલે હરિના નામની તાળીઓ વગાડનાર કે હરિની માળા ફેરવનારા કે કથા બેસાડનારા નહિ!

(૨) એકને—આત્માને—પરબ્રહ્મને જાણે નહિ ત્યહા સુધી દુનીઆની સઘળી વિદ્યાઓ જાણે તો પણ શુ થયુ ? એકના જ્ઞાનમા સઘળુ જ્ઞાન સમાઇ જાય છે; માટે એક વડે બધુ થઈ શકે, બીજી બધી ચીજોનો સરવાળો કરીએ તો પણ તે એક ચીજ ન થાય!

(૩–૪) તે એકને સાધન કરનારને બીજુ બધુ (વગર પ્રયત્ને) પ્રાપ્ય થઇ જાય છે, અને એ એક વગરની બીજી બધી ચીજો સાધે તો એક તો ઉલટો દૂર જતો રહે! જો તું મૂળને પાણી પાઇશ તો આખું વૃક્ષ ફાલશે અને ફુલશે. ડાળ—પાદડા-ફળ—ફુલ વગેરે આપોઆપ આવી મળશે. કબીર કહે છે કે જે સખસ મૂળને જ પકડે છે ત્હેને બીજુ કાઇ રહેતુંજ નથી.

(૨) જીવની વાતો.

૧

બીન બીજકા વૃક્ષ હૈ, બીન ધરતી અંકુર;
બીન પાનીકા રંગ હૈ, તહાં જીવકા મૂલ. ૧

હમ વાસી વો દેશકે, જહાં ગાજ રહા બ્રહ્માન્ડ;
અનહદ બાજા બાજતા, અવિચલ જોત અખંડ. ૨

આયા એકહિ દેશસેં, ઉતરા એકહિ ઘાટ;
બિચમેં દુબધા હો ગઈ, હો ગયે બારેબાટ ! ૩

હમ વાસી વો દેશકે, જહાં જાત વરન કુલ નાહીં;
શબ્દ મિલાવા હો રહા, પર દેહ મિલાવા નાહીં. ૪

---

(૧) જીવનું 'મૂળ' ક્યહા છે ? જ્યહા બીજ વગરનું વૃક્ષ છે, જ્યહાં ધરતી વગર અંકુરા ફુટયા છે, જ્યહા પાણી વગરનો રંગ છે—ત્યહા—તે જગાએ જીવનું મૂળ છે જીવનું મૂળ સ્થાન—પરબ્રહ્મ એ રૂપ-રંગ—આકાર વગરનું છે.

(૨) હમે એટલે આ જીવ તો તે દેશના રહેવાશી છીએ કે જ્યહા 'શબ્દબ્રહ્મ' અથવા Logos અથવા The Word નો નાદ-અવાજ થયા કરે છે તેથી નિરંતર વાગતા વાજા જેવો ખ્યાલ આવે છે અને જ્યહા અખંડ પ્રકાશ છે.

(૩) તે પરબ્રહ્મમાંથી જ સઘળા જીવો આવ્યા છે. એકજ 'દેશ'થી આવેલા સઘળા જીવ રૂપી મુસાફરો એકજ 'ઘાટ' પર ઉતર્યા છે (એટલે આ સ્થૂલ દુનિયા રૂપી જગાએ ઉતર્યા છે) પણ અહીં ઉતર્યા પછી 'દુબધા' એટલે મુશ્કેલી-હરકતો આવી પડી (કર્મ રૂપી જાદુગરે અનેક મુશ્કેલીઓમાં નાખ્યા) તેથી બધા છુટા પડી ગયા.

(૪) હમે (જીવ) તો તે દેશના રહેવાસી છીએ કે જ્યહાં જાત-વર્ણ—કુળ વગેરે તફાવત કાંઈજ નથી. ત્યહા તો માત્ર 'શબ્દ' થીજ મન્મેળ

૨

ગેબી આયા ગેબસે, ઔર યહાં લગાઈ એબ;
ઉલટ સમાવે ગેબમેં, તો મિટ જાય સબ એબ. ૧

કબીર ! જાત જાતકા પાહોના, જાત જાતમે જાય,
સાહેબ જાત અજાત હે, સબમેં રહે સમાય ! ૨

એક બુંદ તે સબ કિયા, નર નારિકા નામ,
સો તું અંતર ખોજ લે, સકલ બ્યાપક રામ. ૩

થઇ શકે છે. એક દેહ બીજી દેહની મુલાકાત લે એવુ કાંઈ ત્હાં નથી. ('શબ્દ' એ શબ્દમાં પણ ઘણું ગુપ્તજ્ઞાન સમાયલુ છે બોલાયલો ઉચ્ચાર એજ કાંઇ શબ્દ નથી, પણ આ ઉંડા તત્વજ્ઞાનમા ખાસ અભ્યાસ વગર સમજ પડી શકે નહિ.)

(૧) 'ગેબી' એટલે ગુપ્ત તત્વ યાને આત્મા, ગેબી યાને ગુપ્ત સ્થળથી આવ્યો છે; પણ આહી એટલે ઇન્દ્રિયોથી સ્પર્શ થઇ શકે એવી ચીજોથી ભરેલી દુનીઆમાં આવીને તે વટેમાર્ગુએ તે તે ચીજોમાં મોહી પડીને એબ લગાડી છે. પણ હવે જો તે જીવ ઉલટો—પાછો ફરે અને ગેબમા રમાય તો સઘળી એબ—દુર્ગુણ મટી જાય.

(૨) જેમ એક ટ્રેનથી ઉતરેલા સેકડો વટેમાર્ગુઓ પોતપોતાની જાતના—પોતપોતાના સગાને ત્હાં જઈ મેમાન બને છે, પણ જે સાધુ હોય છે ત્હેને કાંઇ નાત—જાત કે સગુ સબધી નહિ હોવાથી તે તો આખા ગામનો મેમાન બને છે, તેમ જૂદા જૂદા આત્માઓ પોતાના વિકાસક્રમ (evolution) માટે અવતાર લેવા આવે છે ત્હારે પૂર્વ કર્માનુસાર જૂદી જૂદી જાત, વર્ણ ને કૂળમા આવેછે, પણ સાહેબ એટલે પરમાત્મા તો અ—જાત (જાત વગરના અગર જેને જન્મ નથી એવા) હોવાથી તે કોઇના ન થતા સર્વમા સમાઈ રહે છે.

(૩) એક બુદ—એક મૂળમાથી આ બધુ થયુ છે અને પછી નર નારી વગેરે નામો પડયાં છે ને બધામા સર્વવ્યાપક એવા 'રામ' ને તું 'અતર' માં શોધી કહાડ.

૩

એક બુંદને સબ કિયા, યે દેહકા બિસ્તાર;
સો તું કયું બિસર ગયા, અંધે મુંઢ ગમાર? ૧

સબ ઘટ ભીતર રામ હૈ, ઐસા આપસેં જાન;
આપ આપસે બંધીયા, આપે ભયા અજાન. ૨

પાંચ ધાતકા પિંજરા, સો તો અપના નાંહિ;
અપના પિંજર વહાં બસે, અગમ અગોચર માંહિ. ૩

સગા હમારા રામજી, સહોદર હૈ પુની રામ;
ઔર સગા સબ સગમગા, કોઇ ન આવે કામ. ૪

ચલ ગયે સો ના મિલે, કિસકો પૂછું બાત?
માત પિતા સુત બાંધવા, ઝૂટા સબ સંગાત ૫

---

(૧) એક બુંદમાંથી દેહનો બધો વિસ્તાર થયો છે; એ વાત, હે મૂર્ખ! તુ કેમ વિસરી ગયો છે?

(૨) સર્વ આકારોમા અને સર્વ ભીતરમાં રામ છે, એ વાત તુ ત્હારી મેળે જ જાણી લે. તુ પોતે પોતાને બાંધવાનુ કામ કરે છે—તુ પોતાનું કેદખાનુ પોતે જ રચે છે, કારણ કે તું અજ્ઞાનમા જઇ ફસ્યો છે.

(૩) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ (સ્થગ) એ પાચ તત્વ—પાચ મૂળ પદાર્થોનુ આ સ્થૂલ શરીર બનેલુ છે; પણ તે કાઇ આપણું (આત્માનુ) ખરૂ કે કાદોકદમીનુ 'ઘર' નથી. આપણું 'ઘર' તો ત્હાં—તે જગાએ છે કે જે જગા કલ્પનામાં આવી શકતી નથી અને જ્યાંહાં ઇન્દ્રિયોથી જઇ શકાતુ નથી

(૪) હમારા (આ આત્માના) સગા તો રામ જ છે; પુની એટલે વળી, અમારો સહોદર (સગોભાઇ) પણ રામ જ છે. તે સિવાયના બીજાઓ (સગા હોવનો દાવો કરનારાઓ) **નામના જ છે; કશા કામના નથી**

(૫) જેટલાં (સગા) ગયાં. તે હવે ફરીથી તો મળતા નથી (ખરા સગા હોય તે કોઇ દગો દે નહિ; ત્હેની પ્રિતિ કાયમની હોય.) માટે આ વાત હુ કોને પૂછુ? મ્હને તો લાગે છે કે, મા—બાપ—પુત્ર—ભાઇ સર્વ સંગાત જૂઠા છે

૪

કયા કિયા હમ આયકે, કયા કરેંગે જાય ?
ઇતકે ભયે ન ઉતકે ભયે, ચલ ગયે મૂલ ગમાય. ૧

કબીર ! યહ તન જાત હે, શકે તો ઠોર લગાય;
કે સેવા કર સંતકી, કે ગોવિંદ ગુન ગાય. ૨

કહાં જાય કહાં ઉપને, કયૂં કરાતા લાડ ?
ન જાનૂં કિસ રૂખ તલે, જાય પડેગે હાડ. ૩

આજ કાલ દીન પંચમેં, જંગલ હોગી બાસ,
ઉપર લોક ફિર જાયગે, ઢોર ચરેંગે ઘાસ. ૪

રામ નામ જાન્યો નહિં, કિયા ન હરિસેં હેત;
તાસે જનુની ભારે મુઈ, પથ્થર પડિયો પેટ. ૫

---

(૧) 'અમે' ('જીવ' ને માટે બહુ વચન શબ્દ વપરાય છે) અહીં આવીને શું ધાડ મારી ! અને હવે અહીંથી જઇશું ત્હાં (જન્માંતરમાં) પણ શું ધાડ મારવાના હતા ? ના અહીંના રહ્યા, ના ત્હાંના લાયક થયા, અમે તો મૂલ મૂડી ગમાવીને જઇએ છીએ (આત્મતત્વ ભૂલીને અને પૂર્વના શુભ કર્મ શીલીકે હશે તે ખાઇ જઇને ઉલટું દેવાની રકમો સાથે જન્માન્તરની સફર કરીએ છીએ)

(૨) અરે ઓ કબીર ! જો, જો, ત્હારૂં—દેખાતું શરીર—જેમાં તું બહુ આનંદ માનતો હતો તે તો આ ચાલ્યું—ગયું સમજ; ત્હારાથી બની શકે તો એને સ્થીર રાખ. અને ન બને તો પછી અત્યારથી જ ચેતીને સતસેવા કે ગોવિંદગુણગાન બેમાથી એક કામ કરી લે.

(૩) આ શરીર અહીંથી ચાલીને ક્ય્હાં જશે અને ક્ય્હાં ઉપજશે, ત્યારે એના હાડકાં કયા ઝાડ તળે જઇ પડશે ત્હેની કોને ખબર છે ? ત્યારે પછી તું એવા શરીરને આટલાં બધા લાડ શા માટે લડાવે છે ? શું વગડાના ઝાડ તળે દટાવા માટે કે સ્મશાનમાં બળવા માટે ?

(૫) જે કામ માટે આ દેહ ધર્યો હતો તે કામ એટલે કે હરિથી હેત કરવાનું કામ—પરમાત્માથી એકતાર જોડવાનું કામ તો ત્હારાથી બન્યું નહિ તો પછી એમજ લોકો કહેશે કે ત્હેં જનુનીને ફોગટ ભારે એ પથ્થર પેટ પડયો હોત તો પણ ઠીક હતું.

૫

રામ બિસાર્યો બાવરા, અચરજ કિનો યેહ;
ધન જોબન ચલ જાયગા, અંત હોયગી ખેહ. ૧

મનુષ્ય જન્મ તોકોં દિયો, ભજવેકો ગોવંદ;
તું અપને કરસે આપકો, કહાં બંધાયે ફંદ ? ૨

મનુષ્ય જન્મ દુરલભ અતિ, મિલે ન બારમબાર;
તરવરસે ફલ ગિર પડા, ફિર ન લાગે ડાર. ૩

કાહે સોવે નિંદભર, જાગી જપ મોરાર;
એક દિન ઐસા સોવના, લંબે પાઉ પસાર ! ૪

કબીર ! કેવલ નામકે, જબ લગ દિવે બાત;
તેલ ઘટા બાતી બુઝી, તબ સોવે દિન રાત ! ૫

---

(૧) હે બાવરા મનુષ્ય ! મ્હને આશ્ચર્ય તો આ વાતનું થાય છે કે ત્હેં રામને વિસાર્યો, પણ તે સિવાયનું તો બધું એ -ધન—જોબન વગેરે--ચાલ્યુ જનાર છે, અને અંતે ખાખ થઇ જનાર છે.

(૨) મનુષ્યનો જન્મ ત્હને મળ્યો છે તે ગોવિંદ—પરમાત્માને ભજવા—ધ્યાન ધરવા માટે જ મળ્યો છે. તે છતાં તું પોતાના હાથેજ પોતાને જાળમાં ફસાવે છે એ શું ?

(૩) મનુષ્ય તરીકેનો અવતાર દુર્લભ છે, વારંવાર મળે તેમ નથી. જેમ તરુ એટલે ઝાડથી ફળ નીચે પડયું તે કાંઇ ફરી ડાળીએ ચ્હોંટતું નથી, (તેમ મનુષ્યજન્મ ફરી કદીએ મળશે નહિ એવો અર્થ નથી; પણ ઘણી મુશ્કેલીએ અને લાંબે કાળે મળે તેમ છે, એવી મુશ્કેલીનો ખ્યાલ આપવા માટે આનું દૃષ્ટાંત આપ્યું છે)

(૪) તું ગાઢી નિદ્રામાં કેમ સૂતો છે ? જાગ અને મોરારને યાદ કર. એક દિવસ એવો જરૂર આવશે કે જ્યારે ત્હને પગ લાંબા કરીને નીરાંતે સુવાનું આવશે (સ્મશાનમાં !)

(૫) આ કબીર એ તો કેવળ નામ માત્ર છે; અને તે 'દીવા' એવા નામની ઓળખાણના પદાર્થ જેવા છે દીવો અમુક કલાક સુધી

૬

મન તું કેસા બાવરા, તેરી શુદ્ધ કયું ખોય?
મોત આયે સિરપેં ખડા, ફસતે બેર ન હોય. ૧

મન અપના સમજાઇ લે, આયા ગાફેલ હોય;
બિન સમજે ઉઠ જાયગા, ફોકટ ફેરા તોય. ૨

મનખા જનમ પાયકે, ભજીયો ન રઘુપતિ રાય,
તેલી કેરા બેલ જયું, ફિર ફિર ફેરા ખાય. ૩

જગ સારા દરિદ્ર ભયા, ધનવંત ભયા ન કોય;
ધનવંત સોહિ જાનીયે, રામ પદારથ હોય. ૪

રામ નામકી લૂટ હય, લૂટ શકે તો લૂટ;
પિછેસે પસ્તાયગો, જબ તન જાયગો છૂટ ૫

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ્બ:
અવસર બિતો જાત હે, ફિર કરોગે કબ્બ? ૬

દીવા દઇ, તેલ કે બત્તી એમાંથી એક પણ પુરૂં થાય કે તુરત, અદૃશ્ય થાય છે; તેમ આ કબીર પણ પૂર્વમચીત ભોગવાઈ રહ્યા એટલે અદૃશ્ય થવાનો. શ્વાસોશ્વાસ રૂપી તેલ પુરૂં થયુ કે કબીરને રાત ને દિવસ ગવાનું જ છે! (દુનીયાની દૃષ્ટિએ સુવાનુ છે, પણ સ્થૂલ સૃષ્ટિની પછીની દુનિયામાં તો જાગવાનું બાકી છે.)

(૧) હે મન! તું બાવરૂ કેમ રહે છે? શુદ્ધબુદ્ધ શા માટે ગુમાવે છે? જો તો ખરૂં કે મોત તો આવીને શિર પર ખડુ રહ્યુ છે, અને ત્હને એના પંઝામાં ફસતાં વાર લાગશે નહિ.

(૩) મનુષ્યજન્મ પામવા છતા રઘુપતિ–રામ–પરમાત્માને ભજતો નથી તો તું ખરેખર ઘાંચીનો બળદ જ છે, ભલે હવે તુ ગોળમટોળ ફર્યા જ કર.

(૩) ક્ષણનો પ્રમાદ ન કરશો.

કાલ કહે મેં કાલ કરૂં, આગે વિસમી કાલ;
દો કાલકે બિચ કાલ હૈ, શકે તો આજ સંભાલ. ૧

આજ કહે હરિ કાલ ભજું, કાલ કહે ફિર કાલ;
આજ કલ કરતે રહે, અવસર જાતા ચાલ. ૨

કબીર ! અપને પેહેરે જાગીએ, ના પર રહીએ સોય;
ના જાનું છિન એકમેં, કિસકા પેહેરા હોય ? ૩

દિન ગમાયા જગતમેં, જગત ચલા નહીં સાથ,
પાંવ કુહાડા મારિયા, ગાફેલ અપને હાથ. ૪

કબીર ગુજરી બિખકી, સૌદા લિયા બિકાય;
ખોટી બાંધી ગાંઠરી, અબ કછુ લિયા ન જાય. ૫

---

(૩) હે કબીર ! ત્હારો પેહેરો છે એટલો વખત તો તું જાગ ! ઉંઘ રહેતો ના. એક ક્ષણમાં ત્હારો પેહેરો જતો રહેશે અને બીજાનો પેહેરો નીમાશે (પેહેરેદારને પટો વગેરે આપીને અમુક કામ પર બેસાડ-વામાં આવે છે, તેમ આ જીવને શીવ તરફથી મનુષ્ય દેહી રૂપી પટો પહે-રાવીને પરોપકારના કામ માટે નીમ્યો છે. એ વખત દરમ્યાન તેણે ક્ષણ માત્રનો પ્રમાદ કરવો જોઇતો નથી. જો તે પ્રમાદ કરે—અને ચોર લોકો એટલે કે અધર્મી પુરૂષો તે વિભાગમાં ચોરી કરે અર્થાત્ દુઃખ દે તો એને માટે જુમ્મો પહેરેદારને શિર છે. પરમાર્થનાં અનેક કામ દરેક હરિજનને સોંપાયલાં જ પડયાં છે; ત્હેને પ્રમાદ પાલવવો જ જોઇએ નહિ.)

(૫) સાકર, ગોળ અને ખાંડનાં બનાવેલાં જૂદાં જૂદાં પકવાનો જ્હાં મળતાં હોય એવી 'ગુજરી'—બજારમાં ન જતાં ત્હે તો વિષથી બનેલી અનેક વાનીઓ—પકવાનો જ્હાં વેચાતાં હોય ત્હાં જઇ સોદો કર્યો અર્થાત્ ખરીદી કરી અને વિષની મીઠાઇનો ગાંઠડો બાંધીને તું ચાલ્યો! હવે બીજું કંઇ લેવાય એમ રહ્યું જ નહિ. (પૈસા તો બધા આ માલ લેવામાં વપરાઇ ગયા; હવે પૈસા—શક્તિ— આયુષ્ય ગાંઠડીમાં હોય ત્યારે તું બીજો સારો માલ લઇ શકે ને ?)

(૪) માયાની વાતો.

૧

માયા માથે શિંગડા, લંબા નવ નવ હાથ;
આગે મારે શિંગડા, પિછે મારે લાત. ૧

માયા તરૂવર ત્રિવિધકા, શોક દુઃખ સંતાપ,
શિતલતા સ્વપ્ને નહિં, ફલ ફીક્કા તન તાપ. ૨

કબીર ! માયા મોહિની, માંગી મિલે ન હાથ;
મન ઉતાર જુઠી કરે, તબ લગ ડોલે સાથ. ૩

કબીર ! માયા સાપની, જને તાહિકો ખાય;
ઐસા મિલા ન ગારૂડી, પકડ પિછાડે બાંય. ૪

માયાકા સુખ ચાર દિન, ગ્રહે કહાં ગમાર ?
સુપને પાયો રાજ ધન, જાત ન લાગે વાર. ૫

કરક પડા મેદાનમેં, કુકર મિલે લખ કોટ;
દાવા કર કર લડ મુંવે, અંત ચલે સબ છોડ ૬

---

(૨) માયા એ ત્રણ ડાળીનું ઝાડ છે, જેનાં નામ શોક, દુઃખ અને સંતાપ એવા છે. એ ઝાડ તળે રહેનારને શાન્તિ તો સ્વપ્ને પણ મળતી નથી; તેમજ તે વૃક્ષના ફળ પણ ફીક્કાં—માલ વગરનાં છે, તથા શરીરે તાપ પણ પડયા કરે છે (વિશ્રામ મળતો નથી).

(૪) માયા નાગણ છે, અને તે પોતાના બચ્ચાને જ ખાય છે અને એવો કોઇ ગારૂડી-જાદુગર મળવો જોઇએ છે કે જે તેણીને હાથ પકડીને ભોંય પટકે

(૬) જગત રૂપી મેદાનમાં ભોજ્ય પદાર્થો રૂપી હાડકાં પડયા છે, જેને મેળવવા માટે લાખો કરોડો કૂતરા રૂપી ઇન્દ્રિયલોલુપી મનુષ્યો એકઠા થયા છે અને તે હાડકાની માલેકી માટે દાવો-હક્ક કરી લડી મરે છે પણ અફસોસની વાત છે કે તે હાડકું તો હાડકાના ઠેકાણે રહે છે અને લડનારા અધવચ નાશે છે.

૨

હસ્તી ચઢ કર જો ફીરે, ઉપર ચમર ચઢાય;
લોક કહે સુખ ભોગવે, રહે વો દોઝખ માંય ! ૧

રામકી થોરા જાનકે, દુનિયા આગે દિન;
વહ રંકકો રાજા કહે, માયા કે આધિન. ૨

માયા ઐસી સંખની, સામી મારે શોધ;
આપન તો રીતે રહે, દે ઔરનકો બોધ. ૩

સંસારીસે પ્રીતડી, સરે ન એકો કામ;
દુબધામેં દોનો ગયે, માયા મિલી ન રામ. ૪

માયાકો માયા મિલે, લંબી કરકે પાખ;
નિર્ગુનકો ચિને નહિં, ફુટી ચારો આંખ. ૫

ગુરૂકો ચેલા બિખ દે, જો ગાંઠી હોય દામ;
પુત પિતાકો મારસી, યહ માયાકા કામ ! ૬

જિસ માયા સતાં તજી, મુંઢ તાહિ લલચાય;
નર ખાય કર ડારતો, સ્વાન સ્વાદ લે ખાય. ૭

---

(૧) હાથી–ચમ્મર વગેરે સાહ્યબી ભોગવનારને લોકો સુખી કહે છે, પણ તે મખસ અંદરખાને દોઝખ–નરકમા મડતો હશે તેહેની કોને ખબર છે?

(૨) હાથી—ચમ્મરવાળા લોકો ખરેખર તો 'રાંક' છે–નિર્ધન છે; છતા તેહેમને 'રાજા' કહેનારા કહેછે તેઓ માયાને આધીન હોવાથી તેમ કહે છે વળી તેમ કહેનારાઓમા રામ સંબધી જાણપણું થોડું જ હોય છે, અને દુનિયા આગળ નમી જનારા એટલે કે દુનિયાની રીતે ચાલનારા હોય છે તેથી જ એવુ ગેરવાજબી બોલે છે

(૩) માયા એવી શંખણી છે કે, એને ઓળખવાની શોધ કરનારને તો તે ઉલટી બમણી મારે છે મતલબ કે માયાને ઓળખવાનો દાવો કરનારા લોકો પોતે તો માયાના ગુલામ તરીકે વર્તે છે અને બીજાને મોટી મ્હોટી વાતોનો ઉપદેશ દે છે

(૫) માયા પોતાના ભક્તોને લાંબી પાંખો કરી એવી તો મળી જાય છે કે તેથી તે ભક્તની ચારે આંખો (મન, હૈયુ અને બે સ્થૂલ આંખો) ફુટી જાય છે. તેથી તે નિર્ગુણ તત્ત્વ જાણી શકતો નથી.

૩

માયા દીપક, નર પતંગ, ભ્રમે ભ્રમી પડંત;
કહે કબીર ગુરૂજ્ઞાનસે, એકાદા ઉબરંત. ૧

કબીર ! માયા પાપિની, લોભે લુભાયા લોગ;
પુરી કાહુ ન ભોગવે, વાંકો એહી વિયોગ. ૨

તૃષ્ના સિંચે ના ઘટે, દિન દિન બઢતે જાય;
જવાસાકા રૂખ જયું, ઘને મેઘ કમલાય. ૩

---

(૧) માયા રૂપી દીપક છે; નર રૂપી પતગીયાં ત્હેમા ભ્રમીત થઇ પડે છે. કોઇ ભાગ્યશાળીને ગુરૂ મલી જાય તો જ્ઞાનબળને લીધે તે માયાથી ઉગરવા પામે છે.

(૨) માયા એવી પાપિણી છે કે તેમા લુબ્ધ થયેલા લોકો ત્હેને પુરેપુરી કદી ભોગવી શકતા નથી, અને વિયોગનુ દુ:ખ તો છેવટે સહવુંજ પડે છે. (ઇન્દ્રિયજન્ય સુખોથી માણુસ કદી તૃપ્ત થતો નથી એટલે ઇચ્છા પુરેપુરી તૃપ્ત થઈ શકતી નથી અને અતૃપ્ત ઇચ્છા સાથે મરવું પડે છે, એટલે વિયોગ થાય છે, તેથી એ માયા રૂપી વેશ્યામા જીવ રહી જાય છે અને તેથી મરણુ પછી પણુ ગતિ થતી નથી)

(૩) તૃષ્ણા એવી ચીજ છે કે ત્હેને તૃપ્ત કરવાના પ્રયાસથી તે ઘટતી નથી, પણુ જેમ જેમ ભોજન મળે તેમ તેમ ત્હેની ભૂખ વધતી જાય છે. (તે તળીઆ વગરનો કૂવો છે—તળીઆ વગરની કોઠી છે.) ઘણો વરસાદ છતાં જવાસાનું ઝાડ તો સુકાઇ જ જાય છે; પોતા કરતાં બીજાને વધારે સુખ છે એમ જોઇ તે બળ્યા કરે છે, તેમ માણુસને જેમ જેમ વધારે સ્ત્રીઓ, વધારે ધન કે વધારે સત્તા મળે તેમ તેમ પોતા કરતા જરા પણ વધારે પ્રમાણુમા તે ચીજો ભોગવનાર માણુસને જોઇ પોતે બળે છે, અને જાણે કે પોતાને તે ચીજો મળી જ નથી એમ ઝુરે છે. એમ કરતાં કરતાં ભોગ ભોગવવાથી શક્તિ ઘટે તે પહેલાં તો ઝુરણુ અને ઇર્ષા અને લાલસાથી જ શક્તિ ઘટી જાય છે, તેથી મળેલી ચીજને ભોગવવાની પણુ તાકાદ રહેતી નથી. ભર્તુહરી ઠીક કહે છે કે " भोगा न भुक्ता वयमेव भुक्ता."

કામી અમૃત ન ભાવહિ, બિખ્યા લિની શોધ;
જનમ ગમાયા ખાધમેં, ભાવે ત્યું પરમોધ. ૪

એક કનક અરૂ કામની, બિખ્યા ફલકુ પાય;
દેખત હીસે બિખ ચઢે, ખાનેસે મર જાય. ૫

સાધે ઇંદ્રિય પ્રબલકુ, જિસસે ઉઠે ઉપાધ;
મન રાજા બહેકાવતે, પાચોં બડે અસાધ. ૬

---

(૪) કામી પુરૂષને અમૃત ભાવતુ નથી, એને તો વિષ જ શોધી શોધીને ખાવુ ગમે છે. આવા ખાધ (નુકસાન)ના ધંધામા તે આખું આયુષ્ય ગુમાવે છે, અને ભાવતા ખોટા વિષયોમાં પ્રમોદ એટલે હર્ષ માને છે. (ઇન્દ્રિયજન્ય સુખોમા જ તેઓ આનંદ માને છે; સદાનો આનંદ—સ્થાયી અને ખરો આનંદ જે આત્મજ્ઞાનમા છે તે અમૃતનો પદાર્થ ત્હેમને ગમતો નથી.)

(૫) કનક અને કામિની એટલે ધન અને સ્ત્રીનાં લુબ્ધપણુ એ એનાં ફળ તો વિષ જ છે—અને એમને દેખતા જ વિષ ચઢે છે તો પછી ખાનારનુ મૃત્યુ થાય એમાં તો શક જ શો?

(૬) પ્રબળ એવી આ પાંચ ઇંદ્રિયો છે ત્હેમને સાધવાથી એટલે ત્હેમની સાધના—ભક્તિ કરવાથી અર્થાત્ ત્હેમને તૃપ્ત કરવાથી ઉપાધિ ઉત્પન્ન થાય છે ઇન્દ્રિઓના સ્વામી મન રાજાને ફટાડવાથી—મ્હોઢે ચ્હડાવવાથી એ પાંચે ઇંદ્રિયો અસાધ્ય બની જાય છે અર્થાત્ દવાથી પણ ન શાન્ત થાય એવી એટલે વશ્ય ન થાય એવી બની જાય છે. માટે ઇન્દ્રિઓને સાધવામા સુખ છે જ નહિ એમ સમજી એમના સ્વામી મન રાજાને તમારા કાબુમાં રાખો—ફટાડશો નહિ

૪

માયા માયા સબ કો કહે, પિણ ઉલખે નવ કોય;
જો મનસે ના ઉતરે. માયા કહિયે સોય. ૧

માયા છોડન સબ કો કહે, માયા છોડી ન જાય;
છોડનકી જો બાત કરે, તો બહોત તમાચા ખાય! ૨

મન મતે માયા તજી, યું કર નિકસા બહાર;
લાગી રહી જાની નહિં, ભટકી ભયો ખુવાર. ૩

માયા તજી તો ક્યા ભયા, માન તજા નહિં જાય,
માને બડે મુનિવર ગલે, માન સબનકો ખાય. ૪

---

(૧) દરેક માણુસ માયા—માયા એમ બોલે તો છે; પણ માયાને કોઇ ઓળખતું નથી. અમુક કામ કરવું છોડી દેવા છતાં પણ એ કામ ઉપરથી મનમાનો રાગ ન ઉતરે ત્યારે માનજો કે એજ માયા છે!

(૨) દરેક માણુસ કહે છે કે હું માયાને છોડીશ; પણ માયા છોડી છુટતી નથી. જેઓ છોડવાની હજી તો વાત જ કરે છે તેઓને વાત કરતામાં જ તમાચા પડવા માડે છે! અર્થાત્ તેઓ ઉપર એવા બનાવો બન્યા કરે છે કે તેથી તેઓ માયાના પાસમાં વધારે મજબુતાઇથી બધાતા જાય છે (કસોટીના પ્રસંગો ઘણા આવે છે.)

(૩) મનના મતથી માયા તજીને એટલે કે (માયા તજી ચુક્યા છીએ એમ મનમાં માનીને) જેઓ બહાર એટલે મસાર બહાર નીકળી પડે છે—દિક્ષા લે છે તેઓને ખબર નથી કે માયા તો અંદર જ લાગી રહી છે, અને ત્હમે તો નાહક ભટકી ભટકીને ખુવાર થાઓછો!

(૪) ઘડીભર માની લ્યો કે અમુક માણુસે પાચ ઇંદ્રિયોના સુખો રૂપી માયા છોડી દીધી પણ ખરી, તો પણ તેથી શુ થયું? એથીએ જબરો શત્રુ જે 'માન'—અહકાર તે છતાય એવો નથી મ્હોટા મ્હોટા મુનિઓને પણ માન નામનો રાક્ષસ ગળી ગયો છે. સર્વનો ભક્ષ કરનાર એ માન રાક્ષસ બહુ જબરો છે

માન દિયો મન હરખિયો, અપમાને તન છીન;
કહે કબીર તબ જાનીએ, માયામેં લૌલીન. ૫

માન તજા તો કયા ભયા. મનકા મતા ન જાય;
સંત બચન માને નહિં, તાકો હરિ ન સોહાય. ૬

માયા છાયા એક હૈ, જાને બિરલા કોય;
ભાગે તાકે પિછે પરે, સનમુખ આગે હોય. ૭

---

(૫) (એક માણસે પાંચ ઇંદ્રિયોના સુખ રૂપી માયા ત્યજી હોય તો પણ) જો માન મળવાથી ત્હેનું મન હરખાતું હોય અને અપમાન મળવાથી શરીર ક્ષીણ થતું હોય તો, કબીરજી કહે છે કે, ભાઇઓ એને 'માયા' થી બચેલો ન જાણશો, પણ માયામાં લવલીન–પુરેપુરો બંધાયલો સમજજો. (માયા અનેક સ્વરૂપ ધારણ કરીને જાળ નાખે છે એકાંતર ઉપવાસ કર્યા કે જપતપ કર્યા કે મેલાં કપડાં પહેરવાનો પરિસહ સહ્યો તેથી કાંઇ 'માયા'ના ફંદમાંથી બચ્યા એમ નથી માનવાનુ,—એવાને પણ માન ઘણું જ હોય છે—બીજા કરતા વધારે હોય છે એમ પ્રત્યક્ષ જેવામા આવે છે માટે તેઓ બીચારા ગમે તેવા મહાત્માપણાના ડોળ કરવા છતા ખરેખર, માયા નામની વેશ્યાએ ચુસી લઇને પોતાના ગુલામ તરીકે ભોંયરામા પુરેલા દયાજનક પ્રાણીઓ છે. ભલેને અંધશ્રદ્ધાળુ લોકો ત્હેમને મહાપુરૂષ કહે; પણ કાંઇ પરમાત્માથી ત્હેમનું સૂક્ષ્મ શરીર છુપું નથી.)

(૬) માની લ્યો કે કોઇએ માન પણ તજ્યું છે; પણ કબીરજી કહે છે કે તેથીએ શું થયું ? એણે બાહારથી માન તજ્યું છે પણ મનમા રહેલી મહત્તા (મોટાઇ) તો તજી નથી. જ્હાં સુધી **મનમાંથી** ગર્વ છોડે નહિ અને ખરી **દીનતા**—નમ્રતા આવે નહિ ત્યહાં સુધી સંત પુરૂષોનાં વચનને માની શકે જ નહિ અને હરિ તો મળી શકે જ ક્યહાંથી !

(૭) માયા અને છાયા (પડછાયો) એની પ્રકૃતિ એક સરખી છે; પણ તે વીરલા પુરૂષોજ જાણે છે. માણસ દોડે છે તો પડછાયો પાછળ પાછળ આવ્યા કરે છે અને ઉભો રહે છે તો પડછાયો આગળ આવે છે.

૫

માયા સમી ન મોહિની, મન સમા નહિં ચોર;
હરિજન સમા ન પારખુ, કોઇ ન દીસે ઓર. ૧

છોડે બિન છૂટે નહિં, છોડનહારા રામ;
જીવ જતન બહોતહિ કરે, સરે ન એકો કામ ૨

કબીર ! માયા મોહિની, જૈસી મિઠી ખાંડ;
સદ્‌ગુરૂકી કીરપા ભઇ, નહિંતર ટરતી ન ભાંડ ! ૩

જે માણસ માયાથી ડરીને દોડવા માંડે છે (એટલે સંસાર છોડવા માગે છે) ત્હેમની પાછળ માયા એવડા જોરથી લાગે છે. પણ જેઓ બહાદૂર પુરૂષની પેઠે માયાના સ્હામા થાય છે ત્હેની આગળ (સનમુખ) માયા હાથ જોડીને ઉભી રહે છે. (ભૂખથી બ્હીનારને ભૂત જલદી વળગી પડે છે; પણ બહાદૂર પુરૂષો ભૂતની ચોટલી કાપી લઇ ત્હેને પોતાના ગુલામ બનાવે છે, એવી ઉડની કપોળકલ્પીત કથા આ સિદ્ધાંતને બરાબર સમજાવી શકશે.)

(૧) માયા સમાન કોઇ મોહિની (પટાવનારી ગણિકા) નથી, મન સમાન કોઇ ચોર નથી, અને હરિજન એટલે હરિના જ થઇ રહેલા એવા માણસો સમાન ઉપલા બે શત્રુને પારખનાર કોઈ નથી.

(૨) માયાને છોડવાનો પ્રયાસ કર્યા વગર કાંઇ તે પોતાની મેળે છૂટવાની નથી; અને છોડાવનાર–છોડવાના પ્રયાસમાં મદદ કરનાર પરમેશ્વર છે. જીવ જતન તો ઘણુંએ કરે પણ પરમેશ્વરની મદદ વગર કામ સરતું નથી. (પરમ તત્વમાં શ્રદ્ધા રાખે અને અહમ્‌પણાને વીસારી ત્હેને જ શરણે જાય તો માયા છોડવાનો પ્રયાસ સફળ થાય)

(૩) માયા રૂપી મોહિની ખરેખર મીઠી ખાંડ જેવી છે તેથી લોકો ત્હેમા ફસાઇ પડે છે. પણ મ્હારા પર સદ્‌ગુરૂની કૃપા થવાથી મ્હને કાંઇક જ્ઞાન મળ્યું તેથી હું બચી ગયો છું, નહિ તો તે 'ભાંડ' જેવી બલા ટળત નહિ–

ભલા ભયા જો ગુરૂ મિલા, નહીં તો હોતી હાન;
દિપક જોત પતંગ જ્યું, પડતા પુરી જાન. ૩

કબીર ! માયા ડાકની, ખાયા સબ સંસાર;
ખાઇ ન શકે કબીરકો, જાકે રામ આધાર ! ૪

કબીર ! જુગકી કયા કહું, ભવજલ ડૂબે દાસ;
પરબ્રહ્મ પતિકો છાંડકે, કરે દુનિકી આસ. ૫

કબીર, એ સંસારકો, સમજાવું કઇ બાર.
પૂંછ જ પકડે ભેંસકો, ઉતરા ચાહે પાર. ૬

નહિ દૂર થાત નહિ વેશ્યાની ઠગવિદ્યા પ્રસિદ્ધ છે; પણ ૧૦૦૦ વેશ્યાને પહોંચે એવો એક 'ભાડ' હોય છે, કે જે પુરૂષ અને સ્ત્રીના દરેક જાતના રૂપ લઇ શકે છે અને ઢોંગ, ચાળા, નકલ, ઠગાઇ વગેરે તમામ કામમાં પાવરધો હોય છે. એ ભાડ જેવીજ માયા છે, જે ઘડીમાં પુરૂષ રૂપ, ઘડીમાં સ્ત્રી રૂપ, ઘડીમા રાજકુમારનુ રૂપ, ઘડીમા ભિક્ષુકનું રૂપ લઇ લોકોને દયા, હાસ્ય, ક્રોધ, કામ વગેરે લાગણીઓમા રમાડે છે

(૫) કબીર કહે છે કે આ કલિયુગની શી વાત કરૂં ? સઘળા લોકો માયાના દાસ થઇ ભવ રૂપી જળમા (ભ્રમણમા) ડૂબી રહ્યા છે પરબ્રહ્મ રૂપી પતિનુ દાસત્વ છોડીને દુનિયાની આશા કરે એવા મૂર્ખ લોકો આ કલિયુગમા છે

આ સંસારના લોકોને કેટલીએ વાર સમજાવું છું પણ તેઓ એવા તો ડાહ્યા છે કે દરીઆની પાર જવા માટે ભેંસનું પૂછડું પકડે છે ! (ભેંસ ડુબાડ્યા વગર રહે જ નહિ, અને ગાય તાર્યા વગર રહે નહિ એ લોકપ્રસિદ્ધ કહાણી છે) અહીં ભેંસ એટલે પ્રમાદ અને પૂછડું એટલે શરણું, અથવા ભેંસ એટલે સાતો માને એવા—ખાઇ પી ખુંદે એવા નામધારી સાધુઓ [illegible] જેવા ગુરૂનુ શરણ. કબીર [illegible] કહે છે એવા આ મૂર્ખ દુનીઆને કેટલી વાર સમજાવું !

(૫) 'કાળ'ની વાતો.

૧

મુસા ડરતે કાલસું, કઠન કાલકા જોર;
સ્વર્ગ ભૂ પાતાલમેં, જહાં જાવે વહાં ઘોર ! ૧

ફાગન આવત દેખકે, મન ઝુરે બનરાય;
જીન ડાલી હમ ક્રિડા કિયા, સોહિ પ્યારે જાય. ૨

પાન ઝરંતા દેખકે, હસતિ કુંપલિયાં;
હમ ચલે તુમ ચાલીયો, ધીરી બાપલિયાં. ૩

પાન ઝરંતા યું કહે, સુન તરવર બનરાય,
અબકે બિછુરે કહાં મિલે ? દૂર પડેંગે જાય. ૪

---

(૧) મુસા પેગમ્બર પણ કાળથી ડરે છે; કારણકે કાળનું જોર એટલું ગયું છે કે સ્વર્ગલોક, પાતાળ તથા પૃથ્વી ત્રણે જગાએ 'ઘોર' એટલે કબરો તો ખરી જ છે. કાળદેવનુ રાજ્ય સર્વ સ્થળે છે. લાંબા આયુષ્યવાળા દેવને પણ મરવાનું તો છે જ

(૨) ફાગણ મહીનો આવતો જોઇને વનસ્પતિ—ઝાડ ઝુરે છે અને કહે છે કે મ્હારી પ્યારી પુત્રીઓ અર્થાત્ ડાળીઓ કે જેને આજ સુધી મ્હે લાડ લડાવ્યા હતાં તે હવે જતી રહેશે.

(૩) પાંદડાં ખરતાં જોઇને ઝીણી કુંપળો હસે છે, તે વખતે પાંદડાં કહે છે મ્હારી ન્હાની બ્હેનો ! આજે અમે જઇએ છીએ; કાલે તહમારો વખત પાકશે એટલે તહમારે પણ જવાનુ છે, માટે બાપડીઓ ! ધીરી ચાઓ, ધીરી.

(૪) પાંદડાં ખરતાં ખરતા બોલે છે હે વૃક્ષ ! હે વનના રાજા ! આજના છૂટા પડયા થકા હવે આપણે ક્યારે ફરી મળીશુ ? હવે તો અમે ત્હમારાથી દૂર પડયા છીએ

૨

ફિર તરવર ભી યું કહે, સુનો પાત એક બાત;
સાંઈયાં એસા સરજીયા, એક આવત એક જાત. ૧.

માલી આવત દેખકે, કલીયો કરે પુકાર;
ફૂલ ફૂલ તુમ ચુન લહો, કાલ હમારી બાર. ૨

ચક્કી ફિરતી દેખકે. દિયા કબીરા રોય;
દો પુડ બિચ આય કે, સાબેત ગયા ન કોય! ૩

આરે પારે જો રહા. ઝીના પીસે સોય;
ખુટ પકડકે જો રહે, તાકો પીસ શકે ન કોય. ૪.

---

(૧) પછી તરુવર એટલે વૃક્ષ જવાબ આપે છેઃ હે પાંદડાંઓ ! મ્હારી વાત સાંભળો, આ દુનીઆમા એક આવે છે અને એક જાય છે, એવીજ ઘટના ચાલે છે, માટે શોક કરવો નકામો છે.

(૨) માળીને આવતો જોઇને, નહિ ખીલેલી એવી ઝીણી કળીઓ પોકાર કરવા લાગી કે આજે તો આ માળી ખીલેલાં પુષ્પોને લઇ જાય છે અને અમારો વારો પણ કાલેજ આવશે.

(૩) ઘંટીને ફરતી જોઇને એક વાર કબીરજીને રડવું આવ્યુ અરેરે આ બે પડ વચ્ચે આવનાર સર્વ કોઇ પીસાઇ જાય છે, કોઇએ અણિશુદ્ધ જતો નથી ! (કાળ સર્વનો ભક્ષ કરી જાય છે.)

(૪) જે દાણા ઘંટીના નીચલા પડ પર અહીંતહીં પથરાયલા રહેછે તે તો પીસાઇને આટો થઇ જાશછે, પણ જે ખીલાની પાસે પડી રહેછે તેને કોઇ પીસી શકતુ નથી જે માણસ વિકસીત થયેલી માયાના પડ પર રહેછે તે પીસાઇ જાયછે પણ જે મધ્યબિંદુને પકડીને એમેક અર્થાત્ પરમ તત્વમાંજ લીન થઇ રહેછે તે ગમે તેટલા કાળ સુધી માયાના પડી પાસે તોપણ પીસાતા નથી એ તો ઉલટા ઘંટીનુ તાંડવ નીરાંતે જોયાકરા પામે છે !

(૩)

કાલ શિર પર આ ખડા, જાગ પિયારે મિત્ત;
રામ સ્નેહિ બહાવરા, તું કયું સોવે નચિંત? ૧

માટી કેરા પુતલા, મનુષ્ય ધરિયા નામ,
દિન દોચારકે કારને, ફિર ફિર રોકે ઠામ. ૨

ખડ ખડ બોલી ઠીંકરી, ઘડ ઘડ ગયે કુંભાર,
રાવન સરખે ચલ ગયે, જો લંકાકે સરદાર. ૩

ધમ્મન ધમતિ રહ ગઈ, બુઝ ગયે અંગાર,
એહરન ઠબકા રહ ગયા, જબ ઉઠ ચલા લોહાર ૪

---

(૧) કાલ નામનો શત્રુ મ્હાથે આવી ઉભો છે! હે પ્યારા મિત્ર! હવે તો તુ જાગ.! રામમાં સ્નેહ રાખવાવાળા પરન્તુ બાવરા બનેલા, હે મિત્ર! નચિંત સુવાનું ત્હને કેમ કરી પાલવશે?

(૨) આપણે સર્વ માટીના (પંચભૂતના) પુતળા છીએ અને પુતળાનુ 'મનુષ્ય' એવુ નામ માત્ર પાડેલુ છે. અહીં બે ચાર દિવસ, કાંઇ કામ કરવા માટે (સાધ્યની પીછાન કરવા માટે) આવ્યા હતા તે પાછા ચાલ્યા જઇશું અને ફરી ફરી જન્મ લઇને જગા રોકવાના છીએ

(૩) માટીની ઠીકરી (શરીર) ખડખડ હસીને કહે છે કે, ઘણાએ કુંભાર આવી ઠીકરીને ઘડી ઘડીને રસ્તે પડયા છે રાવણ સરખા કુંભારે પણ એવી એક માટીની હાંડલી ઘડી હતી, પરન્તુ તે લંકાનો શીરદાર પણ ચાલ્યો ગયો! શરીરને ઘડનાર—શરીરમા જોઇતા તત્વો એકઠા કરનાર 'કર્મ' છે અને તે કર્મનો કર્ત્તા આત્મા છે ને કુંભાર જેવો છે. તે ખરેખર કુંભાર એટલે અક્કલ વગરનો જ છે, કારણ કે ઘડીમા ભાગે એવા વાસણ ઘડે છે

जमणी तेमज डाबी बाजुएथी आ पांचतत्वोनो उदय थाय छे.

आ तत्वोनुं ज्ञान आठ प्रकारनुं छे. हे शिष्य ! ते तुं सांभळ, हुं तने ते कहीश

प्रथम तत्वनी संख्यानु ज्ञान, बीजुं स्वरनी साथे तत्वना संयोगनुं ज्ञान, त्रीजुं स्वरना चिह्ननु ज्ञान, चोथुं तत्वना स्थाननु ज्ञान, पांचमुं तत्वना रंगनु ज्ञान, छठु प्राणनु ज्ञान, सातमु तेओना रसनु ज्ञान, आठमुं तेओना आंदोलननुं ज्ञान

सूर्य स्वर, चन्द्र स्वर अने विषुवत स्वर संबंधी आ आठ प्रकारनी बाबतमां सांभळ हे शिष्य! स्वर करतां उचुं कांई तत्वज आ जगतमां नथी.

वखत जतां दृष्टिजोवानी शक्ति जागृत थाय त्यारे प्रयत्नथी जोवुं जोइए योगीओ काळने छेतरवाने अर्थे उद्यम करे छे*

मनुष्ये पोताना बे कान बे अंगुठा वडे, नसकोरां वचली आंगळीओ वडे, म्होंं छेल्ली अने ते अगाउनी (अनामिका) वडे अने आंखो अगुठानी जोडेनी (तर्जनी) वती बंध करवी

आ स्थितिमां घणे भागे तत्वो धीमे धीमे पीळा, धोळा, राता, वादळी अने बीजी कोइ पण जातनी उपाधि वगरना टपका टपका वाळां मालुम पडता जशे

चाटलामां जोइ तेना पर आपणो श्वास फेंकवो, अने आ प्रमाणे आकार उपरथी तत्वोने ओळखतां शिखवुं जोइए

चोरस आकारना, अर्ध चन्द्राकार, त्रिकोणाकार, गोळाकार अने टपका टपकावाळा अनुक्रमे पांच तत्वोना आकार छे

प्रथम पृथ्वी तत्व वचमां वहे छे, बीजु जळ तत्व नीचे वहे छे, त्रीजुं अग्नि तत्व उचु वहे छे, चोथुं वायु तत्व अमुक काटखुणे वहे छे, अने आकाश दरेक बेनी वच्चे वहे छे

---

* आ शब्दो बहु विचार करवा लायक छे कर्म प्रमाणे मनुष्यने सुख दुःख आवे छे अने वखत जतां कर्मनो उदय थाय छे त्यारे, अमुक प्रकारना सुखना के दुःखना संजोगो हयातीमां आवे छे पण योगी तो योगाभ्यासथी शरीरनां तत्वो पर काबु मेळवे छे, अने रोगनां जे बीज प्रकट थतां अने नाश पामतां घणो वखत लागे ते बीजने एक क्षणमां पकवीने काढी नाखे छे जैन परिभाषामा आ क्रियाने 'उदीर्णा' कहे छे.

पृथ्वी तत्व पीळु छे, जळ तत्व धोळु छे, अग्नि रातु छे, वायु आकाशना जेवु भूरुं छे, अने आकाशमां दरेक रंगना पडछाया पडे छे.

प्रथम वायु तत्व वहे छे. बीजुं तेजस्तत्व वहे छे, त्रीजुं पृथ्वी तत्व वहे छे, चोथु जळ तत्व वहे छे.

बे खभानी वचमां अग्नि तत्व आवेलुं छे, नाभिना मूळमां वायु तत्व रहेलु छे, घुंटणमां जळ तत्व वसे छे, पगमां पृथ्वी तत्व आवेलु छे. अने माथामा आकाश तत्व वसे छे

पृथ्वी तत्वनो स्वाद मीठो छे, जळ तत्वनो कट्ठ छे, तेजनो तीखो छे, वायुनो आम्ल छे, अने आकाशनो कडवो छे

वायु तत्व आठ आंगळ पहोळुं वहे छे, अग्नि चार आंगळ, पृथ्वी बार आगळ, जळ सोळ आंगळ पहोळु वहे छे.

वायुनी उर्ध्व गति मरण लावे छे, नीचि गति शांति तरफ दोरे छे, आडखुणानी गति बेचेनी उपजावे छे, मध्य गति सहनशीलता प्रेरे छे अने आकाश तो सर्वने समान छे

पृथ्वी तत्व वहेतुं होय त्यारे लांबा समय सुधी चाले तेवां कामो करवां, जळ तत्व वखते दररोजनां कामो करवां, तेजस्तत्व चालतुं होय त्यारे सख्त अथवा दीत कामो करवां. मारनारा लोको वायु वखतनो लाग साधे छे

पग आकाश तत्व चालतुं होय त्यारे तो योग वगेरेना अभ्यास सिवाय बीजु काइ पग कांई करवुं नहि; कारण के ते स्थितिमां बीजां कार्योनु फळ आवशे नहि

पृथ्वी अने जळ तत्वमां विजय मळे छे तेजस्तत्वमां मरण थाय छे, वायु तत्वमा घटाडो थाय छे अने तत्वना जाणकार लोको जणावे छे के आकाश तत्व तो तद्दन निरुपयोगी छे

पृथ्वी तत्वमा लाभ बहु मोटो मळे, जळ तत्वमां लाभ तरत ज आवे तेजस्तत्वमा अने वायु तत्वमा नुकशान थाय. अने आकाश तो निरर्थक गणवु

पृथ्वी तत्व पीळा रंगनुं होय छे, तेनी गति धीमी होय छे, ते मध्यमां वहे छे, अने छेक 'स्टेर्नम'ना छेडा सुधी पहोंचे छे, तेनो अवाज भारे होय छे, अने ते थोडुं गरम होय छे. ते लांबा काळ सुधी टकी शके तेवा काममां विजय आपे छे

जळ तत्व धोळा रंगनु होय छे, तेनी गति उतावळी होय छे, ते नीचे वहे छे, ते सोळ आंगळ नीचे छेक नाभि (डुंटी) सुधी वहे छे, तेनो अवाज भारे होय छे, अने ते ठंडुं होय छे ते मंगळकारी कार्योमां विजय आपे छे

तेजस्तत्व (अग्नितत्व) राता रंगनुं होय छे, ते ऊंचे वहे छे, ते चक्राकारे वहे छे, हडपचीथी नीचे चार आंगळ सुधी ते वहे छे, अने ते बहुज गरम होय छे ते सख्त कार्योते—जे कार्योमां जुस्सो प्रधान पद भोगवतो होय तेवां कामोने—जय आपे छे

वायु तत्व आकाश जेवा भूरा रंगनुं होय छे, ते काटखुणे वहे छे. ते गरम पण होय अने ठंडु पण होय. ते क्षणिक कार्योमां विजय आपे छे.

आकाश तत्व ए सघळा तत्वोनी सामान्य सपाटी रुप छे सघळां तत्वोनुं प्रतिबिंब तेमां पडे छे ते योगीने योग साधवामां मददगार थाय छे.

पृथ्वी तत्व पीळा रंगनुं, चोरस आकारनु, मीठा स्वादनु, मध्यमां वहेतुं, अने सुखने आपनारुं होय छे, अने ते बार आंगळ नीचे वहे छे

जळ तत्व धोळा रंगनुं, अर्ध चंद्राकारनुं, कडु स्वादनुं, नीचे वहेतुं अने लाभने आपनारुं होय छे, अने ते सोळ आंगळ वहे छे

वायु तत्व भूरा रंगनुं, गोळाकारनु, आम्ल (खाटा) स्वादनुं, काटखुणे वहेतुं, मुसाफरीने सुचवतुं होय छे ते आठ आंगळ वहे छे

सघळा रंगोना प्रतिबिम्ब रुप, काननां आकारनु, कडवा स्वादनुं, सर्व स्थळे वहेतुं, मोक्षने आपनारुं आकाश तत्व छे, पण आ तत्व सघळां सांसारिक कामोने वास्ते तद्दन निरुपयोगी छे

पृथ्वी अने जळ तत्व मंगळकारी छे, तेजस्तत्वनुं फळ मध्यमसरनु आवे छे आकाश अने वायु अमंगळकारी छे अने नुकशान के मरण करावे छे.

जळतत्त्व पूर्वमा छे, पृथ्वीतत्व पश्चिममा छे, वायु उत्तरमां छे, तेजस्तत्व दक्षिणमां अने आकाशतत्त्व मध्यमा छे

पृथ्वीतत्व के जळतत्त्वमां चंद्रस्वर चालतो होय तो सघळां नम्र कार्योमां विजय मळे छे अग्नितत्त्वमां सूर्यस्वर चालतो होय तो सघळां दीप्त कार्योमां लाभ मळे छे

पृथ्वीतत्व दिवसे लाभनुं कारण थाय छे जळतत्व रात्रिए लाभनुं कारण थाय छे तेजस्तत्व मरणनु कारण बने छे वायुतत्त्वमां घटारो-नुकशान थाय छे अने आकाशतत्व केटलीकवार वांझ छे

जीववानी योग्यतामां, फत्तेह मेळववामां, आवकमां, खेतीमां, (केटलाकना मत प्रमाणे भोग भोगववामां) धन एकठु करवामां, मंत्रनो अर्थ समजवामां, लडाइ संबधी सवाल पूछवामां, जवा आववामां इत्यादि कामोमा जळतत्त्वमां लाभ मळे छे.

पृथ्वीतत्त्वमां मंगळकारी कार्य होय त्यांनुं त्यां पडी रहे छे, वायु तत्त्वमां ते बीजे जतुं रहे छे, अने आकाश के तेजस्तत्त्वमां तो मरण के नुकशान थाय छे

पृथ्वीतत्त्वमां मूळीआंनो विचार आवे छे अने जळ वायुतत्त्वमां जीवता प्राणीओनो विचार आवे छे तेजस्तत्त्वमां खनीज पदार्थनो विचार उद्भवे छे आकाशमां शून्य अथवा कांइ पण विचार उठतो नथी

पृथ्वीतत्त्वमां मनुष्य घणां पगवाळां जानवरोनो विचार करे छे, जळ अने वायुतत्त्वमां बे पगा प्राणीनो अने तेजस्तत्त्वमां चोपगांनो अने आकाशतत्त्वमां पग रहितनो विचार थाय छे

सूर्यस्वर चालतो होय त्यारे मंगळ ते अग्नितत्व छे, रवि ते पृथ्वी तत्त्व छे, शनि ते जळ तत्व छे, राहु ते वायु छे

चंद्रस्वर चालतो होय त्यारे चंद्र ते जळतत्व छे, गुरु ते पृथ्वी तत्व छे, बुध ते वायुतत्व छे, शुक्र ते तेजस्तत्व छे

* आवो मत केटलाएक विद्वानोनो पण आ लेखकनो तथा महान ज्योतिर्वेत्ता वराहमिहिरनो अभिप्राय आ पद्धतिना [illegible]

गुरु ते पृथ्वीतत्व छे, चंद्र अने शुक्र ते जळतत्व छे, सूर्य अने मंगळ ते तेजस्तत्व छे, राहु केतु अने शनि ते वायुतत्व छे, अने बुध ते आकाशतत्व छे

पृथ्वीतत्व चालतुं होय त्यारे कोइ सवाल पूछे तो कहेउं के ते पृथ्वी संबंधी (मूळ संबंधी) छे जळतत्वमां जींदगी संबंधी छे, तेजस्तत्वमां खनीज पदार्थ संबंधी छे, अने आकाशतत्वमा काइ पण संबंधी नथी

पृथ्वी अने जळतत्वमा (१) सुख (२) वृद्धि (३) प्रेम (४) खुशमीजाज (५) विजय अने (६) हास्य थने छे

तेजस्तत्व अने अग्नितत्वमा (७) कर्मेन्द्रिओनी काम करवानी अशक्ति (८) ताव, (९) कम्प, (१०) परदेशगमन आटला कामो थने छे

आकाश तत्वमां, (११) निस्तेजपणुं अने (१२) मरण निपजे छे

आ बार बाबतो चंद्रनी जूदी जूदी स्थितिओ छे

पूर्व, पश्चिम, दक्षिण अने उत्तर दिशामा पृथ्वीतत्व, जळतत्व, तेजस्तत्व अने वायुतत्व मुख्य होय छे, माटे ते प्रमाणे जवाब आपवो

हे शिष्य ! आ शरीर पृथ्वी, जळ, तेजस्, वायु अने आकाश ए पांच महाभूतनुं बनेलुं छे, एम जाणवुं

ब्रह्मविद्या जणावे छे के— शरीरना हाडका, स्नायु, चामडी, नाडी अने वाळ आ पांच पृथ्वीतत्वना विभाग छे

ब्रह्मविद्या जणावे छे के वीर्य, रजस्, चरबी, मूत्र, अने थुंक आ पांच जळतत्वना विभाग शरीरमा छे

ब्रह्मविद्या जणावे छे के—भूख, तरस, ऊंघ, प्रकाश अने सुस्ती आ पांच तेजस्तत्वना विभाग शरीरमा छे

ब्रह्मविद्या जणावे छे के—दूर करवु, चालवुं, सुंघवुं, संकोचावु अने विस्तार थवुं आ पांच वायु तत्वना विभाग शरीरमा छे

प्रवृत्तिओ जणावे छे के—मेळववानी इच्छा, दूर करवानी इच्छा, ा, भय अने विस्मृति आ पांच आकाशतत्वना विभाग छे

पृथ्वीने पांच गुण छे, जळने चार, तेजस्‌ने त्रण, वायुने बे अने ाशने एक गुण छे. तत्व संबंधी ज्ञाननो आ एक अंश छे

पृथ्वीतत्वनुं वजन ५० पळ छे, जळतत्वनुं ४० पळ छे, तेज- वनु ३० पळ छे, वायुनुं २० पळ छे अने आकाशनु १० पळ छे

पृथ्वीतत्वमां लाभ मळतां वार लागे छे, जळतत्वमां तरत मळे वायुतत्वमां थोडो लाभ मळे छे, अग्नितत्वमां तो हाथमां आवेलुं नाश पामे छे.

धनिष्ठा, रोहिणी, ज्येष्ठा, अनाराधा, श्रावण, अभिजित् अने उ- ाषाढा—आटलां नक्षत्र पृथ्वीतत्व सूचवे छे

भरणी, कृत्तिका, पुष्य, मघा, पूर्वाफाल्गुनी, पूर्वभाद्रपदा अने स्वाती लां नक्षत्र तेजस्‌तत्व सूचक छे.

पूर्वाषाढा, आश्लेषा, मूल, आर्द्रा, रेवती, उत्तराभाद्रपदा अने शत- रज—आटलां नक्षत्र जळतत्व सूचक छे

विशाखा, उत्तराफाल्गुनी, हस्त, चित्रा, पुनर्वसू, अश्विनी, मृगशीर्ष ला नक्षत्र वायुतत्वने सूचवे छे

आपणी पूर्ण नाडी तरफ उभा रहीने पूछवा आवनार जे शुभ के भ बाबत संबंधी आपणने पूछे छे ते तेमज बने छे खाली नाडी फ उभो रहीने पूछे तो तेथी उलटुं परिणाम आवे छे *

नाडी पूर्ण होय पण जो तत्व अनुकूळ न होय तो विजय तो नथी तत्वनी साथे अनुकूळ होय त्यारे ज चंद्रस्वर के सूर्यस्वर जय आपे छे

रामने मंगळसूचक तत्वमां ज विजय मळ्यो हतो अने अर्जुनने पण ज थयुं हतुं प्रतिकूळ तत्वने लीधे ज कौरवो युद्धमां मार्या गया हता. पूर्व

* जे नाडीमांथी वायु नीकळतो होय ते 'पूर्ण' नाडी समजवी अने नाडीमांथी वायु न नीकळतो होय ते 'खाली' जाणवी

भवमां मेळवेली शक्ति थी (पूर्व भवना संस्कारथी) अथवा गुरुकृपाथी. मनने पवित्र राखवानी टेव पाडीने आ तत्वनु ज्ञान टुंक वखतमां मेळवी शकाय छे

पांच तत्वो परनुं ध्यान.

/ पृथ्वीतत्वने चोरस आकारनुं, पीळा रंगनुं, मीठा स्वादनुं, तमारा शरीरनो रंग सुवर्ण जेवो शुद्ध बनाववुं, शरीरने रोगथी मुक्त अने हल्कुं करतु कल्पी तेनापर 'लम' शब्दथी ध्यान करो

/ जळतत्वने अर्धचंद्राकारनुं, चंद्र जेवुं धोळुं, भुख अने तरस सहन करवानी शक्ति आपनारुं, अने जळमां डुबकी मारी होय तेवा प्रकारनी लागणी उत्पन्न करतुं कल्पी तेना पर 'वम्' शब्दथी ध्यान करो.

/ तेजस्‌तत्वने त्रिकोण आकारनुं राता रंगनुं, वणो खोराक अने पाणी पचाववानी शक्ति आपतुं, अने सख्त अग्निनो ताप सहन करवानुं बळ आपतुं कल्पी तेनापर 'रम्' शब्दथी ध्यान करो

/ वायुतत्वने गोळ आकारनुं, आकाश जेवा भूरा रंगनुं, अने आकाशमां जवानी अने पक्षीनी माफक उडवानी शक्ति आपतुं कल्पी तेना पर यम् शब्दथी ध्यान करो.

/ आकाशतत्वने आकार वगरनुं अनेक रंगोना प्रतिबिंब ग्रहण करतुं, त्रिकाळ ज्ञानने अने अणिमा, लघीमा वगेरे योगनी आठ सिद्धिओने आपतुं, कल्पी तेनापर 'हम्' शब्दथी ध्यान करो

/ स्वरशास्त्रना यथार्थ ज्ञान करतां मोटुं धन आ जगतमां बीजुं एक पण नथी स्वरशास्त्रने बराबर जाणनार बहु धांधल शिवाय सारुं फळ मेळवे छे.

/ शिष्ये पूछयुं —हे गुरुदेव! हे सुखदाता! स्वरोदयनुं ज्ञान उत्तमोत्तम छे, पण तेथी त्रिकाळ ज्ञान शी रीते थइ शके ?

/ गुरुए जवाब वाळ्यो —हे शिष्य! आ त्रिकाळ ज्ञान छे ते नीचेनी त्रण बाबतोने लगतुं छे.

(१) धन (२) लडाइमां विजय (३) कार्यनु शुभाशुभ फळ.

तत्वोने लीधे ज कोइ पण कामनुं सारं के माठु परिणाम आवे छे, तत्वोने लीधे ज विजय के पराभव थाय छे, अने तत्वोने लीधे ज धन पुष्कळ के ओछु मळे छे. आ तत्वो त्रण रुपमा प्रकट थाय छे.

शिष्य—हे देव ! आ संसाररुपी मोटा समुद्रमां मनुष्यनो मित्र अने मददगार कोण छे ?

गुरु—प्राण एज मोटो मित्र छे, प्राण एज मोटो मददगार छे. हे शिष्य ! प्राण करतां वधारे सारो बीजो कोइ मित्र नथी.

शिष्य—प्राणनी शक्ति शरीरमां केवी रीते रहेली छे ? शरीरमां प्राण देखाय छे ए शुं ? प्राण तत्वोमां कार्य करी रहेलो छे, तेने योगीओ शी रीते जाणे छे ?

गुरु—शरीररुपी नगरमां प्राण ए मोटो रक्षणकर्त्ता छे, ज्यारे प्राण अंदर जाय छे त्यारे तेनी लंबाइ दस आंगल होय छे, ज्यारे ते व्हार नीकळे छे त्यारे तेनी लबाइ बार आंगळ थाय छे

चालती वखते ते २४ आंगळ थाय छे, दोडती वखते ४२ आंगळ थाय छे मैथुन समये ते ६५ आंगळ थाय छे, अने उंघमां १०० आं- गळ थाय छे

हे शिष्य ! प्राणनी साधारण लंबाइ १२ आंगळ छे खावामां अने बोलवामां ते वधीने १८ आंगळ थाय छे.

जो प्राण एक आंगळ ओछो थाय तो तेना परिणामे मनुष्य तृष्णा- ओथी छूटे छे, जो बे आंगळ ओछो थाय तो शरीरमां आनंद व्यापे छे; अने जो त्रण आगळ ओछो थाय तो कवित्व शक्ति प्रकट थाय छे

जो प्राण चार आंगळ ओछो थाय तो वक्तृत्व कळा प्रकाशे छे; जो पांच आंगळ ते ओछो थाय तो अंतरनी दृष्टि खुलवा मांडे छे, जो छ आंगळ ओछो थाय तो मनुष्य उंचे उडी शके छे, जो सात आंगळ प्राण ओछो थाय तो ते वगी ज त्वराथी धारे त्यां जइ शके छे

जो प्राण आठ आंगळ ओछो थाय एटले फक्त चार आंगळ रहे तो अणिमा वगेरे योगनी आठ सिद्धिओ ते मेळवे छे जो नव आंगळ ओछो थाय तो नवनिधिओ तेना हाथमां आवी वसे छे जो प्राण दश आंगळ ओछो थाय तो दश आंकडा तेना हाथमां आवे छे, अर्थात गमे तेवा हिसाबो एक क्षणमां ते गणी शके छे ज्यां अगीआर आंगळ प्राण ओछो थयो त्यारे तेना शरीरनी छाया पडती बंध थाय छे

अने ज्यां बारेबार आंगळ प्राण ओछो थइ गयो त्यां तो श्वास अने उच्छवासमां ते मनुष्य अमृत ज पीए छे ते वखते छेक नख सुधी प्राण तेना शरीरमां व्यापी रहे छे, तो पछी खोराकनी तेने जरुर ज क्यां रही ?

प्राण संबंधी आ महा गुप्त नियम छे गुरु पासेथी ज ते मेळवी शकाय हजारो सायन्सो के शास्त्रो अवलोकता पण ते मळी शके नहि

जो नशीबजोगे चंद्रस्वर सवारमां अने सूर्यस्वर संध्या समये शरू न थाय तो तेओ घणुं करीने मध्यान्ह अने मध्य रात्रि पछी अनुक्रमे शरु थाय छे

युद्ध.

दूर देश साथेना युद्धमां चंद्रस्वर मंगलकारी छे, अने पासेना देश साथेनी लडाइमां सूर्यस्वर मंगळकारी छे चालती वखते प्रथम जे पग उपाडवामां आवे ते तरफनी नाडी वहेती होय तो अवश्य विजय मळे छे

मुसाफरी करवामां, लग्न प्रसंगे, कोइ शहेरमां प्रवेश करवामां अने सघळां मंगळकार्योमां चंद्रस्वर विजयकारी छे

पोताना लश्करने पूर्ण नाडी तरफ अने शत्रुना लश्करने खाली नाडी तरफ उभुं राखीने अनुकूळतत्व प्रमाणे मनुष्य आखी दुनिआने जीती शके

जे बाजुए नाडी वहेती होय ते बाजु उपर उभा रहीने लडवानो पोताना शत्रुओने हुकम आपवो आम करवाथी, सामो इन्द्र आव्यो होय तो पण जरुर विजय मळे

जो लडाइ सबधी कोइ प्रश्न पुछे, अने जो ते पूछनार पूर्ण नाडी तरफ ऊभो होय तो जरुर ते विजय पामशे पण जो ते खाली नाडी तरफ ऊभो होय तो अवश्य ते पराभव पामे

पृथ्वीतत्व जणावे छे के पेटमा घा पडलो छे, जळतत्व पगमां, अग्नितत्व जाघमा, वायुतत्व हाथमा अने आकाशतत्व माथामां घा पड्या जणावे छे आ पाच प्रकारना घा स्वरशास्त्रमा वर्णवेला छे

जेना नामना अक्षर बेकी (बे, चार, छ के आठ) होय ते जो चंद्रस्वरमा सवाल पूछे तो ते जरुर विजय मेळवे छे जेना नामना अक्षर एकी (एक, त्रण, पांच के सात) होय ते जो सूर्यस्वरमा प्रश्न पूछे तो ते जरुर विजय मेळवे छे

जो चद्रस्वरमा सवाल पूछवामां आवे तो ते सवालनो शांतिमां अंत आवे छे, अने जो सूर्यस्वरमां पूछवामा आवे तो अवश्य लडाइ थाय.

पृथ्वीतत्वमा युद्धमा बन्ने पक्ष सरखा उतरशे, जळतत्वमां परिणाम सरखुं आवशे तेजस्तत्वमा हार–पराभव थशे वायु अने आकाशतत्वमां मरण थशे

जो कदाच कोइ कारणथी कइ बाजुनी नाडी वहे छे, ते बाबतनी बराबर सवाल वखते समजण न पडे तो डाह्या मनुष्ये आ नीचेनी युक्तिनो आश्रय लेवो

शांत अने स्थिर बेसवुं, अने पोताना तरफ बीजाने एक पुष्प माखवा जणाववुं, जरुर ते पुष्प पूर्ण नाडी तरफ पडशे पछी तेणे सामा पुरुषने जवाब आपवो

आ के बीजे स्थळे स्वरशास्त्रना नियमोनो जाणनार प्रबळ शक्तिमान् गणाय छे तेना करता वधारे समर्थ बीजो कोण होइ शके ?

शिष्ये पूछ्युं—ज्यारे मनुष्यो माहोमाहे लडे त्यारे तो उपर जणावेला नियमो लागु पडे, पण मनुष्यो ज्यारे यम साथे लडे त्यारे विजय शी रीते प्राप्त थाय ?

गुरु—ज्यारे प्राण शांत होय त्यारे चंद्रस्वरमां इष्ट देवनी स्तुति करवी, अने ज्यारे बन्ने प्राण मळे एटले के सुषुम्णा नाडी चालती होय त्यारे तेणे मरवुं जोइए जो आ प्रमाणे ते करी शके तो तेनी इच्छा प्रमाणे लाभ अने विजय ते मेळवी शके छे

वर्ष.

चैत्र सुद पडवेने दिवसे तत्वोनुं पृथक्करण करीने सूर्यनी उत्तर तथा दक्षिण तरफनी गति द्वारा योगीए जाणवी जोइए.

जो चंद्रस्वर वखते पृथ्वी, जळ के वायुतत्वनो योग होय तो पुष्कळ धान्य पाके छे.

जो आकाश अने वायुतत्व वहेतुं होय तो भयंकर दुष्काळ आवे छे आ काळनुं माहात्म्य छे. आ प्रमाणे वर्षमां, महिनामां के दिवसमां काळनुं शुं परिणाम आवशे ते जणाइ आवे छे.

सघळां सांसारिक कार्योमां अशुभ गणाती एवी सुषुम्णा नाडी जो ते वखते चालती होय तो देशमां नखराट थाय, राज्यनी उथलपाथल थाय, अथवा राज्यने भय थाय, मरकी अने बीजा अनेक रोगोनो उपद्रव थाय.

ज्यारे सूर्य इ—मां जाय, त्यारे योगीए स्वरनुं ध्यान करवुं, अने ते वखते चालतु तत्त्व जोइने आखा वर्षनुं फळ अथवा भाव कहेवा आखुं वर्ष, महिनो के दिवस लाभकारी थशे ए, पृथ्वी वगेरे तत्त्वथी जणाय छे अने ते सर्व खराब नीकळशे ए, वायु के आकाशतत्वथी जणाय छे

जो ते दिवसे पृथ्वीतत्त्व चालतुं होय तो राज्यमां सुख अने वैभव पुष्कळ थशे, पृथ्वीमां धान्य पुष्कळ पाकशे, अने ज्यां त्यां शांति अने सुख व्यापी रहेशे

जो जळतत्त्व चालतुं होय तो पुष्कळ वरसाद वरसशे, पुष्कळ धान्य पाकशे, कोइ पण बाबतनी तंगी पडशे नहि, ज्यां त्यां शांति प्रसरशे अने खेतरो पाकथी उभराइ जशे

जो अग्नितत्त्व चालतुं होय तो दुकाळ पडे, राज्यनी उथलपाथल थाय, अथवा ते संबंधी भय थाय, भयंकर मरकी वगेरे रोगो थाय अने जेम बने तेम ओछो वरसाद वरसे

जे वखते सूर्य—नक्षत्रमां जाय त्यारे जो वायुतत्त्व चालतुं होय तो अकस्मातो, गभराट उपजावे तेवा बनावो, दुकाळ, ओछो वरसाद अने छ प्रकारनी इतिओ (उपद्रवो) थाय.

---

१ आ दिवसे विक्रमादित्यना संवत् वर्षनो आरंभ थाय छे

जो ते वखते आकाशतत्व चालतु होय तो धान्यनी तंगी पडे अने शांतिनो अभाव थाय

जो योग्यस्वर वहेतो होय अने योग्यतत्व चालतुं होय तो सर्व प्रकारनो विजय मळे छे जो चंद्र अने सूर्यस्वर प्रतिकूळ चालता जणाय तो ते वर्षने माटे अनाज भरी राखवुं

जो अग्नितत्व चालतुं होय तो कीमत एक सरखी रहेशे नहि. जो आकाशतत्व चालतुं होय तो दुकाळ लांबो काळ चालशे. माटे वस्तुओ भरी राखवी ते पछी बे मास पछी कीमतमां वधारो जरुर थशे

ज्यारे चंद्रस्वर बदलाइने सूर्यस्वर थइ जाय त्यारे भयंकर रोगोने ते जन्म आपे छे

जो आकाश अने वायुतत्व जोडे अग्नितत्व चाले तो आ पृथ्वी नरक समान थइ जाय.

तत्दोनी समानतानो नाश थवाथी रोग थाय छे, अने दरेक तत्वने लगता रोग होय छे.

रोग. *

पृथ्वीतत्वमां पृथ्वीने लगतो रोग थाय छे, जळतत्वमां जळने लगतो, अग्नितत्वमां अग्निने लगतो अने वायु के आकाशमा वायु के आकाशने लगतो रोग थाय छे

जो दूत (सवाल पूछनार) प्रथम आपणी खाली नाडी तरफ आवे अने पछी आपणी पूर्ण नाडी तरफ बेसे तो जेना संबंधमां ते सवाल पूछवा आव्यो होय ते मरणनी मूर्छामां कदाच पड्यो होय तो पण जरुर जीवे.

---

* ज्यारे बे मनुष्यो एक बीजाना संबंधमां आवे छे त्यारे तेओना प्राणनो रंग बदलाय छे आ रीते पोतानी पासे बेठेला कोइ पण मनुष्यनो रंग पोताना शरीरमां ते क्षणे थयेला क्षणिक फेरफारथी जाणी शकाय छे वर्तमानकाळ ए भविष्यनो पिता छे आ उपरथी ते मनुष्यना रंगनी परीक्षा करीने तेना रोगनो दर्दी अंत आवशे अथवा तो ते दर्दी मरशे ते धारी शकाय.

मांदो माणस जे बाजुए होय ते बाजुए बेसीने जो योगी (आ बाबतना जाणकार स्वरशास्त्री) ने सवाल पूछवामां आवे तो ते मनुष्यना शरीरमां गमे तेटला रोगोए घर कर्युं होय छतां ते मांदो माणस जरुर जीवशे.

जो जमणी नासीका (सूर्यस्वर) व्हेती होय, अने ते दूत पोतानु दुःख दया उपजावे तेवा स्वरमा रडे तो जरुर ते मांदो माणस जीवे पण जो चंद्रस्वर चालतो होय, तो तेनु फळ सामान्य थाय छे.

पोताना प्राण सन्मुख मांदा माणसनी छबी धरीने अने तेना सामुं जोइने जो सवाल पूछवामां आवे तो जरुर ते मांदो माणस सजीवन थाय.

चंद्र के सूर्यस्वर गमे ते चालतो होय, अने योगी गादीमां बेसतो होय तेवामां कोइ दूत तेने सवाल पूछे तो ते दूतनी धारेली इच्छा अवश्य पार पडे.

सवाल पूछवाना समये योगी उपरना माळे बेठो होय अने दरदी नीचेने माळ होय तो जरुर ते दरदी जीवे, पण जो दरदी उपरना माळे होय तो जरुर ते यमने धाम पधारे

सवाल पूछती वखते दूत आपणी खाली नासिका तरफ बेठो होय, पण तेने जे जोइतुं होय तेनाथी विरुद्ध पूछे तो अवश्य ते विजय मेळवे, पण आथी उलटुं बने तो परिणाम पण उलटुं आवे

जो मांदो माणस चंद्र भणी होय अने पूछनार सूर्य भणी होय तो ते दरदी हजारो वैद्यो पासे होवा छतां जरुर मरण पामे *

जो दरदी सूर्य भणी होय अने पूछनार चंद्र भणी होय, त्यारे (कदाच देव रक्षण करनार होय तो पण (ते दरदी मरण पामे छे

जो एक तत्व अव्यवस्थित थाय तो लोकोने रोग थाय छे, जो बे तत्वो प्रतिकूळ होय तो मित्रो अने सगांस्नेहीओमां दुःख उत्पन्न करावे छे बे पखवाडीआं सुधी जो तत्वो प्रतिकूळ रहे तो अवश्य मरण थाय

---

* चंद्र अने सूर्य कइ दिशाओ सूचवे छे ते प्रथम जणाववामां आव्युं छे

मरणनां चिन्ह. *

पखवाडीआ, महीना के वर्षनी शरुआतमां सुज्ञ मनुष्ये प्राणनी गति वगेर उपरथी मरणकाळनो निश्चय करवो

आ पांच तत्वोना दीवानुं तेल चंद्रमांथी आवे छे, माटे सूर्यना बळमांथी तेनुं रक्षण करवुं जोइए तेथी जींदगी लांबी थशे.

स्वर उपर पूर्ण विजय मेळवीने जो सूर्यस्वरने दाबमां राखवामां आवे, अर्थात सूर्यस्वर जेम ओछो वहे तेम वर्तवामां आवे तो जींदगी लंबाय छे

शरीररुपी कमळोने अमृत सिंचतो चंद्र स्वर्गमांथी उतरे छे सारां कामो करवानो अभ्यास पाडवाथी अने योगथी चंद्रना अमृतवडे मनुष्य अमर बने छे.

दिवसनी अंदर चंद्रस्वर वहेवा दो, अने रात्रिनी अंदर सूर्यस्वर वहेवा दो आ प्रमाणे जे दिन रात करी शके छे ते खरेखरो योगी छे

जो एक आखो दिवस अने एक आखी रात एकज नळीमां प्राण चाल्यां करे, तो त्रण वर्षमां मनुष्यनुं मरण थाय

बे आखा दिवस अने बे आखी रात्रि सुधी पिंगला नाडी (सूर्य स्वर) चालु रहे तो तत्वना जाणकार कहे छे के ते मनुष्यने माटे हवे बे वर्ष बाकी छे

जो आखी रात चंद्रस्वर वहे अने आखो दिवस सूर्यस्वर वहे तो तेनु मरण जरुर छ मासनी अंदर आवे

जो सूर्यस्वरज चाल्यां करे अने चंद्रस्वर तद्दन बंध थइ जाय तो ते माणस पंदर दिवसमां मृत्यु पामे ए प्रमाणे काळशास्त्र जणावे छे

जेनो एक नाडिकामांथी त्रण रात लागलागट प्राण चाल्यां करे ते फक्त एकज वर्ष जीवी शके, ए प्रमाणे आ शास्त्रना जाणकारो जणावे छे

---

* मनुष्ये मरण काळ जाणवो जरूरनो छे, कारण के मरण काळ पासे आव्यो जाणी मनुष्य यथाशक्ति धर्मध्यान करी शके

एक कांसानु वासण लेइने तेने पाणीथी भरो, अने तेमां सूर्यनु प्रतिबिंब जुओ जो ते पडछायाना मध्य भागमां बाकु (छिद्र) देखाय तो ते जोनार दश दिवसमां मरण पामशे जो पडछायो धूमाडावाळो जणाय तो तेज दिवसे मरण थाय

जो ते पडछाया दक्षिण, पश्चिम के उत्तर दिशा भणी जणाय तो जरुर तेनुं मरण अनुक्रमे छ, बे, के त्रण महिनामां थाय आ प्रमाणे सर्वज्ञोए जीवननी मर्यादा बांधी छे

जो मनुष्य जमना दूतनी मूर्ति जुए तो जरुर ते मरी जवानो. ज्यारे बहारथी चामडी ठंडी होय अने अंदरनो भाग गरम होय त्यारे जरुर एक मासमां तेनुं मरण थाय

ज्यारे माणसनो कांइ पण कारण सिवाय एकाएक स्वभाव बदलाय छे, एटले सारी टेवोने बदले नठारी अथवा नठारीने बदले सारी टेवो ग्रहण करे छे त्यारे जरुर मरण थाय छे

ज्यारे नसकोरामांथी नीकळतो श्वास ठंडो होय अने मुखमांथी नीकळतो श्वास अग्नि जेवो उष्ण होय तो जरुर ते सख्त तावथी मरण पामे.

जे भयंकर आपत्तिओ, अने दीवो सळगाव्या सिवाय चळकतो प्रकाश जुए छे, ते नव मास पहेलां मरण पामे छे.

जेने एकाएक भारे वस्तुओ वजनमां हलकी लागे छे, अने हलकी वस्तुओ वजनमां भारे लागे छे, जे स्वभावे काळो होवा छतां रोगथी सोनेरी रंगनो देखाय छे, ते जरुर मरण पामे छे.

नाह्या पछी, जेना हाथ, छाती अने पग एकदम सूकाइ जाय छे, ते दश दिवस पण जीवतो नथी.

जे माणसनी आंखोनुं तेज घटी जाय छे, अने बीजानी आंखनी कीकीमां पोताना मुखने न जोइ शके, ते जरुर मरण पामे छे

हवे तने हुं " छाया पुरुष " संबंधमां थोडुं कहीश, जे जाणवाथी मनुष्य त्रिकाळज्ञानी बने छे.

हुं एवा प्रयोगो-अख्तराओ जणावीश के जेनी मारफते मृत्यु दूर होय ते पण जाणवामां आवे आ बधु प्राचीन आचार्योना अभिप्राय प्रमाणे जणावीश

एकांत जग्यामां जइने अने सूर्यना सामी पीठ करीने पोतानी जे छाया जमीन पर पडे ते पर एक चित्तथी जोइए

ज्यां सुधी " ॐ क्राम् परब्रह्मणे नम " आ मंत्र १०८ वार शांतिथी उच्चारी शके त्यां सुधी ते जोया करवुं पछी एकदम आकाश भणी जोवुं, तो त्यां एक पुरुषनी आकृति जणाशे.

आवुं छ मास सुधी करवाथी ते योगी पृथ्वी उपर चालता सर्व जीवोनो अधिपति थाय छे बे वर्षमां तो ते तद्दन स्वतंत्र अने पोताना आत्मानो स्वामी बने छे

ते त्रिकाळ ज्ञान अने अपूर्व आनंद मेळवे छे. योगना सतत अभ्यासीने आ जगतमां कांइपण असाध्य के दुर्लभ नथी.

ज्यारे योगी निर्मळ आकाशमां काळा रंगनी आ आकृति जुए छे, त्यारे ते छ मासमां मरण पामे छे.

ज्यारे ते पीळी देखाय छे, त्यारे रोगनो भय रहे छे जो ते लाल देखाय तो नुकशान थाय छे ज्यारे ते आकृतिमां घणा रंग होय त्यारे उदासी अने गभराट थाय छे

जो ते आकृतिने पग, अने जमणो हाथ न होय तो जरुर कोइ स्वजन मरण पामे

जो डाबो हाथ न होय तो पोतानी स्त्री मरण पामे, छाती अने जमणो हाथ न जणाय तो जरुर नाश अने मृत्यु थायछे.

जो वायु संचारनी साथे ज झाडो थइ जाय तो ते मनुष्य जरुर दश दिवसनां मरण पामे

जो चंद्र नाडी ज चाल्यां करे अने सूर्य नाडी बीलकुल न चाले तो जरुर एक मासनां मरण थाय आ प्रमाणे काळशास्त्र जणावे छे

जेनुं मृत्यु नजदीक होय ते अरुन्धती, ध्रुव, विष्णुपद, अने मातृमंडळ ज्यारे बतावदामां आवे त्यारे जोइ शकतो नथी.

अरुन्धती एटले जीभ, ध्रुव एटले नाकनी अणी, विष्णुपद एटले भवां, अने मातृमंडळ एटले आंखनी कीकी आ ते न जोइ शके

जे मनुष्य भवां जोइ शकतो नथी, ते नव दिवसमां मरण पामे छे,

जे आंखनी कीकी जोइ शकतो नथी, ते पांच दिवसमां मरण पामे छे,

जे नाकनो अग्र भाग जोइ शकतो नथी, ते त्रण दिवसमां मरण पामे छे,

अने जे जीभ जोइ शकतो नथी ते एक दिवसमां मरण पामे छे आंखने नाक तरफ दाबीने लेइ जवाथी आंखनी कीकी जोवाय छे.

नाडीओ.

इडाने गंगा कहे छे, पिंगलाने जमुना कहे छे, अने सुषुम्णाने सरस्वती कहे छे; आ त्रणेनुं संगमस्थान ते प्रयाग छे

योगीए पद्मासन स्थितिमां बेसीने प्राणायाम करवा.

शरीर उपर निग्रह मेळववा सारु योगीए पूरक, रेचक अने कुंभक क्रिया जाणवी जोइए.

पूरकने लीधे वृद्धि अने पोषण थाय छे, अने वात, कफ अने पित्त शांत थाय छे. कुंभकने लीधे शरीरनी स्थिरता वधे छे, अने आयुष्य लंबाय छे. रेचक सघळां पापोने हरे छे जे आ प्रमाणे करे छे ते योगावस्था प्राप्त करे छे.

जमणी नासिकाथी श्वास अंदर खेंचवो, अने जेटलीवार सुधी ते अंदर रही शके तेटलीवार सुधी प्राणने अंदर रोकवो अने पछी डाबी नासिका वडे ते बहार काढवो. बीजीवार डाबी नासिकाथी श्वास अंदर लेइ जमणी नासिकाथी बहार काढवो श्वास अंदर खेंचवो ते क्रियाने पूरक कहे छे, अंदर राखी मूकवानी क्रियाने कुंभक कहे छे अने बहार पाछो काढवानी क्रियाने रेचक कहे छे

चंद्र सूर्यने पीए छे, अने सूर्य चंद्रने पीए छे, एक बीजानुं उपर प्रमाणे पान कराववाथी ज्यां सुधी चंद्र के तारा चाले त्यां सुधी मनुष्य जीवी शके

नाडीओ पोताना शरीरमांज वहे छे, तेना उपर मनुष्ये पूर्ण जय मेळववो जोइए तेना उपर जय मेळवनार युवान् बने छे.

ज्यारे म्हो, नाक, आंख, कान वगेरे आंगळीओथी ढायवामां आवे छे त्यारे आंख आगळ तत्वो देखावा माडे छे

जे ते तत्वोनां रंग, गति, स्वाद, स्थान अने चिन्ह समजे छे, ते आ दुनियामा रुद्र जेवो शक्तिमान् थाय छे

जे आ बधुं जाणे छे, अने निरंतर तेनो अभ्यास करे छे, ते सघळां दुःखथी मुक्त थाय छे, अने इच्छित वस्तु प्राप्त करे छे

• जेना मगजमां स्वरनुं ज्ञान छे, तेना पग नीचे नीधि आवीने रहे छे जगतमा सूर्यनी मारफते आ ज्ञानने जाणनार वंदनीय छे

जे स्वरशास्त्रनुं अने तत्वोनु ज्ञान मेळवे छे, तेनी साथे हजारो अमृतनी शीशीओ पण सरखावी शकाय नहि

जे माणस तमने आ बाबतनुं अने ओंकारनुं ज्ञान आपे तेना देवामांथी, गमे तेटलो बदलो वाळो छतां, मुक्त थइ शको नहि.

पोताना स्थानमां वेसीने, नियमित खोराक अने उंघ लेइने, योगीए आत्मा के जेनुं प्रतिबिंब स्वर छे, ते उपर ध्यान करवुं. तेवो मनुष्य जे वोले छे, ते प्रमाणे जरुर थाय छे.

गुप्त मददगारो.

प्राचीन समयथी लोको मानता आव्या छे के, आ जगतमां गुप्त मददगारो वसे छे असलना लोकोने ते बाबत पर संपूर्ण विश्वास हतो देवो मदद करे छे अथवा सहाय आपे छे, ए बाबतनी मान्यता प्रथम पूरेपूरी जामेली हती; पण ज्यारथी पश्चिमना जडवादना विचारोनो विशेष फेलावो थवा लाग्यो, अने लोकोनी नजर जगतनी सूक्ष्म बाबतो करतां, व्हारनी वस्तुओ तरफ विशेष खेंचावा लागी, अने लोकोमां हृदयनी निर्मळता ओछा प्रमाणमां जणावा मांडी, त्यारथी आवा मददगारोनी हयाती विषे लोकोना मनमां संशय पडवा लाग्या, अने लोकोनी ते बाबतनी श्रद्धा दिन प्रतिदिन घटवा लागी. आ स्थिति हाल एटले सुधी प्होंची छे के केटलाक मनुष्यो एम पण कहेवा मंडी पडया छे के.—

"देव गया डुंगरे अने पीर गया मक्के !"

देव डुंगरपर नाशी गया अने पीर मक्के चाल्या गया; अर्थात् देवो बधा अदृश्य थइ गया ! केटलाक एम पण कहेवा लाग्या के हाल कळियुगना समयमां देवो अहीं आवी शकेज नहि !

पण आम कहेवुं अथवा मानवुं ते तद्दन भुलभरेलु छे देवो अने फीरस्ताओ तो तेना तेज छे. प्रथमनी माफक हाल पण तेओ पोतानु परोपकारनुं काम कर्ये जाय छे. लोकोने तेमनी हयातीमां अविश्वास आववाथी

तेओए पोतानु काम करवानु छोटी दीधु नथी, पण अमलनी माफक खुल्ली रीते काम करवाने बदले मोटे भागे तेओ छुपी रीते अने शांतिथी काम करे छे आवा देवो जगतना माननी के कीर्तिनी दरकार करता नथी, तेथी तेमनुं नाम अथवा काम छुपुं रहे तो तेनी तेमने रती मात्र परवाह नथी. तेओ तो जे काम करता आव्या छे ते कर्ये जाय छे गारी खात्री छे के जेम जेम लोकोनी विशेष श्रद्धा थती जशे, जेम जेम लोको देवोनी हयातीमां अने तेमना परोपकारी कार्यमां विश्वास राखता जशे, तेम तेम देवो अमलनी माफक लोकोनी साथे वधारे ने वधारे परिचयमां आवता जशे अने खुल्ली रीते पोतानां लोकोपयोगी कामो बजावता जशे

उपर जणाव्या प्रमाणे वधा धर्मवाळा आवा गुप्त मददगारोने मानता आव्या छे. धर्मशास्त्रोमां आवेलां जूनां चरित्रो वांचशो तो तमने जणाशे के देवो के देवीओए घणा प्रसंगे मदद करेली छे हिंदुओ तथा जैनो तेमने 'देवो' कहे छे, पारसीओ अने मुसलमानो तेमने 'फीरेश्ता' तरीके ओळखावे छे, अने युरोपीयनो तेमने 'एन्जल' अथवा देवदूत तरीके जणावे छे नाम गमे ते आपीए, छतां तेवा दूतोनी अवश्य हयाती छे, अने तेओ पोतानुं काम कर्ये जाय छे, ए बाबत तो चोक्कस छे आ कलियुगना समयमां ज्यां जडवाद अथवा नास्तिकता चारे बाजुए फेलायेली छे, तेवा जमानामां पण जो कोइ पण मनुष्य आ बाबत जाणवानी महेनत करे तो तेने घणाक दाखलाओ खुद हमणां पोतानी नजर आगळ बनता मालम पड्या विना रहेशे नहि जे लोको जगतना व्यवहारनो अने तेमां बनता बनावोनो बारीक अभ्यास करे छे, तेओ तो एवा अनुमान पर आव्या विना रहेशे नहि के आ सर्व बनावोमा थोडे घणे अंशे देवोनो हाथ रहेलो छे. आपणी अश्रद्धाथी देवो के फीरस्ताओ काम करता अटकी गया नथी अने जशे पण नहि

आ नानकडा पुस्तकमां आवा केटलाएक हालमां बनेला बनावो आपवा धार्युं छे, पण ते दाखलाओ अहीं टांकवामां आवे ते पहेलां आ संबंधमां उपजती केटलीक शंकाओ दूर करवी ए वधारे योग्य अने वाजबी गणाशे

प्रथम सवाल ए थाय छे के, जो देवो मदद करता होय तो तेओए वधाने मदद करवी जोइए जो थोडाने मदद करे अने थोडाने न करे

तो तेओ पक्षपाती गणाय अने जो देवो पक्षपाती होय तो जगतमां न्याय क्यां रह्यो ?

आ शंका वाजवी छे, पण ते गेरसमजथी उठेली छे. नीचेनो खुलासो वांचवाथी ते शंका जरुर दूर थशे जो देवो मदद करे छे ए वात तो सत्य ज छे, पण जेओ ते मददने लायक होय अथवा पोतानां पूर्वकर्मोने लीधे तेमनी मदद मेळववाने जेओ योग्य होय तेमने जरुर तेओ मदद करे छे तमे जो सारां कामो कर्यां होय छे तो देवो तमने सहाय आपेछे आ भवमां पण जो तमे सारां कामो करो, तो तेना बदलारुपे देवो जरुर तमने मदद आपशे जे मनुष्य जेटलाने लायक होय छे, तेटलुं तेने तेओ आपे छे तमारे वधारे जोइतुं होय तो वधारे मेळ-ववाने लायक बनो एक अंग्रेजी कहेवत जणावे छे के "कोइ पण वस्तुनी इच्छा करो, ते पहेला ते मेळववाने लायक बनो" * मात्र पूर्व भवनां ज सारां कृत्यथी देवोनुं ध्यान तमारा तरफ खेंचाय छे, एम नथी, पण हाल पण जो तमे सारां कृत्यो करता रहो, अथवा तो देवोनी प्रार्थना के बंदगी करो अने तेमनापर संपूर्ण श्रद्धा राखो तो जरुर तमारी प्रार्थनाथी तेओनुं ध्यान तमारा तरफ खेंचाशे, अने तमने योग्य मदद मळशे तमारा प्रार्थना तमारां कर्मोने तोडी नाखे छे, अने देवो तमने सहायभूत थाय छे जो तमारुं 'कर्म' बहु जोरावर होय तो विशेष प्रार्थनानी जरुर पडे छे देवोने कोइ उपर पक्षपात नथी पण तेओ तो कर्मना महान् नियमोने अमलमां मूकनार दिव्य शक्तिओ छे * *

बीजी शंका ए उभी थाय छे के जो देवो मदद करता होय तो शा सारुं तेओ आपणी नजरे पडता नथी ? माटे देवो छे ज नहि.

---

* Deserve before you desire.

** बधा मनुष्योए देवोनी मदद इच्छवी जोइए एम पण कांइ नथी. जेओ महात्माओ छे तेओ पोताना आत्मोत्क्रान्तिना काममां आगळ वध्या करवामां ज सर्व लक्ष आपीने संतोष माने छे त्हेमनी 'मददमां' नहि पण त्हेमनी 'सेवामां' देवो हमेश तैयार रहे छे देवोनी बाबतमां कांइ शक रहे जवा पहेला घणी बाबतो लक्षमां लेवानी छे. सर्व देवो एक सरखा नथी होता, त्हेमा अनेक 'ग्रेड' अथवा वर्ग छे, अने त्हेमनां ज्ञान-शक्ति पण एक सरखां नथी होतां, एटलु याद राखवाथी केटलीक शंकाओ दूर थशे

आम कहेवुं ए पण भूल भरेलुं छे अहीं एक अगत्यनी बाबत ए समजवानी छे के ज्यां सुधी आ जगतनो कोइ पण मनुष्य अमुक काम करवाने मळी आवे छे त्यां सुधी तेओ तेनी मारफते काम करे छे, अने कर्मना नियमोनी गोठवण प्रमाणे घणीवार तो कोइने कोइ मनुष्य मळी आवे छे, एटले तेना द्वारा तेओ ते काम करे छे पण जो कोइ पण मनुष्य न मळी आवे, अने छतां कोइ मनुष्यने मददनी जरुर होय अने ते मेळववाने ते योग्य होय तो तेओ प्रसंगने अनुसरतुं रुप धारण करी आवे छे, अमुक कार्य करे छे, अने पाछा चाल्या जाय छे.

आ विषयने अंते जणावेला दृष्टान्त उपरथी आपणने जणाय छे के 'देवो' अने 'भूदेवो' आ जगतने मदद करवाना काममां पोतानी शक्तिना प्रमाणमां भाग लेछे आपणे पण जो भूदेव थवुं होय, पृथ्वीपर वसवा छतां देव जेवु बीजाओने मदद करवानुं उत्तम अने पवित्र काम करवुं होय तो आपणामां क्या सद्गुणो जोइए ते बाबत हवे आपणे विचारीशुं आ संबंधमां आ बाबतना जाति अनुभवी एक गुप्त मददगार अथवा भू--देवना शब्दोनो ज उतारो आपवो ए मने वधारे उचित लागे छे. ते पूज्य भू--देव जणावे छे के—

जे गुप्त मददगार थवानी इच्छा राखे तेनामां केवा सद्गुणो होवा जोइए, ते विषे कांइ छुपुं नथी क्या सद्गुणो आ काम माटे जरुरना छे, ते जाणवुं मुश्केल नथी, पण ते गुणो आपणामां पुरेपुरा खीलववानुं काम तो अलबत मुश्केल छे

१. पवित्र मन; मननी एकाग्रता अथवा मननी एकज विषयपर संपूर्ण आस्था.

प्रथम तो महात्माओ अथवा महान् देवो अथवा आपणा इष्टदेव जेथी प्रसन्न थाय एवुं, आपणाथी बनी शके एवु एक मोटुं काम आपणे शोधी काढवुं. अने जगतनां सर्व कामो करवा छतां आपणा हृदय आगळथी ए मोटु काम—ए मोटी उद्भावना—जरा पण दूर न थाय एम काळजी राखवी ते कामने ज मुख्य गणीने आपणे अंतःकरणपूर्वक आपणु सर्वस्व ते काम पाछळज लगाडवुं आपणे, प्रथम तो, उपयोगी अने निरुपयोगी कामो वच्चेनो तफावत जोता शिखवुं एटलुं नहि पण उपयोगी कामोमां

पण आपणाथी बनी शके एवुं उत्तममां उत्तम काम पसंद करवुं कोइ नजीवुं भलुं काम के जे बीजा मनुष्यथी सहेलाइथी थइ शके, अने बीजो मनुष्य जेथी पुण्य मेळवी शके, तेवा उतरता काममां आपणो समय आपणे गुमाववो नहि पण आपणा ज्ञान अने शक्तिना प्रमाणमां कोइ चढता प्रकारनुंज काम बजाववानुं माथे लेवुं जे मनुष्य आवो गुप्त मददगार थवानी इच्छा राखे छे, तेणे ब्रह्मज्ञान अथवा आत्मज्ञानने माटे आ स्थूळ भुवन उपर तेनाथी बनी शके एवुं उत्तममां उत्तम काम हाथमां लेइ ते बजाववानो प्रारंभ करवो जोइए

आ स्थळे मारे चेतवणी रुपे जणाववुं जोइए के, आपणे माथे लीधेली सांसारिक फरजो नाखी देवी एम हु केहेवा मागतो नथी आपणा संजोगोने लेइ आवी पडेली सांसारिक फरजो जरुर अदा करवी, पण कोइ पण प्रकारनी नवी सांसारिक जोखमदारी माथे लेवी ए डहापण भरेलु नथी जे कांइ फरजो कर्मना नियम प्रमाणे आपणे माथे आवी पडी होय, ते अवश्य बजाववी ते छोडी देवानो आपणने हक नथी आपणी स्त्री अथवा तो आपणी संतति अथवा तो घरडा मावापने निराधार स्थितिमां रखडतां मूकी सैन्यासी थइ जवानो आपणने हक नथी ज्यां सुधी कर्म प्रमाणे जे संजोगोमां आपणे मूकायेला होइए, ते संजोगोने लगती फरजो आपणे अदा न करीए, त्यां सुधी आपणे उत्तम प्रकारनां कामो करवाने कदापि लायक बनी शकीशुं नहि पण उच्च काम करवानी उत्तम भावना हृदय आगळ दरेक पळे राखी आपणी फरजो बजाववी जोइए, अने आपणे जे जे काम करीए ते ते आपणे कृपाळु महात्माओना चरणकमळमां अर्पण करवुं जोइए

२. संपूर्ण आत्मसंयम—पोतानी जातपर काबु.

सूक्ष्म–गुप्त शक्तिओ आपणने मळे ते अगाउ आपणे आपणी इंद्रिओ उपर संपूर्ण काबु मेळववो जोइए. आपणा स्वभाव अथवा लागणीओ उपर एटलो काबु मेळववानी जरुर छे के आपणे जे जोइए अथवा सांभळीए, तेथी आपणने जरा पण गभरामण के संक्षोभ उत्पन्न थाय नहि कारण के आवा संक्षोभथी आ जगत् करतां सूक्ष्म भुवनोमां वधारे भयभरेलो गभराट थाय छे विचारबळ ए जगतमां बना बळो करतां वधारे मोटुं बळ छे पण अहीं आ जगतमां आ स्थूळ मगजने लीधे ते बळ

बराबर प्रकट थइ शकतुं नथी, पण सूक्ष्मभुवनोमां ते विचारबळ घणुंज छूटुं होवाने लीधे हद वगरनुं होय छे. जेनी शक्तिओ खीलेली छे, तेवो मनुष्य जो सूक्ष्मभुवन पर बीजा कोइ मनुष्य पर क्रोध करे तो ते मनुष्यने ते घणीवार गंभीर अथवा तो प्राणघातक नुकशान करे छे, एटले के मनुष्यनु मरण पण थाय छे आपणा ज्ञानतंतुओ (Nerves) उपर आपणो एटलो वधो काबु होवो जोइए के के जेथी करीने सूक्ष्मभुवन उपर जो कांइ आपणे एकाद कल्पित के भय भरेलो देखाव जोइए, तो तेथी डरीए नहि अने तेनी सामे पुरती हिम्मतथी टटार उभा रही शकीए. आ संबधमा एटलुं खुश थवा जेवुं छे के ज्यारे कोइ पण गुरु अथवा महात्मा कोइ पण मनुष्यने सूक्ष्मभुवन पर प्रथम जागृत करे छे, त्यारे ते मनुष्यना ते भुवनपरनां काम माटे अने सलामती माटे ते गुरु अथवा महात्मा पोताने माथे जोखमदारी लेछे माटे जो नवा शिखाउमां एकला रही सूक्ष्मभुवनमां काम करवानी हिम्मत न आवी होय तो तेना मदद करनारने तेनी सलामती माटे हमेशां तेनी पाछळ पाछळ भमवु पडे, अने आम करवाने माटे ते गुरुने पोताना अमूल्य समयनो मोटो भोग आपवो पडे, माटे ज्यारे चेलामां घणे अंशे हिम्मतनो गुण खील्यो होय छे, त्यारेज तेने सूक्ष्मभुवन पर जगाडवामां आवे छे शिखाउनी हिम्मतनी खातरी करवाने माटे, अने तेने ते काममां लायक बनाववाने माटे असलना समयनी माफक हालमा पण पृथ्वी, पाणी, हवा अने अग्निनी कसोटीओमांथी तेने पसार थवुं पडे छे बीजी रीते कहीए तो आ नवा शिखाउने शब्दोथी नहि पण खास अनुभवथी खात्री करवी पडे छे के अग्नि तेना सूक्ष्म शरीरने बाळी शकशे नहि, पाणी तेने डुबाडी शकशे नहि, पाणी तेने भींजवी शकशे नहि, अने पर्वत तेना मार्गनां विघ्नरुप थशे नहि ज्यारे आपणे आ स्थूल शरीरमा होइए छीए, त्यारे आपणने एवुं मानवानी मजबूत टेव पडी गयेली होय छे के अग्निथी आपणे बळीए छीए, पाणीमां डुबी मरीए छीए, नक्कर पदार्थमांथी आपणाथी पसार थइ शकातुं नथी अने आसपासनी खुल्ली हवानी वचमां आपणाथी अधर रहेवातुं नथी आ विचार एटलो वधो हृदयमा सज्जड चोंटी गयेलो होय छे के सूक्ष्म शरीर आ सघळी असरोथी मुक्त छे, एवी खात्री तेमने महा-[illegible] बहु वखते थाय छे तेओने एकदम खात्री थती नथी के आ सूक्ष्म शरीर [illegible] पदार्थोनी वच्चेथी [illegible] [illegible] पसार थइ शके छे, ते शरीर

पर्वतोनी गमे तेवी ऊंची टोचोपरथी वगर हरकते नीचे कुदको मारी शके छे, पुरता विश्वासथी अने सहेज पण भय विना ज्वालामुखी पर्वतोनां मुखमां पेशी शके छे, तेमज महासागरना अथाग अने ऊंडा जळनी तळीए सहेलाइथी अने वगर हरकते जइ शके छे

तो पण एक माणस ज्यां सुधी मारी पेठे जाणे नहि—जाणे पटलुं ज नहि पण ते प्रमाणे पोताना ज्ञान अने अनुभवथी काम करवाने ते लायक बने नहि त्यां सुधी, तेवो मनुष्य सूक्ष्म भुवन उपर काम करवाने घणोखरो नालायक छे, कारण के अगत्यना प्रसंग, जे प्रसंगो घणीवार आवे छे तेवे प्रसंगे—कोइ पण कार्यमां बेधडक आगळ वधता ते अचकी जाय अथवा बीकथी पाछो हठे, अने आ स्थूल शरीरना संबंधथी मनमां दाखल थयेली बीकथी या होम करीने पोतानुं शरीर झीपलावतां डरी जाय. आम न थवुं जोइए, तेटला ज माटे सूक्ष्म भुवन उपर काम करवानी इच्छावाळा अभ्यासीने सवळी कसोटीओमांथी अने तरेहवार अनुभवमांथी पसार थवुं पडे छे आ रीते ते धीमे धीमे शिखे छे—ज्ञान मेळवे छे घणाज भय भरेला अने त्रास उपजावे तेवा देखावो अने कमकमाट उपजावे तेवा संजोगो साने तेने शांतिथी अने हिम्मतथी काम करवानुं होय छे, अने ज्यारे गुरुनी संपूर्ण खात्री थाय छे के गमे तेवा अणगमता अने त्रासदायक बनावो के देखावो वच्चे पण पोतानो शिष्य गभराशे नहि पण हिम्मत राखी शकशे, अने फरमावेलुं काम करी शकशे, त्यारे ज आ सूक्ष्मभुवन उपर ते नवा शिखाउने तेनुं कार्य करवा गुरु तरफथी एकलो छूटो मुकवामां आवे छे.

आ साथे आपणां मन अने लागणीओ उपर पण काबु मेळववानी जरुर छे. जेनुं मन वश नथी, जेनुं मन एकाग्र नथी, ते कदापि बीजाने मदद करवाने लायक बनी शकशे नहि अनेक प्रकारनां खेंचाणकारक प्रसंगो अने भयकारक बनावो वच्चे तेने काम करवानु होय छे जो हवे ते पोताना मनने एकाग्र बनावतां न शीख्यो होय तो ते मनुष्य कांइ पण सारुं काम धार्या प्रमाणे करी शकशे नहि भटकता मनवाळो मनुष्य आ भुवन तेमज सूक्ष्मभुवन उपर नकामो छे

इच्छाओने कावुमां राखवानो हेतु ए छे के सूक्ष्मभुवनमां मनुष्य जेनी इच्छा करे छे ते पोतानी नजर आगळ जुए छे. त्यां कोइ पण चीज मेळववाने माटे 'इच्छा'ज पुरती छे हवे जो आपणी इच्छाओ हलकी होय तो हलका पदार्थो आपणी नजर आगळ आवी उभा रहेशे; आथी आपणे तेमां लोभाइ जइशुं, अने बीजाओने सहाय करवानुं काम थइ शकशे नहि जो ते समये आपणा गुरुदेव आपणी पासे होय तो ते वखते आपणने भारे लज्जा उत्पन्न थाय छे माटे आ कामना अभ्यासीए हलकी इच्छाओ उपर पूर्ण काबु मेळववो जोइए

३. शांति—आ गुणनी आ मार्गना अभ्यासीमां खास जरुर छे. चिंता, उदासी, उद्वेग, शोक वगेरे बिल्कुल असर न करी शके तेवी मननी शान्ति जाळववानी घणी जरुर छे गुप्त मददगार थवा इच्छनारे जे काम करवानां छे, तेमांनुं मुख्य लोकोने शांति आपवानुं, लोकोनी दिलगीरी उदासी अने फीकर दूर करवानुं छे पण मदद करनारनुं पोतानुं ज मन खीजवाट, उस्केरणी, चिंता, शोक वगेरेथी भरपूर होय तो ते बीजाने शुं मदद करी शके ? जे पोते बंधायेलो होय ते बीजाने शी रीते मुक्त करी शके ? आ वीसमी सदीनी कांइक जुदाजप्रकारनी धांधल, दोडाट, नजीवी बाबतो माटे लांबी लांबी चर्चाओ, अने 'कागनो वाघ' अथवा तो 'रजनुं गज' बनाववानी टेव—आ सर्व गुप्त ज्ञानना वधाराने माटे बहुज नुकसानकारक छे आपणामांना घणाखरा पुरुषो एक नजीवी बाबतने मोटुं रुप आपवानो ख्याल करीए छीए, अने नकामी बाबतने गंभीर जेवी गणीने चिंतातुर थवामां अमूल्य समय गुमावीए छीए, अने आथी शांति आपणाथी हजार गाउ दूर भागे छे

जेओ ब्रह्मविद्याना भक्त छे, तेओए तो मूर्खाइ भरेलो संक्षोभ अने वगर कारणनी नकामी चिंता या उदासीने पोताना दिलमांथी दूर करवी जोइए जेओ आखा विश्वनुं ज्ञान मेळववाने आतुर छे, तेओए तो मन साथे दृढ निश्चय करवो जोइए के 'जे कांइ बने छे, ते भलाने माटेज थाय छे ' आ विचार ब्रह्मज्ञानने मळतो छे, अने तेटला माटे ईश्वरी छे, एम चोक्स मानवुं कारण के दरेक मनुष्यमां जे कांइ सारुं अने पवित्र सत्व छे तेज स्थायी छे, अने जे कांइ अशुभ के अपवित्र जणाय ते थोडा वखतनुं छे ब्राउनींग नामना कविए बरोबर कह्युं छे के "बुरुं ते कांइज नथी, तेनी हयाती ज नथी पण ते भद्रभनी पेठे पार दिव्य हवा-

तीमां सघळुं शांत, आनंदथी अने मृदुल आशीर्वादोथी भरपुर छे" आ कारणथीज आ वातना जाणकार महात्माओ, पवित्रपुरुषो अने जगदुद्धारको सदा शांत स्वभाव राखे छे तेओ जाणे छे के आखरे सघळुं ठीक अने सारुंज थशे, तेथी तेवा ज्ञानने लीधे तेओ शांति साथे आनंद पण मेळवी शके छे आ कारणथी तेओने महात्मा पुरुषोने पगले चालवुं होय तेओए चिंता शोक अथवा उद्वेग वगरनी स्थितिमां रहेवानी टेव पाडवी जोइए.

४. ज्ञान—मनुष्यने जे भुवन उपर काम करवानु छे, ते भुवनने लगतुं ज्ञान तेणे मेळववुं जोइए आ बाबतनुं ज्ञान जेम मनुष्यने वधारे होय तेम ते वधारे उपयोगी बनी शके आ कामने माटे लायक थवाने गुप्तज्ञान अने अध्यात्मने लगतां पुस्तकोमां जे कांइ माहितीओ प्रकट थयेली छे ते सघळुं संभाळथी वाची, विचारी मनन करवुं जोइए जेओने वधारे उपयोगी काम करवानुं होय, तेओने वार घडीए पूछी तेओनो अमूल्य वखत लेवो जोइए नहि पण अत्यार अगाउ पुस्तकोमां जे काइ प्रकट थयु होय ते जाते वांचीने अभ्यास करवो जोइए जे कोइ अभ्यासी आवां पुस्तको वांची, तेने लगतुं ज्ञान मेळववा उद्यम करतो नथी, तेणे कदापि सूक्ष्मभुवनमां परोपकारने लगतां कामो करवानी आशा राखवी नहि

५. प्रेम—सौथी छेल्लो पण सौथी वधारे अगत्यनो गुण प्रेमनो छे आ स्थळे मारे भारे भार देइने जणाववुं जोइए के आ प्रेम ते फक्त शब्दोना दर्शावातो, अथवा संजोगो बदलातां बदलातो, कोइक क्षणिक जुस्सो नथी. तेमज सत्यने खातर हिम्मतथी उभुं रहेवानी जेनामां ताकात नथी, तेमज जे लागणी लागणीरुपे ज रहे छे पण कदापि कार्यना रुपमा बदलाती नथी, ते लागणी पण प्रेमना नामने योग्य नथी तेवा प्रेमथी काइ पण महत्वनुं कार्य बजावी शकाय नहि खरो प्रेम अथवा साची प्रीति तो तेनेज कही शकाय के जेमां खोटो डोळ होय ज नहि तेमज वडाइ पण होय नहि अने जे वखत आव्ये छुपचुप परोपकारनुं काम करवाने मनुष्यने प्रेरे छे. आवा प्रेमवाळो मनुष्य हमेश बीजानुं भलुं करवाना प्रसग शोधतो ज होय छे, अने दरेक प्रसंगे कोइने पण जणाव्या सिवाय ते तेना सवधर्मी आवता दरेक पुरुषनुं कल्याण करे छे मनुष्यने धीमे धीमे मालुम पडतुं

जाय के परमकृपालु महात्माओ साथे एक थइ, तेमना एक गरीब दास बनी, तेमने करवानां अनेक परोपकारोनो बने तेटलो बोजो पोते उपाडी लेवो ए एक परिश्रम नहि पण आनंदनुं काम छे, तो तेवा मनुष्यने खरेखर भाग्यशाळी मानवो.

आवो प्रेम ! आवी प्रीति ! आवी दया ! खरेखर ते उत्तमोत्तम गुण छे. ए प्रेम हृदयगारनो होय छे अने दुनियाना कोइ पण प्रेमनी साथे ते सरखावी शकाय तेम नथी.

उपर जणावेला सद्गुणो खीलववाने 'गुप्त मददगार' थवा इच्छनारे सतत् अने चालु कोशीश करवी जोइए अने कोइ पण :महात्मा अथवा महात्मानो शिष्य सूक्ष्म भुवन उपर परोपकारी काम करवाने जणावे ते पहेलां, आमांना बधा गुणो थोडे घणे अंशे तेनामां खीलेला होवा जोइए. आ स्थिति बहु उच्च छे अने तेटलाज वास्ते प्राप्त करवी ए मुश्केल छे. ते छतां कोइए पण आ काममां नासीपास थवुं जोइए नहि, अथवा तो ते मूकी देवुं जोइए नहि तेणे जाणवुं जोइए के ते निरंतर संपूर्ण भान साथे सूक्ष्म भुवन उपर भय अथवा जोखम विना काम करवाने समर्थ नथी, छतां हमणां पण ज्यारे ते तेवी हालत मेळववाने खंत राखे छे, त्यारे पोतानी शक्तिना प्रमाणमां सूक्ष्म भुवन उपर जोखम अने जवाबदारी वगरनुं केटलुंक काम ते बजावी शकशे

ज्यारे रात्रे आपणे उंघीए छीए, त्यारे आपणा शरीरमांथी बहार नीकळी दूर जइए छीए. ते वखते आपणामांनो कोइ पण मनुष्य कोइ पण दयाळु के भलु काम करी शकतो नथी, एम नथी मनुष्य जो इच्छा करे, तो उंघमां पण केटलुंक परोपकारी काम करी शके छे. उंघमां आपणे घणे भागे एक विचारमां तल्लीन अथवा गरक थइए छीए. आपणा दिवसनी जागृत स्थितिमां जे विचार मुख्य होय, ते विचारमां घणे भागे आपणे उंघमां रोकाइए छीए तेमा मुख्य करीने सूती वखते आपणे जे छेल्लो विचार कर्यो होय छे, ते विचार उंघमां घणे भागे पोषाय छे आपणो कोइ प्रिय मित्र, अथवा सगुं व्हालुं, अथवा तो कोइ पण मनुष्य जेने आपणे मदद करवा इच्छता होइए, ते मनुष्यने सघळी रीते मदद करवानो विचार करी, तेना तेज विचारनुं रटन करतां आपणे उघवु जोइए. आनुं परिणाम ए जरुर आवशे के जेने तमे मदद करवा

मागता हो, तेने जरुर मदद मळशे. ते हजारो माइल दुर होय तो पण अवश्य तमे तेने मदद करी शको छो मदद करती वखते मदद करनारनुं सूक्ष्म शरीर मदद लेनारनी बाजुए भमतुं घणी वार मदद लेनारना जोवामां आवे छे. आवा घणा दाखला नोंधायेला छे

कोइए पण नाउमेद थइ एम न धारवुं के आवा भला काममां ते कांइ पण भाग लेइ शके नहि आम विचारवुं ए मूलभरेलुं छे कारण के जे मनुष्य विचार करी शके छे, ते बीजाने मदद पण करी शके. आवुं परमार्थी याने परोपकारी काम उंघती वखतेज करवुं एम पण नथी. कोइ पण वखते दिवसे के रात्रे ज्यारे तमने मालूम पडे के तमारो कोइ सगो के दोस्त मांदो छे, के दुःख के संतापमां छे, अने तमे तेने मदद करवा च्हाता हो, तो जरुर तमारे तेने माटे भला, प्रेमना, दिलसोजी भर्या विचार जोरथी करवा कदाच समज सहित तमारुं सूक्ष्म शरीर ब्हार काढी मोकलवानुं तमने नहि आवडतुं होय, तोपण तमारा मजबूत अने भला विचारोनुं एक रुप–आकार बंधाशे, अने ते जेने तमे मदद करवाने धारता हो तेने जरुर मदद करशे, एमां जरापण शक के संदेह राखवा जेवुं नथी. जे प्रमाणमां तमारा विचारो एकाग्र हशे, अने जे प्रमाणमां तमारी शुभ लागणी बळवाळी अने विखराया वगरनी हशे, ते प्रमाणमां वधारे जलदीथी अने फायदाकारक रीते, ते मनुष्यने मदद थशे विचार ए खाली हवाइ कल्पना नथी, पण विचार ए खरी वस्तु छे अने जेनी अंतर्दृष्टि खीलेली छे तेवा मनुष्यो ते विचारने जोइ पण शके छे आ उपरथी आपणने जणाशे के जगतनुं भलुं करवाने जेटलो एक पैसादार मनुष्य समर्थ छे, तेटलोज एक गरीबमां गरीब मनुष्य पण छे तद्दन अपंग अने लाचार मनुष्य पण पोताना विचारो अने शुभ आशिषथी बीजानुं कल्याण करी शके छे. आपणे भान सहित सूक्ष्म भुवन उपर काम करवाने शक्तिमान् थइए, ते अगाउ पण, उपर प्रमाणे काम करीने अत्यारथी पण आपणे गुप्त मदद करनाराओना टुकडीमां सामेल थइ शकीए आ लेख वांची दरेक मनुष्ये भला विचारो करीने ते परमार्थी टुकडी साथे जोडावुं जोइए

गुप्त मददगारनां थोडांक दृष्टान्तो.

(१)

लंडनना परामां काम करतो एक मजुर बे छोकरांने निराधार अने मा वगरनां मुकी मरी गयो. तेना मरण पछी ते बे छोकरानी संभाळ करनार कोइ नथी, ए विचारमां तेनुं मन एटलुं बधुं गरक थइ गयुं हतुं के ते आगळ वधी शक्यो नहि ते मजुर हतो अने विलायतमां खर्च पुष्कळ होवाथी ते कांइ पण धन बचावी शक्यो नहतो तेनी स्त्री अगाउ मरण पामी हती अने जे घरमां ते रहेतो ते घरनी मालीक बाइ जो के बहु दयाळु अन्तःकरणनी हती, छतां आ बे छोकरांने दत्तक लेइ उछेरी शके एवी पैसा संबंधी तेनी स्थिति नहती तेथी तेणी नाखुशीथी एवा ठराधपर आवी हती के, अनाथाश्रममां ते बे छोकरांने मोकली आपवां आथी ते मरण पामेला पिताने अत्यंत दुःख थतुं हतुं, जोके ते घरनी मालीक बाइने टपको आपतो नहतो छतां शुं करवुं ते तेने सूझतुं नहतुं

आपणा 'गेबी मददगारे' ते पिताने पूछयुं " जेने तमे आ छोकराओ निर्भयरीते सोंपी शको एवो कोइपण तमारो स्वजन छे ? "

ते मरण पामेलाए जवाब आप्यो ' एवो तो कोइ मारो सगो नथी पण मारे एक नानो भाइ हतो, अने जो ते मारी हकीकत जाणे तो जरुर मदद आप्या विना रहे नहि. पण छेल्ला पंदर वर्षथी ते मने छोडी चाल्यो गयो छे, अने हाल ते क्यां रहे छे, अथवा जीवे छे के मरी गयो छे, तेनी पण मने खबर नथी छेल्लीवार ज्यारे मने पत्र

मळ्यो त्यारे एवी खबर पडी हती के ते सुतारने त्यां नोकर तरीके रहेलो छे. ते होंशीआर अने महेनतु होवाथी मने आशा छे के जो बराबर रीते ते चाल्यो हशे तो अत्यारे तेनुं कारखानुं सारी रीते चालतुं हशे ”

आटला ज उपरथी तेना भाइने शोधी काढवो ए काम सहेलुं नहतुं, छतां ते बिचारां निराधार बाळकोनी तेमज तेना पितानी दयामणी स्थिति खातर ते काम ते 'मददगारे' मन उपर लीधुं ते मरण पामेलाने साथे लेइ ते 'मददगार' पोताना सूक्ष्म शरीरमां शोधवा नीकळ्यो अने घणी महेनते अने घणा कलाक सुधी शोध कर्या पछी ते भाइ मालुम पड्यो.

अत्यारे ते पोतेज मोटो सुतार बनेलो हतो अने घणाक नोकरो तेना हाथ नीचे काम करता हता. तेनी पैसा संबंधी स्थिति सारी हती. ते परणेलो हतो, छोकरांनी ते बहु इच्छा करतो हतो पण तेने छोकरुं थेयुं नहतुं. टुंकमां कहीए तो आ कामने बराबर बंधबेसतो आवे तेवो ज ते मनुष्य हतो.

हवे तेने खबर शी रीते आपवी एटलोज सवाल हतो. सारा भाग्ये ते निर्मळ हृदयनो हतो अने तेथी आपणा 'मददगारे' त्रण रात्री सुधी तेने स्वप्न आप्यां अने स्वप्न मारफते तेने सूचव्युं के “ तारो भाइ मरी गयो छे, तेना बे छोकरा निराधार स्थितिमां छे, ते अमुक गाममां अमुक स्त्रीने त्यां रहेला छे, माटे तुं त्यां जा अने तेमने लावीने उछेर ” आवो भावार्थ जे रीते तेना मनपर ठसे तेवां स्वप्न आप्यां आ स्वप्ननी तेने एटली बधी असर थइ के तेणे पोतानी स्त्रीने ते स्वप्ननी हकीकत कही, तेथी तेणीए ते शिरनामे पूछाववा कह्युं, पण ते तेने पसंद पड्युं नहि. मातेज त्यां जवानो ने ते घर आगळ पुछपरछ करवानो विचार कर्यो. एवामां तेनी स्त्री बोली उठी “ स्वप्न तो आळपंपाळ छे, एवा मगजना खोटा ख्याल सारु आखा दिवसनो रोज शा सारु खोवो ? माटे त्यां जशो करशो नहि. ”

तेणे त्यां जवानो विचार मांडी वाळ्यो आ रीते ज्यारे ते मददगार पोताना काममां फतेहमंद न नीवड्यो, त्यारे तेणे बीजी युक्ति पसंद करी. आ पृथ्वी उपर वसता ते 'मददगारे' एक कागळ तेना भाइ

उपर लख्यो अने ते कागळमां स्वप्नमां तेणे जे जोयुं हतुं तेवी बधी बाबत अने छोकराओनी स्थिति वगेरे लखी मोकल्युं आ कागळ मळतांज तेना स्वप्ननी तेने खात्री थइ, अने जरा पण विलंब न करतां ते चाली नीकळ्यो अने ज्यां तेना भाइना बे छोकरा रहेता ते घर आगळ आवी पहोंच्यो ते घरनी मालीक स्त्रीए तेने सारो आदर सत्कार आप्यो. आटला दिवस सुधी ते 'मददगारे' स्वप्न मारफते ते डोशीने पण सूचव्युं हतुं के कोइने कोइ माणस आवी ते छोकराने तेडी जशे, माटे तेटला थोडा दिवस सुधी तमे छोकराने साचवी राखजो. आ कारणथीज ते डोशीए छोकराओ अनाथाश्रममां मोकली दीधा नहतां हवे ते छोकरानो काको तेमने पोताने घेर लेइ गयो, अने पोताने छोकरुं न होयाथी, तेमने तेणे पोताना पेटना छोकरानी माफक पाळ्या ते मरण पामेलो पिता पण हवे चिंतारहित थयो अने आनंद पामी 'आगळ चाल्यो गयो.' आवी गुप्त रीते देवो काम करे छे

(२)

मरण पामेलाने देवे आपेली सहायनो दाखलो आपणे उपर विचारी गया हवे जीवताने तेओ केवी रीते मदद करी शके छे ते आपणे विचारीए

एक वखते मद्रासना नाना गामडामां एक खेडुत अने तेनी स्त्री पोताना खेतीना काममां रोकायला हतां, अने तेओना बे नानां छोकरां खेतर व्हार रमतां हतां रमतमां अने रमतमां तेओ घणे दूर चाल्यां गयां, अने भूलां पड्यां ज्यारे आखा दिवसना कामथी कंटाळी गयेलां माबाप पोताने घेर पाछा आव्यां, त्यारे तेमने मालुम पड्युं के छोकराओ तो घेर नथी पण खोवायां छे पाडोशीओना घरमां तपास कर्या पछी चारे बाजुए पोताना नोकरोने सगां व्हालांने अने पाडोशीपाडोशीओने ते छोकरांनी सभाळ काढवा दोडाव्या तेओए चारे बाजुए तपास करी, पण कांइ पत्तो लाग्यो नहि तेथी तेओ निराश थइ पाछा फर्या तेवामां आघेथी तेओए कोइक प्रकारनो प्रकाश खेतरमां थइ मुख्य मार्गपर आवतो जोयो ते साधारण दीवाना प्रकाश जेवो नहतो, पण गोळा जेवुं कांइ चळकतुं हतुं तेवा ते प्रकाशमां बे भूलां पडेलां छोकरां था बधा मनुष्योनो नजरे पड्यां ते छोकराओनो बाप अने तेना सोबतीओ

एकदम ते प्रकाश भणी दोड्या. ज्यां सुधी तेओ ते छोकरानी नजदीक आवी पहोंच्या, त्यां सुधी ते प्रकाश चालु रह्यो, पण जेवा तेओए ते छोकराने हाथमां लीधा के प्रकाश अदृश्य थयो अने तेओ अंधारामां गोथां खावा लाग्या

छोकराओने पूछतां तेओए जवाब आप्यो "रात पडी गइ तेथी अमोए जंगलमां बूमो मारी करी, पण कोइए ज्यारे ते बूम न सांभळी, त्यारे अमे झाड तळे सूइ रह्या तेवामां कोइ सुंदर स्त्री हाथमां दीवा सहित आवी तेणे अमने जगाड्या. हाथथी दोरी ते अमने घर भणी लाववा लागी. ज्यारे अमे तेने कांइ सवाल पूछता, त्यारे ते हसती हती. पण एक पण शब्द बोलती न हती !" आ प्रमाणे ते बे छोकराओए वात करी अने उथलावी उथलावीने सवाल पूछतां छतां तेओ तो ते मतने ज वळगी रह्या.

आ बनाव एटलो बधो स्पष्ट छे के तेमां देवे लीधेला भागना संबंधमां विशेष समजण आपवानी जरुर नथी

(२)

एक वकील के जेनी स्त्री एक वर्ष उपर मरण पामी हती ते पोताना एक छोकरा अने छोडीने लेइ पोताना मित्रने पासेना गाममां मळवा गयो हतो. ते बे छोकरां तेमज तेना मित्रनां छोकरां साथे रमवा लाग्यां. तेना मित्रनुं मकान एक भव्य महेलना खंडेरमां आवेलुं हतुं, अने ते खंडेरना लांबा अंधारा गलीवाळा रस्तामां छोकराओ रमता रमता आगळ वधी गया, पण त्यांथी तेओ एकदम पाछा दोडी आव्या अने तेमना पिता पासे उपर जइ कहेवा लाग्या के "अमने अमारी मा मळी, तेणे अमने कह्युं के अहींआं रमशो नहि, उपर जता रहो, एम कही ते अदृश्य थइ गइ!" पाछळथी तपास करतां मालूम पड्युं के ते गलीवाळा मार्गमां उंडो कुवो हतो अने ते छोकराओ जराक आगळ वध्या होत तो तरत कुवामां पडी मरण पामत आ रीते मानो प्रेम मरण पछी छोकराओनी संभाळ राखे छे.

छेवटना बे बोल.

आ लखनार सारी रीते जाणे छे के आ विषय पर सर्वनी श्रद्धा बेसी शकशे नहि आजकाल 'देवो'ना नामे अने 'भूतो'ना नामे एटला बधा ढोंग ढोंग चाले छे के जेथी खरी वातो पण मनावी मुश्केल थइ पडी छे पण ते माटे शोक करवो नकामो छे. जेओ पवित्र छे–जेओ परोपकारी छे--जेओ विवेक साथे श्रद्धा धरावे छे तेओने तो आ वातो जेवी वातो पोताना स्वधर्मी बन्धुना दाखला जोवा मळ्या हशे ज अगर नजीकना भविष्यमां मळशे ज जेमने आ वातो मानवी न गमती होय तेमने आ लेखक टुंकमां अरज करे छे के, आ वात मानो तो तेथी तमारा धर्मने काइ नुकसान थवानु नथी अने न मानो तो सत्यने के देवोने काइ नुकसान थवानु नथी मानवाथी सारां कामो करवामां तमने श्रद्धा बंधाशे अने श्रद्धाथी तमे परोपकारना काममां कटाळो के डर राखवानुं भूली जइ हिमतवाळा बनशो (कारण के एवा काममां गुप्त मदद करनार देवो दूर नथी.एवी तमने खात्री होय छे). एटलो लाभ छे आ मान्यतामां श्रद्धा राखवी ए खोट वगरनो धंधो छे

एकदम ते प्रकाश भणी दोड्या. ज्यां सुधी तेओ ते छोकरानी नजदीक आवी पहोंच्या, त्यां सुधी ते प्रकाश चालु रह्यो, पण जेवा तेओए ते छोकराने हाथमां लीधा के प्रकाश अदृश्य थयो अने तेओ अंधारामां गोथां खावा लाग्या.

छोकराओने पूछतां तेओए जवाब आप्यो " रात पडी गइ तेथी अमोए जंगलमां बूमो मार्या करी, पण कोइए ज्यारे ते बूम न सांभळी, त्यारे अमे झाड तळे सूइ रह्या तेवामां कोइ सुंदर स्त्री हाथमां दीवा सहित आवी तेणे अमने जगाड्या. हाथथी दोरी ते अमने घर भणी लाववा लागी. ज्यारे अमे तेने कांइ सवाल पूछता, त्यारे ते हसती हती. पण एक पण शब्द बोलती न हती ! " आ प्रमाणे ते बे छोकराओए वात करी अने उथलावी उथलावीने सवाल पूछतां छतां तेओ तो ते मतने ज वळगी रह्या.

आ बनाव एटलो बधो स्पष्ट छे के तेमां देवे लीधेला भागना संबंधमां विशेष समजण आपवानी जरुर नथी

(२)

एक वकील के जेनी स्त्री एक वर्ष उपर मरण पामी हती ते पोताना एक छोकरा अने छोडीने लेइ पोताना मित्रने पासेना गाममां मळवा गयो हतो. ते बे छोकरां तेमज तेना मित्रनां छोकरां साथे रमवा लाग्यां. तेना मित्रनु मकान एक भव्य महेलना खंडेरमां आवेलुं हतुं, अने ते खंडेरना लांबा अंधारा गलीवाळा रस्तामां छोकराओ रमता रमता आगळ वधी गया, पण त्यांथी तेओ एकदम पाछा दोडी आव्या अने तेमना पिता पासे उपर जइ कहेवा लाग्या के " अमने अमारी मा मळी, तेणे अमने कह्युं के अहींआं रमशो नहि, उपर जता रहो, एम कही ते अदृश्य थइ गइ ! " पाछळथी तपास करता मालूम पड्युं के ते गलीवाळा मार्गमां उंडो कुवो हतो अने ते छोकराओ जराक आगळ वध्या होत तो तरत कुवामां पडी मरण पामत आ रीते मानो प्रेम मरण पछी छोकराओनी संभाळ राखे छे

છેવટના બે બોલ.

આ લખનાર સારી રીતે જાણે છે કે આ વિષય પર સર્વની શ્રદ્ધા બેસી શકશે નહિ આજકાલ 'દેવો'ના નામે અને 'ભૂતો'ના નામે એટલા બધા ઢોંગ સોંગ ચાલે છે કે જેથી ખરી વાતો પણ મનાવી મુશ્કેલ થઇ પડી છે પણ તે માટે શોક કરવો નકામો છે. જેઓ પવિત્ર છે--જેઓ પરોપકારી છે--જેઓ વિવેક સાથે શ્રદ્ધા ધરાવે છે તેઓને તો આ વાતો જેવી વાતો પોતાના સંબધમાં બન્યાના દાખલા જોવા મળ્યા હશે જ અગર નજીકના ભવિષ્યમાં મળશે જ જેમને આ વાતો માનવી ન ગમતી હોય ત્હેમને આ લેખક ટુકમાં અરજ કરે છે કે, આ વાત માનો તો તેથી તમારા ધર્મને કાંઇ નુકસાન થવાનું નથી અને ન માનો તો સત્યને કે દેવોને કાંઇ નુકશાન થવાનું નથી માનવાથી સારાં કામો કરવામાં તમને શ્રદ્ધા બંધાશે અને શ્રદ્ધાથી તમે પરોપકારના કામમાં કંટાળો કે ડર રાખવાનું ભૂલી જઇ હિંમતવાળા થનશો (કારણ કે એવા કામમાં ગુપ્ત મદદ કરનાર દેવો દૂર નથી; એવી તમને ખાત્રી હોય છે). એટલો લાભ છે. આ માન્યતામાં શ્રદ્ધા રાખવી એ ખોટ વગરનો ધંધો છે

'सुविचारमाळा'—मणको १० मो.

मोती-काव्य.

प्रथम खंड.

कर्त्ता.

मोतीलाल मनसुखराम शाह

प्रसिद्ध कर्त्ता.

वा. मो. शाह.

'जैन समाचार' पत्रनी १९११ नी सालनी ७मी भेट.

(वा. मो. शाह तरफथी).

'जैनसमाचार'नी १९११नी सालनी

१२ भेटो.

'सुविचार-माळा'ना मणका १९१०नी आखेरीथी शरु करवामां आव्या हता अने ए सालमां (१) 'साधुपरिषद्नो गुजराती रिपोर्ट', (२) 'स्वरशास्त्र' तथा (३) 'क्या ईश्वरे आ विश्व रच्युं?' ए नामना (३) मणका आपवामां आव्या हता. त्यार बाद चालु १९११ नी सालमां नीचे मुजब १२ भेटो-मणका नंबर ४ थी १५ सुधीनी-आपवानुं ठराव्युं छे त्हेनी विगत नीचे मुजब छे:-

भेट १ लो. कल्याण मंदीर स्तोत्र — मणको ४ थो छपाइ चुकी .....
,, २ जो. संसारमें सुख कहां है? भा. १ — ,, ५ मो छपाइ चुकी ....
,, ३ ,, दशवैकालीक सूत्र-पूर्वार्धे — ,, ६ ठो. . छपायछे.
,, ४ थो धर्मसिंह-बावनी — ,, ७ मो छपाइ चुकी ....
,, ५ मो. महात्मा कबीरनां पदो — ,, ८ मो. .. . . छपायछे.
,, ६ ठो. साधुपरिषद्की हिंदी रिपोर्ट — ,, ९ मो छपाइ चुकी. ....
,, ७ मो. मोती काव्य खंड १ लो — ,, १० मो छपाइ चुकी. . ..

नं. ८-९-१०-११-१२ पैकी केटलीक छपाय छे, केटलीकना विषयो पण हजी मुकरर करवामां आव्या नथी. डीसेम्बर १९११ नी अंदरमां ते सर्व रची, छापी, मोकली आपवामां आवशे.

कोइ उत्साही महाशय आमांना एकाद मणकाना खर्च पेटे थोडी पण रकम आपवा इच्छा लखी जणावशे तो त्हेमना नामथी ते भेट बहार पाडवामां आवशे.

मूल्य (मुफतमें) दिया जाता है
नामका साप्ताहिक अखबारका खरीददार बनकर १० मो.
मूल्य रु. ३) भेज देनेवालेको.

सिवाय भी, कल्याणमंदीर स्तोत्र आदि ७–८ पं

(२) श्री उत्तराध्ययन सूत्र जो कि हालमें रु. ६ ग्र
नहीं मिलता है, उसकी शुद्ध मत--अर्थ--टीका सहित ग्र.
(मुफतमें) हम देते हैं, और साथमें श्री विपाक सू
दशांग सूत्र और निरावळीका सूत्र और महावीर च
कीत कौमुदीका रास वगेरा अमूल्य पुस्तक मुफ
किसको ? 'जैनसमाचार' अखबारके खरीददार हो क
वा मूल्य रु. ३) और पोष्ट खर्च रु.१) मनीआर्डरसे भेज ाम शाह.

आपकी भी इच्छा हो तो अभी--इस वक्त आपका नाम
गाम--पोष्ट--जील्ला स्पष्ट हरफसे लिख भेजो और साथमें रु.
मनीऑर्डर भी भेजो.

पत्र लिखो तो साफ हरफमें लिखना; मुडी और उरदु हम नहीं

हमारा पताः--वाडीलाल मोतीलाल

अधिपति, जैनसमाचार, दाणापीठ--मु. अहम

(३) आपको संवत्सरीकी कुमकुम पत्रिका, लग्नकी कुमकुम प गां छापी
स्तवन, पोथी, इत्यादि कुछ भी छपानेका काम हो तो हमारे
काम भेजनेसे सफाइदार--शुद्ध व जलदी कर दिया जायगा.
उपर लिखा है उसी मुजब कर देना.

(४) आपको जैनधर्मकी कोई भी कीताब चाहिये तो हमारे ना
पत्र मत लिखो; सीधा नीचे लिखे हुवे पते पर चिठी लिख
मंगवा लेना. वाजबी दामसे पोथी भेज देंगः--

पोपटलाल मोतीलाल शाह जैनबुकसेलर
सारंगपुर--तळीआकी पोळ--मु.

‘सुविचार–माळा’–मणको १० मो.

श्री

मोती–काव्य.

प्रथम खंड.

जेमां,

श्रीयुत मोतीलाल मनःसुखराम शाह.

एमनां रचेलां प्रास्ताविक काव्योनो

संग्रह करवामां आव्योछे.

‘जैनसमाचार’ साप्ताहिक पत्रना ग्राहकोने

भेट आपवा माटे

स्वकीय ‘भारतबंधु प्रिन्टिंग वर्क्स’ नामक मुद्रालयमां छापी

प्रसिद्ध करनार

वा. मो. शाह.

‘जैनसमाचार’ ऑफिस–अमदावाद.

प्रथमावृत्ति, प्रत १५००

वीरसंवत् २४३७–इ स १९११–विक्रम १९६७

श्रीयुत

मोतीलाल मनःसुखराम शाह.

'जैनहितेच्छु' ऑफिसना जन्मदाता, 'सदुपदेशमाळा',
'शब्दप्रकाश', 'प्राणीहिंसा निषेधक' वगेरेना कर्त्ता
विसलपुर (हाल निवास अमदावाद)

[illegible] — અમદાવાદ

ગ્રંથકર્ત્તાનું જીવનચરિત્ર.

વિદ્યમાન પુરૂષોનાં જીવનચરિત્રો લખવામાં જે મુસ્કેલી અને જોખમદારી સમાયલી છે ત્હેનો ખ્યાલ માત્ર સહૃદય લેખકોને જ આવી શકે તેમ છે; ત્હેમાં પણ જીવનચરિત્રનું પાત્ર કોઇ આપ્તજન હોય છે ત્હારે તો એ મુસ્કેલીમા ઓર વધારો થાય છે આ કારણથી મ્હેં ઇચ્છ્યુ હતુ કે મ્હારા પૂજ્ય વડીલશ્રી અને આ પુસ્તકના કર્ત્તાનું જીવનચરિત્ર કોઇ જૂદી જ વ્યક્તિથી લખાય તો ઘણુ સારૂ; પરન્તુ તુરતમાં એ કામ ઉઠાવી લેનાર કોઇ નામ ન જડી આવવાથી, અત્યત સક્ષેપમા તે કામ જાતે જ બજાવી લેવાની જરૂર પડી છે, એવી આશા સાથે કે ભવિષ્યમાં તે પર કોઇ અન્ય મહાશય પુરતો પ્રકાશ અવશ્ય પાડશે.

'મોતી—કાવ્ય'ના કર્ત્તાની પીછાન જૈનવર્ગને કરાવવાની રહેતી જ નથી. પાચ લાખની સખ્યા ધરાવતા, જૈન વર્ગના સ્થાનકવાશી નામક એક પેટાવર્ગની સેવા અર્થે છેલ્લા ૧૩ વર્ષથી ચાલતા 'જૈનહિતેચ્છુ' માસિકના જન્મદાતા શ્રીયુત મોતીલાલ રતન-સુખરામ શાહે, પોતાના પેટા-વર્ગ ઉપરાત જૈનના અન્ય ફીરકાઓમાં, વૈષ્ણવો અને પારસી-મુસલમાનોમા પણ ત્હેમનાં લોકોપયોગી પુસ્તકો દ્વારા એવી સારી પ્રસિદ્ધિ મેળવી છે કે, પોતાના એક ક્ષુદ્ર બાલક દ્વારા પોતાની પીછાન કરાવવા જેવી સ્થિતિમા તે રહ્યા નથી. 'શબ્દાર્થકોષ' જેવા ગ્રથ વડે ગરવી ગુર્જર ભાષાની સેવા બજાવનાર તરીકે કેળવણીખાતાનો સત્કાર પામેલા, 'સદુપદેશમાલા' જેવા ગ્રથ વડે જનસમાજમાં નીતિનો પ્રચાર અસરકારક રીતે કરનાર તરીકે વિદ્વાનોની પ્રશસા પામેલા, 'પ્રાણીહિસા અને પ્રાણીખોરાક નિષેધક' જેવા ગ્રથ વડે અભણ તેમજ વિદ્વાન બન્ને જાતના માસાહારીઓને નિર્દોષ જીવન માર્ગપર મૂકનાર તરીકે દયાળુ દુનિયાની આશિષ પામેલા, 'રામરામ' જેવા જૂના ગુજરાતી ગ્રંથોનું સંશોધન કરીને જૈનસાહિત્ય-ને ખીલવનાર તરીકે જૈનોમાં પ્રિય બનેલા શ્રીયુત શાહ શારીરિક મુસ્કેલીને લીધે 'જૈનહિતેચ્છુ' માસિક સાથેનો સંબધ છોડવા છતાં પણ સુપ્રસિદ્ધ જ છે અને એક દસકા પછી ઓર વિશેષ સુપ્રસિદ્ધ થશે એમના જીવનચરિત્ર-માં મ્હોટી મ્હોટી બહાદુરીઓ કે ઝળકતા બનાવોની આશા રાખનારને નિરાશ થવું પડશે, પણ એમાથી આત્મસંશ્રયનો જે અમૂલ્ય પાઠ મળે છે તે નિરાશાનું સાટું વાળવા પુરતો છે. સ્થિતિઓના વારાફેરા એમણે

ગભીરતાથી અને સ્થીર ચિત્તે સહ્યા છે, એ બીના જ એમના લખાણોની ગભીરતાનુ કારણ છે

શ્રી શ્વેતામ્બર સાધુમાર્ગી (સ્થાનકવાસી) જૈનધર્મના મહાન ઉપકારી પુરૂષ શ્રીમાન્ લોંકાશાહની રાજધાની તુલ્ય અમદાવાદ શહેરથી પાચ કોશ દૂર આવેલા, એકવાર ઘણુ આબાદ અને આબરૂદાર પણ હાલ પડી ભાગેના વિમલપુર ગ્રામમા ઇ સ ૧૮૫૭ ના એપ્રીલમા ત્હેમનો જન્મ થયો ત્હારે ત્હેમના વડીલ શ્રી મન સુખરામ પ્રેમચદ પુર જાહોજલાલીમા હતા એક લખપતિ તરીકેજ નહિ પણ એક પ્રમાણિક અને આબરૂદાર ગૃહસ્થ તરીકે તેઓ આસપાસના ગામો અને શહેરોમા સુપ્રસિદ્ધ હતા. તેઓ એક જમીનદાર હતા મ્હોટા પાયા પર આ ો કૃષિનો ધ ધો ચલાવતા.

પોતાના ત્રણ મ્હોટા ભાઇઓ સાથે ત્હેમણે પિતા પાસેથી જ જૂની પદ્ધતિનુ જ્ઞાન સપાદન કર્યુ હતુ; કારણ કે તે વખતે ત્હા નિશાળ જ નહોતી છતાં જ્ઞાનનો શોખ સ્વાભાવિક રીતે જ ઉત્કટ હોવાથી સરકારી વાચનમાળા વગેરેનો અભ્યાસ ખાનગી રાહે કરીને ૧૮૭૬મા અમદાવાદ ટ્રેનીગ કૉલેજની પ્રવેશક પરીક્ષા પસાર કરી અને શિક્ષણ પદ્ધતિનુ જ્ઞાન મેળવી પોતાની બુદ્ધિ ખીલવવા માટે કૉલેજમા દાખલ થયા. પરન્તુ વિધાતાને એ પસદ ન હતું કે આપબળથી જ્ઞાન મેળવી શકે એવા પુરૂષો ગોખણીઆ જ્ઞાનમા વ્યર્થ સમય ગુમાવે ! તેથી તે દીર્ઘદર્શી માતાએ એવોજ ખેલ રચ્યો કે જેથી ભાઇઓને પતીઆળા વ્યાપારની વ્હેચણી કરવાની ઇચ્છા થઇ અને તેથી કૉલેજમાં તાજા જ દાખલ થયેલા જ્ઞાનાભિલાષીને વ્યાપારની જજાળમા જોડાવા માટે ઘેર પાછા ફરવાની ફરજ પડી થોડાએક માસ વ્યાપારનો અનુભવ લીધા પછી ૧૮૭૮મા વ્હેંચણી થઈ. પછી વ્યાપારનો સઘળો બોજો પોતાના શિર પડ્યો.

તથાપિ એ જજાલ તરફ પોતાનું લક્ષ ઘણુંજ થોડુ હતુ. જ્ઞાન વધારવાનો પ્રયાસ, હવે સ્વતત્ર બનતાં, અગાઉ કરતા બેવડા ખતથી આગળ લબાવ્યો. કાયદા અને વૈદકનો અભ્યાસ ઘેર બેઠાં કર્યો અને ગરીબોની દવા વગર ફીએ કરવાનું શરૂ પણ કરી દીધુ. તે વખતના ડીસ્ટ્રીક્ટ ડૅપ્યુટી કલેક્ટર ખાન બહાદૂર એદલજી ડોસાભાઇ સાહેબે ત્હેમની મુલાકાતથી ખુશ થઇ ત્હેમના કાયદા સંબંધી બારીક જ્ઞાનની તારીફ કરવા સાથે વકીલાત કરવાનુ સર્ટિફિકેટ આપ્યુ.

પરન્તુ વ્યાપાર, વકીલાત કે વધકીય કામ ઉપર ત્હેમનું લક્ષ વધારે વાર ટકી શક્યું નહિ; કારણકે ત્હેમણે જ્યહારથી એક બ્રાહ્મણના મુખથી

'રુક્મિણી હરણ' નો સલોકો સાભળ્યો હતો ત્હારથી ભગવતી કાવ્ય દેવીની ઉપાસના કરવાની એટલી તીવ્ર ઇચ્છા થઇ હતી કે થોડાજ દિવસમાં 'ઓખાહરણ'નો 'સલોકો' રચી નાખ્યો કે જે આસપાસના ગામોમાં ઘણા લોકો મુખપાઠ કરવામા આનંદ માનવા લાગ્યા સને ૧૮૭૮માં રચાયનું આ ન્હાનુ સાદુ પણ રસીલુ કાવ્ય એ, દેવી સરસ્વતીના ચરણારવીંદમાં અર્પણ કરાયલુ ત્હેમનું પહેલુજ પુષ્પ હતુ. ત્યાર પછી નેમવિવાહ, રુક્મિણી હરણ, લીલહમીરના વાર્તા વગેરે રચ્યુ, પણ એવા ઓછા ગભીર વિષય ઉપરથી ત્હેમનુ 'કાઇક નવુ—કાઇકિ નવુ' એમ ઝખતું મન થોડા વખતમાં ઉઠી ગયુ અને ભાષાની સેવા બજાવવા નિમિત્તે એક કોષ લખવા માડયો. વૈદક, કાયદા, જૈન ધર્મ અને ગુર્જર સાહિત્યનાં પુસ્તકોનો પરિચય થયેલો હોવાથી તથા ખેડુતો સાથે દરરોજ કામ પડતું હોવાથી, ત્હેમને જણાયુ કે કવિ નર્મદાશંકરના કોષમા ઘણા શબ્દો રહી જવા પામ્યા છે અને ત્હેમણે તે ખોટ પુરવા પ્રયાસ આરભ્યો ફુરસદ થોડી જ હતી; કારણ કે જજાળ વધારે હતી, તથાપિ કામના વખત વચ્ચે જ્હારે પણ થોડી મીનીટનો અવકાશ મળે ત્હારે પોતાને યાદ આવતા શબ્દો ટાકી લેતા; વખતે કોલસા કે ખડીના ટુકડાથી જમીન પર નોંધી લેતા અને પછીથી કાગળ પર ઉતારતા. લગભગ ૧૦–૧૨ વર્ષના ફુરસદના વખતના પરિણામ તરીકે ' ગુજરાતી શબ્દાર્થ કોષ ' સને ૧૮૮૬મા બહાર પડયો અને સરકારી તથા ગાયકવાડી કેળવણી ખાતામા મજુર થવાથી ૧૮૮૮ માં ત્હેની બીજી આવૃત્તિ બહાર પડી.

જે વખતે ' કોષ 'નું કામ આરભ્યુ તે અરસામાં ત્હેમનુ ચિત્ત વધુ ગભીર બાબતો ઉપર વળ્યુ હતુ એમ પાછળ કહેવાઇ ગયુ છે. આ ગભીરતાનુ કારણ પરમગુણી પૂજ્યપાદ મુનિવરશ્રી હિરાચદજીનાં દર્શન જ. એ તેજસ્વી, ક્રિયાપાત્ર અને જ્ઞાનાલકૃત મુનિ દરિયાપુરી સમુદાયના વડીલ હતા, અને એવા તો પ્રતાપી હતા કે એક ગજવશીથી પણ વધારે દીપતા હતા અને સ્વર્ગવાસ વખતે ત્હેમના શબે શુદ્ધ સુવર્ણમય આકૃતિ ધારણ કરી હતી. એ પુરૂષનો સમાગમ થતાં ધર્મજ્ઞાન તરફ પ્રેમ જાગ્યો અને સુત્રો અને ગ્રથો લખવા, વાચવા, વિચારવામાં દિવસો નિર્ગમન કરવા લાગ્યા.

શોખથી જ હાથ લીધેલો આ પવિત્ર વ્યવસાય આગળ જતાં એમને ઘણો ઉપકારી થઇ પડયો; કારણકે વિમલપુરની પડોશમાં સ્નેહી સાબર-મતીએ જ્હારે મર્યાદા છોડીને આખા ગામને પોતાના મસ્તકે લઇ નચાવવા

માંડ્યું અને પોતાની ઘણી જમીન અને મીલ્કતને નુકશાન પહોચવાથી તથા લ્હેણું ધલાઇ જવાથી ત્હેમનુ મન ધીરધાર કરવા અને ખેતી કરાવવા પરથી ઉઠી ગયું ત્હારે, વૈદક અને વકીલાતથી પૈસા રળવાનુ જૈન દષ્ટિએ ઉચીત નહિ લાગવાથી, જૈન શાસ્ત્રો લખવાનુ કામ કરવા માંડયુ એમના હસ્તક ઘણા સુદર હોવાથી અને શુદ્ધ લખવાની શક્તિ હોવાથી થોડા કલાકની મહેનતથી તેઓ જરૂર જેટલી આવક કરી શકતા અને બાકીનો વખત જ્ઞાન વધારવા પાછળ ખર્ચતા વિસલપુરથી અર્ધ કોશ દૂર આવેલા કામડા ગામમાં મ્યુનીશીપાલીટી નવી સ્થાપન થતા મે૦ બા૦ બ૦ બમનજી એદલજી મોદી સાહેબના ખાસ આગ્રહથી ત્હેમણે મ્યુનિસિપલ સેક્રેટરી તરીકેની જગા સ્વીકારી હતી (સને ૧૮૮૧) બા૦ બ૦ મોદી સાહેબે તથા ગ.બા૦ મોતીલાલ ચુનીલાલ સાહેબે ત્હેમની કાર્યદક્ષતા અને પ્રમાણિકપણા માટે પ્રશસાપત્રો લખી મોકલ્યા હતા અને સારા પગારથી બીજી જગાએ નીમણુક કરી હતી; પરન્તુ બહોળા કુટુંબની સારસભાળ કરવાની હોઈ ત્હેમણે નોકરી મુદ્દલ છોડી દીધી હતી

સને ૧૮૯૪ માં ત્હેમના વડીલ પુત્રના-મ્હારા અભ્યાસ અર્થે અમદાવાદ આવી રહેવાનું થયુ. મ્હારા મોસાળ વિરમગામમાં રહી ગુજરાતી ૬ ધોરણ પૂરાં કર્યા બાદ અગ્રેજી પાચ ધોરણ શીખીને મ્હારે ઘેર પાછા ફરવુ પડયું હતું; કારણ કે વિરમગામ સ્કુલમા વધુ ધોરણ શીખવાતા જ નહોતાં અને મ્હારા શિક્ષકોએ તથા ત્હાના મામલતદાર સાહેબે મ્હારા વડીલ જોગ એક ખાનગી ભલામણ પત્ર લખ્યો હતો કે " આ છોકરાને આગળ ભણાવવામાં ગમે તેટલુ કષ્ટ પડે તે સહન કરવા અમારી સલાહ છે. વગેરે, વગેરે, "

તે વખતથી તેઓએ અત્રે રહેવા માડયુ અને વિસલપુરની જમીન વગેરે સબધી કામ થોડુ વણું સંભાળવાનુ ચાલુ રાખ્યુ. ત્હેમના ૩ વડીલ ભાઇઓ પૈકી એકજ હાલ વિદ્યમાન છે અને ૭ પુત્રો પૈકી ૫ હયાત છે.

અમદાવાદમાં આવ્યા પછી "પ્રાણીહિંસા અને પ્રાણીમોરાક-નિષેધક" નામનું જે પુસ્તક ત્હેમણે પ્રગટ કર્યું હતુ ત્હેના તુલ્ય હજી સુધી એક પણ પુસ્તક એ વિષયપર રચાયુ નથી એમ હુ નમ્રતાથી દાવો કરી શકીશ. એમાં આપેલા દરેક ધર્મના પુરાવા, દેશી અને અગ્રેજી તબીબોના મતો અને દયા ઉત્પન્ન કરનારો ઉપદેશ એ સર્વની અસર કેટલાક પારસી અને મુસલમાનો ઉપર 'એવી તો સચોટ' થઇછે કે તેઓએ માસાહાર

છોડયા બાબતના પત્રો લખ્યા છે. આ પુસ્તક તથા સદુપદેશમાળા વગેરેના સબધમાં અનેક વિદ્વાનોએ ઉચ્ચ મત પ્રદર્શીત કર્યા છે. મરહુમ વૈદ્યશાસ્ત્રી મણિશકર ગોવિંદજીએ "ગુજરાતી ગ્રથકારો અને ગ્રંથો" નામના સાહિત્ય-ગ્રથમા લખ્યુ છે કે "મી. મોતીલાલનાં પુસ્તકો સ્વતંત્ર અને પ્રસાદ ગુણવાળા છે"

સાધુમાર્ગી જૈન કોમની ખેદજનક દશાનો અનુભવ ત્હેમને અત્રે આવ્યા પછી જ થયો અને તે ઉપરથી એક માસિક પત્ર કહાડવા ઇચ્છયું. 'જૈનહિતેચ્છુ' માસિક હજી વિદ્યમાન છે અને ત્હેના સ્થાપક તથા હમણાનો સમ્પાદક વગેરે સર્વ વિદ્યમાન છે માટે એ સબધે કાઇ લખવું ઉચીત ગણાય નહિ, એટલુ કહેવુ બસ થશે કે મ્હારા રગુનથી આવ્યા પછી મ્હારા વડીલશ્રીની શારીરિક પ્રકૃતિ લક્ષમા લઇ તે બોજો મ્હારે લીધા અને ત્હારથી માસિક, પાક્ષિક તેમજ સાપ્તાહિક વગેરે મ્હારા વ્યવસાયને શિર જે કાઇ લોક પ્રિયતા મળી છે તે સર્વ મ્હારા તે વડીલશ્રીની કૃપાદૃષ્ટિનુ જ પરિણામ છે

મ્હારા વડીલશ્રીનુ વય આજે ૫૩ વર્ષનું છે. સરસ્વતીસાધનાએ ત્હેમની આખ પર, અને દુનીઆદારીના વારાફેરાએ ત્હેમના શરીરપર નિષ્ઠુરતા વાપરી છે, છતા હજી તેઓ બને તેટલો સમય જૈન ગ્રંથોના સશોધન પાછળ ખર્ચ્યા સિવાય રહી શકતા નથી.

જ્ઞાનનો મ્હને થોડો પણ શોખ લાગ્યો હોય તો તે, આત્મબળથી જ્ઞાન પ્રાપ્ત કરનારા પૂજ્ય વડીલશ્રીનુ અનુકરણ કરવાની ઇચ્છાને આભારી છે; એટલે એ ત્હેમનો જ પ્રતાપ છે તેમ મ્હારા સદ્દગત માતુશ્રી અને સદ્દગત પિતામહી કે જે બન્ને માત્ર દશેક વર્ષ ઉપર સ્વર્ગવાસી થયા છે ત્હેમના હૃદયની વિશાળતા અને ત્હેમની ઉપકાર વૃત્તિને પણ આજનો 'હુ', થોડો ઓશીગણ નથી લેશ પણ અતિશયોક્તિ વગર હુ કહેવાની રજા લઇશ કે તે બે આર્યાઓ તુલ્ય સરળ પ્રકૃતિ, વિશાળ હૃદય, માયાળુ સ્વભાવ, પરોપકાર વૃત્તિ અને હસમુખુ છતા ગભીર વદન હુ આજ સુધી કોઇ આર્ય કુટુબમાં જોવા પામ્યો નથી. એ બન્ને દેવીઓ દુશ્મન પ્રત્યે પણ પરોપકારનો પ્રવાહ વહેવડાવતી અમિના સાગર તુલ્ય તે માતાઓના અભણ શબ્દકોષમાં દ્વેષ, વૈર, દુર્ભાવના કે કઠોર વચન લખાયુ જ નહોતું. દૈવી શક્તિઓ! ત્હમારા અમૃત ઝરતાં પ્રેમી મુખડાનું દર્શન કરવાનુ સુભાગ્ય હવે ક્યારે પ્રાપ્ત થશે? ત્હમે દેવલોકમાથી પણ અમને જુઓ છો, સન્માર્ગ સૂચવો છો, એ જાણતા હું કેટલો ઇંતેજાર છુ!

પણ ના; હું અહીં મ્હારૂં આત્મકથન લખવા બેઠો નથી, તેથી આ બધા પ્રસંગો અને મ્હારા એ લગભગ બગેબગીઆ થઈને 'રસ્તે પડેલા' બંધુઓના સ્વર્ગવાસની બાબત પર વધારે વાર રોકાવું મ્હને ઉચીત નથી. તેઓ જ્યાં હો ત્યાં સુખી હો! તેમના પ્રત્યેની મ્હારી ફરજો અદા કરવામાં થયેલી ગફલતો માટે મ્હને ક્ષમા મળો!

આ પુસ્તકના કર્તાએ રચેલા પુસ્તકો પૈકી કેટલાંક, ઉપર જણાવવામાં આવ્યાં છે; તે ઉપરાંત બીજાં નીચે મુજબ પુસ્તકો તેમણે રચી પ્રગટ કર્યાં છે—

(૧) '**બારવ્રત**. આ પુસ્તક જેવું શુદ્ધ એક પણ એ વિષયનું પુસ્તક હજી સુધી બહાર પડયું નથી. એની ૬૦૦૦ પ્રતોનો પ્રચાર વિના-મૂલ્યે કરવામાં આવ્યો હતો

(૨) '**શ્રાવકની આલોચણા.**' પ્રથમ ગુજરાતી અને પછી બાળ-બોધ લિપિમાં એમ બે આવૃત્તિઓ લોકપ્રિય થઈ પડી છે.

(૩) '**રામ-રાસ**'. ઈ. સ. ૧૬૧૭ મા મુનિશ્રી કેશરાજજીએ રચેલા આ અદ્‌ભૂત સાહિત્ય ગ્રંથનુ સંશોધન કરી પ્રગટ કરવામાં આવતાં ગાયકવાડી કેળવણી ખાતા તરફથી ગ્રંથ મંજુર થયો છે.

(૪) '**જૈન શાસ્ત્રમાળા**' **ભાગ ૧ લો,** કે જેમા જ્ઞાતા સૂત્ર, નિરાવલીકા સૂત્ર વગેરે ૭ સૂત્રોનો સાર આપેલો છે અને જે થોડાક ફારફેર સાથે, **વિનામૂલ્યે** પ્રચાર કરવા માટે, મ્હારા તરફથી ગઈ સાલમાં પ્રગટ થયો હતો.

'**જૈન કોષ**' અથવા જૈન પારિભાષિક શબ્દોનો કોષ લખાઈને તૈયાર થયો છે; માત્ર ઉત્તેજનને અભાવે પ્રગટ કરવાનું કામ ખોળંભે પડયું છે.

'**સમકિત કૌમુદી**'નો રાસ સુધારવાનુ કામ હાલ આસ્તે આસ્તે ચાલે છે.

'**મોતી-કાવ્ય**' ખંડ ૧ લો નામનું પુસ્તક આજે મ્હારા સાપ્તાહિક પત્રના વાચકોને વિનામૂલ્યે આપવા માટે મ્હારા તરફથી પ્રગટ કરી કવિની કાવ્ય શક્તિ સંબંધે સ્વતંત્ર રીતે અભિપ્રાય બાંધવાનુ કામ વાચકને જ સોંપુછું જો એ કૃતિ ઉપકારી જણાશે તો બીજો ભાગ પણ પ્રગટ કરવા ચુકીશ નહિ.

વા. મો. શાહ.

कर्त्तव्य.

(ભૂજંગી છંદ.)

નદી નીર ચાલે અને વાયુ વાયે,
કરે કામ કેવું ? ઉગે છોડવા એ;
કહો આપણે આળસુ બેશીં રે'વુ ?
કરો તો ખરા દીલથી કામ લેવું. ૧

દુખે દીનતા કે બીજાથી ડરીને,
નહીં સુસ્ત થાવું નિરાશા કરીને;
અતિ અલ્પ લક્ષ્મી છતા ધૈર્ય ધારો,
નરાધિપતિ યે દુખોને વિદારો ૨

કરે રાય ચિંતા અને બીક ભારે,
નથી આપણે એ, ડરો કેમ ત્યારે ?
વદો નમ્ર શબ્દો કરો કામ રૂડા,
અતિ લાભ આપે અને મૂળ ઉંડાં. ૩

ઘણા હાથીં ઘોડા અને પાલખી એ,
રખેવાળ એના ખરેખાત છીએ;
કર્યું દ્રવ્ય ભેળું ધર્યું સર્વ રે'શે,
બજાવો તમારી અહીં ફર્જ જે છે ! ૪

અતિશે **ત્વરાથી** નહીં કામ કીજે,
અતિશે **ધિમાશે** નહીં કામ સીઝે;
ખરા દીલથી ને ખરા શુદ્ધ ભાવે,
કરો કામ તો આખરે શ્રેય થાવે. ૫

વૃત્તિ ઉંચ રાખી ધરો ધારણાઓ,
કરો શૂભ કામો દુખી છે ઘણાઓ;
નહીં હામ હારો કદી ખોટ પામો,
નહીં ફૂલ મારો કદી લાભ જામો ૬

ધરી કાળજી ને કરી ઈશ માથે,
ડરી પાવ મૂકો ધરી પાઘ હાથે;
પહોળા ઝરા સાંકડા મૂળમાંથી,
ઉગે વૃક્ષ મોટાં લઘુ બીજમાંથી; ૭

થતાં કામ મોટાં શરૂઆત નાની,
કરો કાળજીથી મહાકાર્ય માની;
સુવર્ણાક્ષરે સુચિતે જે લખી લે,
પછી પાઠ મોતી કિધે ઇશ રીઝે ૮

કોણ શૂરો ?

પચીશસેં વર્ષ પર બંગાળાનો રાજપૂત્ર,
શાકયસિંહ સભા ભરી બીરાજ્યો ઉમંગથી:
ભાટ અને કવિઓએ યુદ્ધનું વર્ણન કરી,
સગ્રામે શુરો તેને વખાણ્યો શૂરો કથી;
કુદરતી ખ્યાલ આવ્યે શાકયસિંહે એમ કહ્યું—
"જીવને સંહારવો તે કામ હીણું સર્વથી;"
જીવહીંસા તજે અને તજાવે તે પૂરો શૂરો.
મોતી એથી જગનમા બીજો શુરો કો નથી.

અજ્ઞ લોકો દયાના ગુણને નામરદાઇ કહેછે એનુ કારણ માત્ર એટલું જ છે કે તેઓ જાણતા નથી કે, "દયા કરવા માટે આત્મભોગ આપવો પડેછે, બીજાને માટે પોતાના શિર પરિશ્રમ, ખર્ચ તથા અગવડોનો બોજો ઉપાડવો પડેછે," કે જે સઘળા ગુણો ખરેખર મરદાનગીના છે. એટલાજ માટે સંતજનોએ કહ્યુંછે કે **"તરવાર અને દયાનો ગુણ એ બે તો માત્ર બહાદુર પુરૂષ જ ધારણ કરી શકેછે."**

एक गरीबनी हाय.

☞ ગરીબના નિસાસા અને આશિર્વાદ લાગ્યા વીના રહેતા નથી. ગરીબને અન્ન આપવાથી તેની આંતરડી સતોષાય છે તેથી પુન્ય પ્રકૃતિ બધાય છે. તે કારણથી જૈનશાસ્ત્રમા નવ પુન્ય મધ્યે પહેલુ પુન્ય અન્નને ગણેલું છે આથી ઉલટું ગરીબને અન્ન મળધી અતરાય પાડવાથી કે ઓછુ આપવાથી પાપ પ્રકૃતિ બધાય છે.

દોહરા.

છપ્પનના દુષ્કાળમાં, રૂપૈયે શેર શોળ—
વેચે જાર બજારમા, વરતાયો બહુ રોળ. ૧

ઘાચી નામે 'ગાંગલો', નિર્ધન નિરાધાર;
વેચી વાળી કાનની, લેવા ચાલ્યો જાર. ૨

'કર્મચંદ' કણિયા[1] તણી, દુકાન છે ઉત્કૃષ્ટ,
લીધી આના આઠની, જૈ જાર શેર અષ્ટ. ૩

જોખાવી ઘેર આવીને, પૂર્ણ યે શેર સાત,
રાંધી ઘેંશ પાણી વિષે, ખાતાં [2]ખોરી ખાત ૪

ગાગો થઇ [3]કાગો અને, રોવા લાગ્યો નેટ,
હાય નિસાસા નાખીને, કુટયાં માથું પેટ. ૫

આ ભવ કે ભવ પૂર્વનાં, કર્મચંદનાં કર્મ;
તાત્કાલિક ત્યાં આવિયા, રાખી નહિ કંઇ શર્મ. ૬

દવ લાગ્યો દુકાનમાં, બળી થયું સહુ ખાખ;
પ્હેર્યે વસ્ત્રે નીકળ્યો, ઊડે નહિ મુખ માંખ. ૭

"હાય નિસાસા ગરીબકા, કબુ ન ખાલી જાય"
કહેવત એ સાચી ઠરી, મોતી મૂર્ખ પોમાય[4]. ૮

---

૧ કણિયા ૨. 'ખારી ખાતર જેવી' એમ કહેવાય છે. ૩ ગરીબડા. ૪. મૂર્ખ માણસો ગરીબને પજવીને પોમાય છે—મલકાય છે પણ પાછળથી પસ્તાય છે

दुःखमां दिलासो.

(દોહરા.)

દુખ આવ્યે ડરવું નહીં, કર્મ-બનાવટ કામ;
નિજ દોષોને દેખતાં, હૈયે આવે હામ. ૧

પર દોષોને દેખતાં, વળી કરતાં અફસોસ;
દુખ બેસે જે પીઠપર, કરી અતિશય રોષ. ૨

હીમત રૂપી હાથમાં, ધર જબરૂં હથિયાર;
આવી અહર્નિશ નમ્યો, દેવ ધરીને પ્યાર. ૩

કરિયાતૂ કડવું ઘણું, ખાતાં છે ગુણકાર;
દુખમાં પણ એક ગુણ છે, સુજ્ઞ કરે સ્વીકાર. ૪

દુઃખતણા પડદા થકી, દુનિયાં અથિર જણાય;
સગપણ સહુ જૂઠું દિસે, ભાન હરીનું થાય. ૫

સુખમાં સોની સાંભરે, દુખમાં હરિનું નામ;
કે'વત એ સાચી ગણી, અનુભવિ રાખે હામ. ૬

મલીન કિમતી વસ્ત્રને, ધોઇ કરે બહુ સાફ;
દુઃખ ધુએ છે દીલથી, ઉત્તમ જનનાં પાપ. ૭

બડા બડાને દુઃખ છે છોટાથી દુખ દૂર;
તારા સહુ ન્યારા રહે, ગ્રહણ શશી ને સૂર. ૮

હીમત હૈયે હોય તો, કરે ન દુઃખ હેરાન;
મોતી રોતી છોકરી, દેખી કરડે શ્વાન. ૯

ધનાઢયનો ધર્મ.

(ભૂજંગી છંદ.)

ધનાઢયો ! સુણો વીનતી એક મારી,
કહું દીનતાથી લહો તે વિચારી;
બઝાડી ઉદ્યોગે ગરીબો ઉગારો,
તમે ધૈર્યતાથી સ્વધર્મી સુધારો. ૧

મળ્યું દ્રવ્ય ઝાઝું બધું આહી રે'શે.
કમાઈ કુટુંબી સહુ વ્હેચી લેશે;
નહીં સાથ આવે પ્રિયા પૂત્ર પ્યારો,
તમે ધૈર્યતાથી સ્વધર્મી સુધારો. ૨

ગયા રાવ રાણા અને રાયજાદા,
મુઆ શૂરવીરો મુકી કૂળ-માઝા;
જવું આપણે એમ નક્કીજ ધારો,
તમે ધૈર્યતાથી સ્વધર્મી સુધારો. ૩

પુરાણો પુરો ધર્મ તે મદ ચાલે,
અદ્યાપી નહીં કોઇ આધાર આલે;
છની શક્તિએ તેહને કા વિસારો ?
તમે ધૈર્યતાથી સ્વધર્મી સુધારો. ૪

સુધારો વધારો કુધારો ન ધારો,
ભણે બાળ બાળા કરો ઊપકારો;
કરો સાધનો જ્ઞાનનાં ઠાર ઠારો,
તમે ધૈર્યતાથી સ્વધર્મી સુધારો. ૫

અતિ જ્ઞાનનું દાન છે શ્રેયકારી,
બિજું અન્ય તેવું ન જૂઓ વિચારી;
રૂડી શીખ મોતી તણી ઊર ધારો,
તમે ધૈર્યતાથી સ્વધર્મી સુધારો. ૬

शोख निमित्ते थती जिवहिंसा.

(એડો ખાઈ ગડનો તાગરે—એ દેશી.)

આવી કેમ અજ્ઞાનતા આવીરે ? દયા બુદ્ધિ એહ દબાવીરે (ટેક)
[1]કલેવર કીડી કેરૂં જોઈને. મનમાંહી [2]શોચના થાય;
જૂ માંકડ ને મચ્છર જૂઆ, રક્ષણ એનું કરાય. આવી. ૧

[3]દાતણ પરનું કરતાં કાપેલુ, મન માંહી નીમ રખાય;
પ્રાણીની નીપજ મારીને લાવે, તેની ન રહેમ જગાય. આવી. ૨

અરેરે ! અરેરે ! મૂખે કરોછો. ચંપાતા નાના જીવ.
શોખને કારણ પ્રાણી મરે પણ, તેની ન ગુણો રીવ. આવી. ૩

હાથીનું હાડકું પહેરતાં હાથે, આણે ન રહેમ લગાર;
શાણી થઇ રાણી પાણી ગળે છે, દીનમાં દો દો વાર ! આવી. ૪

“લક્ષ રૂપૈઆ કીમત જેની, મુઆ પછી સવા લાખ;”
હાડને કારણ હાથી મરાતા, એ શીર કોને પાપ ? આવી. ૫

દાંતનો ચૂડો જોઈને રૂડો, ચૂડગર વહેરે આપ;
[4]દંતવાણિજ્ય કરવાનું મોટું, શાસ્ત્રમાં કીધું છે પાપ. આવી. ૬

અવર પ્રાણીના હાડને અડતા, આભડછેટ ગણાય;
હાથીનું હાડકું પહેરીને હાથે, નિત્ય રસોઇ કરાય. ! આવી. ૭

દાંતનો ચૂડો પહેરવો હાથે, એવો નથી કોઈ લેખ;
વસ્તૂ મોંઘી ને પ્રાણીનુ મૃત્યૂ, તજો ધરીને વેગ. આવી, ૮

ટકાઉ સોંઘી ચીજ શોધીને, સરવે કરો જ પસંદ;
જીવ બચે ને જર બચે એ, લાભ દીસે તદ્દન આવી. ૯

આ વીણ બીજી હિંસાઓ થાતી, શોખ ને શોભા માટ.
પીંછાના માટે પક્ષીઓ મારે, માછલી મોતી ઘાટ. આવી ૧૦

---

૧ જીવ વિનાનું ખોળિયુ, મડદું. ૨. અફસોસ. ૩. એક દાતણ આટલા દિવસ સુધી ચલાવવું અથવા અમુક ઝાડના દાતણ સિવાય બીજું દાતણ કરવું નહિ એવો કેટલાક માણસો નીમ (બાધા) લે છે. ૪ હાથી દાંતનો વેપાર.

કીટ કોસંટો હીર કરે છે, ચીર વણે વણનાર;
નીર ઉનામા બોળીને મારે, જીવતા જીવ અપાર. આવી. ૧૧
'અહિંસા' એ ધર્મ છે રૂડો, શાસ્ત્ર સહુ તણો સાર,
મોતી કહે ગોતી પાપના કામો, તજી થાઓ ભવપાર. આવી. ૧૨

ત્રેવડ (मितव्यय.)

દોહરા.

[1]પૂત્રો બે પેદાશના, 'ઉદ્યમ' 'ત્રેવડ' જાણ;
ઉદ્યમમાં નુકશાનનો, ભય રહ્યો નિરવાણ. ૧

જાવકથી આવક તણું, [2]પલ્લું ઉંચું જાય;
[3]પલ્લું તે નિજ નારનું, નિશ્ચય મૂકી ખાય. ૨

તરાળા રૂપે વાદળી, ગ્રહે નીર સમુદાય;
ફરફર–ફોરા રૂપથી, નદીઓ ઉભરી જાય. ૩

કોડી કોડી જોડિને[4], ક્રોડપતિ થૈ જાય;
સોમણની, કણ કણ લીધે, વખાર ખાલી થાય. ૪

ગર્ધવ ચાલ્યો ગર્વથી, કણ ભરી લે ગુણ પીઠ;
અકેક દાણો વેરતાં, ખાલી ગુણ મેં દીઠ. ૫

જુજ કિમતની વસ્તુઓ, મળતાં બહુમુલી થાય;
"[5]ચડતો ચોખો" આપતા, ધનાઢ્ય ડૂબી જાય. ૬

તાજી ત્રેવડ રૂપ આ, [6]રમવતી રસદાર;
મોતી મળતી સ્હેજમા, થતું ન ખર્ચ લગાર. ૭

---

૧. પેદાશના, ઉદ્યમ અને ત્રેવડ એ બે પુત્રો (સાધનો) છે. ઉદ્યમમાં નુકશાન જવાનો ભય રહે છે પણ ત્રેવડમા તેવો ભય રહેતો નથી. ૨. જાવવાનું પલ્લુ. ૩ સ્ત્રીધન ૪ ભેગી કરીને ૫ આજે એક, કાલે બે એમ ચ્હડતે હિસાબે ચોખાના દાણા (પગારમા) આપવાથી ચોડ઼ં વર્ષમાં લક્ષાધિપતી પણ ડૂબી જાય છે ૬. રસોઈ.

वात्सल्य अथवा खरी लागणी.

મનહર છંદ

સ્થાનકવાશીને શીર કે'વાતી ' કૃપણુ ' છાપ,
ધોવાતી જોઇને અતિ આનંદ ઉભરાયછે,
મોટા ઠાઠમાઠ થકી મોટા મોટા સંઘ કહાડી,
સવિનય સાધુજીને વાંદવાને જાય છે,
વાસણુની લ્હાણી કરી સંઘને જમાડી—જમી,
પતાસાની પ્રભાવના કરી હરખાયછે.
ઉદારતા આવી થકી સ્વધર્મ દીપે છે ખરો,
છતાં **મોતી** દીલગીર એક વાતે થાય છે ૧
અજ્ઞાન, દુકાળ અને પ્લેગ તણા વેગ થકી,
સ્વધર્મી પીડાતા જોઈ હૃદય દુઃખાય છે,
સુખીને સંતોષવામા ખરૂં પુણ્ય ઠર્યું નથી;
દીનતાની દાઝ એજ વૃત્તિ વખણાયછે;
કીડીને મંકોડી જેવા જીવનું રક્ષણુ કરો,
મનુષ્ય—રક્ષણુનાં તો વેવલાં વીણાય છે!
વાત્સલ્યતા વીના નહીં ધર્મનો ઉદય થશે,
'મોતી' કીર્ત્તિ-દાન ખરૂં પુણ્ય ના ગણાયછે. ૨

દીન અથવા દુખી માણસોને ગુપ્ત મદદ કરવી, અશક્તિમાન ચાલાક દેખાતા યુવાનોને વિદ્યાભ્યાસના સાધનો પુરા પાડવા, જેથી બુદ્ધિ અને નીતિ ખીલે એવા પુસ્તકોનો બહોળો ફેલાવો કરવો: આ સર્વ ઉચ્ચ પ્રકારની વાત્મલ્યનાં કામો છે. અને જેઓ છતી શક્તિએ આમાંનું કાંઇ કરવા ઇચ્છતા નથી તેઓનુ જીવતર વ્યર્થ છે; તેઓ આ દુનીઆમાં કૃપણ તરીકે વગોવાય છે, ત્હેમના ઉપર કોઈ પ્રેમ કરતું નથી અને મુઆ પછી પણ ભોગાંતરાયી કર્મને લીધે સુખ પામી શકતા નથી.

ધર્મોપકરણમાં જૈનોની કંજુસાઇ.

મનહર છંદ.

પૂર્વે ન હતા એવાં ઘાટ ને ઘરેણા થતાં,
છતા વસ્ત્ર ઘર માહી નવા નીપજાવેછે,
વાસણકૂસણ રાચરચીલા વસાવે નવા,
વરા વડા કરી અને હર્ષ ઉપજાવેછે,
પુત્ર પુત્રી તણાં લગ્ન સમયે બનીને મગ્ન,
કરજ કરીને વરઘોડાઓ ચઢાવેછે,
આવી શ્રીમંતાઇ સાહી છતા કંજુસાઇ ભાઇ,
પથરણા મૂળપટી ગુચ્છામા જણાવેછે. ૧

અન્યધર્મી તણી પ્રથા સાવધાન થઈ સૂણો,
પાવલાની પોથી વસ્ત્ર રેશમી ચઢાવેછે,
લાકડાની માળા માટે ગોમુખી બનાવે ઘર,
દેવને પે'રાવી ઘાટ લાડ તો લડાવેછે,
પોતાને લંગોટી તોય દેવને પે'રાવે વાઘા,
સિંહાસન શણગારી સોનાથી મઢાવેછે;
ધર્મ--ઉપકરણમાં જૈન કરે કંજુસાઇ,
મોતા અફસોસ! ધન નાહક સડાવે છે!! ૨

જેમનાથી મુહપતિ કે રજોહરણ કે ધર્મપુસ્તક ખરીદવા જેટલુ બનતુ નથી તેઓ દેશોદેશમા પોતાનો ધર્મ ફેલાવવા માટે સ્થાનકો, પુસ્તકશાળાઓ અને નિશાળો સ્થાપવા જેવું કામ તો શાના કરી શકે? આપણા સ્થાનકોની ચીથરેહાલ દશા આપણને લજ્જાને તેવી છે અને આપણી આવી કૃપણતા—કહો કે સ્વાર્થપરાયણતા જ આપણા હૃદયને મલીન અને પાપી બનાવે છે અને તેવી આપણો પ્રતાપી ધર્મ પણ પ્રસિદ્ધિમાં આવી શકતો નથી.

કીસમત.

કીસમત એ કોઇ અચાનક બનતી ચીજ નથી. પૂર્વ જન્મોમા આપણે કર્મોનુ જે સત્ત્વ સ્થૂલ દેહના બળી જવા પછી પણ, બીજા જન્મમા સાથે આવેછે તે સત્વ પરિપક્વ થઇને સ્થૂલ રૂપે દેખા દેછે: એનુ નામ 'કીસમત' અગર 'કર્મ' છે. બોલાયલો ન્હાનામાં ન્હાનો શબ્દ, કરાયલુ ન્હાનામાં ન્હાનુ કાર્ય અને ભાવાયલી સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવના અથવા વિચાર એ સર્વ આપણા કહેવાતા મરણ પછી સૂક્ષ્મ શરીરમા આવે છે અને સુખ અથવા દુ:ખરૂપે પરિણમે છે. કર્મનો અચળ કાયદો રંક તેમજ રાય પાપી તેમજ યોગી કોઇને છોડતો નથી. માટે એકાંતમા પણ ખોટુ કામ કરવુ નહિ, **ખોટો શબ્દ બોલવો નહિ, ખોટો વિચાર લાવવો નહિ** આ બાબત સંપૂર્ણ કાળજી રાખવી એ મ્હોટામા મ્હોટી અગત્યની વાત છે

મનહર છંદ.

[૧] રત્નાકર માંહી પડી રત્ન લેવા યત્ન કર,
કા તો પ્રાણ ખોઇશ કે [૨] પાણ કર આવશે;
[૩] કણ [૪] રણ કરી અને ભરીશ ભંડાર પણ,
કા તો જીવ કાં તો ધાડ પડી તે ઉઠાવશે;
વિદેશથી વ્હાણ ભરી કમાઇને આવતામાં,
કાં તો આવે કોલેરા કે સમુદ્ર ડુબાવશે;
લક્ષ્મી આપોઆપ આવી લક્ષ ધન આપે પણ,
મોતી કીસમત વીના ચોર તે પડાવશે. ૧

પૂર્વ તણી કરણીનું નામ 'કીસમત' જાણો,
કીસમત વિના બધી [૫] કરામત પાગળી;
જન્મ થયો રાય–ઘરે ખમા ખમા સહુ કરે,
ઋદ્ધિ વિધ વિધ બહુ પૂર્ણ કર્ણીએ મળી;
"પગ રળે પેટ ભરે, કીસમત ઘર ભરે,"
[૬] કીસ મતે કીસમત જુઠું કહેછે વળી?
જગત રૂપી જમીનમાં જેવાં બીજ વાવે તેવાં,
મોતી ફળ પામે એવાં કર કરણી ભલી. ૨

---

૧ સમુદ્ર. ૨ પત્થર. ૨ અનાજ. ૪ રૂણ–દેવું ૫ હુન્નર. ૬ કોના મતથી.

પેટના ઊપાય છે !

મનહર ૭૬.

જાદુવાળા જાદુ કરી ધૂતવાને ઢોંગ કરે,
ભૂત જેવા જન 'ભૂત વ્હેમ' મા કૂટાયછે;
દેવ દેવી શેવી શેવી ધન માટે ધધ રચે,
અચેત ને જડ પૂજયે નિષ્ફળ થવાયછે,
લખેશરી થવા માટે તપેશ્વરી ખોળ્યાં કરે,
કીમીઆની લત માંહે ખાસડા ખવાય છે,
જાદુ જયારે સાચું છે તો, કહો કોણે ગાદી લીધી ?
સોતી સત્ય નથી સર્વ **પેટના ઉપાય છે.** ૧

કાલની ખબર નથી છતાં મૃત્યુકાળ આકી,
તપ જપ કરી દૂર કરવાને જાયછે,
બાળરંડ નીજ ઘેર, પરનુ સૌભાગ્ય રે'વા,
મ્હુર્ત્ત પાણિગ્રહણનું આપી હરખાયછે,
પોતે નીરવશ છતા પરનો કે' વંશ રાખું,
કંશ ગયો નીરવશ આશ્ચર્ય પમાય છે,
પૂર્વ તણી કરણીનુ નીમીત ન ફરે કદી,
સોતી સત્ય નથી સર્વ પેટના ઉપાય છે.

'વિદ્યા' એવો એક કીમીઓ છે કે જે વડે ધાર્યુ કરી શકાય છે એ વિદ્યા (Science)માં વળી અધ્યાત્મવિદ્યા નામની જે વિદ્યા છે તે વડે ચમત્કારી કામો થઈ શકે છે, ખરાં પરન્તુ તેવુ કરી શકનારા પુરૂષોના મનમા આખી દુનીઆનુ રાજ્ય મળવાથી થતા આનંદ કરતા પણ અનેકગણો આનંદ અહોનિશ થતો હોવાથી તેઓ એ વિદ્યા સ્વાર્થના કોઇ પણ કામમાં વાપરતા જ નથી માટે કોઇએ વિદ્યાનો દેખાવ કરનારાથી ઠગાવું નહિ જ્યોતિષ વગેરે સર્વ ખરૂ છે પણ તે પેમા માટે વિદ્યા વેચનારની પાસે નથી હોતુ; તે તો કોઈ નિસ્વાર્થી, જગહિતકારી, યોગારૂઢ પુરૂષો પાસે જ હોય છે, કે જેઓ તેહેનો ઉપયોગ કરવાની ઇચ્છા માત્ર પણ રાખતા નથી.

मूर्खो न मळयो धन के धर्म !

'ઓધવજી ગદેશો કહેજો શ્યામને'—એ દેશી.

સ્નેહ ધરીને સજ્જન સરવે સાંભળો,
વિવેક તણી કહું એક વિચારી વાત જો;
કાળ અનાદિ ભમતાં આ સંસારમાં,
મહા મહેનતે આવ્યો ધર્મ આ હાથ જો— સ્નેહ૦ ૧
ધન—લોભે કરી ધર્મક્રિયા કરવા ભણી,
સમજુ જન પણ ધરે નહીં કાંઇ સાન જો;
તે ઉપર કહું એક સુબોધક વારતા,
એક ચિત્તે થઈ સૂણજો ધરીને કાન જો— સ્નેહ૦ ૨
એક સમયને વિષે દેવ દેવાંગના,
ભોગવતાં બહુ દિવ્ય અલૌકિક સૂખ જો;
દેવાંગના કે':-" ધર્મ વડે સુખ આ મળ્યું,
" છતા રહીએ તેનાથી વિમૂખ જો— સ્નેહ૦ ૩
' મનુષ્ય ભવમાં ધર્મક્રિયાઓ થાયછે,
" ચાલો જોવા જઇએ મૃત્યુલોક જો; "
દેવ કહેછે:-" ત્યાં પણ ધનના લોભથી,
" બાંધી ન શકે પુણ્ય તણા બહુ થોક જો "—સ્નેહ૦ ૪
એમ કહીને બન્ને ત્યાંથી સંચર્યં,
દેવે ધર્યું છે ધર્મ ઉપદેશક રૂપ જો;
દેવાંગનાએ રૂપ ધર્યું લક્ષ્મી તણું,
આવ્યા જોઇ નગરી કોઈ અનૂપ જો— સ્નેહ૦ ૫
લક્ષ્મી પાછળ મૂકી સાધુ સંચર્યા,
આવી કહે કોઇ ભક્ત વણીકના ઘેર જો:-
" ઉતરવાને સ્થાનક આપો મૂજને;
" ધર્મકથા સંભળાવુ રૂડી પેર જો— સ્નેહ૦ ૬

" ધર્મ પસાયે ધન અતિશય સાંપડે,
" પરભવે પણ મળે અલૌકિક સૂખ જો;
" ધર્મ તણો સહુ મર્મ તને સમજાવશું,
" પણ નથી જોતો નારી તણું હું મૂખ જો— સ્નેહ૦ ૭
" આવાગમન જો નારી તણું તુંજ આંગણે,
" દેખીશ તો હું થોભીશ નહીં પળવાર જો, "
વણીક કહે-- "ઘરમા નથી નારી માહરે,
વળી આવવા નહિ દેઉં કોઇની, દ્વાર જો"— સ્નેહ૦ ૮
એમ કહીને સ્નેહે સાધુ ઉતારીઆ,
એટલે આવ્યા લક્ષ્મી તેણી વાર જો;
વણીકને કહેઃ—" આવુ તારે આંગણે,
" મુજ થકી તું પામીશ ધન અપાર જો— સ્નેહ૦ ૯
" ધનવડે જન જીવે આ સંસારમા.
" વિજયપતાકા ધન તણી ચોમેર જો;
" સુખ સઘળું સમાયું છે એ ધન વિષે,
" તે હું હાલીચાલી આવી તુજ ઘેર જો— સ્નેહ૦ ૧૦
" સ્પર્શ ન જોઇએ પુરૂષ તણો તુજ આગણે.
" એ સરતે હું આવું તારે દ્વાર જો "
કબુલ કરા બેસાર્યાં વણીકે ઓટલે,
ઘરમાં જઇને કાઢયા સાધુ બહાર જો— સ્નેહ૦ ૧૧
સાધુ નીકળ્યા દેખી લક્ષ્મીજી કહેઃ—
" અલ્યા વણીક ! તું જૂઠ વચન વદનાર જો;
" હવે હું નહીં આવું તારે આગણે "
એમ કહીને ચાલ્યા તેણી વાર જો-- સ્નેહ૦ ૧૨
વણીક વિમાનણ કરવા ત્યાં બહુ લાગિયો,
દોષ દાધો અફસોસ કરીને કર્મ જો,
સમય ગયો તે ફરી કદી લાધ્યો નહી,
'મોતી' મૂર્ખો ન મળ્યો ધન કે ધર્મ જો— સ્નેહ૦ ૧૩

ધર્મ કોણ કરી શકે: ધનવંત કે નિર્ધન ?

('ઓધવજી સંદેશો કહેજો શ્યામને'—એ દેશી.)

ધર્મકરણી તો ધર્મતણી દાઝે થતી.
હોય ભલે નિર્ધન કે કો ધનવાન જો;
તે ઉપર કહું એક અલૌકિક વારતા,
સ્નેહ ધરીને સુણજો સરવે કાન જો
ધર્મકરણી તો ધર્મતણી દાઝે થતી (એ ટેક) ૧

દેવપૂરીમાં બેશી દેવ-દેવાંગના,
ધર્મ સંબંધી કરતા વાદ વિવાદ જો.
દેવ કહે—" નિર્ધન નવ ધર્મ કરી શકે,
"અહો રાત્રી ધન રળવા ઉદ્યમ યાદ જો—ધર્મકરણી ૨

"ત્રણ સાંધે ને ત્રૂટે તેર જ તેહને,
" ગમે ન કરવું ધર્મ-ગીત કે ગાન જો",
દેવાંગના કહે:—" તર્ક ખોટો એ આપનો,
"નિર્ધન છે ધર્મ કરવા શક્તિવાન જો--ધર્મકરણી. ૩

" ધન તણી નહીં ઉપાધિ તેને કશી,
" કરી શકે તે ધર્મ નિરાંતે ખાસ જો,
" ધનવંતો નર ધંધામા વળગી રહે,
" મળે ન કરવા ધર્મ જરા અવકાશ જો—ધર્મકરણી. ૪

" ધન વધે તેમ ધંધો પણ વધતો કરે,
" કીર્ત્તિ વધવા ધરે અતિ અભિલાષ જો,
" ધન રક્ષણ ને વૃદ્ધિના શોધે બહુ
" ઉપાય અહોનીશ, થઇ લક્ષ્મીનો દાસ જો"—ધર્મકરણી ૫

" નિર્ણય કરવા " દેવ કહે "તે વાતનો,
" ચાલો જઇએ મૃત્યુ લોક મોઝાર જો; "
સાધુ વેષે બન્ને ત્યાથી સંચર્યા,
આવી ઊભા નિર્ધન નરને દ્વાર જો–ધર્મકરણી. ૬

દેવ કહે:–"અલ્યા ! ધર્મ કેમ કરતો નથી ?
" મિથ્યા તારો જાય મનુષ્ય અવતાર જો, "
નિર્ધન કહે:–" ધન વિના શું કરૂં બાપજી ?
" રાત્રી દિવસ થઉ ધન માટે ખૂવાર જો"–ધર્મકરણી. ૭

દેવ કહે –" તને ધન અતીશય આપશું,
" ધર્મ તણી જો છે કરવા અભિલાષ જો; "
એમ કહીને ત્યાથી તે પાછા વળ્યા,
નિર્ધનને ઘેર થયો લક્ષ્મીનો વાસ જો–ધર્મકરણી. ૮

મહેલ મંદીર ને બાધ્યા મોટા માળીઆ,
ચાકર નોકર રાખ્યા અપરંપાર જો,
ગાડી લાડી વાડીનો શોખી થયો,
રાત દિવસ ધન રળવા ઉપર પ્યાર જો–ધર્મકરણી. ૯

ધન મળતા ધર્મ–હીરો રોળ્યો ધૂળમાં,
પત્થર-પૈસે પ્રોયું તેણે ચિત્ત જો.
એહ હકીકત જાણી દેવ દેવાગના,
સાધુ વેષે આવ્યા કરવા હીત જે–ધર્મકરણી. ૧૦

નિર્ધનને કહે –" ધન અલ્યા તુજને મળ્યું,
" ધર્મ ઉપર હવે કેવી છે તુજ પ્રીત જો ? "
" પાણી પીવા " નિર્ધન કે'–" નવરો નહીં.
" મધ્યાને હું જમવા પામું નિત્ય જો–ધર્મકરણી ૧૧

" સંસારી બહુ કામો વળગ્યાં મૂજને,
" નથી દેતાં એ કરવા ધર્મ લગાર જો; "

એટલું કહીને નિર્ધન વળગ્યો કામમાં.
સાધુ નીકળ્યા ખેદ ધરી ઘર બહાર જો-ધર્મકરણી. ૧૨

વૃક્ષ સુકું એક મહેલ તણી વાસે હતું.
તેને જઇને વળગ્યા તે અતીત જો,
બૂમ પાડી કે—" ધાજો ધાજો મહુ આંહી,
" છોડે નહીં આ વૃક્ષ મુને અજીત જો"-ધર્મકરણી ૧૩

સાદ સૂણીને નિર્ધન ત્યાં આવી કહેઃ—
" મૂર્ખ સાધુ ! કાં મિથ્યા કરો બકવાદ જો.
" નિર્જીવ વૃક્ષ તમને એ વળગ્યું નથી.
" છોડી દો તમે બેહુ તમારા હાથ જો ! "—ધર્મકરણી. ૧૪

સાધુ કે':—" અલ્યા ! મૂર્ખ તું કે અમે છીએ ?
" વિચાર કરી જો એહ તણો તું ચિત્ત જો,
" કાર્ય સંસારી તુંજને કયાં વળગી રહ્યાં ?
" અજીવ અને વળી એ તો છે જ અનિત્ય જો"--ધર્મકરણી ૧૫

એમ કહીને અદર્શ થયા એ સાધૂજી,
આશ્ચર્ય પામી ઘરમાં આવ્યો શેઠ જો;
વિચાર કર્યોઃ " આ ઘરકામો વળગ્યાં નથી,
" વળગી રહ્યો છું મૂર્ખ હું તેને નેટ જો "--ધર્મકરણી ૧૬

એમ વિચારી ત્યાગવૃત્તિ સ્વિકારીને,
કરવા માંડયો ધર્મ ધરી બહુ ભાવ જો,
અલ્પ ભવે તે મોક્ષ ગતિને પામિયો,
મોતી છે ધર્મ ભવોદધિનું નાવ જો--ધર્મકરણી. ૧૭

દોહરો.

નિર્ધન ને ધનવાનનું, લક્ષ્મી રળવા લક્ષ;
દાઝ નહિ દીલ ધર્મની, સરખા બન્ને પક્ષ. ૧૮

शितकाळ अथवा शियाळो.

दोहरा.

શીઆળામાં શોખથી, કરે વસાણું પાક;
માત્રાઓ વિધવિધ કરે, કેક કરે છે ખાખ. ૧

શરીર રક્ષણ કારણે, ભક્ષણ અન્ય અનેક;
રક્ષણ નહિ નિજ આત્મનું, એ સૂખાંમી છેક. ૨

શરીરને બહુ પોષતાં, ઇન્દ્રીઓ મજબૂત;
'મન' રૂપી જે ઘોડલો, કરે આત્મની લૂટ. ૩

તન તારૂં નહિ જાણવું, આત્મન્ તારો જાણ;
કાયા વાડી કારમી, સધ્યા કેરો વાન. ૪

ભાડે લીધી ઓરડી, ટુંક મુદતને માટ;
શણગારી શા કામની, કરી ઘણેરો ઠાઠ ? ૫

વજ્ર તુલ્ય કાયા કરી, વજ્રનું બખ્તર પે'ર;
પેઠયે વજ્રની ઓરડી, મટે ન કાળનું વે'ર. ૬

માટે મારા વીર ! તું, સમજી થા હોંશિયાર;
પોષણ કર નિજ આત્મનું, ધર્મ કરી શ્રીકાર. ૭

માત્રાઓ મ્હા જ્ઞાનની, ખા પ્રીતે પ્રતિદીન;
પાક પ્રભૂજી ધ્યાનનો, ખા ખાંતે થૈ લીન. ૮

ભસ્મો વ્રત પચખાણની, સ્નેહ ધરી સ્વીકાર;
સમય ભલો શિતકાળનો, **મોતી** મનમાં ધાર. ૯

एक धूर्त धनाढ्य श्रावक.

દોહરા

નગરી લક્ષ્મીપૂરીમાં, લક્ષ્મીચંદ છે શેઠ.
લક્ષ્મીવંત લેખાય પણ, મ્હોટલો બહુ ઠેઠ. ૧

નોકર રાખીને કરે, ઘીનો બહુ વેપાર,
શાખ મેળવી લોકમા, રળવા કાજ અપાર. ૨

ઉપાશરે જાતો વળી, સુણતો શાસ્ત્ર વચન;
સાંજ સવાર સમાયિકો, કરતો બે પ્રતિદન. ૩
પોસો આઠમ પાખીએ, કરતો રાખી ધીર,
રાત્રિભોજન ત્યાગિયુ, પીતો ઊનું નીર. ૪
ત્યાગ કીધો કંદમૂળનો, લિલોતરીનો નેમ;
શ્રાવક નામ ધરાવિયુ, પૈસા ઊપર પ્રેમ. ૫

કૂડા રાખી કાટલા, ભૂંડા કરતો કામ,
ઓછું દે અધિકું લહે, ખરો ઠગારો નામ. ૬

ગરીબના શિર કાપતા, દયા ન આણે મંન,
[1] સૂક્ષ્મ જીવ હણાય તો, ધૂણાવે તે તંન. ૭

પાખી દીન પ્રભાતમાં, આવ્યો તેને હાટ;
શીર મુકી ઘી–દેઘડી, **ભોળો** નામે ભાટ. ૮
ભોળો જાતે ભોળિયો, રોળો[2] નહિ પૈ એક;
ખાધા સાટે નોકરી, કરે ધરાવી ટેક. ૯
પોસો કરવો મૂકીને, શેઠે જોખી દેઘ;
ઘટાડયું અઢીશેર ઘી, કૂડે તોલે છેક. ૧૦
ભોળો રોવા લાગિયો, થઇ ગયો નિર્માલ્ય;
કહે શેઠને એટલું "રે મારા શા હાલ ?" ૧૧

---

૧ સુક્ષ્મ (ઝીણા) ૨ કમાણી, પેદાશ

શેઠે શ્રવણ કર્યું નહીં, કરી સામાયિક બેય;
નોકરને કે' આપજે, આ રૂપૈઆ લેય. ૧૨

ભોળે દામ લીધા નહી, ગયો શેઠની પાસ,
સૂણો શેઠજી વીનતિ, કહુછુ થેને દાસ. ૧૩

ચોખાહરણની દેશી.

"શેઠજી ! હું છું ભાટનો તન, તે વાત ધરજો તમે મન;"
"આજ તમારી થઈ છે પાખી, શેઠે એક અઢીશેરી રાખી. ૧૪"

"કરૂં વાત એ બધે પ્રસિદ્ધ, તમે વસ્ત્ર મારાં હરી લીધ, "
"ભાટ વાત સૂણી શેઠ ચમકયા, લાજ જવા બીકે એમ વદ્યા. ૧૫

"ભોળા ! બેસ, મારી થઇ ભૂલ, ફરી ગણીએ કાટલા કૂલ,"
એમ કહી સામાયિક પાર્યું, જોઇ કાટલા ઘી પાછુ આલ્યું. ૧૬

વળી ભોજન ભાવતુ દીધું, તે ઉપર આપ્યું એક સીધુ;
ભોળો દામ લેઇ ત્યાંથી ભાગ્યો, ફરી મોતી કે' હાથ ન લાગ્યો ! ૧૭

☞ "જે પરકાને ઠગે છે, તે પોતાના આત્માને ઠગે છે" એવું માણસે જ્યહાં સુધી જાણ્યુ નથી ત્યહાં સુધી આત્માનું શ્રેય થવાનુ નથી. પછી ભલેને ગમે તેટલા વ્રત પચ્ચખાણ કરે પણ એ સહુ "રેત ઉપર લીંપણ" સમજવું. "ઓછુ આપવું અને અધિક લેવુ" એ વિદ્યા કેટલા-એક વણિક પુત્ર જાણે પોતાની જનેતાની કૂખમાંથી શીખીનેજ અવતર્યા ન હોય ! અફસોસ ! જૈનધર્મ પામ્યા છતાં પણ તેઓનામાંથી આવી ધૂર્તવિદ્યા નાશ પામી નહિ ! આ દ્રવ્યશ્રાવકનુ દષ્ટાંત છે, પણ ભાવશ્રાવક તો એવા હોય છે કે ભોંયથી જડેલી અથવા ભૂલથી મળી આવેલી હજારો રૂપિયાની કીમતની વસ્તુ ત્હેનો માલિક શોધી ત્હેને પાછી આપે છે, કદાચ માલીક ન મળી આવે તો ધર્માદામાં નાખે છે. આવી રીતે વગર અનીતિએ મળેલું નાણું તેઓ લેતા નથી, તો પછી તેઓ અનીતિએ રળવુ તો પસંદ કેમજ કરે ! ધન્ય છે આવા નીતિવાન સુશ્રાવકને !

પર્યૂષણ પર્વનો મહિમા.

(૧)

(મામેરાની દેશી.)

સુણો સ્નેહે સકળ નર નારીઓ, રૂડા પર્વ તણો મહિમાય,
દેવાદિ પણ ન્હાય—પર્યૂષણ આવિયાં. ૧

પ્હેરી વસ્ત્રાભૂષણ અતિ શોભતાં, માનો આજ ઉછરંગનો દીન,
થાઓ અતિ લીન—પર્યૂષણ આવિયા.

રમવા જમવાના પર્વ દિવસ ઘણા આવા ધર્મકરણી દીન અષ્ટ,
છૂટે કર્મ કષ્ટ—પર્યૂષણ આવિયાં. ૩

અતિ આનંદે જઈ ઉપાશરે, વાંદો સર્વ સાધુજીનો સાથ,
જોડી દોનું હાથ—પર્યૂષણ આવિયાં. ૪

સુણો વ્યાખ્યાન વાણી વિવેકથી રૂડું લેઇ સામાયિક વૃત્ત,
તજો દુષ્ટ કૃત્ય—પર્યૂષણ આવિયાં. ૫

કરો પોસા પ્રતિક્રમણ પ્રિતથી; વળી દેસમું વૃત ઉચીત,
બની શકે નિત્ય—પર્યૂષણ આવિયાં ૬

અતિ ઓછામાં ઓછા કરવા કહ્યા; ઊપવાસો એકંદર ચાર,
ધરી અતિ પ્યાર—પર્યુષણ આવિયાં. ૭

પાળો વૃત્ત શિયળ અતિ શોભતું; ખાંડણુ પીસણનો પ્રતિબંધ,
દયાનો સંબંધ—પર્યૂષણ આવિયાં. ૮

વૃત્ત નિયમ લેવાં વિધવિધના; જેથી પુન્ય પ્રકૃતિ બંધાય,
ભવાબ્ધિ તરાય—પર્યૂષણ આવિયાં. ૯

પર્વ પર્યૂષણનો મહિમા ઘણો, પ્રતિક્રમણ કરો ધરી પ્રીત;
ક્ષમા તણી રીત—પર્યૂષણ આવિયાં. ૧૦

ક્ષમા માગો નાના ને મોટા તણી, બોલ્યું ચાલ્યું કરો સહુ માફ,
ધોવાય છે પાપ—પર્યૂષણ આવિયા. ૧૧

આવો લ્હાવો લેશે નર નારીઓ; ધન્ય જન્મ છે તેનો નિશંક,
કહે **મોતી** રંક—પર્યૂષણ આવિયાં. ૧૨

(૨)

(સાભળને તુ સજની મારી—એ દેશી.)

નરનારી સહુ સ્નેહ ધરીને, પર્વ પર્યૂષણ પાળોજી;
સુંદર વસ્ત્ર પ્હેરી આભુષણ, આનદે અતિ મ્હાલો—
રગે રાચોજી. ૧

રમવા જમવા કેરાં પરવો, વર્ષે માહી બહુ આવેજી;
ધર્મ કરણીના દીવસ આવા, ફરી ફરી ન સુહાવે—
રંગે રાચોજી. ૨

ઉપાશરામાં જઇને ઉમગે, સાધુજીને વાંદોજી,
વ્યાખ્યાન વાણી સુણવા સ્નેહે, વ્રત સામાયિક બાધો—
રંગે રાચોજી. ૩

પ્રતિક્રમણ ઉપવાસો પોષધ, પ્રીત ધરીને કરવાંજી;
વ્રત્ત શિયળને સ્નેહે પાળી, દુષ્કૃતને પરીહરવા—
રંગે રાચોજી. ૪

ખાંડણ પીસણ ધોવણ લીંપણ, તજવાં પાપનાં કામોજી;
વિધવિધનાં બહુ વ્રતો પાળી, પુન્ય પ્રકૃતિ પામો.—
રંગે રાચોજી. ૫

દાન દયા બહુ પાળી પળાવી, લ્હાવો રૂડો લેવોજી;
ક્ષમા માગી સર્વ જીવોની, વિરોધને તજી દેવો—
રંગે રાચોજી. ૬

અષ્ટ દિવસ આ કષ્ટ નિવારણ, પાળો પૂરણ પ્યારેજી;
"જૈનહિતેચ્છુ" સર્વ જીવોથી, વેર વિરોધ નિ ારે—
રગે રાચોજી. ૭

जैन दृष्टिए जैनोनी भूल.

દોહરા—ચોપાઈ.*

પાળે નાના જીવને, મોટા પર નહિ રે'મ,
કે'વત એ શિર જૈનને, છતાં ન સમજે કેમ ? ૧

બાંધે પરબો[1] પંખી માટ, વેરે દાણા હાટોહાટ;
કીડીને દર પૂરે લોટ, મિન[2] માટે દેતા દમદોટ. ૨

ભૂખે મરતાં માનવી, નિજ નજરે દેખાય;
ધંધો કે ધન આપીને, કરે ન તેની સ્હાય. ૩

પાંખ તુટી પંખીની હોય, બળદ ભાગ્યો ખેડુનો કોય.
પાડાં ને બકરાં ધરી સ્નેહ, મોકલે મ્હાજનવાડે એહ. ૪

અંધાં લૂલાં રોગિયાં, મનુષ્ય નિરાધાર;
આશ્રમ કે અન્ન આપીને, કરે ન તેની વ્હાર. ૫

સાધુ વંદન સંઘ કઢાય, લ્હાણી પ્રભાવના બહુ થાય;
સંઘ-જમણ આપી હરખાય, ધર્મ ઉન્નતિ એમ મનાય. ૬

શિક્ષણશાળા શાસ્ત્રની, વાચનશાળા જોય,
ખોલે નહિ ખાંતે કરી, ધર્મ ઉન્નતિ ન્હોય. ૭

જૈનો કાંતે ઝીણું ખૂબ, સંચે સૂતર જેમ અનૂપ,
મૂખ્ય વાત વીસારે જાય, એહ અતિ અચરજ કે'વાય. ૮

---

* દરેક દોહરામાં જૈનોની ખામી અને દરેક ચોપાઇમા જૈનોનું વર્ત્તન જણાવ્યું છે.

૧. પરબો બાંધે છે અથવા પરબડિયો ચણાવે છે.

૨. મચ્છ માટે બીજેથી પાણી લાવે છે, અથવા માંછલાને થોડા પાણીમાંથી પકડી વધારે પાણીમા મૂકે છે તથા તેઓને ખાવા લોટ નાખે છે.

જીવ તણા બે ભેદ છે, સ્થાવર ને ત્રસકાય;
ત્રસ છે ઉત્તમ તેહમાં, તથાપિ સ્થાવર ચ્હાય. ૯

બદામનો ગણતા હીસાબ, રૂપિયાનો ભૂલે છે બાબ;
એ તો જૈન તણી છે ભૂલ, જીન તણો છે માર્ગ અમૂલ્ય. ૧૦

ખાળે ડૂચા મારિને, ખુલ્લા મૂકે દ્વાર,
ચુઆ ચોરી જાય ધન, મળે ન સોતી ઠ્હાર. ૧૧

कर्मदेवनी कहाणी.

(બેડા બાઇ બૂડતો તારોરે, અબે આઇ પાર ઉતારો રે—એ દેશી.)

સુણો સહુ સ્નેહ જ આણીરે, કહુ કર્મ-દેવની કા'ણી રે--એ ટેક.
બાળપણામા બાળાઓ રાડે, છાંડ વૈભવ આશ;
દુઃખ દેખીને દીલમા એનુ, કોણ ન પામે ત્રાસ ? સુણો. ૧
પંચ ઇન્દ્રિઓ પૂરણ પામી, પામ્યો નિરોગી કાય;
પેટના કારણ ઘરઘર ભીખે, તો પણ પૂરૂ ન થાય—સુણો. ૨
બાળ ઉછેરી આશાએ મોટો, કીધો વેઠી બહુ દુઃખ;
વૃદ્ધપણામા વે'રી યે મૂઓ, નષ્ટ થયું સહુ સૂખ.—સુણો. ૩
સુંદર કાયા માયા અતીશે, વિધવિધ વૈભવ સાર,
રોગ ભગંદર આદિ થયેથી, મૃત્યુ ઇચ્છે નિરધાર. સુણો. ૪
વિવિધ પ્રકારે એવા દુખોને, દેખી કરે અફસોસ;
દોષ ન દેખે કર્મ પોતાનો, દૈવને દે છે દોષ. સુણો. ૫
દૈવને કરવાપણું નથી કાઇ, કર્મ-દેવ છે દૈવ;
રાજ્ય તેનુ ત્રીલોકમા જબરૂ, હુકમ ચાલે સદૈવ. સુણો. ૬
કર્મ તણો જો મર્મ સમજે તો, થાય તેનું સહુ કામ;
'કર્મ-દેવ' છે 'પૂર્વની કરણી', સોતી કરે પરણામ. સુણો. ૭

पांच इन्द्रिओनो संवाद.

ચોપાઇ.

શ્રી જીનેશ્વર લાગી પાય, સહાય ઇચ્છોં શી શારદમાય;
મોક્ષ મળવાનો કહુ ઉપાય, સ્નેહ ધરી સુણજો સઘળાય.

દોહરા.

એક દિવસ ઉદ્યાનમા, બેઠા શ્રી મુનિરાજ;
ધર્મબોધ દે ધૈર્યથી. ભવિજીવને કાજ.

સમ્યક્દૃષ્ટિ શ્રાવક અને, મળ્યા બહુ ત્યા લોક;
ક્રિડા કરવા વિદ્યાધરો, આવી રહ્યા બહુ થોક.

ચાલી વાત વ્યાખ્યાનમાં, પંચ ઇંદ્રિયો દુષ્ટ,
ત્યમ ત્યમ દેતી દુઃખ એ, જ્યમ જ્યમ કીજે પુષ્ટ.

પંચ ઇદ્રી બોલે પછી, લેઇ વિદ્યાધર પક્ષ,
દુષ્ટ નથી સ્વામી અમે, કારણ સુણો પ્રત્યક્ષ.

અમથી તપ જપ થાય છે, ધર્મ ક્રિયા અનેક;
સંજમ પળતો અમવડે, અમ વીના નહિ એક.

મુક્તિ મારગ મોકળો, કીધ અમારા માટ;
દુષ્ટ નર નહીં દેખતા, એહ કરે બકવાદ.

રાગી-દ્વેષી જીવડા, દોષ અમોને દેય;
ન્યાય અમારો કીજીએ, વીનતી સુણી લેય.

મુનિ કહે તમે પાંચમાં, કહો કોણ શીરદાર ?
ચર્ચા તેની આંહી કને, કરો ખુલાસા વાર.

નાક–**કાન**-**નેત્રો** અને, **રસના**-**સ્પર્શ** વિખ્યાત;
પ્રબળ પોતાનું પાઠવે, થઇ અતિ રળીઆત.

પ્રથમ **નાક** કે' હાક દઈ, વાક સુણો શ્રોતાય;
નાક ફુલાવી બોલતું, હુંપદ અતિ ઉભરાય.

ઢાલ ૧ લી.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ દેશી)

નાક કહે સ્વામીજી જગમાં હુ વડું,
મુજ સમ જગમાં અન્ય ન દીસે કોય જો;
કારણ કહું છું તેનાં સરવે સાંભળો,
પ્રથમ વદન પર શોભીતું એ હોય જો; નાક. ૧૨

સ્નાન કરાવે શીશે શ્રી જગદીશને,
ત્યારે **પ્રથમ** થતું **અમારે** સ્નાન જો;
સોળ વરસની સુંદર દીસે સુંદરી,
નાક વીણ નહીં શોભા તેની જાણ જો. નાક ૧૩

ઇજત રહેતી નાક થકી આ લોકમાં,
ઈજત સરવે નાક ગયાથી ખોય જો,
વહાલુ દીસે નાક સહુને વિશ્વમાં,
નાક વીણ જન ખૂણે બેશી રોય જો. નાક ૧૪

નાક રાખણ કારણ જુઓ વિશ્વમા
દીક્ષા ગ્રહી બાહૂબળ બળવંત જો;
રામચદ્રે સીતા આણી યુદ્ધથી,
વળતી સયમ લેવા ઉદ્યમવંત જો. નાક ૧૫

સીતા સતી પણ અગ્નિકુંડમાં પેસિયા,
નાક રાખણ કીધું એવું કામ જો,
સત્ય હતું તો સિંહાસન દેવે રચ્યું,
તે ઉપર જઈ બેઠાં ધરીને હામ જો. નાક ૧૬

દશાર્ણભદ્ર મહામુનિએ દિક્ષા ગ્રહી,
ઈંદ્ર નમિયો ચરણે આવી ત્યાંય જો,
અભયકુમારે તાત તણા હુંકારથી,
દિક્ષા ગ્રહી હર્ષ ધરી મન માહ્ય જો. નાક. ૧૭

નામ ગણાવું શાસ્ત્રાધારે કેટલાં ?
લખવાથી બહુ ગ્રંથ વિસ્તરી જાય જો;
જીવ તર્યા એ નાકતણા પ્રસાદથી,
નાકતણી પ્રસંશા અતિશય થાય જો. નાક. ૧૮

ત્રિવિધ પ્રકારે વૃક્ષ તણી સુગંધતા,
તિર્થંકરના ત્રણુ દીસે નિવાસ જો,
અનેક પ્રકારે સુગંધી મહા ઉલસે,
તે સુખ જાણે નાકતણા હુલ્લાસ જો. નાક. ૧૯

દોહરા.

કાન ફફડાવી કાન કે', માં કર નાક ગુમાન;
જો ચાકર આગળ ચલે, તે નહિ ભૂપ સમાન. ૨૦

નીર ઝરે નસકોરથી, વહે શ્લેષ્મ અપાર;
ગુમાન કરતા આટલું, લાજે નહીં ગમાર. ૨૧

તારી છીંક સુણી કરી, ન કરે ઉત્તમ કાજ,
દુર્ગંધી વહે આગળે, તોય ન આવે લાજ. ૨૨

વૃષભ-ઉંટ નારી તણાં, વિંધે નાક જગમાંય;
તોપણુ તે લાજે નહિ, વધુ શું કે'વું આંય ? ૨૩

સૂણુ પ્રબળ મારૂં હવે, તારૂં તજી ગુમાન;
અવર નહીં કો જગતમાં, મહાન મૂજ સમાન. ૨૪

ઢાળ ૨ જી.

(એક દીન ઇંદ્ર પ્રશંસીયોજી—એ દેશી)

કાન કહે સુણો સ્નેહથીજી, મુજ સમો નહીં કોય;
કાને કુંડળ ઝળકતાજી, મણી મુક્તાફળ હોય—
કાન કહે સુણો સ્નેહથીજી, મુજ સમો નહીં કોય. એ આંકણી ૨૫

સારા સ્વરનું ગાવણુંજી, અદ્દભૂત સૂણનો સ્વાદ;
એહ કાન પરીક્ષા કરેજી, સૂણી મીઠો નાદ— કાન. ૨૬

કાને સુણી શ્રાવક થયાજી, કાને સૂણી મુનીરાજ;
કાન સુણે ગુણ દ્રવ્યનેજી, કાન વડો શીરતાજ— કાન. ૨૭

સણત વચન સુણી ધનોજી, છટક દિયોરે આવાસ;
દિક્ષા ગ્રહી ક્રિયા કરીજી, પામ્યો શીવગતિવાસ— કાન ૨૮

મુની અનાથી-બોધથીજી, શ્રેણિક જીવ વિચાર;
સમકીત ક્ષાયકને લહ્યુંજી, જેથી ભવ--જળ પાર— કાન. ૨૯

કેશી સ્વામીનાં સુણીજી, રાય પ્રદેશી વચન;
રૂધીર ખરડયા હાથનેજી, ધોઇ થયા રે પાવન— કાન ૩૦

વાણી સુણી શ્રી નેમનીજી, દિક્ષા ગ્રહી બહુ લોક;
દ્વારીકાંના દાહથીજી, દૂર થયા બહુ થોક— કાન. ૩૧

જીન વાણી કાને સુણીજી, જીવ તરે જગ માંહી;
સદૈવ સુણો સિંહગશી કે'જી, વ્યાખ્યાનવાણી આંહી—કાન ૩૨

દોહરા

આંખ તાણીને આંખ કે', મા કર કાન ગુમાન;
સંભળાવી છેટો રહે, નહિ કંઈ તુજને સાન. ૩૩

દુષ્ટ વચન શ્રવણે સુણી, ક્રોધ અતિ ઉપજંત;
તુજ પ્રમાદે જીવ બહુ, નર્કે જાઇ પડંત. ૩૪

પે'લાં તો બે વીંધીએ, નરનારીના કાન;
તોપણ તુ નહિ લાજતો, કેમ કરે અભિમાન ? ૩૫

કાને વાત જે સાંભળી, સત્યાસત્ય તે હોય;
આંખ દેખે તે વાતમાં, ફારફેર ન હોય. ૩૬

અબ[illegible] સારૂં પાડવું, સુણ તજને શોર;
સુગ[illegible]ના સહુ જાણવું, જગત અંધારૂં ઘોર, ૩૭

ઢાળ ત્રીજી.

(જનુની છજેરે ગોપીચદની—એ દેશી.)

આંખ કહેરે જગ હુ વડી. મુજથી સુખી સસારજી;
આખે દેખી રક્ષા કરે, ઉપજે પુન્ય અપારજી;
આખ કહેરે જગ હું વડી. એ આકણી. ૩૮

ઇર્યા સમિતીએ ચાલતા, સાધુ સમતા ભરેલજી;
મોક્ષ ગતી તેહ પામીયા, એમ શાસ્ત્ર લખેલજી. આખ ૩૯
દેવ ગુરૂના દર્શન થતા, આખ તણે પસાવજી;

આખ વીના રસ્તે ચાલતાં, પડી કૂપ મગાયજી. આખ. ૪૦
એષણીક આહાર વહોરાવતાં, ગોત્ર તિર્થંકર ધારજી;

ગાથાપતિ—ત્રિયા રેવતી, પદ પામી એ સારજી. આંખ. ૪૧
શરમ સરવ છે આંખને, આંખ ગયે ન કોયજી;

ગ્રંથ સિદ્ધાંતની વાંચણી, આંખ વીના ન હોયજી. આંખ. ૪૨
ચારે પ્રતિબુદ્ધ ઉધર્યા, તરીયા ભવજગ પારજી;

પૂર્વ ભવ દેખી આપનો, તરિયા અંશ કુમારજી. આંખ. ૪૩

શાળીભદ્ર ને શ્રેણીક વળી, ગ્રહ્યા સંજમ ભારજી;
એહ વીના બહુ દાખલા, દેખો શાસ્ત્ર મોઝારજી. આંખ ૪૪

દોહરા.

જીભ કહે રે આંખ તું, માં કર મોટી જીભ;
ડરાવતી ડોળા વતી, ડરતી રહે સદૈવ. ૪૫

કાળી કરી કાજળ વતી, તોપણ નહિ તુજ લાજ;
જિહાં તિહા ફરતી રહે, ખાતી ચીજ અખાજ. ૪૬

સ્વરૂપ સુદર દેખીને, કરતી મનને ભ્રષ્ટ;
તુજ વડે સહુ પામિયે, ઇંદ્રિયો અમે કષ્ટ. ૪૭

ઝેર—સ્નેહ તુંજમાં વસે, કામદેવનું બાણ;
અનેક જીવ નરકે ગયા, તુંજ થકી નિર્વાણ. ૪૮

મુજ વડે સુખ પામતો, સઘળો આ સંસાર;
વીસ્તારીને વર્ણવું, જીભ કહે સુણ યાર. ૪૯

ઢાલ ૪ થી.

(રૂપિયાની શોભા હું શી કહું—એ દેશી.)

જીભ કહે રે હું વડી. મુજથી જીવે સંસાર;
ખટરસ ભોજન ભાવતા, ખાતા નર ને સહુ નાર;
જીભ કહે રે હું વડી,--એ આકણી. ૫૦

મુજ વિણ આંખ ન ખુલતી, કાન સૂણે ન વેણ;
નાક ન સુંઘે રે વાસના, મુજ વીણ કાંહી ન ચેન. જીભ૦ ૫૧

મુજવડે મંત્ર નવકારનો, જપતા બેડો રે પાર;
વૈરી જનને રે વશ કરૂ, બોલી વાણી રસાળ. જીભ૦ ૫૨

પ્રતિબોધું હું અબૂઝને, દેઈ શાસ્ત્ર દ્રષ્ટાંત,
જીનવર કેરા રે નામને, જપતા મોક્ષ એકાંત. જીભ૦ ૫૩

જંબુકુમારે બૂઝવી, અષ્ટ પોતાની નાર,
કહી કથા સોહામણી, પ્રતીબોધ્યો પરિવાર. જીભ૦ ૫૪

શાકા ભાગે રે સહેલથી, પૂછયે પ્રશ્ન વિચાર;
ક્ષમા માગ્યે સહુ જીવની, પામે ભવજળ પાર. જીભ૦ ૫૫

મુજ અગ્રે રહે શારદા, લક્ષ્મી ચૈને રે' દાસ,
કરતા હેને આલોયણા, પાતિક પામે સહુ નાશ. જીભ૦ ૫૬

મોક્ષ પામ્યા બહુ મૂજથી, શાસ્ત્ર માંહી છે માન;
જીભ વીના રે જીવતા, જાણો મુઆ સમાન. જીભ૦ ૫૭

દોહરા.

સ્પર્શ કહે સુણ જીભ તું, ખોટો ગર્વ કરંત,
લંછન લાગે જુઠ કહે, તોપણ નહિ લાજંત. ૫૮

"આળાલુલી જીભડી, બોલે આળપંપાળ,
બોલીને અળગી રહે, જોડા ખાય કપાળ." ૫૯

ક્રુર વચન વદતાં થકાં, ક્રોધ અતિ ઉપજંત,
તુંજ પસાયે માણુસો, કરે દેહનો અંત. ૬૦

તુંજ રસના કારણ થકી, કરે પાતિક બહુ જન,
તોપણ નહિ તૃપ્તિ થતી, દિન દિન ઇચ્છે મન. ૬૧

તુંજમાં છે અવગુણ ઘણા, કે'તાં ન આવે પાર;
તુંજ પસાયે શીરને, જતાં ન લાગે વાર ૬૨

અસત્ય ગ્રંથે તું ભણે, દેતી જુઠ ઉપદેશ;
જગત જીવ ફેરાવતી, ડરતી નહિ લવલેશ ૬૩

* જે જિવ સ્થાવરમાં વસે, તે માંહિ તુમમા કોણ ?
કેમ ગર્વ ખોટો કરો, કાન- નાક--મુખ--નેણ ૬૪

* * જીવ અનંતા મેં ધર્યા, તુમ તો સંખ્ય—અસંખ્ય;
મુજ વીણ તો કોઇ નહિ, કેમ ઉઠાવત ઝંખ ? ૬૫

નાક--કાન-નયણાં સુણી, જીભ કેમ ગભરાય ?
નાયક સર્વના શીર હું, લાગત મેરે પાય. ૬૬

અલીક વચન વદતી ફરે, સાચું કહે ન કોય,
વિણ દાયા કેમ તપ તપે, મુકિત કયાથી હોય ? ૬૭

---

* આ ગાથાનો ભાવાર્થ એવો છે કે, સ્થાવર જીવને કાન-નાક-મુખ-નેણ હોતાં નથી.

* * સ્પર્શ ઇંદ્રિય બીજી ઇંદ્રિયોને કહેછે કે—મ્હે **અનંતા** જીવ ધર્યા છે અને બીજી ઇંદ્રિયોએ **અસંખ્ય** જીવ ધર્યા છે એટલે કે બીજી ઇંદ્રિયો માત્ર ત્રસ જીવનેજ હોય છે તેથી તેઓ અસંખ્ય છે અને સ્પર્શ અનંત છે.

પરિસહ ખમે ભાવિશને, મહા કઠણ મુનરાજ;
ત્યારે કર્મ ખપાવીને, પામેછે શિવરાજ. ૬૮

ઢાળ ૫ મી.

(વૈદર્ભી વનમા ટળવળે, એ દેશી.)

સ્પર્શ કહે જગ હું વડો, મુજ સમો નહિ કોય;
મૂજ મહત્વ સાભળી, જીભ રહેશે રોય. સ્પર્શ. ૬૯

હેવે દક્ષીણ કરથકી, દાન જીનેશ્વર દેવ;
તેથી શોભા પામીએ, મટે મરણની ટેવ. સ્પર્શ. ૭૦

દાન દીધે મુનીરાજને, પામે પરમાનંદ;
સુરનર કોટી સેવા કરે, તપે તેજ દીણંદ. સ્પર્શ. ૭૧

નર નારી કઇ ઉધર્યા, શિયળ વ્રતે શિરદાર;
સુખ અનેક જીવે લહ્યા, દેખો સ્પર્શ પ્રકાર. સ્પર્શ. ૭૨

તપ કરી કાયા શોષવ્યે, થાય નિર્જરા સાર.
સુખ વિલસે સંસારના, અથવા ભવજલ પાર. સ્પર્શ ૭૩

ભાવ જયું આત્મ ભાવતો, બેઠો મોહની માંહિ;
કાયા વીણ ક્રિયા નહીં, ક્રિયા વીણ સુખ નાંહિ. સ્પર્શ. ૭૪

ગજસુકુમાળ ડગ્યો નહિં, સ્પર્શઇંદ્રિની સ્હાય;
કેવળજ્ઞાન ઉપગજીયું, પહોંચ્યો શીવગતિ માય. સ્પર્શ ૭૫

ત્વચા ઉતરી સ્કંધઋષિની, સહ્યો પરીસહ જોર;
પુર્વ બંધ છુટે નહીં, તુટયો કર્મ કઠોર. સ્પર્શ. ૭૬

શેઠ સુદર્શનને દીધો, રાજા દંડ પ્રહાર,
સહ્યો પરિસહ ભાવશું, પ્રગટયુ પુન્ય અપાર. સ્પર્શ. ૭૭

એ વિણ બીજા દાખલા, છે શાસ્ત્ર મોઝાર,
સાંભળતાં પાપે પળતાં, પામે ભવજળ પાર. સ્પર્શ. ૭૮

દોહરા.

મન બોલ્યું તે સાંભળી, મન ધરી ઉત્સાહ,
અન્યોઅન્ય સંસારમાં, ઇંદ્રીઓની સહાય ૭૯

વ્યર્થ ગર્વ કાયા કરે, રોગ તણું છે ખાણ;
નર્ક અવસ્થા ભોગવે, પળમાં પામે હાણ. ૮૦

મન મોટું હું સર્વમાં, મુજ સમો નહિ કોય,
મુજથી કર્મ ખપાવીએ, મુજથી પુન્ય જ હોય. ૮૧

હું ઇંદ્રીનો ભૂપ છું, ઇંદ્રિયો મુજ દાસ,
મુજથી સર્વે થાય છે, કાર્ય કેરો પ્રકાશ ૮૨

ઢાળ ૬ ઠી.

ચોપાઇની દેશી.

મન કેરી સૂણીને વાત, મુનિરાય બોલ્યા સાક્ષાત,
મન ખોટો કરે છે ગર્વ, પાતીક બાંધે એથી સર્વ ૮૩

તંદુલ મચ્છ ઇચ્છે થઇ લીન, જાણે સઘળા ભક્ષુ મીન,
મીન એકકેનો ભક્ષ **ન** થાય, તંદુલ મરીને નર્કે જાય. ૮૪

મન વડે એમ બાંધે પાપ, ઇંદ્રીઓને દોરે આપ,
મન તું સુણને મારી વાત, શુભ કર્મ ટેણે જગ તાત ૮૫

ઘણી વાત કરવે શું થાય? મનથી માઠા કર્મ બંધાય;
માટે લઇએ પરમાત્મા નામ, થશે એથી સ્વઆતમ કામ. ૮૬

મન કહે પરમાતમ દેવ, ઓળખાવો મુજને સ્વયમેવ,
માનીશ તમારો હું ઉપકાર, કૃપા કરી સમજાવો સાર ૮૭

કીહાં વસે ને કોણ કે'વાય? બતલાવો મુજને, મુનિરાય!
મુનિ કહે સાંભળ તું ચિત્ત, પરમાત્મ ઓળખાવું મિત્ત. ૮૮

દોહરા.

વસે પરમાત્મા મુકિતમાં, રાગ દ્વેષ નહિ જાણ;
ધ્યાન ધરંતાં તેહનું, પામે પદ નિરવાણ. ૮૯

વળી તુંજ ઘટમાંહી વસે, દેખ દૃષ્ટિ ધરિ ધ્યાન,
કસ્તૂરી નિજ નાભીમાં, છતાં ફરે મૃગ રાન. ૯૦

પંચ ઇદ્રીને વશ્ય થયે, જગમાં જીવ ફરંત,
જન્મ મરણનાં દુખ સહુ, કહિએ નહિં છુટંત. ૯૧

[1]કણ ઈદ્રીને વશ થયે, મૃગ મરે વન માંહિ,
અહી પડયો વશ કાનને, કેમે છૂટે નાંહિ ૯૨

[3]દૃગ વશે જઇ દપીમાં, પતંગ પડે પ્રમાણ,
[4]રસનાએ મચ્છ મારીયો, દુર્જન સંગ નિર્માણ. ૯૩

વશ્ય પડયો રસ નાકને, ભ્રમર કમળ મોઝાર,
પ્રાણ ખુએ તે પલકમા, દેખત સઉ સંસાર. ૯૪

સ્પર્શ ઇંદ્રીની સંગતે, [5]મયગળ પામે મર્ણ;
એ રીતે દુઃખ પામીએ, થાતાં ઈંદ્રી શર્ણ. ૯૫

મન રાજાને જીતીને, ઇંદ્રીઓ કરો વશ,
કામ ક્રોધ કષાય સહુ, કસણી કાઢો કસ. ૯૬

નીકટ જ્ઞાન દૃગ દેખતે, વીકટ ચર્મ દૃગ હોય;
ચીકટ મટે જયું રાગનો, પ્રગટ ચિદાનંદ જોય. ૯૭

પરમાત્માને ઓળખી, કરો તેહથી સ્નેહ;
મોક્ષ તણાં સુખ પામશો, એમા નહિ સંદેહ. ૯૮

વસી વિસલપુર ગામમાં, કીધી કાવ્ય કળાય,
દેખો દોષ જો દૃષ્ટિએ, માફ કરો સઘળાય, ૯૯

ઓગણીં ઓગણસાઠ ને, માઘ શુદિ બિજ ચંદ;
મનસુખ સુત મોતી કહે, બોલો જયજિનેંદ. ૧૦૦

---

મેસર્સ મેઘજી હીરજીની કું૦ જૈન બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,

પાયધુની નં૦ ૫૬૬—મુંબઈ.

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

પ્રત ૪૦૦૦. સને ૧૯૧૧.

રાસભ બુઢ્ઢાના પાસમાંથી બાળાઓનો બચાવ.

વિનંતી.

બાનુઓ અને સદ્‍ગ્રહસ્થો,

કર્યું જો એક પાતકતો, કરી બીજાં બહુ પાપો;
પતાકા પાપની ફરકાવી, આ સાર છે માથાનો;

આ પુસ્તક છપાવવાનો અમારો ઉદ્દેશ એજ છે કે જ્યારે કેટલાકો કીડી, મકોડી, પશુ પક્ષી ઇત્યાદિની જે હિંસા થાય છે તે અટકાવવાને મહાન પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે અમને વિચાર થયો કે આપણી કોમમા ૧૨ વરસની સુકોમળ કન્યા એક પચાસ વરસની ઉમરના વૃદ્ધને પરણે એ શું હીંસા નથી ? વિચાર કરતાં નક્કી થયું કે એ હિંસા છે, અને તે કેમ અટકે તેના અનેક તરંગો મારા મગજમાં ઉછળવા લાગ્યા, અને તરત પુનાની કોનફરન્સમાં ‘ શ્રીયુત **શિવજીભાઇ**એ કન્યાવિક્રય ઉપર જે પદ ગાઇ સંભળાવ્યું હતું અને તે વખતે કોનફરન્સના મંડપમાં જે બાનુઓ અને સદ્‍ગ્રહસ્થોની સંખ્યા હતી તે કવિતા સાંભળીને તરત મુનીરાજ શ્રી અમરવિજયજીને વિનંતી કરી કે મહારાજ અમો હવે પછી કન્યાવિક્રય ન કરીએ તેવા પચ્ચખાણ આપો આથી મને લાગ્યું કે તે કવિતા ચૌદ લાખ જૈનોમા વંચાય તેવી ગોઠવણ થાય તો સારૂં ત્યારબાદ શ્રીયુત **શિવજીભાઇ**ના બનાવેલા કન્યાવિક્રયના અને વૃદ્ધ વીવાહની વિપત્તી વીશે કેદીજીવના રાસમાં અનેક પદો મારા વાંચવામાં આવ્યા અને તેની ઓછામાં ઓછી એક લાખ કોપી છપાવવાનો વિચાર થયો અને અંતઃકરણમા નક્કી થયું કે જો એક લાખ માણસો આ વાંચે તો એક લાખમાથી ૭૫ ટકા વૃદ્ધ લગ્ન કરવા પોતાના વીચાર માંડી વાળે. પણ

કન્યાવિક્રય તિરસ્કાર.

મારી સાથે છે વિદ્યા દેવી સહાયકારીરે:—એ રાગ.

સુણો મિત્રો વિનતડી આજ મારીરે, જે છે દુષ્ટ રીવાજની સુણો. ૧
કન્યા વિક્રય રીત નઠારી; હાંકી કાઢો દેશથી દૂર એનેરે.
જે છે સુણો. ૨

પાપી પિતાઓ પેટને માટે, વેચે બાળા દ્રવ્ય લઈ આજ જુઓરે,
જે છે દુષ્ટ રીવાજની સુણો. ૩

પણ કહું છું હું તો તમને, ઉઠો જલદી લગાડો ન વાર જરીરે,
જે છે દુષ્ટ રીવાજની સુણો. ૪

ભુખે મરશું ભિક્ષા ધરશું સહી કષ્ટ કાઢશું ચાલ ખોટીરે
જે છે દુષ્ટ રીવાજની સુણો. ૫

કન્યા વિક્રયને બંધ કરાવી લેશું સારી પુન્ય તણી પાળ બાંધીરે
જે છે દુષ્ટ રીવાજની સુણો. ૬

સૌથી પહેલાં એજ સુધારો, કરવા માંડે કહે શિવ આજ ભાઈરે,
જે છે દુષ્ટ રીવાજની સુણો. ૭

શિવવિનોદ ભાગ ૧ લો.

૨

મારૂં વિદ્યાચંદ્ર નામ માટે કરવા તેવા કામ:—એ રાગ.

સુણજો મિત્રો મારા આજ, મારે કરવું મોટું કાજ. એ (ટેક)

આજ કાલમા કન્યા વિક્રય, થાએ છે બહુ ભારી,
કાઢું તેને કમર બાંધી, જે છે ચાલ નઠારી. સુણજો. ૧

નિર્મળ બાળા નિત્ય કકળતી, અંતર બાળી રૂવે;
ઘરડા વરને પરણી માટે, રાત દિવસ નહિ સુવે. સુણુજો. ૨

દાત વિનાના બુઢા વરને, જોઇ વિચારે બાળા:
રાક્ષસ જેવા દુષ્ટપતિ શું, કરશે કાલાવાલા. સુણુજો. ૩

નિર્દય બાપે પૈસા કાજે, જન્મારો મુજ ખોઇ;
પોતે બેઠો મોજ મજામાં, કાઢું આયુ રોઇ. સુણુજો. ૪

દયા હોય જો દિલમા તમને, તો કાઢો આચાલ;
શિવપદ મળશે નિશ્ચે ભાઇ, માની કાઢો હાલ. સુણુજો. ૫

શિવ વિનોદ ભાગ ૧ લો.

૩

(૧) કન્યા વિક્રય વિષે.

કુંવરી કુંવર મારા લાડકા:—એ રાગ.

જાગી જુઓ જૈન બંધુઓ, કન્યારત્ન વેચાય,
માનવ દેહ ધરી કરી, પશુ તુલ્ય ગણાય. જાગી. ૧

શ્રાવક નામ ધરી કરી, કરે કન્યાનો ઘાત;
નિર્દય આપ જાણો ખરે, નથી પુછતી નાત. જાગી. ૨

જિન દરશન કરવા મથે, પૂજન કરવાને ધાય;
કરતાં તિલક કપાળમાં, કેમ શરમ ન થાય. જાગી. ૩

સામાયિક પાળે પ્રીતથી, પ્રતિક્રમણુમા પ્રેમ;
કન્યા રીબાવી મારવા, નથી આવતી રહેમ. જાગી. ૪

વ્યાખ્યાન શ્રવણુ કરે સદા, ભકિત ભાવ ધરાય;
બાળા ચઢાવે શુળીએ, જૈન નામ લજાય. જાગી. ૫

ગાય બચાવે પ્રેમથી, દયા ધર્મો મનાય;
નિજ કન્યાને મારવા, ચિત્ર ઘાટ ઘડાય. જાગી. ૬

કન્યાવિક્રય કરનાર તો, નરક નિગોદે જાય;
સહાય કરે જે માનવી, તે પણ સાથે સધાય. જાગી. ૭

શ્રીમંત વર્ગ સુણો સહુ, કરે બાલા બહુ શોક;
દયા કરો અબળાપરે, આયુ વિતાવો શું ફોક. જાગી. ૮

લીલોતરી બાધા કરો, લોક, રંજન કાજ,
કીડી બચાવો દંભથી, નથી અબળાનો સાજ, જાગી. ૯

સત્ય દયાળુ જો હશો, કરશો પચ્ચખાણુ;
કન્યા વિક્રય કરવો નહિ, ભલે જાયરે પ્રાણ. જાગી. ૧૦

ઉપદેશક લેખક સહુ, કરો પુન્યનું કામ;
અબળા રક્ષક જો થશો, લેશો શિવપદ ધામ. જાગી. ૧૧

શિવવિનોદ ભાગ ૧ લો.

૪

હાય કેમ આ સહેસે ઉજેની રંડાપો:—એ રાગ.

જૈન બધુઓ હિંસા થાએ બહુ ભારી;
હિંસા થાએ બહુ ભારી, પિતા વેચે પુત્રી નિજ પ્યારીરે. જૈન. ૧

આર્ય દેશ થયો પાય માલ, બહુ દીન થયા ધનપાલ,
થયા સહુનારે હાલ હવાલરે. જૈન. ૨

કન્યા વિક્રયને ગણો ઝેર, વર્તી રહ્યો અરે કાળો કેર;
બાંધો પુત્રી સાથે કા વેરરે. જૈન. ૩

કન્યા માને પિતાનો આધાર ધન લેવા થયો તે તૈયાર;
ગાય જેવી થઈ નિરાધારરે. જૈન. ૪

રક્ષા કરે તેને માનો બાપ, થઇ બેઠા હવે તો તે સાપ;
વિત્ત માટે કરો સદા જાપરે. જૈન. ૫

હેતવાળી થઇ ક્રુરમાતા, નિજ પુત્રીને આપે ન શાતા;
થઇ વૈધવ્યતાની તે દાતારે. જૈન. ૬

માન ભુખ્યા થયા આગેવાન, ધર્મ ભુલી થયા તે હેવાન;
નથી ધરતા હૃદય કાંઇ શાનરે જૈન. ૭

રંક ગણાળાને આપોરે સાજ, રાખો કોમ તણી કાંઇ લાજ;
કરો પરોપકારનું કાજરે. જૈન. ૮

કન્યા વિક્રયનું તજો ગાન, નષ્ટ થશે એથી તમ ધન;
નીચ વૃત્તિવાળું થશે મનરે. જૈન, ૯

નીચ પિતા લેવા બેઠા દામ, લજાવે તે ખરે જૈન નામ,
ગુમાવ્યું તેણે શિવપદ ધામરે. જૈન. ૧૦

શિવ વિનોદ ભાગ ૧ લો.

૫

(૨) કન્યા વિક્રયની કહાણી.

અપુર્વ અવસર એવો ક્યારે આવશે—એ દેશી.

કન્યા વિક્રય અધમ દુષ્ટ રીવાજ છે,
કરજો તેને હિમ્મતથી દેશ દૂરજો;
અધમ દશા ભારતની થઇ દુઃખ કારજે,
કારણરૂપ ગણી કરજો ચકચુરજો. કન્યા. ૧

અધમાધમ નર આર્ય દેશમાં જન્મીને,
પાપ કરીને કરે દેશનો નાશજો;
પ્રમાદવશ થઇ મૂરખ ચાહે વિત્તને,
દુર્નીતિમાં કરે પ્રીતથી વાસજો. કન્યા. ૨

વિવિધ હુન્નરનો શોખ ધરે નહિ ચિત્તમાં,
વળી વિદ્યાનો અંતરમાં ન પ્રવેશજો,
મહા મોહ દુર્ધર વૈરીના પાસથી.
ધારે નહિ કદિ સદ્દગુણનો તે લેશજો કન્યા. ૩

નીતિથી વ્યાપાર કરે નહિ જે કદા,
કુમાર્ગેથી ચાહે વિત્તને ચિત્તજો;
સેવા કરવા યત્ન કરે નહિ સર્વદા,
ધન મેળવવા અંતરમા ધરે પ્રીતજો. કન્યા. ૪

નિર્મળ કન્યા રત્નવડે સુખ માનીને,
વેચે જઇને છડે ચોક તે બજારજો;
યોગ્ય પતિ દેવાનો ધર્મ ભુલી જઇ,
વૃદ્ધ જમાઇ શોધે તે નિર્ધારજો. કન્યા. ૫

બાર વરસની નિર્મળ બાળા સુંદરી,
સાઠ વર્ષના ડોસા સાથે જાયજો;
આર્ય બંધુઓ ચેતો કાંઇરે ચિત્તમાં,
અતિ અતિશે આ અન્યાયજ થાયજો. કન્યા. ૬

આંખ ઉઘાડી જુઓ અંતરે જ્ઞાનથી,
કેવો જુલ્મી ઘાતકી છે કુરીવાજજો;
બંધ કરો સહીને કષ્ટો જગમાં તમે,
અંતર ધારી દેશ તણી કંઈ દાઝજો. કન્યા. ૭

જે નર ખર થઈ વેચે કન્યા લોભથી,
તજજો તેના ઘરનું અન્નને નીરજો,
જ્ઞાતિબંધન જો દુઃખકર લાગે મને,
તજજો તે પણ ધીરજથી મુજ વીરજો. કન્યા. ૮

આર્ય દેશની લક્ષ્મી બાળા જાણીને,
કરજો રક્ષણ તેનો આપી પ્રાણજો;
રક્ષણ કરતા જો વિપદા આવી પડે,
સહેશો તો લેશો અંતે નિર્વાણજો. કન્યા. ૯

પારેવાના રક્ષણ શાંતિ પ્રભુ,
પામ્યા અંતે અવિચલ સુખકર ધામજો,

માનવ તનતો પુન્યવંતરે ગણાય છે,
તસ કારણ ખર્ચો પ્રીતે બહુ દામજો. કન્યા. ૧૦

દ્રષ્ટાંત કહું છું તે પર એક સંક્ષેપથી,
શ્રવણ કરી લેજો તેમાથી સારજો;
મનન કરીને વર્તનમાં તે લાવજો,
લેશો તો સુખથી આ ભવનો પારજો. કન્યા. ૧૧

કંચનપુર નગરે વિત્તાનંદ નામથી,
વણિક એક થયો દુર્ગુણનો ભંડારજો;
આશાબાઇ નામે તસ નારી હતી,
આશાવશ થઈ ધરતી આશ અપારજો. કન્યા. ૧૨

સુંદરી નામે કન્યા રૂપે શોભતી,
ચૌદ વર્ષની બાળા થઈ ગૃહમાયજો;
શોધ કરે નિશદિન વિત્તાનંદ પ્રેમથી,
વૃદ્ધ અને ધનવંત જમાઇ ત્યાંયજો. કન્યા. ૧૩

અંતે શોધી વૃદ્ધ ધનિક મહામૂઢને,
દીધી કન્યા સુગુણવતી વિત્ત કાજજો;
ઘરડા વરને પરણી બાળા રાંકડી,
નહિ ઇચ્છે પણ અટકાવે તસ લાજજો. કન્યા. ૧૪

શોલ વર્ષની શ્યામા થઇ જવ સુંદરી,
મદન પીડથી ચાહે તે ચિત યારજો,
વિષયાનંદ પતિને નવ ગણકારતી,
સન્મુખ રહીને કરતી નીચ વ્યભિચારજો. કન્યા. ૧૫

અન્ય પુરૂષની સાથે રમતી સુંદરી,
દેખીને વૃદ્ધ કરતો ચિત્ત પરિતાપજો;
મૂઢ થઈને વૃથા લગ્નની જાળમાં,
પડ્યા પછી બહુ કરતો મન સંતાપજો. કન્યા. ૧૬

અંતે મૃત્યુ પામ્યો વૃદ્ધ દુઃખ પામતો,
મુકી પાછળ લલના સુંદર નારજો;
અધમ સંગથી કુલટા રતિરસ ચાખતી,
પર પુરૂષપર ધરતી અંતર પ્યારજો. કન્યા. ૧૭

ખાઈ ગયા ધનમાલ સર્વ રસલુબ્ધકો,
ઝવેરાતને કંચનના અલંકારજો,
દિન થઇ ભમતી ઘર ઘરમાં આખરે,
દળણું દળવા યત્ન કરે દુઃખકારજો. કન્યા. ૧૮

સંત સમાગમથી અવલોકી તત્વને,
પામી ચિત્તમા અતિ અતિ વૈરાગજો,
પ્રગટ થયો સંવેગ રંગ તે રગોરગે,
કરવા ચાહે જગનો અંતર ત્યાગજો. કન્યા. ૧૯

નિજ દોષો દેખીને દુ.ખ બહુ પામતી,
કારણ તેનું સમજી અંતરમાયજો;
કન્યા વિક્રય દુષ્ટ રિવાજના ભોગથી,
પામી આવી અધમ સ્થિતિ જગમાંયજો. કન્યા. ૨૦

બોધ દઈને સમજાવું ભવિ જીવને,
ઇચ્છા એવી ઉપજી તવ તસ ચિત્તજો;
કન્યા વિક્રય અધમ ચાલના ઉપરે,
તિરસ્કાર ધરતી અંતર તે ખચિત્તજો. કન્યા. ૨૧

જીંદગીમા બહુ પાપ કરી તે સુંદરી,
અંતે થઈ તે કાળ અરિ સ્વાધિન જો;
કન્યા વિક્રય મહા પાપ સમજાવતી,
જીવિત તાવત અંતરમા થઇ દીનજો. કન્યા. ૨૨

ચરિત્ર સુણીને ગેતો વીરો ચિત્તમાં,
અધમ ચાલનો કરજો દેશ નીકાલજો;
શિવાનંદ પદ કારણ પર ઉપકારથી,
ધારણ કરજો નિર્મળ ગુણની માળજો. કન્યા. ૨૩

શિવવિનોદ ભાગ ૩ જો.

[1]શ્રી જૈન શ્રેયઃસાધક વર્ગના માનવંતા મેમ્બરોની સેવામાં.

"આપ કૃપાળુ સાધર્મી બંધુઓને વિનંતી કરવાની કે હું એક બાળ શ્રાવિકા આપની સાધર્મી બ્હેન છુ. મારા પિતા લોભને વશ થઇ મારા સંસારસુખનું છેદન કરવાને તયાર થયા છે. શ્રીનગરના કોઇ નથુભાઇ નામના વૃદ્ધની સાથે મારો વિવાહુ-સંબંધ જોડવા તેમની ઈચ્છા થઈ છે, આ કાર્ય હજુ સિદ્ધ થયું નથી, પણ તેની ઘણી ખરી યોજના થઇ ગઇ છે. આ મહાન અનર્થ થવાના ભયથી મારી માતા કંપી ચાલ્યાં છે. અને તે માયાળુ માતાની મારી તરફ પૂર્ણ લાગણી હોવાથી તેણીના હૃદયમાં શોકાનળ પ્રજવલિત થયો છે. મારૂં રક્ષણ કરવાને તેણી ઘણો પ્રયત્ન કરે છે, તથાપિ મારા લુબ્ધ પિતાની પાસે તેણીનું કાંઇ પણ ચાલતું નથી. અમે બંને મા દીકરી નિરૂપાય થઇ તમારા વર્ગની શરણે આવ્યાં છીએ. જૈન શ્રેયઃસાધક વર્ગ સર્વ જૈન પ્રજાનું શ્રેય કરવાને સમર્થ છે, એવુ ધારી મેં મારી માતાની સંમતિથી આ પત્ર લખ્યો છે. મને પૂર્ણ આશા છે કે, વર્ગના અંગભુત આપ સર્વ બંધુઓ આ તમારી દુઃખી સાધર્મી બ્હેનને શરણ આપી તેનો આ મહા દુઃખમાંથી ઉદ્ધાર કરશો."

લી૦ શરણાગત બાળશ્રાવિકા,
મેનાના જયજિનેંદ્ર.

---

[1] આ અરજી શ્રાવક સંસાર પૃ. ૧૦૭ મા છે, અવશ્ય વાંચો કીં ૦-૨-૦ પોષ્ટેજ જુદું.

વૃદ્ધ વિડંબના.

દોહરા.

કાળાં જઈ ધોળાં થયાં, ગયા મુખેથી દાંત;
ગાત્ર સવી ઢીલાં પડયાં, તોય થયો નહિ શાંત. ૧

સુતો મરણ પથારીએ, ગઇ ન અંતર આશ;
નિર્મળ બાળા કર ધરી, પડે કર્મને પાશ. ૨

આ ભવમાં દુઃખ દેખશે, લેશે પરભવ દુઃખ;
લોક હસે, નિંદા કરે, લજવે જનની કુખ. ૩

જિન શાસનની હેલણા, કરવાની આરીત;
વૃદ્ધ વિવાહ કુરૂઢીને, ગણજો ચિત્ત કુરીત. ૪

વિષય સુખો ખુજલી પરે, ભોગવતા ન સમાય;
શિવાનંદ પદ કારણે, સંતોષે સુખ થાય. ૫

શી. વી. ભા. ૩ જો.

ઢાળ ૨૯ મી.

વૃદ્ધ વિવાહ વિપત્તિ.

ધાર તરવાની સોહેલી દોહેલી ચૌદમાં જિન તણી ચરણ સેવા—એ દેશી.

વૃદ્ધ વિવાહ કરી કર્મ નહિ બાંધજો,
નિર્મલ બાલીકા ભવ બગાડી;
લોકમાં હાંસીપાત્ર થઇ અપજશે,
જીંદગી વ્યર્થ વિષયે લગાડી. વૃદ્ધ. ૧

જાણન વ્યતી ક્રમે ધર્મ આરાધજો,
ઇહભવે પરભવે સુખકારી;
દેવ દુર્લભ નર ભવ ગણો જગતમા,
મુક્તિ પદ આપવા હિતકારી. વૃદ્ધ. ૨

ધ્રુવના ચરિત્ર વાંચી કરી હૃદયમાં,
સ્થાપજો મનનથી ગુણકારી;
નૃપતિ આદિ બહુ વૃદ્ધ ઉમરે થતાં,
જ્ઞાનથી બાહ્ય ઉપાધિ ટારી. વૃદ્ધ. ૩

રાજઋદ્ધિ અને કામ ભોગો ભજી,
સંયમ સુખકર લઇને પ્રીતે;
ઇંદ્રિયો જય કરી મનકું મારી કરી,
વાસના ટાળી છે શુદ્ધ ચિતે. વૃદ્ધ. ૪

યુવક બહુ જગતમાં બાહ્ય સુખને તજે,
નિર્મલ સત્ય સુખ પ્રાપ્તિ કાજે;
અહોનિશ અંતરે ભક્તિમાં લાગીને,
જ્ઞાન અગ્નિ વડે કર્મ દાજે. વૃદ્ધ. ૫

વિષય સુખને ગણો ત્યાજ્ય અંતર વિષે,
ભીમ ભુજંગ સમ પ્રાણ નાશે;
ક્ષણિક સુખકાર તે અંતે દુઃખકાર છે,
શુદ્ધ ચેતનની ઋદ્ધિ જાશે. વૃદ્ધ. ૬

ગાત્ર ઢીલાં થયાં, શ્રોત્ર બહેરાં થયાં,
આંખથી લેશ નહિ વસ્તુ ભાળે:
પગવડે ચાલતાં દંડ કરમાં ધરે,
તોય વિષયો વિષે આયુ ગાળે. વૃદ્ધ. ૭

ભકિત વૈરાગ્યથી જન્મ સુધારજો,
નિંદ્ય દુઃખ કરી મોહ વૈરી મારી;
સંત સેવા કરી તત્વ અંતર ધરી,
ભવતણા સાધનો દુર ટાળી. વૃદ્ધ. ૮

વૃદ્ધ ઉમરે કદિ લગ્નની હોડમાં,
મૂઢતાને વશે કોઇ પડશે,

વિષયાનંદ પરે દુઃખ લહે જગતમાં,
સુખના સાધનો દૂર ટળશે. વૃદ્ધ ૯

લક્ષ્મીપુર નગરમાં વૃદ્ધ એક શેઠીઓ,
નામે તે વિષયાનંદ પ્રસિદ્ધ.
મૃત્યુના સમય તે લગ્નના પાશથી,
ઉત્તમ જન્મને વ્યર્થ કીધ. વૃદ્ધ. ૧૦

નારી તસ સુંદરી રૂપમાં પુટડી,
સોલ વર્ષે થઈ મદન લીન;
વૃદ્ધપતિ દેખીને અંતરે દાઝતી,
નવ રહે વૃદ્ધને તે આધીન. વૃદ્ધ. ૧૧

મૂઢમતિ, દુષ્ટમતિ, મલિનમતિ તુજ સમો.
જગતમાં કો નહિ એમ કહેતી;
વૃદ્ધ ઉમરે કર્યો લગ્ન તેં મુરખા,
વિવિધ અપશબ્દથી ગાળો દેતી. વૃદ્ધ. ૧૨

કાર્ય પતિનો કરી હર્ષ નવ પામતી,
અંતરે રોષને નિત્ય ધારે ;
દીન થઇ બાપડો આજીજી બહુ કરે,
લેશ કયુ જો વદે તો તે મારે. વૃદ્ધ. ૧૩

મદન સમ રૂપમાં જે નરો દેખતી,
મદન પીડા વડે ચિત્ત દાઝે ;
યુવક મદમત્ત નરવર કદિ પેખતી,
પ્રેમથી કંઠમા શીઘ્ર બાઝે. વૃદ્ધ. ૧૪

નજર નિહાળીને વૃદ્ધ અંતર વિષે.
લોક લજ્જાવડે દુઃખ ધરતો;
શુદ્ધમતિ ઉપની સંત સેવા થકી,
ભુલ પોતા તણી નિત્ય સ્મરતો. વૃદ્ધ. ૧૫

શીખ દેવા ધરે ચિતમા તે કદા,
ક્રોધ મુખ જોઇને શાંત થાતો;
શબ્દ નવ વદિ શકે કિમપિ નહિ કરી શકે,
ફરી ફરી અંતરે તે સમાતો. વૃદ્ધ. ૧૬
જીંદગી દુઃખમાં એમ વીતાવીને,
મૃત્યુ પામી ગયો, અન્ય ચોની;
કામવશ બાપડી નારી તસ નિત પ્રત્યે,
શોધતિ કામીને બીક કોની. વૃદ્ધ. ૧૭
વિત્તરાશિ વ્યભિચારમાં હોમતી
આખરે ધન વિના દુઃખ પામે;
રોગ પીડિત થઇ સહાય કો નવ કરે,
આશકો તેહના નાવે કામે. વૃદ્ધ. ૧૮
વૃદ્ધને નિંદતી અંતરે તે સદા,
કર્મ બંધન કરે મલિન મનથી;
રૂપ ગુણ યુકત જવ દંપતી દેખતી.
મદન તવ દીપતો તાસ તનથી. વૃદ્ધ. ૧૯
ગૃહસ્થ વેશે રહે ગુણવતી સાધવી,
મધુર શબ્દો વડે બોધ આપે ;
મલિન સંસ્કાર સવી દૂર કરી જ્ઞાનથી,
મદન પીડા સવી તાસ કાપે. વૃદ્ધ. ૨૦
બોધ પામી થઇ સદ્ગુણી સુંદરી,
વૃદ્ધ વિવાહને દુષ્ટ માને.
બોધ દઇ સર્વને નિંદ્ય પથ ટાળતી,
રૂઢી દુઃખકારક ચિત્ત જાણે. વૃદ્ધ. ૨૧
ચરિત્ર આ સાંભળી નિયમ હૃદયે લહો,
વૃદ્ધ વિવાહ કદિ નહિજ કરવો;
જે કરે તેહને બોધ દઇ જગતમાં,
અંતરે શિવપદ પ્રીતે ધરવો. વૃદ્ધ. ૨૨

શી. વી. ભા. ૩ જો.

લાભ લ્યો ! અપૂર્વ ! ! લાભ લ્યો ! ! !

જૈન સાહિત્યનો સસ્તો પ્રચાર.

નિમ્ન લખીત પુસ્તકોનું ભાષાંતર કર્તા પ્રસિધ્ધ વકતા મુનિમહારાજ શ્રી ૧૦૦૮ ચારિત્ર વિજયજીની અપૂર્વ સહાયતાથી મરહુમ જૈન વિજયના અધિપતી મી૦મોહનલાલ અમરશી.

જણાવેલ પુસ્તકોને પ્રસિધ્ધમાં લાવવા માટે મળેલ રૂપીયા ૧૫૫૧, ની નીચેના સદ્દગૃહસ્થો તરફથી મદદ.

યાદિમાં આપેલ શટ ખરીદનારને અડધી કીંમતે આપવામાં આવશે. નાણાં સંબંધી મદદ આપનારનાં મુબારક નામ—

૧શેઠરતનજીવીરજીભાવનગરવાલા.૨શેઠનથમલજીગુલેચ્છાગ્વાલીઅરવાલા.
૩ શેઠકલ્યાણજી મુળજીમુંબઈવાલા૪શેઠભણુશાલીપ્રેમજીધરમશીપોરબંદર.
૫ જીવરાજ નરશી મુંબઈ. ૬ શેઠ તુળશીદાસ મોનજીકારાણી.માંગરોલ.

એ ઉપરાંત કેટલાંક સદ્દગૃહસ્થો તરફથી—

પુસ્તકનું નામ.	કિંમત.	કર્તા.	પૃષ્ઠ
૧ દ્રવ્યગુણ પર્યાયનો રાસ.	૧–૪–૦	શ્રીમદ યશોવિજયજીવીરચિત	૩૨૪
૨ આગમસાર.	૦-૧૦-૦	દેવચંદ્રજી સૂરીકૃત.	૧૪૬
૩ સુમતીચંદ્ર ભાગ ૧ લો.	૧–૦–૦	એક અદ્દભુત જમાનાને અનુસરતી જૈન નોવેલ.	૧૯૬
૪ ,, ૨ જો.	૧–૦–૦		૧૯૬
૫ સમાધી શતક શમતા શતકતથા અનુભવ શતક	૦–૮–૦	શ્રીમદ યશોવિજયજી.	૧૧૦

૬ સામાયક સૂત્ર (હેતુભાવાર્થ તથા વીવેચન સંયુક્ત)	૦-૪-૦		૯૦
૭ જીનેંદ્ર સ્તવનાવલી.	૧-૦-૦	પૂર્વાચાર્યકૃત	૨૩૮
૮ જૈનસંગીત રાગમાળા.	૧-૪-૦	,,	૨૭૦
૯ ભોજ પબંધ ભાષાંતર.	૦-૧૨-૦	મર્હુમ જૈન કોલમ્બુક વીરચંદ ગાર. ગાંધી.	૧૦૪
૧૦ અધ્યાત્મ વ્યાખ્યાન માળા	૦-૪-૦	શ્રીમદ બુદ્ધિસાગરજી કૃત	૨૦૦

૭-૧૪-૦

રૂ. ૭-૧૪-૦ નાં પુસ્તકો નકલ ૧૦ ખરીદનારને માત્ર અડ-ધી કીંમતે એટલે રૂ. ૩-૧૫-૦માં આપવામાં આવશે. પોસ્ટેજ જુ-દું સમજવું. સટ થોડા છે માટે વહેલો તે પહેલો.

તા.ક.—અમારે ત્યાં જૈન ધર્મના સર્વે જાતનાં જેવાંકે માગધી સંસ્કૃત, અંગ્રેજી અને ગુજરાતી દરેક પુસ્તક મળી શકશે એ ઉપરાં-ત ફાટેલાં તુટેલાં પુસ્તકો બાંધી આપવામાં આવશે.

નોટ—બે આનાની ટીકીટ મોકલનારને ત્રણ સુંદર પુસ્તકો મોકલવામાં આવશે.

ચેતવણી.

મંગાવેલ રૂ.૩-૧૫-૦ નો સટ તથા બે આનાનો સટ પસંદ નહિ આવશે તો મંગાવનારના ખરચે પાછું રાખવામા આવશે.

ટીકીટ મોકલ્યા સિવાય કુંપનીમાંથી જવાબ મળી શકશે નહિં

લખો,

મેસર્સ મેઘજી હીરજીની કું

માંગરોળ જૈન સભા પાયધુની, મુંબઈ

પાંડવ પ્રબોધ, કીંમત રૂ. ૧ાા

આ ગ્રંથની અંદર અપૂર્વ રસીક વિષયો નીચે પ્રમાણે સમાવેલા છે.

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.

તેમ કરવાને હું અશક્ત નિવડયો કારણકે પૈસાની જોગવાઈ નહોતી.

છેવટ મારા પુજ્ય વડીલ શેઠ હીરજી કાનજી, લાલજી નરશી, પદમશી શીવજી, તથા શેઠ પુંજા કરમશી વીસનજી જેતશીની મદદથી નકલ ૨૦૦૦) અગાઉ તથા. ૪૦૦૦) પછી કુલ. નકલ ૬૦૦૦) છપાવીને આપની સમક્ષ રજુ કરતાં મને કહેવું પડે છે કે આપણી કોમ જીવદયાનો દાવો કરનારી છે. કીડીને બચાવનારી છે ત્યારે કન્યાઓને શામાટે ન બચાવે.

આપણી કોમ તરફ નજર કરશો તો સેંકડે ૭૫ ટકા વીધવાઓ નજરે પડશે. કોમના આગેવાનો તમોને જે લક્ષ્મી મળી છે તે તમારા પૂર્વભવના પુણ્યથી મળી છે તમો કદાચ મોટી ઉમરે સ્રી વગ· ગરનઃ થઈ રહ્યા હો તો બાળસુકોમળ કન્યા ઉપર જુલમ ગુજારશો નહિ, એટલે ખુલ્લા શબ્દોમાં કહું તો વૃદ્ધ લગ્ન કરશો તો ભવિષ્યમાં સુખ તો પામવાનાજ નથી. પણ બાપદાદાની આબરૂપર પાણી ફેરવશો મેં તથા મારા મિત્રોએ માથે લીધું છે કે વૃધ્ધોના પંજામાંથી કન્યાને ગમે તે પ્રકારે બચાવ થાય તેમ કરવું. માટે હવે જો જમાના તરફ નજર કરશો અને લક્ષ્મીના અભિમાનમા આગળ વધશો તો લગ્ન મંડપમાંથી પાછા ફરવાનો વખત આવી પુગ્યો છે .. માટે....સાવધાન?

કોઈ પણ ગ્રહસ્થ આ પુસ્તક છપાવવા મદદ કરશે તો માત્ર રૂા. ૧૦) મા હજાર નકલ છપાવી આપશું.

લી૦ જૈન જ્ઞાતિનો લઘુત્તમ બાળ.

મેઘજી હીરજી.

श्री

चौवीस जिन स्तवनावली.

कूमट विनेचन्द्रजी कृत

यह चोवीसी

राजपूताना--पंजाब--दक्षिणमें लोकप्रिय जान

पंडीत पुरुषोंसे शुद्ध कराके

जैनभाइयोंके हितार्थ

सतारा निवासी

श्रीयुत बालमुकुंदजी चंदनमलजीकी स्हायसे

शहर अहमदाबादमें

स्वकीय 'भारतवन्धु प्रिंटिंग वर्क्स' में छाप कर

शाह वाडीलाल मोतीलालने

प्रसिद्ध की.

इ. स. १९११

द्वितीयावृत्ति—प्रत १:००

चौवीस जिन स्तवनावली.

पद ॥ १ ॥

(उमादे भटियाणी हो-ए देशी)

श्री आदीश्वर स्वामी हो प्रणमुं शीर नामी तुम भणी,
प्रभू अंतरजामी आप;
मोपर म्हेर करीजे हो मेटीजे चिंता मन तणी,
मारां काट पुरा कृत्य पाप-
श्री आदीश्वर स्वामी हो प्रणमुं शीर नामी तुम भणी
(टेर.) १ ॥

आदि धरमकी कीधी हो भर्त्तक्षेत्र सर्पणि कालमें,
प्रभू जुगल्या धरम निवार;
पहिला नरवर मुनिवर हो तीर्थंकर जिन हुआ केवली,
प्रभू तीरथ थाप्यां चार-श्री आदीश्वर ॥ २ ॥

मा 'मरुदेव्या' थांरी हो गज होदे मुक्ति पधारियां,
तुम जन्म्या ही प्रमाण;
पिता 'नाभि' म्हाराजा हो भव देव तणो करी नर थया,
प्रभू पाम्या पद नीरवाण— श्री आदीश्वर ॥ ३ ॥
भरतादिक सो नंदन हो दो पुत्री 'ब्राह्मी' 'सुंदरी,'
प्रभू ए थारां अंगजात;
सघळां केवल पायां हो समाया अविचल ज्योतमें,
कांइ त्रिभूवनमें विख्यात— श्री आदीश्वर ॥ ४ ॥
इत्यादिक बहु तर्या हो, जिन कुलमें प्रभु तुम उपन्या,
कांइ आगममें अधिकार;
और असंख्या तार्या हो उधार्या सेवक आपरा,
प्रभू-सरणां इमा धार— श्री आदीश्वर. ॥ ५ ॥
अशरण शरण कहीजे हो प्रभु विरद विचारो साहिबा,
कांइ अहो गरीबनीवाज;
शरण तुमारी आयो हो हुं चाकर निज चरणां तणो,
म्हारी सुणीए अरज अवाज— श्री आदीश्वर ॥ ६ ॥
तुं करुणा कर ठाकुर हो प्रभू धर्म दिवाकर जगगुरु,
कांइ भव दुःख दुष्कृत्य टाल;
विनयचंदने आपो हो प्रभू निजगुण संपत शाश्वती;
प्रभू दीनानाथ दयाल— श्री आदीश्वर० ॥ ७ ॥

पद ॥ २ ॥

(कुव्यसन मारग माथेरे धीक धीक—ए देशी ॥)

श्री जिन अजित नमो जयकारी; तूं देवनको देवजी;
' जयशत्रु ' राजा ने ' विजया ' राणीको
आतमजात तुंमेवजी—
श्री जिन अजित नमो जयकारी ॥ (टेर) ॥ १ ॥

दुजा देव अनेरा जगमें, ते मुज दाय न आवेजी;
तह—मन्ने तह—चित्ते हमने, तूंहीज अधिक
सुहावेजी ॥ श्री० ॥ २ ॥

सेव्या देव घणा भव भवमें, तो पिण गरज न सारीजी;
अबकैं श्री जिनराज मिल्यो तुं, पुरण पर
उपगारीजी ॥ श्री० ॥ ३ ॥

त्रिभूवनमें जस उज्वल तेरो, फैल रह्यो जग जाणेजी;
वंदनीक पूजनीक सकलको, आगम एम
वखाणेजी ॥ श्री० ॥ ४ ॥

तुं जगजीवन अंतरजामी, प्राण आधार पियारोजी;
सब विधि लायक संत सहायक, भक्तवच्छल वृध
धारोजी ॥ श्री० ॥ ५ ॥

अष्ट सिद्धि नवनिधिको दाता, तो सम अवर न कोइजी;
बधै तेज सेवककौ दिनदिन, जेथ तेथ जै होइजी ॥
॥ श्री० ॥ ६ ॥

अनंत ग्यान दर्शन संपत्ति, ले ईश भयो अविकारीजी;
अविचल भक्ति 'विनयचंद' कु द्यो तो जाणूं
रिझवारीजी ॥ श्री० ॥ ७ ॥

पद ॥ ३ ॥

(आज मारा पासजीने चालो वंदन जइए--ए देशी.)

आज म्हारा संभव जिनकै हित, चित्तसुं गुण गास्यां;
मधुरमधुर स्वर राग आलापी गहरे साद गुंजास्यां राज--
आज म्हारा संभव जिनकै हित, चित्तसुं
गुण गास्यां (टेर) ॥ १ ॥

नृप 'जितारथ' 'सैन्या 'राणी, तस सुत सेवक थास्यां;
नवधा भक्ति भावसैं करने, प्रेम मगन हुइ
जास्यां राज ॥ आ० ॥ २ ॥

मन बच काय लाय प्रभु सेती, निसदिन सास-उसासां;
संभव जिनकी मोहनी मूरति, हिये निरंतर
ध्यास्यां राज ॥ आ० ॥ ३ ॥

दीनदयालु दीनबंधवके, खाना जाद कहास्यां;
तनधन प्रान समर्पी प्रभुको, इनपर बेग
रिझास्यां राज ॥ आ० ॥ ४ ॥

अष्ट कर्मदल अति जोरावर, ते जीत्यां सुख पास्यां;
जालम मोह मारकै जामें, साहस करी
भगास्यां राजा ॥ आ० ॥ ५ ॥

उबट पंथ तजी दुरगतकै. सूभगति पंथ संभास्यां;
आगम अर्थ तणे अनुसारै, अनुभव दशा
अभ्यासां राज ॥ आ० ॥ ६ ॥

काम क्रोध मद लोभ कपट तजी.निज गुणसुं लिवलास्यां;
" विनयचंद " संभव जीन तूठ्यां, आवागमन
मिटास्यां राज ॥ आ० ॥ ७ ॥

पद ॥ ४ ॥

(आदर जीव क्षमा गुण आदर--ए देशी.)

श्री अभिनंदन दुःखनिकंदन, वंदन
पूजन जोगजी; (टेर)
आसा पूरो चिंता चूरो आपो सुख
आरोग्यजी ॥ श्री० ॥ १ ॥

'संवर' राय 'सिधारथा' राणी, तेहनो आतम जातजी;
प्राणपियारो साहिब साचो, तुहीज मात ने
तातजी ॥ श्री० ॥ २ ॥

केइयक सेव करे संकरकी, केइयक भजै मुरारजी;
गनपति सूर्य उमा केइ समरे, हुं समरुं
अविकारजी ॥ श्री० ॥ ३ ॥

देव कृपासु पामे लिक्ष्मी, सो इन भवको सूखजी;
तो तुठ्यां इन भव परभवमें, कदेइ न व्यापे
दूखजी ॥ श्री० ॥ ४ ॥

जदपि इंद्र नरिंद्र निवाजे, तदपि करत निहालजी;
तूं पुजनिक नरेंद्र इंद्रको, दीनदयाळ
कृपाळजी ॥ श्री० ॥ ५ ॥

जबलग आवागमन न छुटे, तबलग ए अरदासजी;
संपति सहित ग्यान समकित गुण, पाउं दृढ
विसवासजी ॥ श्री० ॥ ६ ॥

अधम उधारन बृध तिहारो, चावो इण संसारजी;
लाज "बिनयचंद" की अब तोने, भवनिधि पार
उतारजी ॥ श्री० ॥ ७ ॥

पद ॥ ५ ॥

(श्री शीतळ जिन साहिबाजी–ए देशी)

सुमति जिणेसर साहिबाजी, 'मेगरथ' नृपनो नंद;
'सुमंगळा' माता तणो तनय सदा सुखकंद ॥ १ ॥
प्रभू त्रिभूवन तीलोजी (टेर) सुमति सुमति दातार;
महामहीमा नीलोजी, प्रणमुं वार हजार—
प्रभू त्रिभूवन तीलोजी ॥ ॥ २ ॥
मधुकरनो मन मोहियोजी, मालती कुसुम सुवास;
त्युं मुज मन मोह्यो सही, जिन महिमा
सुविमास ॥ प्रभू ॥ ३ ॥
ज्युं पंकज सूरजमूखीजी, विकसे सूरज प्रकाश;
त्युं मुज मनडो गहगहे, सुनि जीनचरित्र
हुलास ॥ प्रभू ॥ ४ ॥
पपइयो पियुपियु करेजी, जान वृपाऋतु जेह;
त्युं मो मन निशदिन रहो, जिन समरनखुं नेह ॥५॥
कामभोगकी लालसाजी, थिरता न धरे मन्न;
पिण तुम भजन प्रतापथी. दाझे दूरमत वन्न ॥६॥
भवनिधि पार उतारियेजी. भक्तवच्छल भगवान;
'विनयचंद'की विनती. थे मानो कृपा
निधान ॥ प्रभू ॥ ७ ॥

पद ॥ ६ ॥

(नाथ कैसे गजको बंध छोडायो--एदेशी.)

पदमप्रभू पावन नाम तिहारो, पतित
उधारन हारो (टेर)
जदपि धिवर भील कसाइ, अति पापिष्ट जमारो ;
तदपि जीवहिंसा तज प्रभु भज, पावैं
भवनिधि पारो ॥ पदम ॥ १ ॥
गो ब्राह्मण प्रमदा बालककी, मोटी हत्या च्यारो;
तेहनो करणहार प्रभू भजने, होत
हत्यामुं न्यारो ॥ पदम ॥ २ ॥
बेस्या चुगल चंडाल जुवारी, चोर महाबट मारो;
जो इत्यादि भजे प्रभू तेने, तो निवृतै
संसारो ॥ पदम ॥ ३ ॥
पाप परालको पुंज बन्यो अति, मानुं मेर अकारो;
ते तुम नाम हुतासनसेती, सहजा प्रजलत
सारो ॥ पदम ॥ ४ ॥
परम धरमको मरम महा रस, सो तुम नाम उच्चारो;
या सम मंत्र नहीं कोइ दूजो, त्रिभूवन
मोहनगारो ॥ पदम ॥ ५ ॥

तो समरण बिन इण कलियुगमें, अवर न को आधारो;
मैं बलिजाउं में समरनपर, दिनदिन प्रित
वधारी ॥ पदम ॥ ६ ॥
'सुसिमा' राणीको अंगजात तूं, 'श्रीधर' राय कुमारो;
'विनयचंद' कहे नाथ निरंजन, जीवन
प्रान हमारो ॥ पदम ॥ ७ ॥

पद ॥ ७ ॥

(प्रभूजी दीनदयाल, सेवक सरण आयो--ए देशी)

'प्रतिष्टसेन' नरेश्वरको सुत, 'पृथवी' तुम महतारी;
सुगण सनेही साहिब साचो, सेवकने सुखकारी--
श्रीजिनराज सुपास[७] पुरो आश हमारी ॥(टेर) ॥ १ ॥
धर्म काम धन मुक्ति इत्यादिक, मनवंछित सुख पूरो;
वारवार मुज विनती येही, भव भव चिंता चूरो ॥
श्रीजिन ॥ २ ॥
जगत शिरोमण भक्ति तिहारी. कल्पवृक्ष सम जाणुं;
पूरण ब्रह्म प्रभू परमेश्वर. भवभव तूंने पिछाणुं
॥ श्रीजिन ॥ ३ ॥

पद ॥ ६ ॥

(नाथ कैसे गजको बंध छोडायो--एदे शी.)

पदमप्रभू पावन नाम तिहारो, पतित
उधारन हारो (टेर)
जदपि धिबर भील कसाइ, अति पापिष्ट जमारो ;
तदपि जीवहिंसा तज प्रभु भज, पावैं
भवनिधि पारो ॥ पदम ॥ १ ॥
गो ब्राह्मण प्रमदा बालककी, मोटी हत्या च्यारो;
तेहनो करणहार प्रभू भजने, होत
हत्यामुं न्यारो ॥ पदम ॥ २ ॥
बेस्या चुगल चंडाल जुवारी, चोर महाबट मारो;
जो इत्यादि भजे प्रभू तैने, तो निवृतै
संसारो ॥ पदम ॥ ३ ॥
पाप पशलको पुंज बन्यो अति, मानुं मेर अकारो;
ते तुम नाम हुतासनसेती, सहजा प्रजलत
सारो ॥ पदम ॥ ४ ॥
परम धरमको मरम महा रस, सो तुम नाम उच्चारो;
या सम मंत्र नहीं कोइ दूजो, त्रिभूवन
मोहनगारो ॥ पदम ॥ ५ ॥

तो समरण बिन इण कलियुगमें, अवर न को आधारो;
मैं बलिजाउं में समरनपर, दिनदिन प्रित
वधारी ॥ पदम ॥ ६ ॥
'सुसिमा' राणीको अंगजात तूं, 'श्रीधर' राय कुमारो;
'विनयचंद' कहे नाथ निरंजन, जीवन
प्रान हमारो ॥ पदम ॥ ७ ॥

पद ॥ ७ ॥

(प्रभूजी दीनदयाल, सेवक सरण आयो--ए देशी)

'प्रतिष्टसेन' नरेश्वरको सुत, 'पृथवी' तुम महतारी;
सुगण सनेही साहिब साचो, सेवकने सुखकारी--
श्रीजिनराज सुपास७ पुरो आश हमारी ॥(टेर) ॥ १ ॥
धर्म काम धन मुक्ति इत्यादिक, मनवंछित सुख पूरो;
वारवार मुज विनती येही. भव भव चिंता चूरो ॥
श्रीजिन ॥ २ ॥
जगत शिरोमण भक्ति तिहारी. कल्पवृक्ष सम जाणुं;
पूरण ब्रह्म प्रभू परमेश्वर. भवभव तूंने पिछाणुं
॥ श्रीजिन ॥ ३ ॥

हुं सेवक तुं साहिब मेरो, पावन पुरुष विग्यानी;
जनम जनम जितथित जाउ तो, पालो प्रीति
पुरानी ॥ श्रीजिन ॥ ४ ॥
तारन तरन असरन सरनको, बीरद इस्यो तुम सोहे;
तो सम दीनदयाळ जगतमें, इंद्र नरेन्द्र न कोहे
॥ श्रीजिन ॥ ५ ॥
स्वयंभुरमण बडो समुद्रामें, सैल सुमेर विराजे;
तूं ठाकुर त्रिभूवनमें मोटो, भक्ति कियां दुख भाजे
॥ श्रीजिन ॥ ६ ॥
अगम्य अगोचर तूं अविनाशी, अलख अखंड अरूपी;
चाहत दरस 'बिनयचंद' तेरो, सत्चितानंद
सरूपी ॥ श्रीजिन ॥ ७ ॥

पद ॥ ८ ॥

(चौकनी देशी.)

जय जय जगत शिरोमणी, हूं सेवक ने तूं धणी,
अब तोसुं गाढी बणी, प्रभू आश पूरो हम तणी--
मुज म्हेर करो, चंद्रप्रभ जगजीवन अंतरजामी;

भवदुःख हरो, सुणीए अरज हमारी त्रिभूवन स्वामी
॥ टेर ॥ १ ॥

'चंद्रपुरी' नगरी पति 'महासेन' नामे नरपति,
राणी श्री 'लिखमा' सती, तसु नंदन तूं
चढती रती ॥ मुज ॥ २ ॥

तूं सर्वज्ञ महा ज्ञाता, आत्म अनुभवको दाता,
तो तूठ लहीये साता, धन्यधन्य जे जगमें तुम
ध्याता ॥ मुज ॥ ३ ॥

शिव सुख प्रार्थना करशुं, उज्वल ध्यान हिये धरशुं,
रसना तुम महिमा परशुं. प्रभु इन विध भव
सागर तरशुं ॥ मु ॥ ४ ॥

चंद चकोरनके मनमें, गाज अवाज हुवे घनमें,
प्रिय अभिलाषा त्रिय तनमें, ज्युं वसिये मो चिंतवनमें
॥ मुज ॥ ५ ॥

जो सुनजर साहिब तेरी, तो मानो विनती मेरी,
काटो भरम करम वेरी. प्रभु पुनरपि न परे भव फेरी
॥ मुज ॥ ६ ॥

आतम ज्ञान दशा जागी. प्रभु तुमसेती लिव लागी,
अन्यदेव भ्रमना भागी. 'विनयचंद' निहारो अनुरागी
॥ मुज ॥ ७ ॥

पद ॥ ९ ॥

(बुढापो वैरी आवियो हो–ए देशी)

'काकंदी' नगरी भली हो, श्री 'सुग्रीव' नृपाल;
'रामा' तसु पटरागनी हो, सुत परम कृपाळ—
श्री सुविधि जिणेसर वंदिए हो–(टेर) १

त्यागी प्रभूता राजनी हो, लीधो संजम भार;
निज आतम अनुभावथी हो, पाम्या प्रभु पद
अविकार ॥ श्री २ ॥

अष्ट कर्मनो राजवी हो, मोह प्रथम क्षय कीन;
शुद्ध समकित चारित्रनो हो, परम क्षायक गुण
लीन ॥ श्री ॥ ३ ॥

ज्ञानावरणी दर्शनावरणी हो, अंतराय कियो अंत;
ज्ञान दर्शन बल ए त्रिहूं हो; प्रगटयां अनंता अनंत
॥ श्री ४ ॥

अव्याबाह सुख पामिया हो, वेदनी करम खपाय;
अवगाहना अटल लही हो, आयु क्षय
करने जिनराय ॥ श्री ॥ ५ ॥

नाम करमनो क्षय करी हो. अमूरतीक कहाय;
अगुरु लघुपणो अनुभव्यो हो, गोत्र करमथी
मुकाय ॥ श्री ॥ ६ ॥
आठ गुण कर उलख्यो हो, ज्योत रुप भगवंत;
'विनयचंद' के उर बसो हो, अहो अहो प्रभु
पुष्प दंत ॥ ७ ॥

पद ॥ १० ॥

(जिंदवारी देशी.)

श्री 'दृढरथ' नृपती पिता, 'नंदा' थारी माय;
रोम रोम प्रभू मो भणी, शीतल[१०] नाम सुहाय ॥ १ ॥
जय जय जिन त्रिभूवन धणी (टेर),
करुणानिधि करतार;
सेव्यां सुरतरु जेहवो, वंछित सुख दातार ॥जय०॥२॥
प्राण पियारो तूं प्रभू, पति भग्ता पती जेम:
लगन निरंतर लग रही, दिनदिन अधिक प्रेम
॥ जय० ॥ ३ ॥
शीतळ चंदननी परे. जपतां निमदिन जाप;
विषय कषायनी उपनी, मेटो भवदुःख ताप ॥जय०॥४

आरत रौद्र प्रणामथी, उपजे चिंता अनेक;
ते दुःख कापो मानमी, आपो अचल विवेक
॥ जय० ॥ ५ ॥

रोगादिक क्षुधा तृपा, शस्त्र अशस्त्र प्रहार;
सकल शरीरी दुःख हरो, हितसुं विरुद विचार
॥ जय० ॥ ६ ॥

सुप्रसन्न होइ शितल प्रभु, तूं आशा विसराम;
'बिनयचंद' कहे मो भणी, दीजे मुक्ति मुकाम
॥ जय० ॥ ७ ॥

पद ॥ ११ ॥

(राग काफी-देशी होरी.)

चेतन जाण कल्याण करनको, आन मिल्यो अबसर रे;
शास्त्र प्रमान पिछान प्रभु गुन, मन चंचल थीर कर रे-
श्रेयांस[११] जिणंद सिमर रे. (टेर) ॥ १ ॥

सास उसास बिलास भजनको, दृढ विश्वास पकर रे;
अजपाभ्यास प्रकाश हिये बिच, सो समरन जिनवररे
॥ श्री. ॥ २ ॥

कंदर्प क्रोध लोभ मद माया, ए सब ही परहर रे;
सम्यक्‌दृष्टि सहज सुख प्रगटे, ज्ञानदशा अनुसर रे
॥ श्री० ॥ ३ ॥

जुठ प्रपंच जोबन तन धन अरु, सजन सनेही घररे;
छिनमें छोड चले पर भवको, बंध शुभाशुभ थर रे
॥ श्री० ॥ ४ ॥

मानस जनम पदारथ जिनकी, आसा करत अमर रे;
ते पुरव सुकृत्य करी पायो, धरम मरम दिल धर रे
॥ श्री० ॥ ५ ॥

'बिश्नुसेन' नृप 'विश्ना' राणीको, नंदन तुं सबिसर रे,
सहजे मिटे अज्ञान अविद्या, मुगतपंथ पग भर रे
॥ श्री० ॥ ६ ॥

तुं अबिकार बिचार आतमगुन, भ्रमजंजाल म पररे;
पुद्गल चाय मिटाय 'विनयचंद', तुं जिन ते न अवररे
॥ श्री० ॥ ७ ॥

पद ॥ १२ ॥

(फूलशी देह पलकमें पलटे—ए देशी)

प्रणमुं वासपूज्य जिननायक. सदा सहायक तूं मेरो;
(टेर).

विषमी घाट घाट भय थानक, परमाश्रय सरनो तेरो
॥ प्रणमुं ॥ १ ॥
खल दल प्रबल दुष्ट अति दारूण ज्यो, चो तरफ दीए घेरो;
तो पिण कृपा तुमारी प्रभुजी, अरियणई प्रगटे चेरो
॥ प्रणमुं ॥ २ ॥
त्रिकट पहार उत्चार विचाले, चार कुपात्र करे हेरो;
तिण बिरिया करीए तो समरण, कोइ न छीन शके
डेरो ॥ प्रणमुं ॥ ३ ॥
राजा पादशाह जो कोपे, अति तकरार करे छेरो;
तदपि तूं अनुकुळ हुवे तो, छीनमें छुट जाय केरो
॥ प्रणमुं ॥ ४ ॥
राक्षस भूत पिशाच डाकिनी, साकिनी भय नावे नेरो;
दुष्ट मुष्ट छल छिद्र न लागे, प्रभु तुम नाम भज्यां
गहेरो ॥ प्रणमुं ॥ ५ ॥
विस्फोटक कुष्टादिक संकट, रोग असाध्य मिटे देहरो;
विषप्यालो अमृत होइ प्रगमे, जो विश्वास जिनंद
केरो ॥ प्रणमुं ॥ ६ ॥
मात 'जया' 'वसु' नृपके नंदन, तत्व जथारथ बुध प्रेरो;
कहे कर जोडी 'विनयचंद' विनवे, वेग मिटे मुज भव
फेरो ॥ प्रणमुं ॥ ७ ॥

पद ॥ १३ ॥

(अहो शिवपुर नगर सोहामणो–ए देशी)

विमल[13] जिणेसर सेविए, थारी बुद्ध निर्मळ हो जायरे;
जिवा ! विषय विकार बिसारने, तूं मोहनी कर्म खपायरे–
जिवा ! विमल जिणेसर सेविए ॥ टेर ॥ ॥ १ ॥
सुक्षम साधारणपणे, प्रत्येक वनसपति मांय रे;
जीवा ! छेदन भेदन तें सही, मरमर उपज्यो तिण
काय रे ॥ जीवा० विमल ॥ २ ॥
काल अनंत तिहां गम्यो, तेहनां दुःख
आगमथी संभाल रे;
जीवा ! पृथ्वी अप्प तेउ वायमें, रह्यो असंख्यातो
काल रे ॥ जीवा, विमल ॥ ३ ॥
एकेंद्रीसुं बेइंद्री थयो, पुन्याइ अनंती वृधरे;
जीवा ! संनी पंचेंद्री लगे पुन्य वंध्यां, अनंत अनंतां
प्रसिध रे ॥ जीवा, विमल ॥ ४ ॥
देव नरक तिरयंचमें. अथवा माणस भव नीचरे;
जीवा ! दीनपणे दुख भोगव्यां, इणपेरे चारो गति
वीच रे ॥ जीवा, विमल ॥ ५ ॥
अवके उत्तम कुल मिल्यो. भेटया उत्तम गुरु साध रे;

जीवा! सुण जिन वचन सनेहसुं, समकित वृत्ति
शुद्ध आराध रे ॥ जीवा, विमल ॥ ६ ॥

पृथ्वीपति 'कृतीभान' की. 'गामा' गणी को कुमाररे;
जीवा! 'विनयचंद' कहे ते प्रभू, शिर सेहरो
हियडारो हार रे ॥ जीवा, वि० ॥ ७ ॥

पद ॥ १४ ॥

(वेगा पधारोरे म्हेलथी--ए देशी.)

[14]अनंत जिनेसर नित्य नमो, अद्भूत ज्योत अलेष्य;
ना कहीए, ना देखीए, जाके रुप न रेख ॥ अ० १
सुक्षमथी सुक्षम प्रभू, चिदानंद चिद्रूप;
पवन सबद आकाशथी, सुक्षम ज्ञान सरुप ॥अ० २
सकल पदारथ चींतवुं, जे जे सुक्षम जोय;
तिणथी तूं सुक्षम महा, तो सम अवर न कोय ॥अ०३
कवि पंडीत कहकह थके, आगम अर्थ बिचार;
तोपण तुम अनुभव तिको, न सके रसना उच्चार
अनंत० ॥ ४ ॥
पभणे श्री मुख सरस्वती, देवी आपो आप;

कही न सके प्रभु तुम सता, अलख
अजपा जाप ॥ अ० ॥ ५ ॥

मन बुद्धि वाणी तो विषे, पोंहोंते नही लगार;
साखी लोकालोकनो, निरविकल्प निरविकार
॥ अनंत ॥ ६ ॥

मा 'सुजसा' 'सिंहरथ' पिता, तसु सुत
'अनंत जिनंद';
'विनयचंद' अब उलख्यो, साहिब सहजानंद
॥ अनंत ॥ ७ ॥

पद ॥ १५ ॥

(आज न हेजोरे दीसे नाहलोरे--ए देशी)

[१५]धरम जिणेसर मुज हियडे वसो, प्यारा प्राण समान;
कबहुं न विसरुं हो चीतारु नही. सदा अखंडित
ध्यान ॥ धरम ॥ १ ॥

ज्युं पनीहारी कुंभ न विसरे. नटवो वरत निदान;
पलक न विसरे हो पदमनी पिउ भणी, चकवी न
विसरे भान ॥ धरम ॥ २ ॥

ज्युं लोभी मन धनकी लालसा, भोगी के मन भोग;

रोगी के मन माने औषधी, जोगी के मन
जोग ॥ धरम ॥ ३ ॥
इण पर लागी हो पूरण प्रीतडी, जावजीव परियंत;
भवभव चाहूं हो न पडे आंतरो, भय भंजन
भगवंत ॥ ध० ॥ ४ ॥
काम क्रोध मद मच्छर लोभथी, कपटी कुटील कठोर
इत्यादि अवगुण कर हुं भर्यो, उदय करमके जोर
॥ धरम ॥ ५ ॥
तेज प्रताप तुमारो प्रगटे, मुज हियडामें आय;
तो हूं आतम गुण संभालने, अनंत वलि
कहिवाय ॥ ध० ॥ ६ ॥
'भानु' नृप 'सुव्रत्ता' जननी तणो, अंगजात अभिराम;
'विनयचंद 'ने वल्लभ तूं प्रभू, शुद्ध चेतन गुण
धाम ॥ ध० ॥ ७ ॥

पद ॥ १६ ॥

(प्रभुजी पधारो हो नगरी हम तणी–ए देशी)
'वासुसेन' नृप 'अचला' पटरागनी,
तसु सुत कुल सिणगार–हो सुभागी;

जनमतां शान्ति करी निज देशमें,
मिरगी मार निवार–हो सुभागी—
शान्ति[१६] जिनेश्वर साहिब सोलमा० (टेर) ॥ १ ॥
शान्ति जिनेश्वर साहिब सोलमा,
शान्तिदायक तुम नाम–हो सुभागी;
तन मन वचन शुद्ध कर ध्यावतां,
पूरे सघळी हाम–हो सुभागी, शान्ति० ॥ २ ॥
विघन न व्यापे तुम समरन कियां,
नासे दारिद्र दूख–हो सुभागी;
अष्ट सिद्धि नव निधि पगपग मिले,
प्रगटे नवला सूख–हो सुभागी. शान्ति० ॥ ३ ॥
जेहने सहायक संत जिनंद तुं,
तेहने कमीय न कांय–हो सुभागी;
जे जे कारज मनसं तेवडे
ते ते सफला थाय–हो सुभागी, शान्ति० ॥ ४ ॥
दूर देशावर देश परदेशमें,
भटके भोळा लोक–हो सुभागी:
सान्निध्यकारी समरण आपरो;
सेहेजे मिटे शोक–हो सुभागी, शान्ति० ॥ ५ ॥
आगम शाख सुणी छे एहवी,

जो जिन--सेवक होय--हो सुभागी;
तेहनी आशा पूरे देवता,
चोसठ इंद्रादिक सोय--हो सुभागी. शान्ति० ॥ ६ ॥

भवभव अंतरजामी तुम प्रभू,
हमने छे आधार--हो सुभागी;
बे कर जोरि 'विनयचंद' विनवे,
आपो सुख श्रीकार--हो सुभागी, शान्ति० ॥ ७ ॥

पद ॥ १७ ॥

(राग रेखतो)

कुंथु[१७] जिणराज तूं ऐसो, नहि कोइ देवता जैसो. (टेर)
त्रिलोकी नाथ तूं कहीए, हमारी बांह्य दृढ ग्रहीए
॥ कुंथु ॥ १ ॥

भवोदधि डूबतो तारो, कृपानिधि आशरो थारो;
भरोसो आपको भारी, विचारो बिरुद उपगारी
॥ कुंथु ॥ २ ॥

उमाहो मिलनको तोसें, म राखो आंतरो मोसें;
जिसी सिद्ध अवस्था तेरी, तिसी चेतनता मेरी
॥ कुंथु ॥ ३ ॥

करम भरम जालको दपटयो, बिषयसुख ममतमें लपटयो;
भ्रम्यो हूं चिहुं गति मांही, उदय कर्म भ्रमकी छांही
॥ कुंथु ॥ ४ ॥

उदयको जोर है जौलूं. न छूटे बिषय सुख तौलूं;
कृपा गुरु देवकी पाइ, निजातम भावना भाइ
॥ कुंथु ॥ ५ ॥

अजब अनुभुति उर जागी, सुरति निज रूपमें लागी;
तुम हि हम एकता जाणूं, द्वैत भ्रम कल्पना मानूं
॥ कुंथु ॥ ६ ॥

'श्री देवी'--'सूर' नृप नंदा, अहो सर्वज्ञ सुख कंदा;
'बिनयचंद' लीन तुम गुनमें, न व्यापे अविद्या उनमें
॥ कुंथु ॥ ७ ॥

पद ॥ १८ ॥

(अलगी रहनी देशी.)

तूं चेतन भज "अरहनाथने. ते प्रभू त्रिभूवन राय;
तात 'सुदरसण' 'देवी' माता. तेहनो पूत्र कहाय ॥१॥
साहीव सिधो. अरहनाथ अविनाशी;

शिव सुख लीधौ, निर्मल विज्ञान विलाशी
॥ साहिब ॥ २ ॥

कोड जतन करतां नहि पामे, एहवी मोटी मूम;
ते जिनभक्ति करीने लहिए, मुक्ति अमोलख ठूम
॥ साहिब ॥ ३ ॥

समकित सहित कियां जिनभक्ति, ज्ञान दर्शन चारित्र;
तप विर्य उपयोग तिहांरा, प्रगटे परम पवित्र
॥ साहिब ॥ ४ ॥

स उपियोग सरूप चिदानंद. जिनवर ने तूं एक;
द्वैत अविद्या विभ्रम मेटौ, बाधे शुद्ध विवेक
॥ साहिब ॥ ५ ॥

अलख अरुप अखंडित अविचल, अगम अगोचर आप
निर्विकल्प निष्कलंक निरंजन, अद्भूत ज्योति
अमाप ॥ साहिब ॥ ६ ॥

उलख अनुभव अमृत वाको, प्रेम सहित रस पिजे;
हूं—तूं छोड 'विनयचंद' अंतस, आतम राम रमीजे
॥ साहिब ॥ ७ ॥

पद ॥ १९ ॥ (लावणी)

मल्लीजिन बाळ ब्रह्मचारी; 'कुंभ' पिता 'प्रभावति' मैया,
तिनकी कुमारी; मल्लीजिन बाळ ब्रह्मचारी० (टेर)
मानी कूख कंदरा मांही, उपन्या अवतारी;
मालिनी कुसुम-मालनी बांछा, जननी उर धारी
॥ मल्ली० ॥ १ ॥
तीणथी नाम मल्लीजीन थाप्यो, त्रिभूवन प्रियकारी;
अद्भूत चरित्र तुमारो प्रभुजी, वेद धर्यो नारी
॥ मल्ली ॥ २ ॥
परणन काज जान सज आये, भुपति छय भारी;
महीलापुरी घेरी चोतरफे, सेना विस्तारी ॥ मल्ली ॥ ३ ॥
राजा 'कुंभ' प्रकाशी तुमपे, वितक वीध सारी;
छउं नृप जान करी तो परनन, आया अहंकारी
॥ मल्ली ॥ ४ ॥
श्री मुख धीरप दीधी पिताने, राखो हुशियारी;
पुतळी एक रची जिन आकृत, थोथी ढंकवारी म० ५
भोजन सर्व भरी मा पुतळी, श्री जिम सिणगारी;
भुपति छउं बुलाया मंदिर, बिच बहू दिन पारी ॥ म० ६॥
पुतली देखि छउं नृप मोह्या, अवसर विचारी;

ढांक उघार लियो पुतळीको, भभक्यो अन्न
वारो ॥ मल्ली ॥ ७ ॥
दुसह दुगंध सहि नहीं जावे, उठ्या नृप हारी;
तब उपदेश दियो श्री मुखसुं, मोहदसा टारी
॥ मल्ली ॥ ८ ॥
महा असार उदारक देही, पुतळी इव प्यारी;
संग कियां पटके भव दुःखमें, नार नरक वारी
॥ मल्ली ॥ ९ ॥
भूप छउ प्रतिबोध मुनि होइ, सिद्धगत संभारी;
'बिनयचंद' चाहत भवभवमें, भक्ति प्रभू थारो म०१०

पद ॥ २० ॥

(चेतरे चेतरे मानवी--ए देशी)
श्री मुनि सुव्रत साहिबा, दीनदयाळ देवातणा देवके;
तारण--तरण प्रभू तो भणी, ऊजवल चित्त समरुं
नित्यमेव के—
श्री मुनि॰ सुव्रत साहिबा (टेक) ॥ १ ॥
हुं अपराधी अनादिको, जनम जनम गुना
किया भरपूर के;

लूटिया प्रान छकायना सेवियां पाप अठार क्रूर के
श्री सुनि० ॥ २ ॥

पूरब असुभ कर्त्तव्यता, तेहने प्रभु तुम न बीचारके;
अधम उधारण बिरुद छे, सरन आयो अब किजीये
सारके ॥ श्री० ॥ ३ ॥

किंचित् पुन्य प्रभावथी, इण भव उलखियो जिनधर्म के;
निवर्तू नरक निगोदथी, एवो अनुग्रह करो
परिब्रह्म के ॥ श्री ४ ॥

साधुपणो नहि संग्रह्यो, श्रावक व्रत न
कियां अंगिकार के;
आदर्या तो न आराधियां, तेहथी रुलियो हूं
अनंत संसार के ॥ श्री० ॥ ५ ॥

अब समकित व्रत आदर्या, तदपि आराधिक
उतरुं पार के;
जनम जिवित्व सफलो हुवे, इणपर विनवुं
वार हजार के ॥ श्री० ६ ॥

'सुमित' नराधिप तुम पिता, धनधन श्री
'पद्मावति' माय के;
तसु सुत त्रिभूवन तिलक तूं, वंदत 'विनयचंद'
सीस नमाय के ॥ श्री० ॥ ७ ॥

पद ॥ २१ ॥
(सुणियोरे, बाला कुटिल मंजारी तोता ले गइ--ए देशी)

'विजयशेन' नृप विप्रा राणी. नमीनाथ जिन जायो
चोसठ इंद्र कियो मिल उछव, सुरनर आनंद पायोरे--
सुज्ञानी जीवा भजले जिन एकविसमा–भजन टेर १.
भजन कियां भवभवनां दुष्कृत, दुख दुभाग्य मिट जावे;
काम क्रोध मद मच्छर त्रिसना, दुरमत निकट न
आवेरे ॥ सुज्ञानी० ॥ २ ॥
जीवादिक नव तत्व हिये धर, हेय ज्ञेय समजीजे;
त्रीजी उपाधेय उलखीने, समकित निर्मल कीजेरे.
॥ सु० ॥ ३ ॥
जीव अजीव बंध ए तीनुं, ज्ञेय जथारथ जाणो;
पुन्य पाप आस्रव परहरिए, हेय पदारथ मानो रे
सु० ॥ ४ ॥
संवर मोक्ष निर्जरा निजगुण, उपादेय आदरिये;
कारन कारज समज भली विधि, भिन्नभिन्न
निरणे करिएरे ॥ सु० ॥ ५ ॥
कारन ज्ञान सरुपी जीवको, कारज क्रिया पसारो;
दोनुको साखी शुद्ध अनुभव, आपो खोज
निहारोरे ॥ सुज्ञानी ॥ ६ ॥

तूं सो प्रभू, प्रभू सो तुंहे, द्वैत कल्पना मेटो;
सत चेतन आनंद 'विनयचंद', परमातम पद
भेटो रे ॥ सुज्ञानी ॥ ७ ॥

पद ॥ २२ ॥

(नगरी खूब वणी छे जी—ए देशी)

'समुद्रविजय' सुत [२२] श्रीनेमीसर, जादव कुल कोटीको;
रतनकुख धरणी 'सिवादेवी', तेहनो नंदन नीको—
श्री जिन मोहन गारो छे, जीवन प्राण हमारो छे.
(टेर) ॥ १ ॥

सुनि पुकार पशुकी करुना, करजाण जगत सुख फीको;
नवभव नेह तज्यो जोवनमें, 'उग्रसेन' तनीयाको
॥ श्री० ॥ २ ॥

सहस्र पुरुषसुं संजम लीधो, प्रभूजी पर उपगारी;
धन धन नेम राजुलकी जोरी, महा बालब्रह्मचारी
॥ श्रीनेमी ॥ ३ ॥

बोधानंद स्वरुपानंदमें, चित्त एकाग्र लगायो;
आतम अनुभव दशा अभ्यासी, शुक्लध्यान
जिन ध्यायो ॥ श्री नेमी ॥ ४ ॥

पुरणानंद केवली प्रगटे, परमानंद पद पायो;
अष्टकरम छेदी अलवेसर, सहजानंद समायो ॥श्री॥५॥
नित्यानंद निराशय निश्चल, निरविकार निर्वाणी;
निरातंक निरलेप निराश्रय, निराकार वरनाणी ॥श्री॥६॥
एहवो ध्यान समाधि संजुत, श्री नेमीसर स्वामी;
पूरण कृपा 'विनयचंद' प्रभूकी, अब ते उलख पामी
॥ श्री नेमि ॥ ७ ॥

पद ॥ २३ ॥

(जिवरे तुं शियळ तणो कर संग--ए देशी)
'अश्वसेन' नृप कुल तिलोरे, 'वामादेवी'को नंदः
चिंतामण चित्तमें वसेरे, दूर टळे दुःख द्वंद-
जिवरे तूं पार्श्वजिनेश्वर वंद (टेर) ॥ १ ॥
जड चेतन मिश्रितपणेरे, करम शुभाशुभ थायः
ते विभ्रम जग कलपनारे, आतम अनुभव न्याय
॥ जीव ॥ २ ॥
वैमी भय माने जथारे, सुनं घर वैतराल;
त्यूं मूरख आतम विषेरे, भाज्यों जग भ्रम जाल
॥ जीव ॥ ३ ॥
सरप अंधारे रासडीरे, रुपो छीप मझार;

मृगतृसना अंबू मृपारे, त्युं आतममें संसार
॥ जीव ॥ ४ ॥
अग्नि विषे जो मणि नहिरे, मणीमें अग्नि न होय;
सुपनेकी संपति नहीं ज्युं, आतममें जग जोय जी०५
वांज पुत्र जनमे नहींरे, सींग सुसे सिर नांहि;
कुसुम न लागे व्योममेंरे, ज्युं जग आतम मांय,जी०
अमर अजोनी आतमारे, हुं निश्चे तिहुं काल;
'विनयचंद' अनुभव जगीरे. तूं निज रुप संभाल
॥ जीवरे० ॥ ७ ॥

पद ॥ २४ ॥

(श्री नवकार जपो मन रंगे--ए देशी)
धनधन जनक 'सिधारथ' राजा, धन 'त्रिसलादे'
मात रे प्राणी;
ज्यां सुत जायो गोद खिलायो; वृधमान विख्यात रे प्राणी-
श्री महावीर ४ नमो वरनाणी ॥ (टेर) ॥ १ ॥
श्री महावीर नमो वरनाणी, शासन जेहनो जाण रे प्राणी;
प्रवचन सार विचार हियामें. कीजे अरथ प्रमाण रे प्राणी
॥ श्री महा० ॥ २ ॥
सूत्र विनय आचार तपस्या, चार प्रकार समाधरे प्राणी;

ते करीए भवसागर तरीए, आतमभाव आराधरे प्राणी
॥ श्री महा ॥ ३ ॥

ज्यु कंचन तिहुं काल कहीजे, भूपन नाम अनेकरे प्राणी;
त्युं जगनाम चराचर जोनी, है चेतनगुण एकरे प्राणी
॥ श्री महा ॥ ४ ॥

अपणो आप विषे थिर आतम, सोहं हंस कहायरे प्राणी;
केवळ ब्रह्म पदारथ परचे, पुदगल भरम मिटायरे
प्राणी श्री महा ॥ ५ ॥

शब्द रुप रस गंधन, जामें नाफरस तप छांहरे
तिमिर उद्योत प्रभा कुछ नाही, आतम अनुभव
मांहीरे प्राणी श्री महा ॥ ६ ॥

सुख दुख जीवन मरन अवस्था, ए दस प्रान
संगातरे प्राणी;
इनथी भिन्न 'विनयचंद' रहीए, ज्यौं जलमें
जलजातरे प्राणी ॥ श्री ॥ ७ ॥

॥ कलश ॥

चोविस तीरथ नाथ कीरत, गावतां मन गहगहे;
कुंमट 'गोकुलचंद' नंदन, 'विनयचंद' इण पर कहे ॥
उपदेश पूज्य 'हमीर' मुनिको, तत्व निज ऊरमें धरी;
उगणीस सौ छके छमछर, महास्तुति पूरण करी ॥

લેખસંગ્રહ.

લેખક,

દોશી મણિલાલ નથુભાઈ, બી. એ.

રતનપોળ–અમદાવાદ.

પ્રસિદ્ધ કર્ત્તા,

શકરાભાઇ મોતીલાલ શાહ.

સારંગપુર તળીયાની પોળ–અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.   પ્રત ૧૪૦૦.

ઇ. સ. ૧૯૧૨.   સંવત ૧૯૬૮.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબીલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યો.

મૂલ્ય ૦—૪—૦.

લેખ સંગ્રહ.

બાર ભાવના.

भावितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च ॥
निर्जरणलोकविस्तरधर्मस्वाध्यायतत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लत्वं भावना द्वादशविशुद्धाः ॥—प्रशमरति.

(૧) અનિત્ય, (૨) અશરણ, (૩) એકત્વ, (૪) અન્યત્વ, (૫) અશુચિત્વ, (૬) સસાર, (૭) આશ્રવ, (૮) સવર, (૯) નિર્જરા, (૧૦) લોકવિસ્તાર, (૧૧) ધર્મ સ્વાધ્યાય, (૧૨) બોધિ દુર્લભ એ રીતે બાર સિદ્ધ ભાવનાઓનુ નિરતર મનન કરવુ.

બાર ભાવનાનું સ્વરૂપ.

(૧) અનિત્ય ભાવના.

આ જગતમા સઘળી અનિશ્ચિત વસ્તુમા એક વાત નિશ્ચિત છે, અને તે એ છે કે "વસ્તુ માત્રના પર્યાયો ક્ષણે ક્ષણે ફરે છે" જગતની કોઇ પણ વસ્તુ નિત્ય નથી કોઇ લાબો કાળ ચાલે, કોઇ ટુકો સમય રહે, પણ અતે સર્વ વસ્તુઓ વિનાશી છે, માટે અનિત્ય છે પદાર્થ માત્ર અનિત્ય છે એટલુજ નહિ પણ સજીવ પ્રાણીઓની ઉપાધિરૂપ શરીર જેને ભુલથી માણસ હુ પોતે છુ એમ માનવાને દોરાય છે, તે શરીર પણ નાશવંત છે આત્મા સિવાયની સર્વ વસ્તુઓ અનિત્ય છે, દેવોના આયુષ્ય લાબા સમયના હોય, અને તેથી તેમને મળતુ સુખ બહુ ગણવામા આવે, પણ અનતકાળની અપેક્ષાએ તે પણ અનિત્ય છે ટુકમા સર્વ પુદ્‌ગલદ્રવ્ય—અજીવ વિનાશી છે, તેના પર્યાયોમા ક્ષણે ક્ષણે ફેરફાર થયા કરે છે. પ્રાતઃકાળમા જે માણસ આપણી નજરે પડ્યો હતો તે મરણ પામ્યો છે એવી સાયકાળે આપણને ખબર પડે છે સવારે જે ફૂલ સૂર્યના કિરણોથી વિકસ્વર થયેલ અવસ્થામા દેખાતુ તે સાજે સકોચાયેલ નજરે પડે છે

શરીરને પણ બાળપણ, યુવાવસ્થા, વૃદ્ધપણુ વગેરે અનુભવાય છે. લક્ષ્મીને ચપળા કહેવામા આવે છે, એટલે તે એક જગ્યાએ ઠરી બેસતી નથી, પણ સમયે સમયે સ્થાન બદલે છે આવી રીતે તન, ધન, જોબન, બળ, વિષયસુખ, પ્રિયજનસમાગમ અને સસારના સર્વ પદાર્થો અસ્થિર અને અનિત્ય છે. માત્ર આત્મા અમર છે, નિત્ય છે, શાશ્વત છે તેનો કોઇ દિવસ અંત આવવાનો નથી. પણ તે શિવાયના અન્ય પદાર્થો વાયુના આ વેગથી ચાલતી ધ્વજાના પટ જેવા અસ્થિર છે, કુજરના કાન જેવા ચ- ચળ છે, શરદૃઋતુની વાદળીની છાયા જેવા ક્ષણભગુર છે, અને વિદ્યુ- તના ચમકારા જેવા ક્ષણ વિનશ્વર છે પણ અજ્ઞાનતાથી માણસો તે વ- સ્તુઓને નિત્ય સમજી તેનાપર રાગ ધરે છે, મમત્વ કરે છે, અને આ મારૂ છે એવો ખોટો ભ્રમ સ્વીકારે છે. પરતુ તત્ત્વ દૃષ્ટિએ આ સર્વ પ- દાર્થો અનિત્ય છે; અને પરમાત્માપદને મેળવી આપનારા આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, અથવા સદૃ, ચિદૃ અને આનદ એ ગુણોજ નિત્ય છે. કારણ કે તે સ્વાભાવિક ગુણો છે, આ રીતે નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચે વિવેક કરતા શિખવુ. અને જેમ બને તેમ અનિત્ય વસ્તુના સબધમા ઉદાસીન ભાવ ધારણ કરવો. વિવેકથીજ ખરો વૈરાગ્ય જાગૃત થાય છે. જે વસ્તુઓ અનિત્ય છે તે પરમાર્થ દૃષ્ટિથી મારી નથી એજ ભાવના તે વસ્તુ ઉપર વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે અને **ज्ञानस्य फलं विरतिः** જ્ઞાનનુ ફળ એ વિ- રતિ એ સૂત્ર ખરૂ પડે છે. અનિત્ય ભાવનાના સબધમાં કહ્યું છે કે.—

सामित्तणधणजुव्वणरइरूववलाउइट्ठसंजोगा ॥
अइलोला घणपणाहयपायवपक्कपत्तव्वा ॥

પ્રભુત્વ, ધન, જોબન, રતિ, રૂપ, બળ, આયુષ્ય, ઇષ્ટસયોગ એ સર્વ વસ્તુ સખત પવનનો ઝપાટો લાગેલાં વૃક્ષનાં પાકા પાદડા જેવી બહુજ ચચળ છે જેમ તે પાકેલા પાંદડાને પવનનો સખત ઝપાટો લાગે તો પડતાં વાર લાગતી નથી, તેમ આ સર્વ અનિત્ય હોવાથી નાશ થતાં વાર લાગતી નથી. આવી રીતે સસારમા સર્વ પદાર્થોની અનિત્યતા અનુભવવી અને અને તેટલો રાગ તે ઉપરથી ઉતારવો.

(૨) બીજી અશરણ ભાવના.

જગમાં જીવ અનેક પ્રકારના મનુષ્યો પર આધાર રાખે છે, અને તેમને પોતાના શરણરૂપ માને છે પણ ખરી રીતે આત્મા સિવાય આત્માનુ કોઇ આધારભૂત નથી આત્મા જ આત્માનો શત્રુ છે, અને આત્મા

જ આત્માનો મિત્ર છે વ્યવહારનયથી માતા, પિતા, સ્વજન, બાંધવ, સ્ત્રી, પુત્ર, ગુરૂ વગેરે આધાર રૂપ ગણી શકાય, પણ નિશ્ચયનયથી અથવા ખરી રીતે કોઇ પણ માણસને શરણ આપે તેમ નથી મરણ સમયે પોતાનુ ચારિત્ર, પોતે કરેલા શુભ અશુભ કર્મો તેની સાથે આવે છે કોઇ પણ માણસ તેને મરણના ક્રૂર પંઝામાથી બચાવવા સમર્થ થતુ નથી જે વસ્તુઓ અનિત્ય છે તે આત્માની સાથે આવી શકે નહિ. કારણકે આત્મા નિત્ય છે, માટે તેના નિત્યગુણો જ તેની સાથે આવે માટે આત્માના ગુણો જે હાલ અપ્રગટ સ્થિતિમા છે, તે જેથી પ્રગટ થાય તેવા સાધનોનો આશ્રય લેવો બાકી બીજું કોઈ શરણ નથી આવી રીતે અશરણ ભાવના ભાવવી. આત્મા જ કર્મદળને વિખેરી નાખવા સમર્થ છે, આત્માજ પરમાત્મ અવસ્થા પ્રાપ્ત કરવા શકિત ધરાવે છે ગુરૂ તો માર્ગ બતાવી શકે, તે વાસ્તે ખરેખર તેમનો ઉપકાર માનવો અને તેમના ઉપર અત્યત ભકિત રાખવી ઘટે છે, પણ તે માર્ગ ઉપર આપણે જાતેજ ચાલવાનુ છે, એવો વિચાર કરી સ્વાશ્રયી થતા શિખવુ જે પદ મહાન્ પુરૂષો પ્રાપ્ત કરી શકયા તે પદ પ્રાપ્ત કરવાનુ સામર્થ્ય આપણા આત્મામા રહેલુ છે, એવો વિચાર કરવો અને કાયર થઇ, હાથ જોડી, દૈવને માથે દોષ મુકી આળસમા–પ્રમાદમા અમૂલ્ય સમય ગુમાવવો નહિ

(૩) સંસાર ભાવના.

સસારની ઘટમાળ નિરતર ફર્યા કરે છે, કાળચક્રના અને કાર્ય કારણના અચળ નિયમ પ્રમાણે સર્વ જીવ પોતપોતાના કર્મનાં ફળ રૂપે કોઇ સુખી તો કોઇ દુ ખી, કોઇ રક તો કોઇ રાજા, કોઇ રૂપવાન તો કોઇ કુરૂપવાન, કોઇ બળવાન તો કોઇ નિર્બળ, કોઇ વિદ્વાન તો કોઇ અભણ, કોઈ ગુણાનુરાગી તો કોઇ ગુણદ્વેષી, એવી રીતે અનેક પ્રકારના સ્વરૂપ આપણી દૃષ્ટિએ પડે છે જુદા જુદા આત્માઓ સાથે જીવ જુદા જુદા સબધમા આવે છે, અનતકાળથી આ જીવ અજ્ઞાન અવસ્થામા અને જીવન ઉદ્દેશના લક્ષવિના સસારમા પરિભ્રમણ કરે છે, તેથી સર્વ જીવોના સબધમા જુદા જુદા ભવમા આવે છે, અને તે ભિન્ન ભિન્ન ભવમા માતા, પિતા, પુત્ર, પુત્રી, સ્ત્રી, નોકર, સ્વજન, શત્રુ, મિત્ર વગેરે અનેક પ્રકારના સબધમા અનેક વાર અનેક જીવોની સાથે જોડાય છે, છતા કોઇ કોઇનુ [illegible] નથી, કારણ કે આ સર્વ સબધ શરીર આશ્રી છે, અને આત્મા તો દેહાતીત છે માટે આસકિત વિનાનુ પ્રેમ (મૈત્રી) સહિત આપણા સબધમા આવતા જીવોનુ કલ્યાણ કરવુ. મનુષ્યને સસારમા

બાંધનાર રાગ, મમત્વ ભાવના છે આ પુત્ર મારો છે. આ સ્ત્રી મારી છે, એવા વિચારથી તેમના ઉપર જે આસક્તિ થાય તે રાગ, અને તે રાગ માણસને તે ઇષ્ટ જનના વિયોગથી અથવા મરણથી દુખ ઉત્પન્ન કરે છે પણ પુત્ર અથવા સ્ત્રી તે આત્મા છે, અને આત્માનુ કલ્યાણ કરવુ તે મારો ધર્મ છે, અને બીજા માણસો કરતા, મારા સબંધમા આવેલા માણસોનુ કલ્યાણ હુ વધારે કરી શકુ **એવા વિચારથી** તેમના ઉપર પ્રેમ રાખવો તે ઉત્તમ છે, અને તે પ્રેમ દરેક મહાન આત્માનો **સ્વાભાવિક** ધર્મ છે પોતે નિસ્પૃહ ભાવથી ટ્રસ્ટી તરીકે વર્તવુ સસાર દુખમય છે, અને જન્મમરણના ચક્રમા ફરતા ખરી રીતે સુખ જરા માત્ર નથી. જેમ ભમરો વાડીમા એક ફુલનો ત્યાગ કરી બીજા ફુલે બેસે છે, ત્યાંથી ત્રીજા ફુલ ઉપર બેસે છે, એમ જીવ અનેક ગતિમાં અથડાય છે, પણ સુખ મેળવી શકતો નથી, કારણ કે ખરૂ સુખ તો આત્મામા રહેલુ છે, પણ જેમ કસ્તુરીઓ મૃગ પોતાની નાભિમાથી નીકળતા કસ્તુરીના વાસથી લોભાઇ કસ્તુરી મેળવવાને સકળ જગલમા ભમે છે, તેમ સુખ આત્મસ્વભાવમાં રહેલુ છે, છતા તે બાબતના જ્ઞાનના અભાવે અજ્ઞાની જીવ બાહ્ય વસ્તુમાં સુખ શોધે છે સસારમા બિલકુલ સુખ નથી એમ આ કથનનો આશય નથી, પણ તે સુખ ઇન્દ્રજાળ જેવુ છે, અને તે મળ્યા પછી પણ ખરી તૃપ્તિ નથી, માટે ચિરકાળ ટકે એવુ સુખ પ્રાપ્ત કરવા ઇચ્છનાર મનુષ્યના પ્રયાસને અનુચિત છે આવી રીતે સસારનુ સ્વરૂપ વિચારવુ અને તે દુખ ગર્ભિત દેખી વૈરાગ્યવાન્ થવુ અને આત્મસ્વભાવમા રહેલુ અનત, અમર સુખ મેળવવા પ્રયત્ન કરવો, એજ આ કથનનો આશય છે

(૪) એકત્વભાવના.

આ સંસારને વિષે જીવ એકલોજ ઉત્પન્ન થાય છે, અને એકલોજ મરે છે, એકલોજ કર્મનો કર્તા છે, અને એકલોજ તે કર્મનો ભોક્તા છે, પરમાર્થ દૃષ્ટિએ વિચારીએ તો સ્વધર્મ સિવાય અન્ય કોઇ પણ સ્વજન તેને સહાયકારી થઈ શકે નહિ માટે કોઈ પણ કાર્યનો આરભ કરતા પહેલાં તે કાર્યનુ શુ પરિણામ આવશે એમ વિચારી તે કાર્યમા જીવે પ્રવર્તન કરવુ, કારણ કે તે કાર્યનુ ફળ પણ પોતાને એકલાને ભોગવવુ પડશે. દરેક કાર્ય વિચાર અને વાસનાને વાસ્તે પોતેજ જવાબદાર છે; માટે દરેક જીવે પવિત્ર અને સુદર **વિચારો** વિચારવા, પવિત્ર અને સુદર **વચનો** બોલવા, અને પવિત્ર અને સુદર **કાર્યો** કરવા, કારણ કે તે સર્વનુ સુદર ફળ પણ

પોતાનેજ મળે છે. આત્મા પોતે એક છે, અને તે સિવાયની સર્વ વસ્તુઓ ભિન્ન છે અને તેને ને આત્માને ખરી રીતે કોઇ સબધ નથી

અધ્યાત્મસારમા કહ્યુ છે કે—

एकः परभवे याति जायते चैक एव हि ॥
ममतोद्रेकतः सर्वं संबन्धं कल्पयत्यथ । १ ॥
व्याप्नोति महतीं भूमिं वटबीजाद्यथा वटः ॥
तथैकममताबीजात्प्रपञ्चस्यापि कल्पना ॥ २ ॥
माता पिता मे भ्राता मे भगिनी वल्लभा च मे ॥
पुत्राः सुता मे मित्राणि ज्ञातयः संस्तुताश्च मे ॥ ३ ॥
इत्येवं ममताव्याधिर्वर्धमानं प्रतिक्षणम् ॥
जनः शक्नोति नोच्छेत्तुं विना ज्ञानमहौषधम् ॥ ४ ॥

જીવ એકલો પરભવમા જાય છે, અને અહીયાં એકલો ઉત્પન્ન થાય છે, પણ મમતાના પ્રધાનપણાથી સર્વ સબધની જીવ કલ્પના કરે છે વડના બીજને લીધે વડનુ ઝાડ બહુજ વિસ્તારવાળી જમીનમા પથરાય છે, તેમ એક મમતા રૂપ બીજ થકી આ સસારના સબધની કલ્પના ઉદ્ભવે છે મારી માતા, મારો પિતા, મારો ભાઇ, મારી બ્હેન, મારી પત્ની, મારા પુત્રો, મારી પુત્રીઓ, મારા જ્ઞાતિજનો, મારા પરિચયવાળા. આ રીતે ક્ષણે ક્ષણે વધતી જતી મમતારૂપ વ્યાધિનો ઉચ્છેદ કરવા સમ્યગ જ્ઞાનરૂપ મહૌષધ સિવાય માણસ સમર્થ થતો નથી **સમ્યગજ્ઞાન** અથવા સદ્ અને અસદ્ કે નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચેનો વિવેકજ આ મમતાનો નાશ કરે છે. **હું અને મારૂં** એજ માણસની જ્ઞાન ચક્ષુને અધ કરનાર મોહરાજાનો મત્ર છે, અને જે કાંઈ દેખાય છે તે, હુ અને મારૂ નથી એ મત્ર મોહરાજાને જીતનાર છે

નિજરૂપા નિજ વસ્તુ છે, પર રૂપા પરવસ્ત,
જેણે જાણ્યો પેચ એ તેણે જાણ્યુ સમસ્ત ।

(૫) અન્યત્વ ભાવના.

આત્મા સિવાયની તમામ વસ્તુઓ સાથે આત્માનો નિશ્ચયનયની અપેક્ષાએ કાંઇ પણ સંબંધ નથી ઘણા કાળ સુધી અન્નપાનાદિકથી લાલન પાલન કરેલો દેહ તેજ પોતાનો નથી, તો પછી દેહથી બહાર રહેલાં ધન, સુવર્ણ, ઘર, મહેલ વગેરે પોતાના શી રીતે થઇ શકે ? તે સર્વ આત્માના નથી, પણ આત્મા તેને સ્વરૂપના અજ્ઞાનથી પોતાના ગણે છે આ મારૂ ઘર, આ મારૂ ધન, આ મારા સ્વજન એમ તે માને છે; પણ તે સર્વ આત્મદ્રવ્યથી ન્યારા છે કારણ કે સર્વ પદાર્થો અને ચેતનાવાળા પ્રાણીઓની ઉપાધિઓ–શરીરો પુદ્ગલના જુદા જુદા રૂપાંતરો છે, પુદ્ગલ તે અજીવ છે. માટે ખરી રીતે જીવ પુદ્ગલથી જૂદો છે; એવી ભાવનાને '**અન્યત્વ** ભાવના' કહે છે.

(૬) અશુચિ ભાવના.

આ શરીર, આત્માને કાર્ય કરવાનુ સાધન છે; પણ આપણે શરીરનેજ સર્વસ્વ માનીએ છીએ. ઘણા જડવાદીઓ તો શરીર એજ આત્મા એમ કહે છે. પણ તેમાં તેમની મોટી ભૂલ છે, શરીર એ તો આત્માનુ વસ્ત્ર છે. અને તે વસ્ત્ર ઉપર બહુ રાગ રાખવો નહિ, કારણ કે આ ઔદારિક દેહ તે બહુજ અશુચિમય (અપવિત્ર) છે; કેમકે તે રસ, રૂધિર, માંસ, મેદ, હાકડાં, વીર્ય, મજ્જા, શ્લેષ્મ, મળ મૂત્રાદિકથી ભરેલો, ચામડાથી મઢેલો, નસોની જાળાઓથી વીટાયેલો, નિરંતર કૃમિ, રોગ અને ગુમડાથી વ્યાપી રહેલો છે. ફુલની માળા, બરાસ, ચંદન, કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્ય શરીરપર લગાડવામાં આવ્યા હોય તો તેને પણ મલિન કરવાને આ દેહ સમર્થ છે; માટે તે ઉપર અત્યંત રાગ ન ધરવો એમ આ અશુચિ ભાવના જણાવે છે. આટલા બધા અવગુણ છતાં તે જ્ઞાન પ્રાપ્ત કરવાનુ, ધાર્મિક ક્રિયાઓ કરવાનુ, અને આ જગતના વ્યવહારના દરેક કાર્ય કરવામા તે ઉત્તમ સાધન છે; માટે તેને બરાબર **કેળવવું**. કેળવાએલુ હથિયાર સુતારને બહુ ઉપયોગી થાય છે, તેમ કસરતથી કેળવાયેલુ, અને બ્રહ્મચર્યથી મજબૂત બનેલુ શરીર બહુજ ઉપયોગી થાય છે; માટે શરીરનું અત્યંત લાલનપાલન પણ ન કરવુ, તેમ તેના ઉપર દ્વેષ કરી તેનો અનાદર પણ ન કરવો. તે આપણો નોકર છે એમ માનવુ. નોકરને વશ રાખીએ છીએ, મારી નાંખતા નથી. તેજ રીતે શરીરને વશ રાખવું, પણ તદ્દન દરકાર ન કરી, તેનો નાશ કરવો ઘટતો નથી પણ તેને ઉચિત કાળજીથી અને કુદરતના કાયદા મુજબ વર્તીને તન્દુરસ્ત રાખવું તથા આત્માના ઉદ્ધાર

માટે જે કાંઇ કામ તેની પાસે કરાવવું જરૂરનુ જણાય તે કરવાને તે શરીર જરા પણ આનાકાની ન કરે એમ સભાળવુ.

(૭) આશ્રવ ભાવના.

જીવ ક્ષણે ક્ષણે શુભ અથવા અશુભ કર્મ બાંધે છે. તે કર્મનો બધ થવાનાં કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ છે જેના હૃદયમાં મૈત્રી, કારૂણ્ય, પ્રમોદ અને મધ્યસ્થ ભાવના વસેલી છે તેઓ શુભ કર્મ બાધે છે, પણ જેમના મન આર્ત તથા રૌદ્ર ધ્યાન, અને વિષય કષાયથી રગાયેલા છે તેઓ અશુભ કર્મ બાધે છે પુણ્ય અને પાપ શી રીતે બધાય છે અને કેવી રીતે ભોગવાય છે, તેનુ સવિસ્તર સ્વરૂપ નવતત્ત્વથી ગ્રહણ કરવુ. જેથી કર્મ બધ થાય તેવી સરાગપ્રવૃત્તિને આશ્રવ કહેવામા આવ છે, જેમા કર્મના ફળ ઉપર મમતા રહેલી છે તેવા કાર્યથી નવા કર્મ ગ્રહણ કરાય છે; માટે આશ્રવનો ત્યાગ કરવા નિષ્કામવૃત્તિથી કાર્ય કરવા

(૮) સંવર ભાવના.

આશ્રવને રોકવુ તે સવર જેથી નવા કર્મ બધાય તેવાં કાર્યોનો રોધ કરવો તેને સવર કહે છે સમ્યગ્જ્ઞાનથી મિથ્યાત્વનો નાશ કરવો, વિરતિથી અવિરતિનો રોધ કરવો, ક્ષમાથી ક્રોધને, નમ્રતાથી માનને, સરલતાથી માયાને, અને સતોષથી લોભને આ રીતે કષાયોને જીતવા અને મન, વચન અને કાયાના શુભયોગોથી અશુભયોગ ઉપર જય મેળવવો, તે સવર કહેવાય તે સવર સર્વ થકી અને દેશ થકી હોય છે સર્વ પ્રકારે સયમ તો ચૌદમા ગુણસ્થાનકમા બિરાજતા અયોગી કેવળીને હોય, અને દેશથકી સવર એક બે ત્રણ પ્રકારના આશ્રવના રોકનારને પણ મળવી શકે. વળી સવરના બે ભેદ છે દ્રવ્ય સવર અને ભાવ સવર આશ્રવને લીધે જે પુદ્ગલો જીવને લાગતા હોય તે ન લાગવા દેવા, અથવા તેમનો છેદ કરવો તે દ્રવ્ય સવર કહેવાય, અને ભવના કારણરૂપ આત્માની અશુદ્ધ પરિણતિ, તેને ટાળી સ્વસ્વભાવમા રમણ કરવુ, તે ભાવ સવર કહેવાય

(૯) નિર્જરા ભાવના.

સકામ નિર્જરા થાય છે. જે લોકોએ વિરતિ ગ્રહણ કરી છે, તેઓજ આ રીતે કર્મની નિર્જરા કરવા તત્પર થાય છે, અને અકામ નિર્જરા તો વિરતિ ભાવ વિના નિષ્કારણ ટાઢ, તડકો, ક્ષુધા વગેરે સહન કરવાથી થાય છે. માટે કષાયની મંદતા કરી તપ કરવો તેજ લાભકારી છે, બાકી ઈચ્છાના રોધ રૂપ સત્ય તપ વિના ઝાઝો લાભ થતો નથી એવી રીતે નિર્જરાનુ સ્વરૂપ વિચારવુ, અને યથાશકિત બાહ્ય તથા અભ્યંતર તપ કરવો.

(૧૦) લોક સ્વભાવ.

પોતાના બે હાથ પોતાની કેડ ઉપર મુકયા હોય, અને પોતાના બે પગ વાંકા પસાર્યા હોય, તેવા માણસને તમારી નજર આગળ કલ્પો, અને તેમને ચૌદ રાજલોકનુ કેવુ સ્વરૂપ હશે તેની ઝાખી થશે. તે લોકને વિષે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, કાળ અને જીવ રૂપ ષટ્ દ્રવ્ય આવી રહેલા છે. જેમ માછલાને હાલવા ચાલવાની ગતિમાં જળ સહાય કરે છે, તેમ ચાલવાને તત્પર થયેલ માણસને ચાલવાના કામમા સહાય કરનાર તત્ત્વ ' ધર્માસ્તિકાય ' કહેવાય છે. માણસને સ્થિર બેસવામાં, અને દરેક વસ્તુને સ્થિરતા આપવામાં સહાય કરનાર તત્ત્વ ' અધર્માસ્તિકાય ' કહેવાય છે. અવકાશ આપવો તે ' આકાશાસ્તિકાય ' નો સ્વભાવ છે. આપણે દુધથી ભરેલા લોટામા નવટાંક યા પાશેર ખાંડ નાખીએ છીએ, છતા લોટામાથી દુધ બ્હાર નીકળી જતુ નથી, કારણ કે દુધના પરમાણુઓની વચ્ચે વચ્ચે જગ્યા રહેલી છે, આ જગ્યામાં આકાશ રહેલુ છે ચેતના લક્ષણવાળો, કર્મનો ભોકતા ' જીવ ' કહેવાય છે પૃથ્વી, વાદળા, પર્વત સઘળાં જેના પરિણામ રૂપે છે તે દ્રવ્ય ' પુદ્‌ગલાસ્તિકાય ' કહેવાય છે, તેનો સ્વભાવ ભરાઇ જવાનો અને હલવાઇ જવાનો છે દરેક વસ્તુને ક્ષણે ક્ષણે બદલનાર નવીન ને જૂનુ કરનાર અને સમયથી મપાનાર ' કાળ ' કહેવાય છે આવી રીતે છ દ્રવ્ય જેમા રહેલા છે, તે ઉર્ધ્વ, અધસ્ અને મધ્ય તીર્છા લોક રૂપ ત્રણ લોકનુ સ્વરૂપ વિચારવુ તે ' લોક-સ્વભાવ ' ભાવના જાણવી

(૧૧) બોધિ દુર્લભ.

ઘણા ઘણાં જન્મો કર્યા પછી આપણે આવી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી છે મનુષ્ય ભવ પ્રાપ્ત થાય, પાંચે ઈંદ્રિયો સંપૂર્ણ હોય, ધર્મ શ્રવણ કરવાની ઇચ્છા હોય, સાભળવાનો લાગ હોય, વગેરે સર્વ સામગ્રીઓ હોય તોપણ ઉત્કૃષ્ટ વિશુદ્ધતાને બતાવનારી, કર્મરૂપ મેલને દૂર કરનારી, અને

સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલી સદ્ વાણીમાં શ્રદ્ધા થવી તે પ્રાયઃ દુર્લભ છે. સદ્‌ને સદ્ તરીકે ઓળખવુ, અને અસદ્‌ને અસદ્ તરીકે જાણવુ એ કામ સહેલુ નથી. ગુરૂ કૃપાથી અને મહા પુણ્યના ઉદયથી તે થઇ શકે છે. કારણ કે એકવાર પણ માણસને સદ્ અસદ્‌નુ વિવેકપૂર્વક ખરૂ જ્ઞાન થાય તો ફરીથી તેનો તે માણસ રહે નહિ, તેના આચાર વિચાર તદ્દન બદલાઇ જાય. સ સાર વ્યહારમાં ભલેને તે ફરીને ગુથાય, પણ કાંઇ ઓર પ્રકારની ઉદાસીનતા તેના કાર્યમા જણાશે.

(૧૨) ધર્મ ભાવના.

આ સ સારમા રઝળતા, અને અજ્ઞાનથી ભવભ્રમણ કરતા પ્રાણીઓને દયા દૃષ્ટિથી તારવાની બુદ્ધિથી સદ્‌જ્ઞાન શિખનાર સર્વજ્ઞ છે એમ વિચારવુ. કેવળજ્ઞાનથી તેમણે સર્વ સ્વરૂપ જોયુ, અને પરોપકાર બુદ્ધિથી તે જ્ઞાન જગતના હિત અર્થે લોકોને ઉપદેશ્યું, તે મહા કૃપાળુ તીર્થંકર મહારાજ છે, અને તેઓએ નિ:સ્વાર્થ બુદ્ધિથી, અને કેવળજ્ઞાનથી ઉપદેશ કરેલો છે, માટે તે સત્ય હોવો જોઇએ તેમની વાણી અતિ ઉત્તમ અને શ્રોતાને લાભકારી છે. રોહણીયા ચોરના કાનમાં વગર ઇચ્છાએ તે વાણીનો એક શબ્દ પડવાથી પણ તેને અત્યત લાભ થયો તો પછી તેનુ શ્રવણ કરી તે પ્રમાણે વર્તનારને કેટલો બધો લાભ થાય તે વિચારવું. સર્વજ્ઞ ભગવાનને દશવિધ યતિ ધર્મ અને બાર વ્રત રૂપ શ્રાવક ધર્મનો ઉપદેશ કર્યો છે, માટે શ્રાવકે બાર વ્રત પાળવા, અને સાધુએ દશવિધ ધર્મ પાળવો. આ રીતે ધર્મ અને **ધર્મનો ઉપદેશ કરનાર** સર્વજ્ઞનો વિચાર કરવો તે બારમી 'ધર્મ ભાવના'

કસોટી યાને પાત્રપરીક્ષા.

---

(૧)

જગલમા સધ્યાસમય થયો હતો, અને તેની છયા ચારે બાજુએ આવેલા વૃક્ષપર જામી રહી હતી પક્ષીઓ કલરવ કરતા પોતાના માળા તરફ પાછા વળતા હતા સૂર્યદેવના કિરણો પશ્ચિમગિરિને ભેટવા તૈયાર થઇ રહ્યા હતા, અને તે જગલમા ચારે બાજુએ શાંતિ પ્રસરી રહી હતી.

આવા શાંત સમયે પદ્માસન વાળી અને પોતાના ઘુંટણ ઉપર પોતાના બને હાથ રાખી માથુ ઉંચુ ધરી, અને દૃષ્ટિ સ્થિર કરીને, જગદ્‌ગુરૂની

નીચે બુદ્ધદેવ સમાધિમા મગ્ન થયા હતા તે કુંજમાં એટલે બધી શાંતિ પ્રસરેલી હતી, અને ત્યાંનું વાતાવરણ પ્રેમપ્રવાહથી એટલુ બધું છવાયું હતુ કે કોઇ અજાણ્યો નાસ્તિક પુરૂષ તે રસ્તેથી કદાચ જતો હોય તો તે પણ પોતાની અશ્રદ્ધા છોડીને ભકિત અને પૂજ્ય ભાવની લાગણીથી જમીનપર નમી પડે. વિકરાળમા વિકરાળ પ્રાણીઓ પણ તે મહાત્માના અદ્ભુત યોગ શકિતના પ્રભાવથી ત્યા આવતા વારજ પોતાનો જાતિ સ્વ ભાવ છોડી દેતાં, અને નમ્ર હરિણુ માફક બની જતા હતાં

તેવામા એક હરણી જે પોતાનાં બચ્ચાને રમાડતી હતી અને જેણે તે મહાત્માના ઝભા નીચે આશ્રય લીધો હતો તેણે ચમકીને ઉંચુ જોયુ.

તેવામાં દૂરથી કાંઇક ખડખડાટ થતો સંભળાયો. કોઇક ત્યા ઉતાવળે પગલે આવતુ જણાયુ. થોડી વારમા એક ટોળી ત્યાં આવી, તે ટોળીનો નાયક એક યુવક હતો; તે દેખાવમા ધઉવર્ણો હતો, પણ તેની મુદ્રા બહુ પ્રતાપી હતી; તેણે કસબી પોશાક પહેર્યો હતો, અને કીંમતી માળા તેના કંઠને શોભાવતી હતી.

તેની સાથે આવેલા લોકોને એક સ્થળે ઉભા રહેવાને આજ્ઞાપૂર્વક સૂચના કરીને તે બુદ્ધદેવ તરફ વળ્યો. જ્યારે તે મહાત્માની ભવ્ય તેજસ્વી અને શાંત મૂર્તિ આગળ આવ્યો ત્યારે તે અત્યત ભક્તિથી તે ગુરુના ચરણે પડયો. પછી તે ઉભો થયો અને નેત્ર નીચાં ઢાળીને, બને હાથ ભેગા કરીને તે ભકિત કરતો હોય તેવી સ્થિતિમા થોડી વાર ઉભો રહ્યો

બુદ્ધદેવ કંઇ પણ બોલ્યા નહિ, પણ તેમની દૃષ્ટિમાંથી પ્રેમપ્રવાહ વહેતો હતો.

તે યુવક આખરે ધૈર્ય લાવીને બોલ્યો, "હે ભગવન્! હે મહાત્મના હુ તમને નમસ્કાર કરૂ છુ, કંચબ નામના દૂર દેશથી હુ અત્રે આવેલો છુ; મારૂ નામ ચંદ્રસિંહ છે. હુ રાજાનો પુત્ર છુ. રાજ વારસ છુ, અને તમારી પાસે એક યાચના કરવા આવ્યો છું. હે ભગવન્! જ્યારથી આપણુ નામ મારા કર્ણે પડયુ ત્યારથી મેં આરામ લીધો નથી. તેમજ મારા ચિત્તને શાંતિ વળી નથી. મારા રાજ્ય મહેલના ભંડારો હવે મને સુખ આપી શકતા નથી. મારા મિત્રો તેમજ મારી સ્ત્રીઓ મારા મન અને ઇન્દ્રિયોને સંતોષ આપતા બધ પડયાં છે હું ઉચ્ચ જીવન ગાળવાને આતુર બન્યો છુ. હે કૃપાળુ ગુરૂદેવ! મને તમારા એક શિષ્ય તરીકે અગીકાર કરો. મારા જેવો ખરો ભકત તમને ભાગ્યેજ જડશે."

બુદ્ધદેવ પોતાની શાંતિ જાળવી રહ્યા, દયાભરી દૃષ્ટિ તે યુવક તરફ ફેરવી. પણ એક પણ અક્ષર તે બોલ્યા નહિ. ચંદ્રસિંહે આગળ ચલાવ્યુ કે.—

"હે દેવ! હે ગુરો! આપ શુ મને ઉત્તર નહિ આપો? શુ હું આ અધિકારને પાત્ર નથી? હે પ્રભુ! મે મારી બાલ્યાવસ્થાથી નિષ્કલંક જીવન ગુજાર્યું છે, સદ્‌ગુરૂનુ સેવન કર્યું છે, અને ધર્મના નિયમો પ્રમાણે વર્ત્યો છુ મારા દેશના ધારા અને નીતિ નિયમોને હું અનુસર્યો છું અને ધર્મશાસ્ત્રોનો ખંતથી મે અભ્યાસ પણ કર્યો છે. શુ આટલાથી હે પ્રભો! આપનુ ધ્યાન મારા તરફ નહિ ખેંચાય? શુ હું તમારો ચેલો ન થઇ શકુ?"

"**ના**" ફકત એટલોજ જવાબ મળ્યો

"હે દેવ! હે! ભગવન્! ત્યારે હવે બોલો, તમારી ઇચ્છાને હુ અનુસરીશ આ ચેલા થવાના અધિકારને સારૂ મારે શુ કરવુ જોઇએ તે કૃપા કરી જણાવો"

"શોધ અને તને જડશે"

"શુ શોધુ?" તે યુવકે દિલગીર અવાજે પુછ્યુ.

ગૌતમ બુદ્ધે કાંઇ પણ જવાબ ન આપ્યો, તોપણ તે યુવકે બોલવાનુ જારી રાખ્યુ, "તથાસ્તુ! હું શોધીશ મારી આ રીતે કાંઇક કસોટી કાઢવાનો કદાચ આપનો આશય હશે"

"કદાચ હોય"

"ફરીથી હુ કયારે આપને મળી શકુ?"

'ચોમાસુ વીત્યા પછી સાતે મહિને"

ચંદ્રસિંહે શીર્ષ નમાવ્યુ, એક પણ શબ્દ બોલ્યા સિવાય તે જમીનપર સૂઇ રહ્યો અને આ સ્થિતિમા તે લાંબા વખત સુધી પડી રહ્યો. પછી તે ધીમેથી ઉભો થયો, અને ત્યાંથી ચાલતો થયો તે નની ટેકરી થોડા સમયમા અદૃશ્ય થઇ ગઇ, તેમનો અવાજ બંધ પડી ગયો, અને તે વિશ્વાસુ હરણી તે મહાત્માના ખોળામા માથુ મુકીને, પોતાના બચ્ચાની પાસે ઉંઘી ગઇ

ફરીથી બુદ્ધદેવ અને શિષ્ય મળ્યા

* * * * * * *

(૨)

વર્ષાઋતુ આવી ચાલી ગઇ, સાત માસ પણ પસાર થઇ ગયા અને તેજ જમ્બુ વૃક્ષ નીચે તેજ કુંજમાં બુદ્ધદેવ બેઠેલા હતા સૂર્ય અસ્ત પામવાની તૈયારીમાં હતો, આકાશમાં વાદળાં ફરી વળ્યાં હતાં, અને તોફાનની નિશાનીઓ દેખાતી હતી. હવા પણ ભારે થઇ હતી, અને બફારો બહુ થતો હતો.

તે જંગલમાં ભારે તોફાન થશે એમ લાગવાથી તે જંગલનાં પ્રાણિઓ તે મહાત્માની સમીપમાં આશ્રય સારૂ આવેલા હતાં પાસે ઉગેલા વૃક્ષોપર પક્ષીઓ ટોળાંબંધ આવી કકળાટ કરી મુકતા હતા એક નાનુ વાઘનુ બચ્ચું તે બુદ્ધદેવના પગ આગળ રમતુ હતુ, અને આવતા તોફાનની જરા પણ તેને ખબર ન હોય, તેમ નિર્ભય પડયુ હતુ. પ્રથમ ભારે વંટોળીયો થયો, અને તે પછી કડાકા અને વીજળીઓના ચમકારા સાથે મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. બધાં વૃક્ષોપર વરસાદ પૂર્ણ જોસથી પડયો પણ જમ્બુ વૃક્ષને તે ભારે મેઘની જરા પણ અસર થઇ નહિ. તે બુદ્ધદેવ ઉપર જળનુ એક બિન્દુ પણ પડયું નહિ.

વરસાદનું તોફાન ચાલ્યું, પણ દૃઢ ઇચ્છાશક્તિવાળો તે પુરૂષ જરા પણ પોતાના પ્રયાસમા ડગ્યો નહિ. જ્યા સંધ્યા સમય થયો કે તે ચંદ્રસિંહ ત્યાં બુદ્ધદેવના સમીપ આવી પહોંચ્યો અને આ પ્રમાણે તેના હૃદયમાંથી ઉદ્ગાર નીકળી પડયાઃ—

"હે ભગવન્! હું આ વખતને વાસ્તે ઘણી અધીરાઇથી વાટ જોઈ રહ્યો હતો તે વખત હવે આવી પહોચ્યો છે. પ્રાત કાળ પછી સંધ્યાકાળ અને સંધ્યાકાળ પછી પ્રાત કાળનો ક્રમ ચાલ્યા કર્યો છે, અત્યારે તે ધારેલો સમય આવ્યો છે. હે ભગવન્! બોલો; તમે મારી કરેલી કસોટીમા હુ નિષ્ફળ નીવડયો નથી. મેં હજુ શુદ્ધ જીવનજ ગાળ્યુ છે, દરેક પ્રકારના મોજશોખ અને વૈભવનો મે નિષેધ કર્યો છે; ઇન્દ્રિયોના વિષયો તરફ મે તદ્દન ઉદાસીન ભાવ રાખ્યો છે, મારા મ્હેલમા મળતા વૈભવ અને સુખ તરફ પણ મેં લક્ષ આપ્યું નથી, મારો સમય કેવળ એકાંતમાં લાંબા સમય સુધી ધ્યાન કરવામાં મેં ગાળ્યો છે. મારામાં કોઇ પણ પ્રકારની અશુદ્ધિ રહેલી નથી. હે પ્રભો! આ વખતે તો મને આપના શિષ્ય તરીકે કબુલ કરશો!"

"ના."

ચંદ્રસિંહ એકદમ ગભરાઈ ગયો. ભારે ખેદ તેના મનમાં વ્યાપી ગયો, અને પોતાના ઝભાનો છેડો પોતાના મુખ ઉપર તે લાવ્યો, તેની આખમાં

આંસુ ભરાઇ આવ્યાં, અને કેટલાક વખત સુધી તે એક પણ શબ્દ બોલી શકયો નહિ પછી ધ્રુજતે સ્વરે તેણે બોલવાનો પ્રારંભ કર્યો.

"હે મહાત્મન્! હે કૃપાળુ દેવ! શુ તમે આ તમારા સેવક સાથે નહિ બોલો? શુ ના પાડવાનુ કારણ નહિ જણાવો?"

બુદ્ધદેવ સમાધિમાથી હમણાજ ઉઠયા હતા. ચંદ્રસિંહને જોઇને ચિત્તા ધ્રુરકવા માડયો હતો, તેને પોતાના પ્રેમાળ હસ્તથી શાત કર્યો, વરસાદની ગર્જના પણ બધ પડી હતી, અને બુદ્ધદેવના મુખમાથી ખરતા શબ્દો સાભળવાને પવન પણ આ સમયે શાત થઇ ગયો હતો. બુદ્ધદેવે મધુર સ્વરે જવાબ આપ્યો

"ઉમદા રાજકુમાર! જે કસોટીઓમાંથી ત્હારે પસાર થવાનુ હતુ, તે કસોટીઓ બાહ્ય જગતમા મળી આવતી કસોટી સમાન નથી મેં તને તારા સુખ વૈભવ અને તારી સ્ત્રીઓને ત્યાગ કરવાને કહ્યુ ન હતુ, તેમજ તદ્દન યતિની માફક શરીરને કષ્ટ આપીને રહેવાનો પણ મારો આદેશ ન હતો જે કસોટીઓમાથી ત્હારે પસાર થવાનુ હતુ, તે કસોટીઓ ત્હારા પૂર્વ જન્મના કેટલાક કાર્યોના પરિણામરૂપે ત્હારા સ્વભાવથી જ આવેલી છે. ત્હારા મહેલમાં પાછો જા, અને એક સદ્ગુણી મનુષ્ય જેવુ જીવન ગાળ; હજુ પણ શિષ્ય થવાને તુ લાયક નથી"

તેના ગાલપર શરમના શેરડા પડયા, અને આતુરતાથી ચંદ્રસિંહે પ્રશ્ન કર્યો—

"હે ભગવન્! કઇ કસોટીઓમા હું નિષ્ફળ નીવડયો છુ, તે કૃપા કરીને આપ સમજાવશો? જો કે તેથી મને વિશેષ શરમ લાગશે, તોપણ તેથી હુ જરા પણ ગભરાઇશ નહિ. હે નાથ! હુ ખરા અંતઃકરણથી પ્રકાશ શોધુ છુ."

બુદ્ધદેવે જવાબ આપ્યો: "હું તને તે જણાવીશ પ્રથમ કસોટી આળ–ખોટા કલકની હતી હે ઉમદા ગુણવાળા રાજકુમાર! ત્હારા પોતા-નાજ મ્હેલમા ત્હારા પિતાની રાજસભામા જે અપરાધ તે નહોતો કર્યો, તેનો ત્હારા ઉપર આરોપ મુકવામા આવ્યો હતો, એ બાબત તને યાદ છે કે? લોકોના મન આ બાબતમા સત્ય શુ છે, તે બરાબર સમજતા થાય, ત્યા સુધી રાહ જોયા સિવાય, અથવા પૂર્વે કરેલા કર્મના પરિણામ રૂપે આ કલક ત્હારા ઉપર આવેલુ છે, માટે તે ધૈર્યથી સહન કરવુ જોઇએ, એવો વિચાર કર્યા સિવાય, તુ તારી જાતનો બચાવ કરવાને આતુર [illegible] હતો, તારી નિર્દોષતા સિદ્ધ કરતો હતે, અને તે [illegible] [illegible] સમે

પગલાં ભરવા પણ તુ તત્પર થયો હતો. આમ તું પ્રથમ કસોટીમાં નિષ્ફળ નીવડયો હતા ”

ચંદ્રસિંહ ફીકો પડી ગયો, અને બોલી ઉઠયો, “ હા, જો હુ તે આરોપને પાત્ર હોત તો મેં તે સહન કર્યા હોત, પણ હુ જાણતો હતો કે હું નિર્દોષ છુ ”

“ સાગ અને સદ્‌ગુણી મનુષ્યે પોતાની નિર્દોષતા સિદ્ધ કરવી જોઇએ અને પોતાનો બચાવ પણ કરવો જોઇએ, પણ જે **મુમુક્ષુના** માર્ગમાં દાખલ થવા ઇચ્છા રાખે છે, જે **મ્હારો શિષ્ય** થવા ઇચ્છે છે, તેણે પોતાને-થતાં અન્યાય અને નિંદા, પોતાના બચાવમાં એક પણ શબ્દ ઉચ્ચાર્યા સિવાય, સાંભળવાં જોઇએ. તેણે કીર્તિનો મુકુટ પહેરવાને તેમજ અપકીર્તિનો ઝભો પહેરવાને એક સરખી રીતે, ઉદાસીન ભાવ રાખી, તૈયાર રહેવુ જોઇએ.”

ચંદ્રસિંહે માથું નમાવ્યું.

બુદ્ધદેવે પોતાની વાણી ચાલુ રાખી.—

“ બીજી કસોટીમાં ત્હારી સ્વાર્થી વૃત્તિ, ત્હારી અહંતા, ત્હારો સ્વાર્થી રાગ વચમાં આવ્યો. તું ત્હારા મિત્ર **યક્ષ**ને તારી જાતની પેઠેજ ચ્હાતો હતો, તમારા બંને વચ્ચે ગાઢો સંબંધ હતો. તેવામા **ભલ્લિક** નામનો કોઇ પુરૂષ ત્હારા પિતાની રાજસભામાં આવી પહોચ્યો તેને તે **યક્ષ**ના કોઇક કારણસર જરૂર હતી; તે તેણે **યક્ષ**નુ હૃદય પોતાના તરફ આકર્ષવા માડયુ, તેની મિત્રતા સંપાદન કરવાને તે અત્યંત આતુર હતો તેથી તને તે તારી પ્રીતિ-માં વિઘ્ન કર્ત્તા લાગ્યો. યક્ષને તુ યક્ષને ખાતર ચહાતો નહતો, પણ યક્ષની ત્હારી સાથેની મૈત્રીથી મળનાર આનંદને ખાતર તુ તેના પર પ્રીતિ રાખતો હતો, ત્હારો તેની ઉપાધી ઉપર રાગ હતો; અને આ રાગનાં મૂળને ઉખેડવાને બદલે અને તે **ભલ્લિક** અને યક્ષની વચ્ચે વધતી જતી પ્રીતિથી આનંદ માનવાને બદલે, ત્હારા હૃદયમાં એક પ્રકારનુ ભારે તોફાન ચાલ્યું **ભલ્લિક**ના માર્ગમાં ત્હારાથી બનતા વિઘ્ન નાખવાને તે પાછી પાની ધરી નહિ, વળી ત્હારા હૃદયમાથી ક્રોધના વિચારનો પ્રવાહ તે તે **ભલ્લિક** તરફ વહેવા દીધો હતો—આ ત્હારી બીજી નિષ્ફળતા. ”

ચંદ્રસિંહે વેગથી જવાબ વાળ્યો:—

“હુ ધારતો હતો કે ભલ્લિક સ્વાર્થની ખાતર યક્ષની પ્રીતી શોધે છે. શુ મારા મિત્રને ચેતવણી આપવી અને ભલ્લિકના કાવતરામાંથી તેનો બચાવ કરવો એ મારૂ કર્તવ્ય ન હતું ? ”

શુ તારી ખાતરી છે કે ભલ્લીકનો સ્વાર્થી પ્રેમ વખત જતાં શુદ્ધ થયો નહોત? તે પ્રીતિ કોઈક દિવસ ખરા અંતઃકરણની ન થાત એવુ શુ તુ ચોક્કસ રીતે કહી શકે છે? વળી હે રાજકુમાર! પોતાની કીર્તિની માફક પોતાના રાગનો પણ સારો અને સદ્‌ગુણી મનુષ્ય બચાવ કરે, પણ જે મુમુક્ષુના માર્ગમા દાખલ થઈ મ્હારો શિષ્ય થવા ઇચ્છે છે, તેને પોતાના અત્યંત રાગની વસ્તુનો સંન્યાસ (ત્યાગ) કરવાને તત્પર રહેવુ જોઇએ. તેણે સ્વાર્થ અને ઇર્ષ્યાના નકામા છોડવા પોતાના હૃદયમાંથી ખેંચી કાઢવા જોઇએ, આમ કરવા જતા હૃદયમાથી લોહી નીકળે અને જગત્ શૂન્ય ભાસે છતા તે સઘળુ તેણે શાંત મનથી સહન કરવુ જોઇએ. ઉમદા રાજપુત્ર! ત્હારા પિતાના ખજાના, ઇન્દ્રિયોના સુખો અને જગતની કીર્તિ–આ સર્વે તને આકર્ષવાને સમર્થ નથી અને તેથી તેમનો ત્યાગ કરવામાં તેં બહુ મહત્વનુ કાર્ય કર્યું નથી જ્યારે ખરો ત્યાગ અને આત્મભોગનો પ્રસંગ આવ્યો તે વખતે ત્હારૂ ધૈર્ય ચાલી ગયુ આત્મભોગનો દિવ્ય ઝભો તુ પ્હેરી શક્યો નહિ, જે પ્રેમ પ્રેમપાત્રનુ જ હમેશા કલ્યાણ ઇચ્છે છે, જે પ્રેમ આપે છે પણ બદલાની આશા રાખતો નથી તેવો પ્રેમ તુ પ્રસંગ આવે દર્શાવી શક્યો નહિ ”

ફરીને ચંદ્રસિંહે પોતાનું માથુ નમાવ્યું ફરીથી શુ કરવુ તે તેને સુઝયું નહિ; પછી તેણે તે ઋષિ તરફ પોતાની નજર ફેરવી અને તે આ પ્રમાણે બોલ્યો.—

“ હે ભગવન્ ! ફરીથી બોલો, મને એકવાર ફરીને શરમમાં નાખો, મારી જ્ઞાનચક્ષુ આડે પડળ વળી ગયેલા છે હાલ જે અંધકાર આપની દૃષ્ટિ આગળ દેખાય છે, તે કરતા પણ ગાઢ અંધકારે મારી દૃષ્ટિને અંધ બનાવી દીધી છે, માટે મને સદ્‌બોધ આપો

વળી તે બુદ્ધદેવે કહ્યુ

“ ત્રીજી વાર તુ પ્રેમની કસોટીમા નિષ્ફળ નીવડ્યો છે નન્દા નામની તારી એક પત્નીએ કાંઇક ભારે અપરાધ કર્યો, તેની બાલાવસ્થા અથવા તેની અજ્ઞાનતાનો લેશ માત્ર પણ વિચાર કર્યા સિવાય, અથવા તે ખાતર જરા પણ દયા દર્શાવ્યા સિવાય તે તેને મ્હેલ બહાર કાઢી મુકાવવી ”

“ હે ભગવન્ ! હુ એવી જુદી રીતે કેમ વર્તી શકુ ? એક સ્નેહાળ અને ચપળ સ્વભાવની સ્ત્રીને સારી [illegible] મ્હારી [illegible], તેના કરતા મારૂ અને મારા મ્હેલનુ માન [illegible] [illegible] [illegible] [illegible] ન હતી ? મારી આંખે [illegible] [illegible] [illegible] હુ [illegible] [illegible] [illegible].

શના નીતિના નિયમોનો મે ભંગ કર્યો ન કહેવાય ? મારી શુદ્ધ જીવની ઉચ્ચ ભાવના વિરૂદ્ધ શુ તે ક્ષમા ન ગણાત ? ”

બુદ્ધદેવે પ્રત્યુત્તર વાળ્યો —

“ હે ઉમદા ગુણવાળા રાજકુમાર ! મારે શુ ફરી ફરીને તને એજ ઉપદેશ આપવો જોઇએ ? સારો અને સદ્‌ગુણી કહેવાતો સાંસારિક મનુષ્ય પોતાના હક્ક સંબધી વિચાર કરે, અથવા તો પોતાની માનકીર્તિ જાળવ વાનો પ્રયત્ન કરે, તે અભિપ્રાય બાંધી શકે, શિક્ષા કરી શકે, અને અયોગ્ય મનુષ્યને પોતાની પાસેથી દૂર પણ કાઢી મૂકે, પણ જે મારા શિષ્ય થવાનો અધિકાર મેળવવા ઇચ્છા રાખે છે, તે કદાપિ કોઇના આશય સંબધી અભિપ્રાય બાધતો નથી, તે દરેક બાબત સમજવા પ્રયત્ન કરે છે, અને ક્ષમા આપે છે, તે દોષ શોધવા મથતો નથી, તે દોષની સારી બાજુ તરફ તેની વિશેષ દૃષ્ટિ રહે છે. સમુદ્રના હૃદયમાં જેટલાં જળનાં બિંદુઓ છે, તેના કરતાં દયાના અને અનુકમ્પાના વિશેષ બિંદુઓ તેના હૃદયમા માલુમ પડે છે. શુદ્ધતા એ કાંઇ સદ્‌ગુણ નથી, તે અશુદ્ધ માર્ગથી નિવૃત્તિરૂપ છે. મારો શિષ્ય તેવી શુદ્ધતાને બહુ મહત્વ આપતો નથી. જીવનની શુદ્ધતાની સાથે જો પ્રેમ અને દયાનું મિશ્રણ ન થયું હોય તો તેજ શુદ્ધતા અભિમાન અને કઠોરતાનું કારણ થઇ પડે છે અને મુમુક્ષુને તેના માર્ગમા અડચણ રૂપ નીવડે છે. તેવે સમયે તે શુદ્ધતા નહિ પણ શુદ્ધતાની છાયા સમજવી. હે પવિત્ર રાજકુમાર ! તુ ત્હારી મુસાફરી દર્મ્યાન સધ્યાકાળે હિમાલય-ના પવિત્ર અને ઉંચા શિખરો તરફ નજર કરતો કરતો તુ અત્રે આવેલો છે તે બરફથી છવાયલાં શિખરો પર દરેક વસ્તુ ઠરી ગયેલી નિર્જીવ ભાસે છે, પણ એકાએક ત્યાં ભિન્ન ભિન્ન પ્રકારના ચળકતા રંગો પ્રકટ થાય છે અને હૃદય તથા ચક્ષુ બનેને આનદ આપે છે. આનુ નામજ પવિત્રતા ! આજ શુદ્ધતા ! **પ્રેમ** વગરની **પવિત્રતા** તે મૃત શરીરને ઓઢાડેલી સફેદ ચાદર કરતા વિશેષ અગત્યની નથી. પણ જો તેની સાથે પ્રેમ ઝળકી ઉઠે તો, તેજ શુદ્ધતાની પ્રણાલિકા દ્વારા જીવનનો પ્રવાહ ચારે બાજુએ વહેવા લાગે છે.

ચંદ્રસિંહની ચક્ષુ આસુથી ભરાઇ ગઇ, જવાબમા એક પણ શબ્દ બોલ્યા સિવાય, તે જમીનપર પડયો, પછી તે ખોખરા અવાજે બોલ્યોઃ—

“ હે કૃપાળુ ગુરૂદેવ ! હે દીનબધો ! મારાપર એક વાર વિશેષ કૃપા કરો, મને એક વાર ફરીથી પ્રયત્ન કરવા દો લાયક અધિકારીને સારૂ શા સદ્‌ગુણોની જરૂર છે, તે કેટલેક અંશે હે દેવ ! આજ મારા સમજવામા

આવ્યું છે. જ્યા સુધી હું પાછો ન ફરૂ ત્યા સુધી આપનો દયાનો સૂર્ય મારાપર પ્રકાશવા દેશો. આટલી મારી વિનંતી સ્વીકારશો."

"હુ હા પાડું છુ" એમ તે બુદ્ધદેવે જણાવ્યુ, અને તેમના પગ આગળ નીચે પડેલા તે યુવક ભણી તાકીને જોયુ તે વખતે તેમની દૃષ્ટિમાથી એવો તો પ્રેમપ્રવાહનો પ્રકાશ સ્ફુર્યો કે આખી કુજ એક ક્ષણવાર પ્રકાશિત થઇ રહી, અને પ્રભાત થયું છે, એમ સમજી રાત્રિમા પણ પક્ષીઓ પ્રાત કાળના મધુર ગીત ગાવાં લાગી ગયા.

તે યુવક ત્યાથી ઉઠયો, અને પોતાના રસાલાને મળ્યો, અને સાથે લાવેલા હાથીપર બેસી પોતાના નગરભણી તે વિદાય થયો. ફરી વળી તે કુંજમાં જાબુના વૃક્ષ નીચે બુદ્ધ દેવ અત્યત સમાધિમાં મગ્ન થયા.

* * * *

(૩)

ચંદ્રસિહ પોતાના નગર આગળ આવી પહોચ્યો, તેનો પિતા સખ્ત બિમાર થઇ ગયો હતો, અને તેથી રાજ્યની લગામ તેને પોતાને હાથ ધરવી પડી. પોતાને શિરે આવી પડેલી નવી જોખમદારી બહુજ ઉમદા રીતે અત કરણપૂર્વક તેણે અદા કરી, અને દયા અને ન્યાય વાસ્તે સર્વ સ્થળે પ્રખ્યાત થયો

પ્રથમ તો તેણે યક્ષ અને ભલ્લિકને સારા ખીતાબો બક્ષ્યા અને પાસે પાસે આવેલા બે ભવ્ય મહેલો તેમને બેને આપ્યા. તેણે પોતાની સ્ત્રી નન્દાની શોધ કરાવરાવી અને ફરીથી તેને રાજગૃહમા સ્થાપન કરી. આથી લોકોનાં દિલ ખાટાં થયા, તેના પિતાના જૂના નોકરોને બબડવાનુ કારણ મળ્યુ, અને લોકો તેના વિષે ખોટી અફવાઓ ઉરાડવા લાગ્યા એક વાર જાગૃત થયેલી શકા વધવા લાગી અને આખા શહેરમા તેના કાર્યો વાસ્તે ઉપરાઉપરી ટીકા થવા લાગી કેટલીક વખતે અવિચારી પણ વાજબી અને પરોપકારી જે સુધારા તેણે અમલમા મૂકવાને પોતાના અમલદારોને કહ્યુ, તેથી તેનાપર આપખુદી અમલ અને જુલમીપણાનો આરોપ તેઓએ મૂકયો

આવા છુપા આરોપો તેનપર મૂકવામા આવ્યા, છતા ચંદ્રસિહ ડગ્યો નહિ. પ્રથમ જેમ [illegible] તેણે [illegible] કર્યા હતા, તેવી રીતે અત્યારે કાટાથી ભરેલા ઉજ્જડ પણ [illegible] તેણે [illegible] કર્યા આમ છતા સત્તાના લોભી તેના [illegible] તેની [illegible] પક્ષની

પડવાના હેતુથી એક છુપુ મ ડળ ઉભુ કર્યુ હતુ. પ્રથમ તો તે મ ડળે આખા શહેરમાં એવી વાત ફેલાવી કે ચ'દ્રસિ હ આપખુદી અમલને ચાહનારો છે, અને તેણે સુધારો કરવાને કરેલી સઘળી યોજનાઓ છતાં, તે દેશની પાયમાલી કરવા ધારે છે વળી તે સાથે લોકોને એમ પણ ભરમાવવામાં આવ્યું કે એક ભિક્ષુકનો તેને પાસ લાગેલો છે, અને તે જુના રીતરીવાજોને વ શપર પરાથી ચાલી આવેલા નિયમોને દૂર કરી નવો ધર્મ આપણા દેશમા ફેલાવવા માગે છે આવી આવી રીતે તેની વિરુદ્ધ લોકોનાં મન ઉશ્કેરવાને તેના ભાઇએ સ્થાપેલા છુપા મ ડળે પોતાથી બનતુ કર્યું.

એક દિવસે ચ'દ્રસિ હને ખબર પડી કે તેનો પોતાનોજ જીવ લેવાને કાવતરૂ રચાયુ છે. જો કે આ બાબતથી તેને જગ પણ ચિંતા થઇ નહિ. છતા તેના વિશ્વાસુ મિત્રોને તેણે ચેતવણી આપી. તેના ભાઇબ'ધો, તેના વિશ્વાસુ મિત્રો આ બાબતમાં સાવધ રહ્યા અને તેથી જ્યારે હાથમા ખ'જર સહિત ખુની ચ'દ્રસિ'હ ઉપર ધસવાની તૈયારીમા હતો તેવામા તે પકડાયો. તે ખુનીનુ નામ આર્દક હતુ, અને તે ક્ષત્રિય જાતિનો હતો. તે ભયથી ત્રાસ પામી ફીકો પડી ગયો, અને તેને ચ'દ્રસિ'હ સન્મુખ લેઇ જવામા આવ્યો.

" મને મારવાનુ તને કેમ મન થયુ ? " એમ તે રાજાએ પુછ્યુ. તેણે જવાબ વાળ્યો કે " હુ તને દેશના શત્રુ તરીકે લેખું છુ, તુ અમારા જુના રીત રીવાજોની વિરૂદ્ધ છે અને અમારી ધાર્મિક ક્રિયાઓ રદ કરવા માગે છે, અને હમારા દેશના સુખ અને વૈભવને પ્રતિકૂળ એવા કેટલાક સુધારા કરવા માગે છે. માટે જ મે' ત્હારા પ્રાણ લેવા ધાર્યુ હતુ. "

ચ'દ્રસિ હે તેના ભણી દયાની નજર નાખી મનથી વિચાર્યું કે આ ખુની એક નિર્દોષ ગાડા જેવો છે તેણે પોતાના નોકરોને કહ્યુ. " યાદ રાખો કે મારા ઉપર તેણે પ્રાણઘાતક હુમલો કર્યો; છતાં તેનો આશય શુદ્ધ હતો. સીપાઇઓ ! આમ આવો અને તેની બેડીઓ દૂર કરો. " તે સીપાઇઓ પ્રથમ આશ્ચર્ય પામ્યા, છતા તરતજ આજ્ઞાનો અમલ કર્યો.

પછી તેણે આજ્ઞાપૂર્વક સિપાઇઓને કહ્યુ કે " મને આ આર્દક સાથે એકલો થોડીવાર રહેવા દો " તેના મિત્રો અને તેના નોકરો અનિચ્છાએ, અને પાછુ જોતા જોતાં તે હોલમાથી બ્હાર ગયા. તેઓ રાજકુમારના આ સાહસને લીધે ગભરાતા હતા.

અદબ વાળીને આર્દક તિરસ્કારની દૃષ્ટિથી ચ'દ્રસિ હ સામુ જોઈ રહ્યો. તેના આ તિરસ્કાર અથવા અપમાન ભરી વર્ત્તણુક તરફ દૃષ્ટિ ન કરતા

ચંદ્રસિંહ તેની પાસે ગયો અને તાકીને તેની આંખ સામુ જોઇ રહ્યો. તેની આંખમા તિરસ્કાર ન હતો, તેમ દયા પણ ન હતી, તેની આંખ છુપી રીતે આર્દકના ભાવ જાણવા ઇચ્છતી હતી બુદ્ધદેવે કહ્યુ હતુ કે "મારો શિષ્ય દોષ શોધવા કરતા દોષને વાસ્તે કાંઇ બચાવનુ કારણુ હોય તો તે વિશેષ શોધે છે." ચંદ્રસિહ તેનાં પૂર્વ જન્મના કાર્યો તપાસતો હતો એકાએક તેના ઉપર અદ્દ્ભુત અસર થતી હોય એમ લાગ્યુ જેને તે એ કાંતમા પોતાના ગુરૂ તરીકે ઓળખતો, તેનો દિવ્ય આત્મા તેનામા પ્રવેશ કરતો હોય એમ તેને ભાસ્યુ ! તે દિવ્ય આત્માના જ્ઞાનપ્રકાશવડે અંતરની ચક્ષુથી તે જોવા લાગ્યો, અને વસ્તુઓનુ છુપુ રહસ્ય તેના જાણવામા આવ્યુ.

તેણે તે શૂરવીરનો ભૂતકાળ જોયો કર્મને લીધે તેઓ બન્ને એક બીજા સાથે સાકળથી બધાયલા દેખાયા અજ્ઞાનના કારણથી થતી અનેક ભૂલો તેની દૃષ્ટિએ પડી અજ્ઞાનથી ઉદ્દ્ભવતી જુદી જુદી ઇચ્છાઓ અને ઇચ્છાઓના પરિણામરૂપે ઉત્પન્ન થતુ દુ ખ તેને જણાયુ તેની આખ આગળથી આ- ર્દકની મૂર્તિ ખસી ગઇ, પણ તેને સ્થાને આખી મનુષ્યજાતિ તેનામા જન્મ પામતી દેખાઈ મનુષ્યોની અજ્ઞાનતા અને દુ ખ નિહાળી તેને અત્યત ખેદ થયો. તે ખેદની સાથેજ માનવબન્ધુઓ તરફ દયાભાવના તેના હૃદયમા વિકાસી નીકળી. આ દુ ખી મનુષ્યજાતને તેના પ્રેમની બાથમા લેવાને, અને તેનુ દુ ખ પોતાની દિલસોજીથી બને તેટલુ ઓછુ કરવાને તેના મનમા ઇચ્છા થઇ ગઇ પોતાની શુદ્ધતાથી તેને શુદ્ધ કરવાને, પોતાના પ્રેમથી તેને નવુ જીવન આપવાને અને પોતાના આત્મભોગથી તે મનુષ્યજાતિને એક પગલુ આગળ ભરવાને તેનામા ઉત્કટ ઇચ્છા વ્યાપી ગઇ

સ્વપ્નમાથી પાછો ફરતો હોય, તેમ તે ભવ્ય દેખાવમાથી તે પાછો વળ્યો શુ બોલવુ તે તેને સૂઝયુ નહિ છના ભાગ્યા તુટ્યા શબ્દો આ પ્રમાણે તેના મુખમાથી નીકળ્યા —

પડવાના હેતુથી એક છુપુ મડળ ઉભુ કર્યું હતુ. પ્રથમ તો તે મંડળે આખા શહેરમાં એવી વાત ફેલાવી કે ચંદ્રસિહ આપખુદી અમલને ચાહનારો છે, અને તેણે સુધારો કરવાને કરેલી સઘળી યોજનાઓ છતાં, તે દેશની પાયમાલી કરવા ધારે છે. વળી તે સાથે લોકોને એમ પણ ભરમાવવામા આવ્યું કે એક ભિક્ષુકનો તેને પાસ લાગેલો છે, અને તે જુના રીતરીવાજોને વશપરપરાથી ચાલી આવેલા નિયમોને દૂર કરી નવો ધર્મ આપણા દેશમા ફેલાવવા માગે છે આવી આવી રીતે તેની વિરૂદ્ધ લોકોનાં મન ઉશ્કેરવાને તેના ભાઇએ સ્થાપેલા છુપા મડળે પોતાથી બનતુ કર્યું.

એક દિવસે ચંદ્રસિંહને ખબર પડી કે તેનો પોતાનોજ જીવ લેવાને કાવતરૂ રચાયુ છે. જો કે આ બાબતથી તેને જરા પણ ચિંતા થઇ નહિ. છતા તેના વિશ્વાસુ મિત્રોને તેણે ચેતવણી આપી. તેના ભાઇબધો, તેના વિશ્વાસુ મિત્રો આ બાબતમા સાવધ રહ્યા અને તેથી જ્યારે હાથમા ખંજર સહિત ખુની ચંદ્રસિંહ ઉપર ધસવાની તૈયારીમાં હતો તેવામા તે પકડાયો. તે ખુનીનુ નામ આર્દક હતુ, અને તે ક્ષત્રિય જાતિનો હતો. તે ભયથી ત્રાસ પામી ફીકો પડી ગયો, અને તેને ચંદ્રસિંહ સન્મુખ લેઇ જવામા આવ્યો.

“ મને મારવાનુ તને કેમ મન થયુ ? ” એમ તે રાજાએ પુછ્યુ તેણે જવાબ વાળ્યો કે “ હુ તને દેશના શત્રુ તરીકે લેખું છું, તુ અમારા જુના રીત રીવાજોની વિરૂદ્ધ છે અને અમારી ધાર્મિક ક્રિયાઓ રદ કરવા માગે છે, અને હમારા દેશના સુખ અને વૈભવને પ્રતિકૂળ એવા કેટલાક સુધારા કરવા માગે છે. માટે જ મે ત્હારા પ્રાણ લેવા ધાર્યું હતુ. ”

ચંદ્રસિહે તેના ભણી દયાની નજર નાખી મનથી વિચાર્યું કે આ ખુની એક નિર્દોષ ગાંડા જેવો છે તેણે પોતાના નોકરોને કહ્યું. “ યાદ રાખો કે મારા ઉપર તેણે પ્રાણઘાતક હુમલો કર્યો; છતાં તેનો આશય શુદ્ધ હતો સીપાઇઓ ! આમ આવો અને તેની બેડીઓ દૂર કરો. ” તે સીપાઇઓ પ્રથમ આશ્ચર્ય પામ્યા, છતાં તરતજ આજ્ઞાનો અમલ કર્યો

પછી તેણે આજ્ઞાપૂર્વક સિપાઇઓને કહ્યુ કે “ મને આ આર્દક સાથે એકલો થોડીવાર રહેવા દો ” તેના મિત્રો અને તેના નોકરો અનિચ્છાએ, અને પાછુ જોતા જોતા તે હોલમાથી બ્હાર ગયા. તેઓ રાજકુમારના આ સાહસને લીધે ગભરાતા હતા.

અદબ વાળીને આર્દક તિરસ્કારની દૃષ્ટિથી ચંદ્રસિહ સામુ જોઈ રહ્યો. તેના આ તિરસ્કાર અથવા અપમાન ભરી વર્ત્તણુક તરફ દૃષ્ટિ ન કરતાં

ચંદ્રસિંહ તેની પાસે ગયો અને તાકીને તેની આંખ સામુ જોઇ રહ્યો. તેની આંખમાં તિરસ્કાર ન હતો, તેમ દયા પણ ન હતી, તેની આંખ છુપી રીતે આર્દકના ભાવ જાણવા ઇચ્છતી હતી બુદ્ધદેવે કહ્યુ હતું કે "મારો શિષ્ય દોષ શોધવા કરતા દોષને વાસ્તે કાંઇ બચાવનુ કારણ હોય તો તે વિશેષ શોધે છે " ચંદ્રસિહ તેનાં પૂર્વ જન્મનાં કાર્યો તપાસતો હતો એકાએક તેના ઉપર અદ્ભુત અસર થતી હોય એમ લાગ્યુ જેને તે એકાતમા પોતાના ગુરૂ તરીકે ઓળખતો, તેનો દિવ્ય આત્મા તેનામા પ્રવેશ કરતો હોય એમ તેને ભાસ્યુ ! તે દિવ્ય આત્માના જ્ઞાનપ્રકાશવડે અંતરની ચક્ષુથી તે જોવા લાગ્યો, અને વસ્તુઓનુ છુપુ રહસ્ય તેના જાણવામા આવ્યુ.

તેણે તે શૂરવીરનો ભૂતકાળ જોયો કર્મને લીધે તેઓ બન્ને એક બીજા સાથે સાકળથી બધાયલા દેખાયા અજ્ઞાનના કારણથી થતી અનેક ભૂલો તેની દૃષ્ટિએ પડી અજ્ઞાનથી ઉદ્ભવતી જુદી જુદી ઇચ્છાઓ અને ઇચ્છાઓના પરિણામરૂપે ઉત્પન્ન થતુ દુ ખ તેને જણાયુ તેની આખ આગળથી આર્દકની મૂર્તિ ખસી ગઇ, પણ તેને સ્થાને આખી મનુષ્યજાતિ તેનામા જન્મ પામતી દેખાઈ મનુષ્યોની અજ્ઞાનતા અને દુ ખ નિહાળી તેને અત્યત ખેદ થયો તે ખેદની સાથેજ માનવબધુઓ તરફ દયાભાવના તેના હૃદયમા વિકાસી નીકળી. આ દુ ખી મનુષ્યજાતને તેના પ્રેમની બાથમા લેવાને, અને તેનુ દુ ખ પોતાની દિલસોજીથી બને તેટલુ ઓછુ કરવાને તેના મનમા ઇચ્છા થઇ ગઇ પોતાની શુદ્ધતાથી તેને શુદ્ધ કરવાને, પોતાના પ્રેમથી તેને નવુ જીવન આપવાને અને પોતાના આત્મભોગથી તે મનુષ્યજાતિને એક પગલુ આગળ ભરવાને તેનામા ઉત્કટ ઇચ્છા વ્યાપી ગઇ

સ્વપ્નમાથી પાછો ફરતો હોય, તેમ તે ભવ્ય દેખાવમાથી તે પાછો વળ્યો શુ બોલવુ તે તેને સુઝયુ નહિ. છતા ભાગ્યા તુટયા શબ્દો આ પ્રમાણે તેના મુખમાથી નીકળ્યાઃ—

" હે ભાઇ ! તને મારા ભાઇ સિવાય બીજી કોઇ રીતે ઓળખતો નથી, હું તને ચાહું છુ. હે ભાઇ ! મને તુ ભેટી લે, અને હુ જેવી રીતે તારી અપકીર્તીમા ભાગ લઉં છુ તેવી રીતે તુ મારી કીર્તીમા ભાગ લે "

બહુ વખત સુધી ચાલેલી શાતતાથી ગભરાટ પામેલા તે સીપાઇઓ જ્યારે ત્યા અદર દાખલ થયા, ત્યારે આર્દકને રાજકુમારના ખભા ઉપર રડતો, અને ચંદ્રસિહનુ મુખ આનદથી છવાયલુ તે સીપાઇઓએ નિહાળ્યુ.

(૪)

સૂર્યના તેજથી જ પ્રકાશિત થયેલી કુંજમાં બુદ્ધદેવ સમાધિમાં મગ્ન થયેલા હતા. તેમના વ્હાલા જાંબુના ઝાડ નીચે તે પદ્માસન વાળીને બેઠેલા હતા. તેમણે આખી રાત તે રાજકુમારની રાહ જોઈ હતી, કારણ કે પોતાનુ વચન પાળવાને તે જરૂર આવશે. પ્રથમ પ્રાતઃકાળના ઝળઝળીયાં દેખાવા લાગ્યા પછી પ્રભાત થવા લાગ્યુ, આખરે જમીનપર ચારે બાજુએ પોતાનાં કિરણ પ્રસારતો સૂર્ય વૃક્ષોની ડાળીઓમાં થઈ પ્રકાશવા લાગ્યો.

જાંબુના ઝાડ ઉપર બેસીને બુદ્ધદેવના ન્હાના ભક્તો—પક્ષીઓ પ્રાતઃકાળનુ મધુર અને આનંદજનક ગીત સંભળાવતા હતા હરણી પોતાના બચ્ચા સાથે ત્યા આવી પહોંચી હતી. ચિત્તાઓ અને નાના સિંહના બચ્ચાઓ તેમની પાસે આળોટતા હતા, અથવા તેમના પગ ચાટતા હતા, કારણ કે તે કુંજમાં તે બુદ્ધદેવના પ્રેમપ્રવાહથી સઘળા પ્રાણીઓ પોતાનો સ્વાભાવિક વૈર વિરોધ ભૂલી જતાં હતા.

એવામાં જરા ખડખડાટ થયો, કોઇના આવવાનાં પગલાંના અવાજ જેવો તે લાગ્યો. તે **ચંદ્રસિંહ** ત્યા આવી ઉભો હતો. તે એકલો જ આવ્યો હતો, તેનો રસાલો આ વખતે તેની સાથે ન હતો અને તેણે એક ભિક્ષુકનો વેષ ધારણ કર્યો હતો. તે આવીને જમીનપર નમી પડયો, અને ગૌતમ બુદ્ધને અંતઃકરણથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા રસ્તાની મુસાફરીથી થાકી આવેલો તે જ્યારે મહાકષ્ટે ઉભો થયો, ત્યારે આશીર્વાદ આપનાર પોતાના હાથ તેના પર ફેરવીને અત્યંત માયાળુ અવાજે તે કૃપાળુ દેવ બોલ્યા.—

" વ્હાલા **ચંદ્રસિંહ** ! મ્હારા શિષ્ય ! આવ, આજ તુ અધિકારી બન્યો છે. "

ચંદ્રસિંહ બુદ્ધદેવના ચરણકમળ આગળ બેસી ધર્મનુ રહસ્ય સમજવા લાગ્યો, તે વખતે પથરાઇ રહેલી શાંતિ અપૂર્વ હતી, તે વખતનો દેખાવ ખરેખર રમણીય હતો, અને તે વખતનો આનંદ અકથ્ય હતો. એવું આપણુ ભાગ્ય કયારે ઉઘડશે કે આપણે પણ એવા મહાત્માની પાસે બેસી સત્ય તત્ત્વો ગ્રહણ કરીશુ ?

શ્રી વૈરાગ્ય શતક.

આ રોગ અને દુ:ખથી ભરપુર એવા અસાર સંસારમાં સુખ નથી; આ બાબત જાણવા છતા જીવ જીનેશ્વરે કહેલો ધર્મ આચરતો નથી. ૧.

આજ, કાલ, પોર, પરાર ધન મળશે એમ મનુષ્યો ચિંતવે છે, પણ ખોબામા રહેલા જળની માફક આયુષ્ય ગળે છે તે જોતા નથી! ૨.

હે મનુષ્યો! જે કાલે કરવાનુ હોય તે ત્વરાથી આજે કરો. કાળ બહુ વિઘ્નવાળો છે. માટે બીજા પહોરની પણ રાહ જોતા નહિ. ૩.

સંસારના સ્વરૂપનુ વર્તન તો જુઓ! રાગ અને સ્નેહમાં લાગેલા પુરૂષો જે સવારમાં જોવામાં આવ્યા હતા તે સાજે જણાતા નથી ૪.

હે લોકો! જાગવાને ઠેકાણે સુઈ ન રહો! નાસવાની જગ્યાએ વિશ્રામ ન કરો, રોગ, જરા (વૃદ્ધાવસ્થા) અને મૃત્યુ આ ત્રણ તમારી પુઠે લાગેલા છે. ૫.

ચંદ્ર અને સૂર્ય રૂપ બળદ રાત્રિદિવસ રૂપ ઘડાની હારવડે જીવનુ આયુષ્ય રૂપ જળ ગ્રહણ કરીને કાળરૂપ અરહટ્ટને ફેરવે છે ૬.

કાળ રૂપ સર્પથી ખવાતી કાયા જેથી ધારી રખાય તેવી કોઇ કળા નથી, તેવુ કોઇ ઔષધ નથી, તેમજ તેવી કોઈ હીકમત નથી ૭.

મોટા શેષ નાગ રૂપી જેનુ નાળવુ છે, પર્વતો જેવા જેનાં કેસર છે, દિશાઓ રૂપી જેના પાદડા છે, એવા પૃથ્વી રૂપ કમળમાથી મનુષ્ય રૂપી રસને કાળરૂપી ભમર પી જાય છે એ ખેદની વાત છે ૮ ૮.

શરીરની છાયાના બ્હાના વડે સકળ જીવોના છિદ્રને શોધતો કાળ કોઈ પણ પ્રકારે મનુષ્યની બાજુ છોડતો નથી, તેટલા માટે ધર્મમાં ઉદ્યમ કરવો. ૯.

આ અનાદિ કાળ વિષે જુદી જુદી જાતના કર્મને વશ થયેલા જીવોને એવી એક પણ સ્થિતિ નથી કે જે ન સંભવે, (અર્થાત્ સઘળી સ્થિતિઓમાં આ જીવ જઇ આવ્યો છે.) ૧૦.

સર્વ બાંધવો, મિત્રો, પિતા, માતા, પુત્ર, સ્ત્રી વગેરે મનુષ્યો મરેલા સ્વજનને જળની અંજળી આપી સ્મશાનથી પાછા વળે છે. ૧૧

રે! જીવ! પુત્ર તથા પુત્રીઓનો વિયોગ થાય છે, બાંધવોનો વિયોગ થાય છે, સ્ત્રીઓનો વિયોગ થાય છે, ફક્ત એકનોજ વિયોગ થતો નથી અને તે જીનેશ્વરે કહેલો ધર્મ છે. ૧૨.

આઠ કર્મના પાશથી બંધાયેલો જીવ આ સંસાર રૂપી કેદખાનામાં રહે છે, અને આ આઠ કર્મના પાસથી છુટો થયેલો આત્મા શિવ મંદિરમાં રહે છે. ૧૩.

વૈભવ, સગાં સ્નેહીનો સંબંધ અને વિલાસથી મનોહર એવા વિષય સુખ; આ સર્વ કમળના પાંદડાની કિનાર પર રહેલા પાણીનાં બિંદુના જેવા ચંચળ છે. ૧૪

હે મનુષ્યો ! તે બળ ક્યાં ગયુ ? તે યૌવન ક્યાં ચાલ્યુ ગયુ ? તે શરીરની શોભા ક્યા જતી રહી ? આ સર્વ અનિત્ય છે, કાળે આ સર્વ હતુ નહતુ કરી દીધુ તે જુઓ અને વિચારો. ૧૫

ભારે કર્મ બંધથી બંધાયેલો જીવ આ સંસાર રૂપી નગરના ચૌટા વિષે વિવિધ પ્રકારનુ દુ:ખ પામે છે, અહી તેનુ કોણ શરણ છે ? ૧૬.

આ જીવ કર્મોને લીધે અશુદ્ધ, અપવિત્ર અને અશુચિ દ્રવ્યથી ભરેલા ગર્ભવાસમાં અનંતવાર વસેલો છે. ૧૭

આ સંસારમા જીવોને ઉત્પન્ન થવાના સ્થાન ચોરાશી લાખ કહેલા છે અને એકેક સ્થાનમા આ જીવ અનંતવાર ઉત્પન્ન થયેલો છે. ૧૮.

જુદા જુદા ઉત્પતિ સ્થાનમા ઉત્પન્ન થયેલા અને સંસારમા રહેલા માતા, પિતા, બંધુ વગેરેથી આ આ જગત્ ભરાએલુ છે; પણ તે લોકો તારૂ રક્ષણ કરે તેમ નથી, તેમજ તને શરણ રૂપ થઈ શકે તેમ નથી. ૧૯.

દુ:ખથી ઘેરાએલો જીવ જળ વગરની જગ્યા ઉપર માછલી જેમ તરફડે તેમ તરફડે છે, બધા જીવો તે જુએ છે, પણ તેનુ દુ:ખ દૂર કરવા કોઇ સમર્થ નથી ૨૦.

હે જીવ ! પુત્ર સ્ત્રી વીગેરે મને સુખના હેતુ થશે એમ તુ જાણીશ નહિ; સંસારમાં વસતા જીવોને એજ ગાઢ બંધન રૂપ થાય છે ૨૧.

માતા બીજા ભવમાં સ્ત્રી થાય, અને સ્ત્રી મરીને માતા પણ થાય. પિતા મરીને પુત્ર થાય અને પુત્ર મરીને પિતા થાય. કર્મને વશ સર્વ જીવોની આ સંસારમા એક સરખી સ્થિતિ નથી. ૨૨.

એવી એક પણ જાતિ નથી, એવુ એક પણ ઉત્પત્તિ સ્થાન નથી, એવી એક પણ જગ્યા નથી, એવુ એક પણ કુળ નથી કે જ્યાં સર્વે જીવો અનંતવાર જન્મ કે મરણ પામ્યા ન હોય. ૨૩.

વાળના અગ્ર ભાગ જેવુ એક પણ સ્થાન આ જગતમાં નથી, કે જ્યા જીવો અનેક પ્રકારના સુખ દુ:ખ ઘણીવાર પામ્યા ન હોય. ૨૪.

આ સસારમા બધી રીદ્ધિઓ તને ઘણી વાર મળી છે, તથા બધા સ્વજન સબધ પણ તુ ઘણી વાર પામ્યો છે, માટે તુ જો આત્માને જાણવા માગતો હોય તો વૈરાગ્ય પામ ૨૬.

જીવ પોતે કર્મ બાધે છે; અને તેજ જીવ એકલો વધ, બધ, મરણ વગેરે દુઃખો અનુભવે છે, અને કર્મથી છેતરાયેલો જીવ એકલો આ સસારમા ભમે છે. ૨૬.

બીજો કોઇ અહિત કરતો નથી, તેમજ બીજો કોઇ હિત પણ કરતો નથી, પણ આત્માજ પોતાનુ અહિત કે હિત કરે છે, અને પોતે કરેલુ સુખ દુઃખ આત્મા ભોગવે છે. છતા પણ તુ દીન મુખ વાળો કેમ બને છે ? ૨૭.

હે જીવ! ઘણા આરંભ કરીને મેળવેલુ ધન તારા સ્વજનો ભોગવે છે પણ તે મેળવતા કરેલુ પાપ તારેજ ભોગવવુ પડશે. ૨૮.

હે જીવ! તુ તારા દુઃખી અને ભુખ્યા બાળકોની જેટલી ચિંતા કરે છે, તેની થોડી પણ તારા આત્માની તું કરતો નથી તો તને શું કહીએ ? ૨૯.

શરીર ક્ષણભગુર છે, અને આત્મા શાશ્વત સ્વરૂપી છે. કર્મને લીધે બન્નેનો સબધ થયેલો છે એવા શરીરમા આટલો બધો મોહ શા માટે રાખે છે ? ૩૦.

હે જીવ ! પુત્ર, માતા અને ભાર્યા વગેરેનુ કુટુંબ કયાંથી આવ્યું ? કયાં જશે ? તુ કયાથી આવ્યો અને કયા જઈશ ? તમે એક બીજાને આ રીતે જાણુતા નથી, ત્યારે આ કુટુબ સઘળું તારૂ શી રીતે ? ૩૧.

આ શરીર ક્ષણભગુર છે, વાદળના સમૂહ જેવો આ મનુષ્ય ભવ ચચળ છે, તે દરમ્યાન જેટલો ધર્મ કરી લીધો એટલોજ ખરો સાર છે. ૩૨.

જન્મ દુઃખનુ કારણ છે, વૃદ્ધાવસ્થા રોગનું કારણ છે, મરણ દુઃખનુ કારણ છે, અરે! આ સસારજ દુઃખમય છે, જેથી જીવો કલેશ પામે છે. ૩૩.

જ્યા સુધી ઇન્દ્રિયો નાશ પામી નથી, જ્યા સુધી ઘડપણ રૂપ રાક્ષસે પોતાનુ જોર દાખવ્યુ નથી, જ્યા સુધી રોગના વિકારો થયા નથી, જ્યાં સુધી મૃત્યુ ભેટવાને તૈયાર થયુ નથી, ત્યા સુધી હે જીવ ! ધર્મ કરી લે. ૩૪.

જ્યારે આગ લાગે છે ત્યારે કુવો ખોદવાને કોઈથી પણ બનતું નથી; તેમ મરણ આવી પહોચે જીવ કેવી રીતે ધર્મ કરી શકશે ? ૩૫

રૂપ અશાશ્વત છે, જગતમા જીદગી વીજળી જેવી ચપળ-અસ્થાયી છે, અને યૌવન સંધ્યા સમયના રગ જેવુ ક્ષણિક રમણીય છે. ૩૬

લક્ષ્મી વીજળીના જેવી ચચળ છે, વિષય સુખ મેઘ ધનુષ્યના રગ જેવું ક્ષણિક છે, માટે હે જીવ! સમજ, સમજ, અને આવી નજીવી બાબતોમાં મુંઝાઇ ન રહે ૩૭.

જેવી રીતે સાંજરે પક્ષીઓનો સંબધ છે, જેવી રીતે મુસાફરોનો રસ્તામાં સંબંધ છે, તેવીજ રીતે હે જીવ! સ્વજનોનો સંબંધ પણ ક્ષણભગુર છે. ૩૮.

રાત્રિ પૂરી થયે મારે વિચાર કરવો જોઇએ કે ઘર લાગ્યુ છે, છતાં હુ કેમ ઉંઘુ છુ? આ કર્મથી બળતા આત્માની કેમ બેદરકારી કરૂ છુ? અને ધર્મ રહિત દિવસો કેમ ગુમાવુ છું? ૩૯.

જે જે રાત્રી દિવસ જાય છે તે તે પાછા આવતા નથી; તેમજ જે જીવ રાત્રી દિવસ અધર્મ કરે છે, તેના રાત્રી દિવસ અફળ જાય છે. ૪૦

જેને મૃત્યુ સાથે મૈત્રી છે, અથવા મૃત્યુથી નાશી છુટવાને જેને બળ છે, અથવા હુ મરીશ નહિ એમ જે નક્કી જાણે છે, તે મનુષ્ય ભવિષ્યમાં ધર્મ કરવાનુ ભલે મુલત્વી રાખે. ૪૧

જેવી રીતે વણકરો લાકડી ઉપરથી સૂતર ઉખેડે છે, તેવીજ રીતે રાત્રી અને દિવસ ચાલ્યા જાય છે, તેઓ આયુષ્યને ઓછુ કરે છે, અને ગયા પછી પાછા આવતા નથી ૪૨

જેવી રીતે સિહ મૃગને ઝાલીને અવશ્ય મારે છે, તેવીજ રીતે મૃત્યુ અંત સમયે મનુષ્ય ઝાલે છે, તે વખતે તેના માતા, પિતા કે ભાઇ તેમા ભાગ પડાવતા નથી. ૪૩.

જીંદગી પાણીના પરપોટા સમાન છે, વૈભવ પાણીના તરંગની માફક અસ્થિર છે, અને રાગ સ્વપ્ન તુલ્ય છે, જો તુ આ યથાર્થ જાણતો હોય તો તે પ્રમાણે વરત. ૪૪.

સધ્યા સમયના રંગ જેવી અને પાણીના પરપોટા સમાન આ જી દગી છે, અને યૌવન નદીના વેગ સમાન છે, છતા હે પાપી જીવ! તુ કેમ સમજતો નથી? ૪૫.

ભૂતને બલી ફેકવામા આવે તેમ મૃત્યુ દેવે કુટુબને જૂદે જૂદે સ્થળે ફેકી દીધુ છે. ૪૬

પુત્ર, પુત્રી આદિ કાઇક ગયા, સ્ત્રી કાઇક ચાલી ગઈ, અને સ્વજનો પણ બીજે સ્થળે ચાલ્યા ગયા. ૪૭.

જૂદા જૂદા ભવોમા જીવે જે શરીરો ધારણુ કર્યા તથા તજ્યાં તેમની સંખ્યા અનત સાગરના બિંદુથી પણુ મપાય તેમ નથી. ૪૮.

જૂદા જૂદા જન્મોની રડતી માતાઓના આસુની સખ્યા સમુદ્રના પાણીના બિન્દુઓ કરતા પણુ વધારે થાય ૪૯.

નરકમા નરકના જીવો જે અનત ઘોર દુ.ખ અનુભવે છે, તેના કરતાં પણુ અનંત ગણુ દુઃખ નિગોદમા જીવ ભોગવે છે. ૫૦.

હે જીવ ! વિવિધ કર્મને લીધે તે નિગોદ મધ્યે અનત પુર્ગલ પરાવર્તન સુધી તીક્ષ્ણુ દુ ખ સહન કરેલ છે ૫૧.

ત્યાથી ઘણી મહેનતે બ્હાર નીકળીને હે જીવ ! તુ મનુષ્યત્વ પામ્યો અને ત્યાં ચિંતામણી રત્ન જેવો જીનવર ધર્મ તને મળ્યો. ૫૨.

હે જીવ ! આવો ધર્મ પામ્યા છતાં જેથી ભવ રૂપી કુવામાં પડીને ફરીથી દુ ખ ભોગવવુ પડે એવો પ્રમાદ તુ કેમ કરે છે ? ૫૩.

હે જીવ ! જૈન ધર્મ પામ્યો, છતાં પ્રમાદ દોષથી તેં તેનું સેવન ન કર્યું હે ! આત્માના વૈરી જીવ ! આગળ ઉપર તારે ઘણો પશ્ચાતાપ કરવો પડશે ૫૪.

પાપ અને પ્રમાદને વશ થઇ જેઓએ જૈન ધર્મનુ પાલન કર્યું નથી, તે બિચારા જીવો મરણુ પાસે આવે ઘણા દિલગીર થાય છે. આ સસારને ધિક્કાર હો, કે જેમા દેવ મરીને તિર્યંચ થાય છે અને ચક્રવર્તી રાજા મરીને નરકાગ્નિમાં બળે છે ૫૫.

ધન, ધાન્ય, આભૂષણુ, ગૃહ અને સ્વજન કુટુબને તજીને કર્મ રૂપી પવનથી હણુાયેલા વૃક્ષના પુષ્પની માફક જીવ અનાથ થઇ જાય છે ૫૬.

આ સસારમા પ્રયાણુ કરતો જીવ પર્વતોમાં, ગુફામા સમુદ્રની મધ્યમા, ઝાડની ટોચે રહેલો છે ૫૭,

હે જીવ ! તુ કેટલીક વાર દેવ, કેટલીક વાર નારકી, કેટલીક વાર કીડો, કેટલીક વાર પતગીયુ, કેટલીક વાર મનુષ્ય, કેટલીક વાર રૂપવાન, કેટલીક વાર બેડોળ, કેટલીક વાર સુખી અને કેટલીક વાર દુ ખી થાય છે. ૫૮.

હે જીવ ! તું રાજા થયો, ભીખારી થયો, ચાડાલ થયો, વેદ જાણુનાર થયો, સ્વામી થયો, દાસ થયો, પૂજ્ય થયો, શઠ થયો, નિર્ધન થયો અને ધનવાન પણુ થયો ૫૯.

આમા કાઈ નિયમ નથી, પણુ પોતાના કર્મની પ્રકૃતિ તેની જેવી ગતિ કરે તેમ જીવ અનેક અનેક વેષ ધારણુ કરી નટની માફક વર્તે છે. ૬૦,

હે જીવ ! નરકમા તને અનત વાર બહુ પ્રકારની, ઉપમા ન આપી શકાય તેવી અને દુ.ખ પૂર્ણુ વેદના મળેલી છે. ૬૧.

દેવપણામા, મનુષ્યપણામા અને પરતંત્રપણુ પામીને અનત વાર બહુ પ્રકારનુ ભયકર દુખ તે અનુભવ્યુ છે. ૬૨.

તિર્યંચ જાતિમાં ઉત્પન્ન થઈ અનેક પ્રકારની ભયકર વેદના હે જીવ! તે અનુભવી છે; જન્મ મરણની રેટ માળમાં તું અનેક વાર ભમ્યો છે. ૬૩.

શરીર સંબંધી અથવા મન સંબધી જે કોઈ દુ:ખ છે, તે આ જીવે આ સંસાર રૂપી અરણ્યમાં અનતવાર અનુભવ્યા છે. ૬૪ ૬૪.

આ સસારમાં તારી એવી તૃષ્ણા અનત વાર હતી કે જે તૃષ્ણા શાંત પમાડવાને સર્વ સમુદ્રોનાં જળ પણ પૂરતા ન થઈ શકે ૬૫.

આ સસારમા અનતવાર તારી ભૂખ એવી બધી હતી કે જે મટાડવાને સર્વ પુદ્‌ગલ (જડ પદાર્થ) સમૂહ પણ પુરતા નથી. ૬૬.

અનેક જન્મ મરણની પરંપરા કરીને મહા મહેનતે મનુષ્ય જન્મ મળે છે, ત્યારે જીવ પોતાનુ ઇચ્છિત કાર્ય (કલ્યાણ) કરી શકે છે ૬૭.

મનુષ્ય જન્મ બહુજ દુર્લભ છે, અને મનુષ્યત્વ વિજળીના ચમકારાની માફક ચપળ છે; છતા જે ધર્મને વિષે આળસુ રહે છે, તે કાયર પુરૂષ છે, પણ સત્પુરૂષ નથી. ૬૮

સસાર સમુદ્રના તટરૂપ મનુષ્ય જન્મ પામીને, જેણે જીનેંદ્ર ભગવાને પ્રરૂપેલો ધર્મ નથી આચર્યો, તે પુરૂષ દોરી તૂટે જેમ ધનુષ્ય ધારીને હાથ ઘસવા પડે છે, તેમ જરૂર હાથ ઘસે છે ૬૯.

હે જીવ! બરાબર શ્રવણ કર, ચચળ સ્વભાવ વાળા સઘળા બાહ્ય પદાર્થો તથા નવ પ્રકારના પરિગ્રહના સમૂહને તારે મકુવા પડશે આ સંસારમાં આ સર્વ ઇંદ્રિજાળ સમાન છે. ૭૦.

હે મૂર્ખ! પિતા, પુત્ર, મિત્ર, સ્ત્રી વગેરેનો સમુદાય આ લોક સબંધી છે, અને સર્વ પોતાનુ સુખ મેળવવાના સ્વભાવવાળા છે, તુ એકલોજ નરક તિર્યંચ વગેરેના દુ:ખ સહન કરીશ, અને તે વખતે તારૂ કોઈ પણ રક્ષણ કરનાર નથી ૭૧.

જેવી રીતે ઝાકળનુ બિન્દુ કુશના અગ્રભાગ પર ઘણોજ થોડો વખત ટકી રહે છે, તેવીજ રીતે આ મનુષ્યોનુ જીવિત છે. માટે **હે ગૌતમ! એક સમય પણ તું પ્રમાદ કરીશ નહિ.** ૭૨.

ભગવાન્ કહે છે કે —

બુઝો. (બોધ પામો!) કેમ બુઝતા નથી? (બોધ પામતા નથી?) મરણ પછી આવુ બોધી જ્ઞાન મળવુ દુર્લભ છે રાત્રિ દિવસ જે ગયા

તે પાછા આવતા નથી. ફરીથી આવુ જીવિત મળવુ સુલભ નથી. હે બાલો ! હે વૃધ્ધો ! આંખ ઉઘાડીને જુઓ ગર્ભમાં રહેલા જીવો પણ મરણ પામે છે. જેવી રીતે બાજ પક્ષી ચકલીને મારે છે, તેમ આયુષ્ય પુરૂ થયે જીદગી નાશ પામે છે ૭૩–૭૪

ત્રણ ભુવનના મનુષ્યોને મરતા જોઈ જે પોતાના આત્માને કલ્યાણ માર્ગમા જોડતો નથી, તેમજ પાપથી પાછો હઠતો નથી, તેના નિર્લજપણાને ધિક્કાર થાઓ. ૭૫.

જેઓ ચિકણા કર્મથી બધાએલા છે, તેમને બહુ ઉપદેશ ન આપો તેમને આપેલી હિત શિખામણ મોટા અનર્થ કે દ્વેષનુ કારણ થાય છે. ૭૬

હે જીવ ! અનત દુખના કારણ એવા ધન, સ્વજન, વૈભવ વગેરેમા તુ મમત્વ ભાવ ધારણ કરે છે, પણ અત સુખરૂપ મોક્ષના માર્ગમાં બહુ શિથિલ દેખાય છે. ૭૭

સસાર દુખનુ કારણ છે, દુખરૂપ ફળવાળો છે, અને દુ.ખે કરીને ભોગવાય એવો દુખ સ્વરૂપી છે, છતાં પણ સ્નેહની સાકળોથી બધાયેલા જીવો આ સસારને ત્યજતા નથી, ૭૮.

પોતાના કર્મરૂપ પવને કરી ચાલેલો જીવ આ ભયંકર સસાર રૂપી વનમા દુખે કરીને ભોગવાય એવી કઈ કઈ વિટબનાઓ નથી અનુભવતો ? ૭૯.

તિર્યંચના ભવમા અરણ્ય વિષે, શિયાળામા શીતળ પવનની લ્હેરોથી ઘણીવાર તારો દેહ ભેદાયો છે, અને આ રીતે અનતવાર તુ મરણ પામ્યો છે ૮૦

તિર્યંચના ભવમા અરણ્યમાં, ઉનાળાના સખ્ત તાપથી તપેલા તે બહુ વાર ભૂખ અને તરસના દુખ વેઠયા છે, અને ઘણુ ઝુરી ઝુરીને મરણ દુ.ખ પામ્યો છું ૮૧.

તિર્યંચના ભવમા વર્ષાઋતુમા જઇને, અરણ્યમા પર્વતની નદીથી ખેચાઈ, શીત પવનથી ઠરી જઇને તુ ઘણી વાર મરણ પામ્યો છે. ૮૨.

આ પ્રમાણે તિર્યંચના ભવમા લાખો ગમે દુખ સહન કરતો તુ અનતવાર આ ભયકર સસાર રૂપી અરણ્યમાં ભટક્યો છુ. ૮૩.

હે જીવ ! દુષ્ટ આઠ કર્મરૂપી પ્રલય કાળના પવનથી પ્રેરાયેલા અને આ ભકર સંસાર રૂપી અરણ્યમા ફરતા તે અનતવાર નરકમા દુઃખ અનુભવ્યા છે. ૮૪

સાત નરકોમાં વજ્રાગ્નિ જેવી ગરમીથી અને અતિ શીતળતાથી ઉત્પન્ન થતી વેદનાઓમા કરૂણ શબ્દો વડે વિલાપ કરતો તુ અનંતવાર વસ્યો છુ. ૮૫.

આ સંસારમાં મનુષ્ય ભવમા પણ પિતા, માતા કે સ્વજન વગેરેનો થઇને અથવા ભારે પીડા સહન કરીને તે ઘણીવાર વિલાપ કર્યો છે, આ બધુ તુ કેમ સંભારતો નથી? ૮૬.

આ સસાર રૂપી વનમા ધન, સ્વજન વગેરેનો ત્યાગ કરીને, આકાશમાર્ગમા ન દેખાતા પવનની માફક, આ જીવ એક સ્થાનથી બીજા સ્થાનમાં ભટકે છે. ૮૭.

જન્મ, જરા અને મરણ રૂપ તીક્ષણ ભાલાએ કરી અનેકવાર વિધાયેલા જીવો, સંસારમા ફરતાં અનેક ભયકર દુઃખ અનુભવે છે. ૮૮.

છતાં પણ અજ્ઞાન રૂપી સર્પથી ડખ પામેલા મૂઢ મનવાળા જીવો એક ક્ષણ વાર પણ આ સસાર રૂપ બદિખાના તરફ વૈરાગ્ય ધરાવતા નથી! ૮૯.

જ્યાં દરેક ક્ષણે કાળરૂપ રેટ તેની ઘડીઓ વડે શરીર રૂપી વાવમાંથી જીંદગી રૂપી જળ ખેંચી લે છે, ત્યા તુ કેટલો વખત ક્રીડા કરી શકીશ? ૯૦.

હે જીવ! બોધ પામ! હે પાપી જીવ! પ્રમાદ ન કર! રે અજ્ઞાની જીવ! પરલોકમાં મહા દુઃખનુ ભાજન (પાત્ર) તુ કેમ થાય છે? ૯૧

રે જીવ! બોધ પામ! અને જીન મત જાણીને મુઝાઈ ન જા. હે જીવ! ફરીથી આવી સામગ્રી મળવી બહુ દુર્લભ છે ૯૨.

જીન ધર્મ દુર્લભ છે તુ પ્રમાદની ખાણ છે અને સુખની ઇચ્છા કરે છે. નરક દુઃખ અતિ દુઃસહ છે આ કારણથી તારૂં સારૂ શુ થશે તે અમે જાણુતા નથી. ૯૩.

રે જીવ! અસ્થિર, મળ સહિત અને રોગાદીને આધિન એવા શરીર વડે સ્થિર, નિર્મળ અને સ્વાધીન એવો જો ધર્મ મળતો હોય તો શું ખામી રહી? ૯૪.

તુચ્છ વૈભવ વાળાને ચિંતામણી રત્ન મળવુ દુર્લભ છે, તેમ ગુણ વૈભવ રહિત જીવોને ધર્મ રત્ન મળવુ દુર્લભ છે. ૯૫.

જન્મથી અધ પુરૂષોને જેમ દષ્ટીનો સયોગ—એટલે દેખવુ અશક્ય છે, તેમ મિથ્યાત્વથી અધ જીવોને જીન મત સયોગ અશક્ય છે. ૯૬.

અનંત ગુણ યુક્ત જીન ધર્મમાં દોષનો લેશ પણ અંશ નથી તો પણ હે ભવ્ય જીવો! અજ્ઞાનથી અંધ થઈ તમે તે જીન ધર્મમાં કેમ જોડાતા નથી? ૯૭.

મિથ્યાત્વમા (અસત્ય મતમા) અનત દોષ પ્રગટપણે દેખાય છે. ત્યાં જરા પણ ગુણનો ભાસ નથી, તોપણ મોહાંધ જીવો તે મિથ્યાત્વનુ સેવન કરે છે એ આશ્ચર્ય છે ૯૮.

જે લોકો સુખરૂપ, સત્યમય ધર્મ રત્નની પરીક્ષા જાણતા નથી, તે મનુષ્યોની કળા અને ગુણો સબંધી ચતુરાઇને ધિક્કાર હો! ૯૯.

આ **જીન** ધર્મ જીવોને અપૂર્વ કલ્પ વૃક્ષ સમાન છે, અને સ્વર્ગ તથા મોક્ષ રૂપ ફળ આપવા વાળો છે. ધર્મ એજ બધુ છે; ધર્મ એજ સુમિત્ર છે ૧૦૦.

ધર્મ એજ પરમ ગુરૂ છે, અને મોક્ષ માર્ગમાં પ્રવૃત થયેલાને ધર્મ એજ પરમ રથ છે. ૧૦૧.

હે જીવ! ચતુર્ગતિના અનત દુઃખરૂપી અગ્નિએ સળગાવેલ સંસાર રૂપી ભયકર વનમા અમૃતના કુડ સમાન જીન વચન છે, માટે તેનુ તુ સેવન કર ૧૦૨.

અનત દુઃખ રૂપ ગ્રીષ્મ ઋતુના તડકાથી તપેલા આ સસાર રૂપી મારવાડ દેશમા **જીન** ધર્મ એજ કલ્પવૃક્ષ સમાન છે તે શિવ સુખને આપનાર **જીન** ધર્મનુ તુ સેવન કર. ૧૦૩

હે જીવો! વધારે કહેવાથી શુ? તમારે **જૈન** ધર્મમા એવી રીતે શ્રમ લેવો જોઇએ કે જેથી તમે આ સસાર રૂપી ભયકર સમુદ્રને જલ્દીથી તરીને અનત સુખરૂપ શાશ્વત સ્થાન પામો ૧૦૪

"જીવન સાફલ્ય."

ઘણા યુવકો જીવનનૌકા કેવી રીતે ચલવવી તે બાબતના જ્ઞાનના અભાવે, તે નૌકાને અનેક પ્રકારના તરગો ઉપર ઉછાળી, અથવા સંસાર સમુદ્રમા પળે પળે મળી આવતા ખરાબાઓ સાથે અથડાવી, સુખરૂપે દૃષ્ટિબિંદુ પ્રાપ્ત કરે, તે પ્હેલા તેનો અંત લાવે છે અભણ ખલાસીની માફક, સસારના અનુભવ વગરના, તેઓ ગમે તેમ નૌકાને હકારે છે વિવિધ પ્રકારના દુખો સહન કરી, સિદ્ધે માર્ગે તે નૌકા ચલવતા તેઓ શિખે છે, પણ તેવામા મરણ સમય નજદીક આવે છે, અને જીવન સાફલ્ય કર્યા સિવાય તેઓ મૃત્યુના પાશમા ફસાય છે. તેવા યુવાનોને અનુભવથી જાણેલો રસ્તો વૃદ્ધ પુરૂષો બતાવે, તો તેથી તેઓના ઉપર મોટામા મોટો ઉપકાર

કરેલો ગણી શકાય, કારણ કે સિદ્ધા માર્ગના જ્ઞાનથી, તરંગો અને ખરાબા સાથે અથડાયાના પ્રસંગ અનુભવ્યા સિવાય, તેઓ પોતાની જીવનનૌકા સમુદ્રની પેલી પાર લેઇ જવા સમર્થ થશે. માટે આ લેખમાં તેવો માર્ગ બતાવવાને પ્રયત્ન આદરવામા આવે છે.

(૧) **આરોગ્યઃ**—નિરોગી શરીરમાંજ સમર્થ મન વાસ કરી શકે. જીવન–સાફલ્યતા મેળવવાના માર્ગમાં તન્દુરસ્ત શરીર પ્રથમ સાધન કહી શકાય. કારણ કે દરેક પ્રકારના કર્તવ્યમા આરોગ્યની ખાસ જરૂર લેખાય છે. આપણે કેટલુ કામ કરી શકીશુ તેનો આધાર આપણા શરીર અને મગજના સામર્થ્યપર રહેલો છે, એ વાત વિસરવી જોઈતી નથી. તેટલા માટે તેમની યોગ્ય પુષ્ટિની જરૂર છે.

(અ) સાત્વિક અને પુષ્ટિ આપે તેવા ખોરાકથી અને સ્વચ્છ શુદ્ધ જળથી, આપણા શરીર અને મગજને બલિષ્ટ બનાવવાં જોઇએ. કારણ કે સખ્ત કામ તેઓ તેથીજ કરી શકશે

(બ) આપણી આરોગ્યતાનો આધાર આપણે જે કસરત કરીએ છીએ, તેનાપર રહેલો છે. માનસિક તેમજ શારીરિક કેળવત અર્થે, કોઈ પણ પ્રકારના આરામની પણ જરૂર છે. ઘણા વિદ્યાર્થીઓ શરીરે ખીનતાકાતવાળા, માદા અને અસમર્થ જણાય છે, તેનુ મુખ્ય કારણ એ છે કે જો કે તેઓ મનથી સખ્ત મહેનત કરે છે, પણ કોઇ પ્રકારની શારીરિક કસરત કરતા નથી. બેઠે બેઠે કામ કરવાથી તેઓની તન્દુરસ્તી બગડે છે, અને તેઓ નિર્બળ બને છે.

(ક) શરીરને નિરોગી રાખવાના બીજા નિયમોમા, પુરતી ઉંઘ, આરોગ્યવાળા ઘર અને આસપાસની જગ્યા, સારી ખુલ્લી હવા, સ્વચ્છતા, આનદી અને સદાચારી મિત્રો, અને વિદ્યાર્થી અવસ્થામા **નિષ્કલંક બ્રહ્મચર્યવ્રત** ખાસ કરીને ધ્યાન આપવા લાયક છે.

(૨) સમયનો ઉપયોગ કરવામાં કરકસર અને ઉદ્યોગઃ—જેઓ જીદગીને અર્થવતી માને છે, અને તેમા વિજય મેળવવા ઇચ્છા ધરાવે છે, તેઓએ **લોંગ** ફેલોના શબ્દો યાદ રાખવા જોઇએ કે "જીંદગી ચાલી જાય છે, અને સાધ્ય વસ્તુ બહુ દૂર છે" તેટલા સારૂ કરકસર કરવી, અને સમયને જરા પણ નિરર્થક ગુમાવવો નહિ. નેપોલીઅન જેવા નિયમસર અને વખતસર કાર્ય કરનારા જગતમાં વિજયવન્ત નીવડે છે, તેનો ઇતિહાસ અનેકધા પુરાવો આપે છે. તે સાથે સાથે ઉદ્યોગ અને ખંતને પણ ગ્રહણ કરવા જોઇએ, કારણ કે સારી રીતે કરેલી મહેનત કદાપિ નિષ્ફળ જતી નથી તેમ તેના સિવાય કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ થવી

અસભવિત લાગે છે " માણસનો કટ્ટામા કટો શત્રુ પ્રવૃત્તિ નહિ પણુ આલસ્ય છે " એ ડો. સ્માઈલ્સનુ કથન અક્ષરસઃ સત્ય છે. કારણુ કે જેઓ ઉદ્યમી છે, તેઓ પોતાનાપર આધાર રાખતા શિખે છે, અને તે સાથે તેઓ સ્વ સામર્થ્યમા શ્રદ્ધાવાળા થાય છે, જે ગુણુ ખાસ કરીતે ફતેહને વાસ્તે જરૂરનો છે. આપણે જે કામ કરવાનુ હોય છે, તેમાનો ઘણોખરો ભાગ વેતરા જેવો હોય છે પણુ જેઓને સ્વશક્તિમાં વિશ્વાસ છે, અને જેઓ ઉદ્યમી છે, તેઓ વૈતરૂ કરીને પણુ ઇચ્છિત લાભ મેળવવા ભાગ્યશાળી નીવડે છે

(૩) ઉત્તમ ચારિત્ર-વર્તન:—જેઓ જગતમા કોઇ પણુ રીતે કામ કરવાને સમર્થ થયા છે, તેઓના ચારિત્ર તપાસતા, એટલુ તો સ્પષ્ટ ભાસે છે કે, તેઓમાં કોઇ પણુ પ્રકારનો ઉચ્ચ ગુણુ હોવો જોઇએ જેઓ સદ્‌ગુણી છે, તેઓજ ખરૂ સુખ, માનસિક શાન્તિ અને આતરિક સન્તોષ પ્રાપ્ત કરી શકે છે. કોઇ પણુ બાબતમાં વિજય ઇચ્છનારમા આ ત્રણુ ગુણો હોવા જોઇએ. (૧) આત્મ પ્રતિષ્ટા, (૨) આત્મસયમ, અને (૩) આત્મનિરીક્ષણુ. રાજકવિ ટેનિશનના કથન પ્રમાણે જગતમા એવી એક પણુ વસ્તુ નથી કે જે ઉપર જણુાવેલા ત્રણુ ગુણુવાળાથી પ્રાપ્ત ન થઇ શકે જો કે દરેકમા તે ગુણો સપૂર્ણુ રીતે ન હોઈ શકે, તોપણુ જેટલે અશે તે ગુણો પ્રાપ્ત થાય, તેટલે અશે તે વિજયી નીવડે છે આ સબધમા સીડની સ્મીથનો ઉત્તમ ઉપદેશ યાદ રાખવાની જરૂર છે કે ' મનુષ્યના વિજયની ખરી કુચી **તેની પાસે શુ**' છે તેમા નહિ પણુ તે **કેવો** છે તેમા રહેલી છે.'

આપણે ઉત્તમ પ્રકારનુ' ચારિત્ર બાંધી શકીએ તે સારૂ નીચે જણાવેલી ઉપયોગી બાબતો લક્ષમા લેવી જોઇએ.

(અ) આપણી ઇચ્છા શકિતને કેળવવાની, અને આપણી વાસનાઓ અને વિચારોને નિગ્રહમા રાખવાની જરૂર છે એક સ્થળે લખેલુ છે કે " તારા વિચારોનુ રક્ષણુ કર," કારણુ કે વિચારો તો સ્વર્ગમા સભળાય છે, આપણી વાસનાઓ અને મનોવિકારોને બરોબર નિયમમા લવાય તો હાલ આનદ અને સન્તોષ મળે તે ઉપરાત ભવિષ્યમા પણુ ઉત્તમ પ્રકારના ચારિત્ર સહિત આપણે જન્મ પામીએ આપણે મનને કેળવવુ જોઇએ, પણુ મનના તરગો પ્રમાણે નહિ વર્તતા અદર બેઠેલા આત્માના ઝીણા પણુ સ્પષ્ટ અવાજને અનુસરતા શિખવુ જોઇએ. કારણુ કે તે અવાજ કદાપિ ભૂલ ખાતો નથી મનુષ્યનુ મન પતાકાના પટ, કુજરના કાન, અને શરદઋતુના વાદળા જેવુ' ચચળ અને અસ્થિર છે. તે ઘડીકમા આ વિષયમા,

અને બીજી ઘડીએ અન્ય વિષયમા રમતુ જણાય છે. નિરંકુશ ઘોડાને લગામમાં નાંખતાં જેમ તે ચારે પગે કુદે તેમ મનોનિગ્રહ કરતાં મન આડુ અવળું ભમવા માડે છે પણ સતત અભ્યાસ કરનાર તેને નિગ્રહમાં લાવી શકે છે. માટે જે જે કામ આપણે કરતા હોઇએ તેમાં એકાગ્ર થવુ. જે કર્તવ્ય હોય તે નાનું છે કે મોટુ તેનો વિચાર નહિ કરતા, તેમાં આપણા મનનુ સઘળું જોર વાપરવુ, તેથી મન એકાગ્ર થશે. અને એકાગ્ર થયેલુ મન મનુષ્યને દરેક પ્રસંગે અત્યન્ત સહાયકારી થશે.

(ખ) આપણાં કર્તવ્યનુ ભાન, અને તે કર્તવ્ય અદા કરવામા આનંદ, જે મનુષ્યોમાં છે, તેઓજ ખરેખર જગતમા વિજયી નીવડે છે કર્તવ્ય પરાયણ પુરૂષોનાજ લલાટમાં સુખ સોનેરી અક્ષરે લખેલુ જણાય છે. પોતાના કાર્યથી કદાચ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત ન થાય, તોપણ પોતે પોતાનું કર્તવ્ય યથાશકિત યથામતિ કર્યું છે, તે બાબતનુ ભાન તેને જે આન્તરિક આનંદ આપે છે તેનુ વર્ણનજ શબ્દોમા શી રીતે થઈ શકે ? તે તો તેના અનુભવી પુરૂષોજ સમજે છે.

(ક) કોઈ મહાન્ પુરૂષ જેના ભણી સ્વાભાવિક રીતે તેનું હૃદય પૂજ્યભાવથી જોતુ હોય, તેવા પુરૂષને પોતાની ઉચ્ચ ભાવનારૂપ (ideal) તેણે ગણવો જોઇએ અને તે પ્રાપ્ત થાય તે માટે તે ઉચ્ચભાવનાને અનુસરવુ જોઇએ, અને તે દિશામા પ્રયત્ન કરવો જોઇએ વિષયને પ્રેરનારાં અને મનોબળને અશક્ત બનાવનારાં નોવેલો વાચવાથી નિરંતર વિમુખ રહેવું જરૂરનુ છે. તેને બદલે મહાન્ પુરૂષોના જીવનચરિત્રો વાચવા જોઇએ અને તેમનો અભ્યાસ કરવો જોઇએ

(ડ) નમ્રતા, આજ્ઞાપાલન અને સભ્યતાની ટેવ પાડવી જોઇએ. જો તમારે હુકમ કરનાર થવુ હોય તો પ્રથમ હૂકમ માનતા શિખો, એ સત્ય વાત કદાપિ ભૂલવી જોઇતી નથી. તે સાથે મગરૂરી અને અભિમાનનો સર્વદા સંહાર કરવો. શિષ્યવૃત્તિવાળા જીજ્ઞાસુઓજ ખરૂ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, અને અભિમાની લોકો તો પોતાના હુંપદમા મરડાઈ મરે છે

(ઇ) ખરાબ સાથીઓ અને ટેવોને ત્યાગ કરવો, કારણ કે તેથી આપણુ ચારિત્ર હલકુ થાય છે; તે સાથે મોજશોખની વૃત્તિને સંયમમા રાખવી, કારણ કે તે વિજય મેળવવામા મોટી વિઘ્નરૂપ નીવડે છે.

(ફ) છેવટમા સદ્‌ગુણી જીવન ગાળવુ, અને ઈશ્વર ઉપર આધાર રાખી વર્તવું. 'Trust in God do the right' ઇશ્વરમાં વિશ્વાસ રાખવો અને સન્માર્ગે વર્તવું. જેઓ આ નિયમ પ્રમાણે ચાલે છે, તેઓ અંતે વિજયની પરિસિમાએ પહોચે છે

ज्ञानदीपक.

॥ मंगलाचरणम् ॥

ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ॥
स्वयं तीर्णो भवांभोधेः परं तारयितुं क्षमः ॥ १ ॥

(ज्ञानसार.)

अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशांगं विशालं ।
चित्रं बह्वर्थयुक्तं मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः ॥
मोक्षाग्रद्वारभूतं व्रतचरणफलं ज्ञेयभावप्रदीपं ।
भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम् ॥ २ ॥

स ब्रह्मनिष्ठः सममित्रशत्रुः ।
विद्याविनिर्वान्तकषायदोषः ॥
लब्धात्मलक्ष्मीरजितो जितात्मा ।
जिनः श्रियं मे भगवान् विधत्ताम् ॥ ३ ॥

(सामन्त भद्राचार्य.)

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया ॥
चक्षुरुन्मिलितं येन, तस्मै श्री गुरवे नमः ॥ ४ ॥

प्रयोजन.

ज्ञान ! पवित्र ज्ञान ! उच्च धार्मिक ज्ञान ! मोक्ष तक ले जानेवाले सद्ज्ञान ! तेरे फायदे, तेरा लाभ, तेरी कीर्ति, शब्दोंमें किस प्रकार बताना, इस स्थूल वाचा द्वारा किस प्रकार कहना, वे इस लेखकको सूझ नहीं पडती ! लेखककी शक्ति मर्यादित होनेसे, वह तेरे अमर्यादित गुणोंका वर्णन करने किस प्रकार प्रयत्न करे ? तो भी "**शुभे यथाशक्ति यतनीयम्**" (अर्थात् शुभ कार्यमें यथाशक्ति प्रयत्न

